# સંઘસૌરભ

## શ્રી પાર્શ્વચંદ્ર ગચ્છનો પરિચય ગ્રંથ



: સંપાદક :

મુનિ શ્રી ભુવનચંદ્રજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## વિમોચન વિધિ

સં. ૨૦૬૧ મહા સુદ ૮, બુધવાર, તા. ૧૬/૨/૨૦૦૫
ગુરુમંદિર પ્રતિષ્ઠા - ઉપાધ્યાય પદ પ્રદાન મહોત્સવ
ભદ્રેશ્વર તીર્થ

## નિશ્રા

વિદ્વદ્વર્ય સંઘવત્સલ પ.પૂ. આચાર્યશ્રી વિ.શીલચંદ્રસૂરીશ્વરજી મ.સા.
અધ્યાત્મલક્ષી પ.પૂ. મુનિરાજ શ્રી ભુવનચંદ્રજી મ.સા.

## વિમોચન કર્તા

શ્રાદ્ધવર્ય શ્રી જસવંતલાલ સુંદરલાલ ઝવેરી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી અજિતનાથ સ્વામિને નમઃ
દાદાસાહેબ શ્રી પાર્શ્વચંદ્રસૂરિ સદ્ગુરુભ્યો નમઃ

# સંઘસૌરભ

## શ્રી પાર્શ્વચંદ્ર ગચ્છનો પરિચય ગ્રંથ



સંપાદક
મુનિ શ્રી ભુવનચંદ્રજી

પ્રકાશક
શ્રી પાર્શ્વચંદ ગચ્છ જૈન સંઘ
દેશલપર (કંઠી)

Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org

- SANGHA SAURABHA : A REFERENCE BOOK OF PARSWACHANDRA GACHCHH (JAIN)
  સંઘસૌરભ : શ્રી પાર્શ્વચંદ્રગચ્છનો પરિચય ગ્રંથ

- સંપાદક : મુનિ શ્રી ભુવનચંદ્રજી

- નકલ : ૧૦૦૦

- સં. ૨૦૬૧ / ઈ.સ. ૨૦૦૫

- મૂલ્ય : રૂા. ૫૦/-

- પ્રકાશક : શ્રી પાર્શ્વચંદ્રગચ્છ જૈન સંઘ
  શ્રી અજિતનાથ જૈન દહેરાસર
  દેશલપુર (કંઠી) - ૩૭૦૪૧૫
  જિ. કચ્છ, ગુજરાત

- પ્રાપ્તિ સ્થાન : (૧) શ્રી અજિતનાથ જૈન દહેરાસર
  દેશલપુર (કંઠી) કચ્છ. ટે. ફો. : C/0 ૨૪૦૦૪૬
  (૨) મીના ટેક્ષટાઈલ્સ
  હિંદમાતા, દાદર, મુંબઈ. ટે. ફો. : ૨૪૧૨ ૯૦૩૭

- ટાઈપ સેટિંગ : યોગેશ ખત્રી, માંડવી-કચ્છ.

- મુદ્રક : સ્વસ્તિક ઑફસેટ, ભુજ-કચ્છ.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રી સંઘની સેવામાં....

શાસનપતિ શ્રમણ ભગવાન મહાવીરની છવ્વીસમી શતાબ્દી પૂર્ણ થઈ છે અને બીજી બાજુ દુનિયા એકવીસમી સદીમાં પ્રવેશી ચૂકી છે ત્યારે શ્રી પાર્શ્વચંદ્રગચ્છે પણ એ માટે સજ્જ થવું રહ્યું. માહિતીના આ યુગમાં શ્રી દેશલપુર (કંઠી) દહેરાવાસી જૈન સંઘે ગચ્છને ઉપયોગી એવું એક પ્રકાશન હાથ ધરવા નિર્ણય કરેલો. આજે એ પ્રકાશન "સંઘસૌરભ" નામે શ્રી સંઘના કરકમળોમાં મૂકતાં અમે હર્ષ અનુભવીએ છીએ.

આ ગ્રંથમાં શ્રી પાર્શ્વચંદ્રગચ્છની ઐતિહાસિક ભૂમિકાથી માંડી પૂજ્ય દાદાસાહેબ શ્રી પાર્શ્વચંદ્રસૂરીશ્વરનું જીવન-કવન, ભૂતકાળના વંદનીય-સ્મરણીય પૂજ્ય મુનિ ભગવંતો તથા સાધ્વીજી ભગવંતોની આછી જીવન ઝરમર, વર્તમાન શ્રમણ-શ્રમણીવર્ગનો પરિચય, પાર્શ્વચંદ્રગચ્છના ભારતભરના સંઘોની માહિતી, ગચ્છના ગુરુમંદિરો, દાદાવાડી, દેરી, ધર્મશાળા વગેરેની સચિત્ર જાણકારીનું સંકલન કરવામાં આવ્યું છે. માહિતીને સંપૂર્ણ બનાવવાનો પૂરો પ્રયત્ન કર્યો છે તે છતાં કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો ક્ષમ્ય ગણવા નમ્ર વિનંતી છે.

આ ઐતિહાસિક ગ્રંથનું સંકલન-સંપાદન પૂજ્ય ભુવનચંદ્રજી મહારાજ સાહેબે કરી આપ્યું છે. તેમના પરિશ્રમથી જ આ ગ્રંથ સાહિત્યિક દૃષ્ટિએ સુંદર બની શક્યો છે. આપણે તેમના ઋણી છીએ.

ગુરુમંદિરો વગેરેના ફોટા એકત્ર કરવામાં પૂજ્ય સાધુ-સાધ્વી મહારાજો તથા શ્રાવક બંધુઓનો સુંદર સહકાર સાંપડયો છે. એ માટે સૌનો હાર્દિક આભાર વ્યક્ત કરીએ છીએ.

આ કાર્યમાં અમારા સંઘના અનુભવી મહાનુભાવ શ્રી કુંવરજી વિજપાળ દેઢિયાનું સચોટ માર્ગદર્શન અમને મળતું રહ્યું છે. દેશલપુર-કંઠીના ધર્મપ્રેમી દાતાઓનો સુંદર આર્થિક સહયોગ આ કાર્ય માટે મળ્યો છે. એમનો પણ હાર્દિક આભાર.

સી-ટેક કોમ્પ્યુટર્સવાળા શ્રી યોગેશભાઈએ આ ગ્રંથનું ટાઈપસેટિંગ તથા ચિત્ર વિભાગ સુંદર રીતે તૈયાર કરી આપ્યા છે.

અંતમાં શ્રી દેશલપુર(કંઠી) દહેરાવાસી જૈન સંઘ આ મહત્ત્વનું કાર્ય સોંપી શ્રી સંઘની સેવા કરવાની અણમોલ તક અમને આપી તે બદલ અમે તેમના ઋણી છીએ.

સં. ૨૦૬૦
વૈશાખ સુદ-૧૫
તા. ૪-૫-૨૦૦૪

રમેશ રવજી વીરા
ચંપક નરશી વીરા
સંયોજકો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## આવકાર્ય પ્રકાશન

શ્રી પાર્શ્વચંદ્રગચ્છનો સંક્ષિપ્ત ઇતિહાસ, ગચ્છના શ્રમણ-શ્રમણી સંઘનો પરિચય, ગચ્છના સ્થાનોની માહિતી અને સંપર્કસૂત્રો વગેરેની ઉપયોગી માહિતીને આવરી લેતો આ ''સંઘસૌરભ'' ગ્રંથ પ્રગટ કરીને શ્રી દેશલપુર (કંઠી) પાર્શ્વચંદ્રગચ્છ સંઘે ગચ્છની એક પાયાની આવશ્યકતા પૂરી કરી છે. આ પ્રકાશન ખરેખર આવકાર્ય અને અભિનંદનને પાત્ર છે.

માનવજાત ઇતિહાસથી પોતાને અલગ પાડી શકતી નથી. ઇતિહાસ એટલે માત્ર સંવતો અને નામાવલિ નથી. અગાઉ જીવી ગયેલા નર-નારીનાં કાર્યો અને વિચારોના લેખાં-જોખાં એ ખરો ઇતિહાસ છે. ધર્મક્ષેત્રનો ઇતિહાસ તો આ જ દૃષ્ટિએ આલેખી શકાય. શ્રમણ સંઘનો ઇતિહાસ એટલે મહાન સાધુવરો અને સાધ્વીજીઓના જીવન અને કાર્યની તવારીખ. આ ગ્રંથમાં શ્રી પાર્શ્વચંદ્રગચ્છના આવા ઇતિહાસની આછી રૂપરેખા આપવામાં આવી છે.

યુગપ્રધાન દાદાસાહેબ શ્રી પાર્શ્વચંદ્રસૂરિજીએ નવો ગચ્છ સ્થાપ્યો ન હતો. તેઓશ્રી 'નાગપુરીય બૃહત્તપાગચ્છ'ના હતા. તેઓશ્રીએ સાધુ આચારમાં સુધારા દાખલ કર્યા - 'ક્રિયોદ્ધાર' કર્યો. આ માટે તેમણે પુષ્કળ ચિંતન-મનન કર્યું, જ્ઞાનપ્રસાર કર્યો. તેઓશ્રીના ઉપદેશ-સંદેશને ઝીલનારો એક વિશાળ વર્ગ તૈયાર થયો. આ વર્ગનું નામ લોકોએ 'પાર્શ્વચંદ્રસૂરિગચ્છ' એવું પાડી દીધું. ગચ્છોનાં નવાં નામકરણ આ રીતે થતાં આવ્યાં છે, જે પટ્ટાવલી જોતાં ખ્યાલમાં આવશે.

ગચ્છના નજીકના ભૂતકાળમાં થઈ ગયેલા કેટલાંક પ્રભાવશાળી મુનિવરો તથા સાધ્વીજીઓના જીવનચરિત્ર પણ આ પુસ્તકમાં આપ્યાં છે તથા ગચ્છના વિદ્યમાન શ્રમણ-શ્રમણી વર્ગ, સંઘો, સ્થાનો, દાદાવાડીઓ વગેરેની જાણકારી અપાઈ છે, સરનામા વગેરેનું સંકલન પણ છે. પરસ્પર સંપર્ક તથા સહયોગ માટે આ પુસ્તક ખૂબ ઉપયોગી સાબીત થશે.

આવું સુંદર પુસ્તક પ્રકાશિત કરવા બદલ દેશલપુર(કંઠી) સંઘને પુનઃ ધન્યવાદ.

**- મુનિ ભુવનચંદ્ર**

ચૈત્ર વદ-૯, સં. ૨૦૬૦
દુર્ગાપુર (કચ્છ)


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | શ્રી પાર્શ્વચંદ્રગચ્છની ઐતિહાસિક ભૂમિકા ....... ....... | ૯ |
| ૨. | દાદાસાહેબ શ્રી પાર્શ્વચંદ્રસૂરીશ્વર : જીવન અને કવન ....... ....... | ૧૩ |
| ૩. | જીવદયાના જ્યોર્તિધર શ્રીપૂજ્ય શ્રી હેમચંદ્રસૂરિજી ....... ....... | ૨૪ |
| ૪. | મુનિમંડલાચાર્ય શ્રી કુશલચંદ્રજી ગણિવર ....... ....... | ૨૮ |
| ૫. | ભારતભૂષણ આચાર્ય શ્રી ભ્રાતૃચંદ્રસૂરિજી મહારાજ ....... ....... | ૩૦ |
| ૬. | વિદ્વદ્વર્ય આચાર્ય શ્રી સાગરચંદ્રસૂરિજી મહારાજ ....... ....... | ૩૨ |
| ૭. | પ્રવર્તક મુનિ મહારાજ શ્રી દીપચંદ્રજી મહારાજ ....... ....... | ૩૪ |
| ૮. | જ્ઞાનોપાસક શ્રી બાલચંદ્રજી મહારાજ ....... ....... | ૩૬ |
| ૯. | સંઘહિતચિંતક મુનિરાજ શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ ....... ....... | ૩૭ |
| ૧૦. | નિજાનંદી મુનિરાજ શ્રી રામચંદ્રજી મહારાજ ....... ....... | ૩૯ |
| ૧૧. | મધુરકંઠી મુનિરાજ શ્રી મુક્તિચંદ્રજી મહારાજ ....... ....... | ૪૦ |
| ૧૨. | વર્તમાન શ્રમણ સમુદાયની પટ્ટાવલી ....... ....... | ૪૧ |
| ૧૩. | તપસ્વી મુનિરાજ શ્રી વિજયચંદ્રજી મહારાજ ....... ....... | ૪૨ |
| ૧૪. | સમર્પિત સાધક મુનિરાજ શ્રી ભુવનચંદ્રજી મહારાજ ....... ....... | ૪૪ |
| ૧૫. | અધ્યાત્મપ્રેમી મુનિરાજ શ્રી પાર્શ્વયશચંદ્રજી મહારાજ ....... ....... | ૪૮ |
| ૧૬. | પ્રખર વક્તા સાધનાનિષ્ઠ મુનિરાજ શ્રી પુન્યરત્નચંદ્રજી મહારાજ ....... | ૫૧ |
| ૧૭. | શ્રી પાર્શ્વચંદ્રગચ્છના સાધ્વીરત્નો ....... ....... | ૫૩ |
| ૧૮. | વાત્સલ્યમૂર્તિ પૂજ્ય સાધ્વી શ્રી લક્ષ્મીશ્રીજી મહારાજ ....... ....... | ૫૫ |
| ૧૯. | તપસ્વિની પૂજ્ય સાધ્વી શ્રી લબ્ધિશ્રીજી મહારાજ ....... ....... | ૫૭ |
| ૨૦. | વૈરાગ્યરંગી પૂજ્ય સાધ્વી શ્રી લાભશ્રીજી મહારાજ ....... ....... | ૫૯ |
| ૨૧. | ચારિત્રનિષ્ઠ પૂજ્ય સાધ્વી શ્રી ચંદનશ્રીજી મહારાજ ....... ....... | ૬૧ |
| ૨૨. | શતાયુધાત્રી પૂજ્ય સાધ્વી શ્રી વિવેકશ્રીજી ....... ....... | ૬૪ |
| ૨૩. | રાજસ્થાનરત્ન પૂજ્ય સાધ્વી શ્રી દયાશ્રીજી ....... ....... | ૬૬ |





Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| ક્રમ | વિષય | | | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૨૪. | સૌમ્યમૂર્તિ પૂજ્ય સાધ્વી શ્રી પ્રીતિશ્રીજી મહારાજ | ....... | ....... | ૬૯ |
| ૨૫. | સંયમસંનિષ્ઠ પૂજ્ય સાધ્વી શ્રી મહોદયશ્રીજી મહારાજ | ....... | ....... | ૭૦ |
| ૨૬. | તપસ્વી પૂજ્ય સાધ્વી શ્રી સુશીલાશ્રીજી મહારાજ | ....... | ....... | ૭૨ |
| ૨૭. | પ્રખર વક્તા પ્ર. પૂજ્ય સાધ્વી શ્રી ખાંતિશ્રીજી મહારાજ | ....... | ....... | ૭૩ |
| ૨૮. | આનંદમયી પૂજ્ય સાધ્વી શ્રી આનંદશ્રીજી મહારાજ | ....... | ....... | ૭૬ |
| ૨૯. | પ્રખર વક્તા પૂજ્ય સાધ્વી શ્રી સુનંદાશ્રીજી મહારાજ | ....... | ....... | ૭૮ |
| ૩૦. | કવયિત્રી પૂજ્ય સાધ્વી શ્રી વસંતપ્રભાશ્રીજી મહારાજ | ....... | ....... | ૮૧ |
| ૩૧. | પંડિતરત્ના પૂજ્ય સાધ્વી શ્રી સુમંગળાશ્રીજી મહારાજ | ....... | ....... | ૮૪ |
| ૩૨. | વર્તમાન સાધ્વી સમુદાયની પટ્ટાવલી | ....... | ....... | ૮૭ |
| ૩૩. | વાત્સલ્યમૂર્તિ પૂજ્ય સાધ્વી શ્રી ઉદ્યોતપ્રભાશ્રીજી મહારાજ | ....... | ....... | ૯૨ |
| ૩૪. | ધર્મપ્રભાવિકા પ્ર. પૂજ્ય સાધ્વી શ્રી ૐકારશ્રીજી મહારાજ | ....... | ....... | ૯૩ |
| ૩૫. | પર્વતિથિ મંતવ્ય | ....... | ....... | ૯૫ |
| ૩૬. | શ્રી પાર્શ્વચંદ્રગચ્છના સંઘો – માહિતી અને સંપર્ક | ....... | ....... | ૯૭ |
| | (૧) કચ્છ વિભાગ | ....... | ....... | ૯૮ |
| | (૨) મુંબઈ વિભાગ | ....... | ....... | ૧૦૪ |
| | (૩) ગુજરાત વિભાગ | ....... | ....... | ૧૦૭ |
| | (૪) રાજસ્થાન તથા અન્ય રાજ્યો | ....... | ....... | ૧૧૦ |
| ૩૭. | પાર્શ્વચંદ્રગચ્છીય ગુરુમંદિરો, દેરીઓ, દાદાવાડી, ધર્મશાળા વગેરે | | ....... | ૧૧૩ |
| | નોંધ | ....... | ....... | ૧૨૧ |
| ૩૮. | ચિત્ર વિભાગ | | | |
| | (૧) થોભ, દેરી, ગુરુમંદિર, અને દાદાવાડી | ....... | ....... | 1-14 |
| | (૨) સ્વર્ગસ્થ ઉપકારી પૂજ્ય ગુરુવર્યો | ....... | ....... | 15-21 |
| | (૩) પ્રેરણામૂર્તિ પૂજ્ય દિવંગત સાધ્વીવર્યો | ....... | ....... | 22-28 |
| | (૪) વર્તમાન શ્રમણ વૃંદ | ....... | ....... | 29-30 |
| | (૫) વર્તમાન શ્રમણી વૃંદ | ....... | ....... | 31-40 |




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી દાદાસાહેબની શબ્દછબી

વડ તપગચ્છનાયક થવસું બહુ ગણવંત,
જિનશાસનમાંહિ વરતે છે જયવંત;
શ્રી પાર્શ્વચંદ્રસૂરીશ્વરજી શુધ્ધ પ્રકાશક સોય,
જિણે દુષમ આરે માર્ગ ઠવ્યા બહુ લોય.

**– શ્રી સમરચંદ્રસૂરિ**

કિરિયા આદરે આકરી, ઉપદેશે જિનધર્મોજી;
સાંભળી ભવિજન આદરે, પામે તે શિવશર્મોજી.

**– શ્રી રાજચંદ્રસૂરિ**

ગુજ્જર મરૂ માલવ દેશે, પ્રતિબોધ્યા ભવિયણ ઉપદેશે;
કુમતિ મિથ્યાત ન રહે લેશે, જિનમારગ સૂધો સન્નિવેશે.

**– શ્રી મેઘરાજ મુનિ**

બોલ અગિયાર પ્રગટ કર્યા, સૂત્ર શોધી બહુ મર્મ;
મિથ્યા મત ઉથાપિઓ, સાધ્યો જિણવર ધર્મ.

**– શ્રી વિમલચારિત્ર મુનિ**

ધન જિનશાસન સાયરે, પ્રગટ્યો અભિનવ ચંદો રે;
નામ જપંતાં જીભડી, પામે અધિક આનંદો રે.

**– શ્રી પદ્મચંદ્રસૂરિ**

શ્રી ગુરૂ રે પાર્શ્વચંદ્રસૂરીસરૂ રે
અભિનવ ઉદયો ભાણ;
વડ તપગચ્છ રે નાયક સહજે સુરતરૂ રે,
કરે જિન આણ પ્રમાણ.

**– શ્રી માનચંદ્ર વાચક**

શુધ્ધ ક્રિયા જેણે ઉધ્ધરી રે, સ્વરૂપ સમાધિવંત;
જિનમત પરમત જાણતા રે, ચૌદ વિદ્યા ગુણવંત.

**– શ્રી સાગરચંદ્રસૂરિ**


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પૂજ્ય દાદાસાહેબની સાહિત્ય સૃષ્ટિ

- આચારાંગ સૂત્ર, સૂયગડાંગ સૂત્ર, પ્રશ્ન વ્યાકરણ સૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર, નવ તત્ત્વ પ્રકરણ, તંદૂલવેયાલિય સૂત્ર વગેરે ગ્રંથોના બાલાવબોધ (ગુજરાતી વિવેચનો).
- વિધિ શતક, એષણા શતક, વિધિ વિચાર વગેરે સાધુ આચાર સંબંધી ગુજરાતી પદ્ય કૃતિઓ.
- ચર્ચા અને પ્રશ્નોત્તર રૂપે અનેક લેખો.
- સંસ્કૃત - ગુજરાતીમાં લખાયેલા પત્રો-પટ્ટકો.
- સપ્તપદી શાસ્ત્ર, ગીતાર્થકુલક વગેરે પ્રાકૃત ગ્રંથો.
- વિવિધ વિષયની અનેક બત્રીસી, છત્રીસી, બાવની, સિત્તરી પ્રકારની રચનાઓ.
- સાધુ વંદના, નાની આરાધના, મોટી આરાધના, મોટા અતિચાર વગેરે આરાધના વિષયક કૃતિઓ.
- સંસ્કૃત-પ્રાકૃત-ગુજરાતી ભાષામાં સંખ્યાબંધ સ્તુતિઓ, સ્તવનો અને સજ્ઝાયો.
- પટ્ટાવલી રાસ વગેરે ઇતિહાસ વિષયક રચનાઓ.
- અનેક ઉપદેશાત્મક પદો, કાવ્યો, દૂહા, લેખ.
- અગિયાર બોલ વિષયક ગદ્ય-પદ્ય રચનાઓ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



યુગપ્રધાન દાદાસાહેબ શ્રી પાર્શ્વચંદ્રસૂરીશ્વરજી મહારાજ

(અમદાવાદ - શામળાની પોળ, શ્રી મહાવીર સ્વામીના દેરાસરમાં સ્થાપિત પ્રાચીન મૂર્તિ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પૂજ્ય દાદાસાહેબની જન્મભૂમિ
## હમીરપુર (મીરપુર)



યુગપ્રધાન દાદાસાહેબ શ્રી પાર્શ્વચંદ્રસૂરીશ્વરજી મહારાજની જન્મભૂમિ હમીરપુર આજે મીરપુર નામે ઓળખાય છે. હાલમાં ત્યાં એક જ જિનમંદિર બચ્યું છે જેનો જીર્ણોદ્ધાર થયો છે. આ તીર્થના મૂળનાયક શ્રી ભીડભંજન પાર્શ્વનાથ ભગવાન છે. આ તીર્થનું નિર્માણ સમ્રાટ સંપ્રતિ દ્વારા થયું છે. જિનાલયની કળા આશરે હજાર-બારસો વર્ષ જૂની છે. આ દહેરાસરની કળા જોતાં આબુ-કુંભારીયાજીનું સ્મરણ થઈ આવે. અલૌકિક શાંત વાતાવરણમાં લીલી કુંજાર વનરાજી વચ્ચે તીર્થ શોભી રહ્યું છે. આસપાસ પથરાયેલા પત્થરો અને અવશેષો જોતાં બીજાં ભવ્ય મંદિરો અને વિરાટ નગરીનું અનુમાન થાય છે. તીર્થમાં ધર્મશાળા-ભોજનશાળા પણ છે. તીર્થનો વહીવટ 'શેઠ કલ્યાણજી પરમાનંદની પેઢી' કરે છે જેની મુખ્ય ઓફિસ સિરોહી સિટીમાં છે. સિરોહી સિટીથી સિરોહી રોડ રેલ્વે સ્ટેશન આઠેક કિ.મી. દૂર છે. સિરોહીથી મન્ડાર કે રેવદર-જીરાવલ્લા તીર્થ તરફ જતા હાઈવે ઉપર સત્તર કિ.મી.ના અંતરે પૂર્વમાં અંદરના રસ્તે ત્રણ કિ.મી. વળતાં આબુ ગિરિમાળાની પશ્ચિમ તળેટીમાં મીરપુર આવેલું છે. ત્યાં વાહનો સરળતાપૂર્વક જઈ શકે છે.

એક-બે ઠેકાણેથી એવું જાણવા મળ્યું છે કે તીર્થથી એક કે બે ખેતરવા પછી ડાબી તરફ બે દેરીઓ છે. તેમાં દાદાસાહેબ વિશે કોઈક લેખ છે. વિશેષ માહિતી મળી શકી નથી. દાદાસાહેબની જન્મભૂમિની સ્પર્શના દરેક પરિવારે અવશ્ય કરવી જોઈએ. યાત્રા કે પર્યટન માટે રાજસ્થાન જવાનું ગોઠવો ત્યારે મીરપુર (હમીરપુર) તીર્થના દર્શને જવાનું ચૂકશો નહિ.

પાર્શ્વચંદ્રગચ્છ સંઘના અગ્રણીઓ આ પાવન સ્થળે પૂજ્ય દાદાસાહેબનું સુયોગ્ય સ્થાન કે સ્મારક રચવાનું આયોજન કરે એ એક અતિ ઉચિત અને આવકાર્ય બાબત ગણાશે.

મુંબઈ

-ડુંગરશી સોજુભાઈ મોતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# મીરપુર તીર્થના જિનાલયોના દ્રશ્યો







Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શ્રી પાર્શ્વચંદ્રગચ્છ અધિષ્ઠાયક શ્રી બટુકભૈરવ દેવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પિતાશ્રી



શા. ઉમરશીં લખમશીં બોરીચા

માતુશ્રી



હાંસબાઈ ઉમરશીં બોરીચા

હે તીર્થસ્વરૂપ માતાજી અને પિતાજી,
તમારું જીવન સરળ અને શાંત હતું, પણ
તમારી કરુણા, ઉદારતા અને મમતા અસીમ હતા;
તમે ઉપદેશ નહોતો આપ્યો, પણ
તમારા આચરણથી અમને સન્માર્ગે દોર્યા હતા.
તમે અમારા સુખની જ ચિંતા નહોતી કરી,
અમારામાં સદ્‌ગુણનાં બીજ પણ રોપ્યા હતા.
તમારા ઉપકારો કેવી રીતે ભૂલી શકીએ?
તમારું ઋણ અમે કેવી રીતે ફેડી શકીએ?
સંસ્કારોનું જતન, સત્કર્મોનું સેવન એજ ઋણ વિમોચન!

પુત્ર - પુત્રવધૂ
ભાણજીભાઈ - ભાવનાબેન

પૌત્ર - પૌત્રવધૂ
હીરેન - જયશ્રી
ભાવેન - કીર્તિકા

પ્રપૌત્ર - પ્રપૌત્રી
મૈત્રૈયી - હાસ્ય
મોક્ષ - મુક્તિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



સરલાબેન
કલ્યાણજી લખમશીં વીસરિયા



કલ્યાણજી લખમશીં વીસરિયા



તારાબેન
કલ્યાણજી લખમશીં વીસરિયા

તમે નથી પણ તમારી યાદો અખૂટ છે,
દેહનો નહિ, સ્નેહનો નાતો અટૂટ છે.

ક્યાં હશો? કેવા હશો? શું તમે કરતા હશો?
અહીં નહીં તો ભલે, પણ ક્યાંક તો હશો!
લાચાર જ્યાં માનવી ત્યાં વ્યર્થ છે વસવસો,
જ્યાં પણ તમે હો ત્યાં પરમ શાંતિમાં વસો.

તમારું પુણ્યસ્મરણ
અમારા માટે પ્રેરણાનું ઝરણ છે.

તમારા
શ્રીમતી જીવીબેન કલ્યાણજી લખમશીં વીસરિયા
જયંતીલાલ કલ્યાણજી લખમશીં વીસરિયા
ભરત કલ્યાણજી લખમશીં વીસરિયા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શા. લાલજી હીરજી વીરા



શ્રીમતી ચંચળબેન લાલજી વીરા

સેવા-સાદગી-સત્સંગ-સદ્‌ભાવ જેમના શણગાર છે,
માટે જ જેઓ સંઘ-સમાજના સાચાં અલંકાર છે.



માતુશ્રી પુરીબાઈ શિવજી દેવશી દેઢિયા

જાજરમાન વડલા જેવા દાદીમા,
તમે ભણ્યા વગર ઘણું શીખ્યા,
ને બોલ્યા વગર ઘણું શીખવાડયું,
તમારા પ્યાર-દુલાર
અમારા જીવનનાં સોનેરી સંભારણાં છે.

તમારાં બાળકો

દેવજી શિવજી દેઢિયા પરિવાર
વિજપાળ શિવજી દેઢિયા પરિવાર



પિતાશ્રી
નરશીં મોનજી સાવલા

માતાપિતાની અમૃતછાયા,
જેનું અવનીમાં મૂલ નથી;
બાળક ભૂલે સેવા કરવી,
એના જેવી કોઈ ભૂલ નથી.
ભૂલ્યા ન ભૂલાય એવા તમારા ઉપકારોનું
વાળ્યું ન વળે એવું ઋણ
અમે કયારે ચૂકવી શકીશું?

લિ. તમારા પુત્રો



માતુશ્રી
રતનબેન નરશીં સાવલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



પિતાશ્રી
આણંદજી ભૂલાભાઈ ગંગર

માતુશ્રી
મેગબાઈ આણંદજી ભૂલા ગંગર

માનવધર્મ અને શ્રાવકધર્મના
પ્રતીક સમું તમારું જીવન હતું,
આદર્શોના આચરણનું
જાણે કે જીવતું કવન હતું.

પુત્ર : ડૉ. છોટાલાલ આણંદજી
પુત્રવધૂ : ડૉ. સુધા છોટાલાલ આણંદજી



માતુશ્રી લક્ષ્મીબેન દામજી ખેરાજ વીરા

સરળ અને સાદું વર્તન,
સૌમ્ય અને હસતું વદન,
મીઠાં અને માયાળુ વચન,
ઉદાર હાથ અને વિશાળ મન,
જીવન જાણે કે ઉપવન!

## મંગલાચરણ

પ્રણમું પહેલા શ્રી અરિહંત, ભરતે જે સંપઈ વિહરંત;
વંદું સિદ્ધ અનાદિ અનંત, શ્રી આચારજ જે ગુણવંત.
શ્રી ઉવજ્ઝાય નમું ચિત્તધાર, સાધુ જે અઢી દીવ મઝાર;
નમું હું ભક્તિએ પંચ ત્રિકાલ, ત્રિવિધ ત્રિવિધ ત્રિભુવન પ્રતિપાળ.
પંચ પરમેષ્ઠી એ જ નવકાર, ચઉદહ પૂરવનો ઉદ્ધાર;
શ્રી જિનશાસનિ એહ જ સાર, સમરંતાં લહીએ ભવપાર.

– શ્રી પાર્શ્વચંદ્રસૂરિ
'લઘુ આરાધના', ગાથા ૧-૨-૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી પાર્શ્વચંદ્રગચ્છની ઐતિહાસિક ભૂમિકા

**આલેખક : મુનિશ્રી ભુવનચંદ્રજી મહારાજ**

મહાન ક્રિયોદ્ધારક, આચાર શુદ્ધિના પ્રખર પુરસ્કર્તા યુગપ્રધાન દાદાસાહેબ શ્રી પાર્શ્વચંદ્રસૂરીશ્વરજીની પાટપરંપરા આજે પાર્શ્વચંદ્રગચ્છના નામે ઓળખાય છે. અને વર્તમાન શ્રમણસંઘમાં સહુથી નાના ગચ્છનું સ્થાન શોભાવે છે. અન્ય સર્વ ગચ્છોની જેમ એણે એકથી વધુ વાર નામાંતર ધારણ કર્યા છે. એનું પ્રાચીન નામ વડગચ્છ, પછી વડ તપગચ્છ, પછી નાગોરી તપાગચ્છ અને શ્રી પાર્શ્વચંદ્રસૂરીશ્વરજીના સમય બાદ જનતાએ 'પાર્શ્વચંદ્રગચ્છ' નામ આપ્યું. પાર્શ્વચંદ્રગચ્છની પટ્ટાવલીમાં શ્રમણ ભગવાન મહાવીરથી પાટસંખ્યા ગણવામાં આવી છે. વર્તમાન ચાર ગચ્છની પટ્ટાવલીમાં આવનારું છેલ્લું સમાન નામ (નજીવા ફેરફાર સાથે) શ્રી વિમલચંદ્રસૂરિનું છે અને તે આ ગચ્છની પટ્ટાવલીમાં ૩૬મા ક્રમાંકે આવે છે. પાર્શ્વચંદ્રગચ્છની પટ્ટાવલી અનુસાર બારમી પાટે આવતા શ્રી સુસ્થિતસૂરિ સુધી શ્રમણો 'નિર્ગ્રન્થ' નામથી ઓળખાતા. શ્રી સુસ્થિતસૂરિએ સૂરિમંત્રનો એક ક્રોડ વાર જાપ કરેલો તેથી તેમને 'કોટિક' બિરૂદ મળ્યું. તેમનો પરિવાર કોટિકગચ્છ કહેવાયો. આગળ પંદરમા પટ્ટધર શ્રી વજ્રસ્વામીથી 'વજ્રી' શાખા શરૂ થઈ અને તેમના શિષ્ય ચંદ્રસૂરિથી 'ચાંદ્ર' કુળનો પ્રારંભ થયો. અઢારમા પટ્ટધર શ્રી સામંતભદ્રસૂરિ વનમાં વિશેષ રહેતા, તેથી 'વનવાસી' કહેવાયા, તેથી તેમના પરિવારને 'વનવાસીગચ્છ' નામ મળ્યું. અહીં સ્મરણમાં રહે કે આ સમયે અન્ય કેટલાંયે કુળ, ગણ કે શાખાઓ પ્રસ્થાપિત થઈ ચૂક્યાં હતાં, જે કાળક્રમે ક્ષીણ થઈ ગયાં. ૩૪મા પટ્ટધર શ્રી ઉદ્યોતનસૂરિ મહાન વિદ્વાન, જ્યોતિષનિષ્ણાત અને સમર્થ હતા. સં. ૯૯૪માં આબુ ઉપર વિશાળ વટવૃક્ષ નીચે પોતાના ૮ શિષ્યોને તેમણે આચાર્ય પદ આપ્યું. એ આચાર્યોનો શિષ્યસમુદાય 'વડગચ્છ' અથવા 'બૃહદ્‌ગચ્છ' રૂપે પ્રસિદ્ધ થયો.

ઈતિહાસપ્રસિદ્ધ, મહાન ગ્રંથકાર, મહાન તાર્કિક અને વાદવિજેતા શ્રી વાદિદેવસૂરિ પાર્શ્વચંદ્રગચ્છની પટ્ટાવલીમાં ૪૪મા સ્થાને આવે છે. 'પ્રમાણનય-તત્ત્વાલોક' અને તેના ઉપર 'સ્યાદ્વાદ રત્નાકર' નામક મહાકાય ટીકાના રચયિતા તથા દિગંબર વિદ્વાન શ્રી કુમુદચંદ્રને સિદ્ધરાજ જયસિંહની સભામાં વાદમાં પરાજિત કરનાર આ આચાર્યશ્રી વિદ્વજ્જગતમાં સુપ્રસિદ્ધ છે. તેમણે ૨૪ શિષ્યોને આચાર્ય પદ આપ્યું હતું. તેઓશ્રીની શિષ્યપરંપરા બૃહદ્ ગચ્છ, ભિન્નમાલ વડગચ્છ, મડાહ્ડગચ્છ, જીરાપલ્લી વડગચ્છ, નાગોરી તપાગચ્છ વગેરે કેટલીયે શાખાઓમાં ફેલાઈ. નાગોરના મહારાજા આલ્હણદેવ શ્રી વાદિદેવસૂરિ પ્રત્યે અતિ બહુમાન ધરાવતા હતા. શ્રી વાદિદેવસૂરિના પ્રથમ પટ્ટધર શ્રી પદ્મપ્રભસૂરિની તપશ્ચર્યાથી પ્રભાવિત નાગોરના રાણાએ તેમને 'તપા' (તપસ્વી) બિરૂદ આપ્યું. આમ, શ્રી પદ્મપ્રભસૂરિ એ નાગોરી તપાગચ્છના આદ્યપુરુષ છે. એમની શિષ્યપરંપરા 'બૃહત્તપા' ગચ્છના નામે પ્રસિદ્ધ થયા પછી, જ્યારે સં. ૧૨૮૫માં આ.શ્રી જગચ્ચંદ્રસૂરિને પણ 'તપા' બિરૂદ મળ્યું ત્યારે એ તપાગચ્છથી પૃથક્ દર્શાવવા માટે 'બૃહત્તપા'ની સાથે 'નાગોરી-નાગપુરીય' શબ્દ જોડવામાં આવ્યો હશે એવું અનુમાન થઈ શકે છે. સં. ૧૧૭૭માં સ્થપાયેલા આ નાગપુરીય બૃહત્ તપાગચ્છ વિક્રમની ૧૬મી સદી પછી પાર્શ્વચંદ્રગચ્છ રૂપે પુનઃ પ્રસ્થાપિત થયો, ત્યાર પછી પણ તેની એક શાખા 'નાગપુરીય તપાગચ્છ' એ નામે થોડા સમય સુધી ચાલતી રહી હતી.

**સંક્ષિપ્ત પટ્ટાવલી :**

૪૪મી પાટ સુધી ફક્ત નામાવલી અને ત્યાર પછી સંક્ષિપ્ત નોંધ સાથે નાગપુરીય બૃહત્તપાગચ્છની પટ્ટાવલી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં આપીએ છીએ. શ્રી સાગરચંદ્રસૂરિ દ્વારા સંકલિત 'શ્રી નાગપુરીય બૃહત્તપાગચ્છની પટ્ટાવલી'ના આધારે આ પટ્ટાવલી સંક્ષિપ્ત કરીને રજૂ કરી છે :

૧. શાસનપતિ શ્રી મહાવીરસ્વામી
૨. શ્રી સુધર્માસ્વામી
૩. શ્રી જંબૂસ્વામી
૪. શ્રી પ્રભવસ્વામી
૫. શ્રી શય્યંભવસૂરિ
૬. શ્રી યશોભદ્રસૂરિ
૭. શ્રી સંભૂતિવિજયસૂરિ
૮. શ્રી ભદ્રબાહુસ્વામી
૯. શ્રી સ્થૂલિભદ્રસ્વામી
૧૦. શ્રી આર્ય મહાગિરિસૂરિ
૧૧. શ્રી આર્ય સુહસ્તિસૂરિ
૧૨. શ્રી સુસ્થિતસૂરિ તથા સુપ્રતિબદ્ધસૂરિ
*(અહીંથી કોટિક ગણ શરૂ થયો)*
૧૩. શ્રી ઈન્દ્રદિન્નસૂરિ તથા શ્રી દિન્નસૂરિ
૧૪. શ્રી સિંહગિરિસૂરિ
૧૫. શ્રી વજ્રસ્વામી
*(અહીથી 'વઈરી શાખા' શરૂ થઈ)*
૧૬. શ્રી વજ્રસેનસૂરિ
૧૭. શ્રી ચંદ્રસૂરિ
*(એમના નામથી 'ચાંદ્રકુળ' પ્રસિદ્ધ થયો)*
૧૮. શ્રી સામંતભદ્રસૂરિ
*(અહીથી 'વનવાસીગચ્છ'નો પ્રારંભ થયો)*
૧૯. શ્રી વૃદ્ધદેવસૂરિ
૨૦. શ્રી પ્રદ્યોતનસૂરિ
૨૧. શ્રી માનદેવસૂરિ
૨૨. શ્રી માનતુંગસૂરિ
૨૩. શ્રી વીરસૂરિ
૨૪. શ્રી જયદેવસૂરિ
૨૫. શ્રી દેવાનંદસૂરિ
૨૬. શ્રી વિક્રમસૂરિ
૨૭. શ્રી નરસિંહસૂરિ
૨૮. શ્રી સમુદ્રસૂરિ
૨૯. શ્રી માનદેવસૂરિ (બીજા)
૩૦. શ્રી વિબુધપ્રભસૂરિ
૩૧. શ્રી જયાનંદસૂરિ
૩૨. શ્રી રવિપ્રભસૂરિ
૩૩. શ્રી યશોદેવસૂરિ
૩૪. શ્રી પ્રદ્યુમ્નસૂરિ
૩૫. શ્રી માનદેવસૂરિ (ત્રીજા)
૩૬. શ્રી વિમલચંદ્રસૂરિ
૩૭. શ્રી ઉદ્યોતનસૂરિ
*(વડ નીચે આઠ શિષ્યોને આચાર્ય પદ આપતાં તેમનો પરિવાર 'વડગચ્છ' નામે પ્રસિદ્ધ થયો. આ ગચ્છને 'બૃહદ્ગચ્છ' પણ કહે છે.)*
૩૮. શ્રી સર્વદેવસૂરિ
૩૯. શ્રી રૂપદેવસૂરિ
૪૦. શ્રી સર્વદેવસૂરિ (બીજા)
૪૧. શ્રી યશોભદ્રસૂરિ
૪૨. શ્રી નેમિચંદ્રસૂરિ અને
૪૩. શ્રી મુનિચંદ્રસૂરિ
૪૪. શ્રી વાદિદેવસૂરિ
*શાસનપ્રભાવક શ્રમણભગવંતોમાં આ સૂરિવરનું નામ શુક્રતારક સમું દીપ્તિમાન છે. 'સકલવાદિમુકુટ' આ પ્રકાંડ પંડિત દિગંબરાચાર્ય શ્રી કુમુદચંદ્રના વિજેતા તરીકે ઇતિહાસમાં સુપ્રસિદ્ધ છે. તેમના ૨૪ શિષ્ય આચાર્યો થયા હતા. તેમના પ્રથમ પટ્ટધર શ્રી પદ્મપ્રભસૂરિ નાગોરી તપાગચ્છના આદ્યપુરુષ છે.*
૪૫. શ્રી પદ્મપ્રભસૂરિ
*સં. ૧૧૭૭માં રાજા આલ્હણદેવે એમને 'તપા' બિરૂદ આપ્યું. તેમની પરંપરા 'નાગોરી તપાગચ્છ' ના નામે ઓળખાઈ.*


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૬. શ્રી પ્રસન્નચંદ્રસૂરિ

તેમના સમયમાં બાર વર્ષનો દુષ્કાળ પડયો અને ફરી શિથિલાચારની શરૂઆત થઈ.

૪૭. શ્રી ગુણસમુદ્રસૂરિ

૪૮. શ્રી જયશેખરસૂરિ

એમણે ક્રિયોદ્ધાર કર્યો. બાર ગોત્રને પ્રતિબોધ આપી જૈન બનાવ્યા. નાની ઉંમરમાં જ એમને ચૌહાણ રાયહમીર તરફથી 'કવિરાજ' બિરૂદ મળેલું. સં. ૧૩૦૧માં આચાર્યપદ.

૪૯. શ્રી વજ્રસેનસૂરિ (બીજા)

આચાર્યપદ સં. ૧૩૫૪. 'લઘુત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર', 'ગુરુગુણષટ્ત્રિંશિકા' વગેરે ગ્રંથો રચ્યા છે. સારંગદેવ, રાણા સીહડ, બાદશાહ અલાઉદ્દીન વગેરેને ધર્મબોધ આપનાર આચાર્યશ્રીને 'દેશના જળધર' એવું બિરૂદ મળેલું.

૫૦. શ્રી હેમતિલકસૂરિ

૫૧. શ્રી રત્નશેખરસૂરિ

પ્રસિદ્ધ 'સિરિસિરિવાલ કહા'ના રચયિતા તરીકે આ સૂરિવર જૈનજગતમાં સુવિખ્યાત છે. 'સંબોધસિત્તરિ', 'ગુણસ્થાનક્રમારોહ' વગેરે અતિ ઉપયોગી ગ્રંથરચના એમણે કરી છે. આચાર્યપદ સં. ૧૪૦૦.

૫૨. શ્રી હેમચંદ્રસૂરિ

૫૩. શ્રી પૂર્ણચંદ્રસૂરિ આચાર્ય પદ સં. ૧૪૨૪

૫૪. શ્રી હેમહંસસૂરિ

કહેવાય છે કે આ આચાર્યશ્રીએ ૫૦૦૦ જિનાલયોની પ્રતિષ્ઠા કરાવી હતી. આચાર્ય પદ સં. ૧૪૫૩. એમના જીવનકાળ પછી પુનઃ શિથિલાચારનો પ્રારંભ થયો.

૫૫. શ્રી લક્ષ્મીનિવાસસૂરિ

એમની શિષ્ય પરંપરામાં શ્રી પાર્શ્વચંદ્રસૂરિ થયા. શ્રી હેમહંસસૂરિના બીજા શિષ્ય શ્રી હેમસમુદ્રસૂરિ હતા, જેમની પરંપરા નાગોરી બૃહદ્તપાગચ્છની એક શાખારૂપે ઘણા સમય સુધી ચાલતી રહી. આ શાખાની પટ્ટાવલી નીચે મુજબ છે :

શ્રી હેમસમુદ્રસૂરિ → શ્રી હેમરત્ન સૂરિ → શ્રી સોમરત્નસૂરિ → શ્રી રાજરત્નસૂરિ → શ્રી ચંદ્રકીર્તિસૂરિ → શ્રી હર્ષકીર્તિસૂરિ.

શ્રી હર્ષકીર્તિસૂરિએ સારસ્વત વ્યાકરણની ટીકા, યોગચિંતામણિ, સપ્તસ્મરણ ટીકા આદિ ગ્રંથો રચ્યા છે.

૫૬. શ્રી પુણ્યરત્ન પંન્યાસ

૫૭. શ્રી સાધુરત્ન પંન્યાસ

૫૮. શ્રી પાર્શ્વચંદ્રસૂરિ

જન્મ સં. ૧૫૩૭, હમીરપુર. દીક્ષા સં. ૧૫૪૬. સ્વર્ગવાસ સં. ૧૬૧૨, જોધપુર. સાધુ સંસ્થામાં પ્રવર્તી રહેલ શિથિલાચારના ઉન્મૂલન માટે ઉગ્ર આંદોલન કરનારા આ આચાર્યશ્રી અનેક વિશિષ્ટતાઓ ધરાવતા હતા. બાવીસ ગોત્રને જૈન ધર્મના અનુયાયી કર્યા હતા. સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતીમાં રચેલા શતાધિક ગ્રંથો એમની વિદ્વત્તાની શાખ પૂરે છે. એમના સમય પછી 'નાગોરી તપગચ્છ'ને જનતાએ 'પાર્શ્વચંદ્રગચ્છ'ના નામે સંબોધવા માંડયો.

૫૯. શ્રી સમરચંદ્રસૂરિ આચાર્યપદ સં. ૧૬૦૪

૬૦. શ્રી રાજચંદ્રસૂરિ આચાર્યપદ સં. ૧૬૨૬

૬૧. શ્રી વિમલચંદ્રસૂરિ

આચાર્યપદ સં. ૧૬૬૯. એમના શિષ્ય શ્રી પૂંજાઋષિ અદ્ભુત તપસ્વી હતા. એમણે પોતાના જીવનમાં કુલ ૧૧૩૨૧ ઉપવાસ કર્યા હતા એવો ઉલ્લેખ છે. એમની પ્રશંસારૂપે ખરતરગચ્છીય શ્રી સમયસુંદર ગણિએ 'પૂંજાઋષિ રાસ' રચ્યો છે.

૬૨. શ્રી જયચંદ્રસૂરિ આચાર્યપદ સં. ૧૬૭૪.

૬૩. શ્રી પદ્મચંદ્રસૂરિ આચાર્યપદ સં. ૧૬૯૯

૬૪. શ્રી મુનિચંદ્રસૂરિ (બીજા)


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬૫. શ્રી નેમિચંદ્રસૂરિ (બીજા)
આચાર્યપદ સં. ૧૭૫૦

૬૬. શ્રી કનકચંદ્રસૂરિ આચાર્યપદ સં. ૧૭૯૬

૬૭. શ્રી શિવચંદ્રસૂરિ આચાર્યપદ સં. ૧૮૧૦

૬૮. શ્રી ભાનુચંદ્રસૂરિ આચાર્યપદ સં. ૧૮૨૩

૬૯. શ્રી વિવેકચંદ્રસૂરિ આચાર્યપદ સં. ૧૮૩૭

૭૦. શ્રી લબ્ધિચંદ્રસૂરિ આચાર્યપદ સં. ૧૮૫૪

૭૧. શ્રી હર્ષચંદ્રસૂરિ
આચાર્યપદ સં. ૧૮૮૩. તેઓશ્રી સમર્થ વિદ્વાન અને કવિ હતા. પ્રસિદ્ધ અધ્યાત્મ-યોગી શ્રી ચિદાનંદજી મહારાજના પરમ મિત્ર આ સૂરિજી બંગાળના પ્રસિદ્ધ જગતશેઠના પરિવારના ગુરુ હતા. શ્રી હર્ષચંદ્રસૂરિના સંવેગી શિષ્ય શ્રી કુશલચંદ્ર ગણિએ પાર્શ્વચંદ્રગચ્છમાં સંવેગી પરંપરા પુનર્જીવિત કરી.

૭૨. શ્રી હેમચંદ્રસૂરિ (બીજા)
આચાર્યપદ સં. ૧૯૧૫. સં. ૧૯૩૯માં વીરમગામમાં એક અંગ્રેજ અમલદારને તળાવ પર પક્ષીઓનો શિકાર કરતા અટકાવેલો. છંછેડાયેલા અમલદારે ખૂનનો પ્રયાસ કરવાનો ખોટો આરોપ મૂકીને તેમને કોર્ટમાં ઘસડયા. પણ અંગ્રેજ ન્યાયાધીશે નિર્દોષ ઠરાવી છોડી મૂક્યા. આ મુકદ્દમાએ સમગ્ર હિંદમાં ભારે ચકચાર જગાવેલી. તે સમયના પ્રસિદ્ધ અખબારોએ જૈનોની જીવદયાની ભાવનાની નોંધ લઈ, અંગ્રેજોની જોહુકમીની કડક ટીકા કરી હતી.

૭૩. શ્રી ભ્રાતૃચંદ્રસૂરિ
સં. ૧૯૩૭માં શ્રી કુશલચંદ્રજી ગણિની નિશ્રામાં ક્રિયોદ્ધાર કર્યો. આચાર્યપદ સં. ૧૯૬૭.

૭૪. શ્રી સાગરચંદ્રસૂરિ આચાર્યપદ સં. ૧૯૯૩

## નીતિ માર્ગની આવશ્યકતા

**આજકાલ લોકોનું વર્તન બહુધા લોકલાજ તથા યશકીર્તિના ખાલી ખ્યાલોને બહુ અનુસરે છે અને તેથી જ ધર્મને યોગ્ય થવાના આધારભૂત નીતિમાર્ગની તથા માર્ગાનુસારી ગુણોની પ્રકૃતિની પ્રવૃતિ વિરલામાં દેખાય છે. માટે આ વ્યવહાર ક્રિયાશુદ્ધિ સાથે તે પ્રવૃત્તિને પણ પુનરુજ્જીવિત કરવાની તેટલી જ આવશ્યકતા છે.**

**– સંવિજ્ઞપક્ષીય ભિક્ષુ ભ્રાતૃચંદ્ર**

**(પંચપ્રતિક્રમણ સૂત્રની પ્રસ્તાવનામાં)**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨

# યુગપ્રધાન દાદાસાહેબ
# શ્રી પાર્શ્વચંદ્રસૂરીશ્વર : જીવન અને કવન

લેખક : મુનિશ્રી ભુવનચંદ્રજી મહારાજ



ભારત ભૂમિ એ સંતોની ભૂમિ છે. આ દેશની ધરતીનો નાંખી નજર ન પહોંચે એટલો લાંબો ઇતિહાસ છે; અને એ ઇતિહાસના પૃષ્ઠે પૃષ્ઠે અનેક સંતો, મુનિઓ, મહાત્માઓના પવિત્ર નામો અંકિત થયેલા છે. માનવ સમાજને સમૃદ્ધ કરનાર સાચો વૈભવ કે વારસો કોઈ હોય તો તે આ મહામાનવોના જીવન છે. માનવને ઉચ્ચ જીવનનો આદર્શ આપતા, ચારિત્ર્યના સર્વોચ્ચ શિખર પ્રતિ આંગળી ચીંધતા, માનવને મહામાનવ બનવા સાદ પાડતા એ મહાપુરુષોના જીવન જુગ જુગ સુધી જનતાને જાગૃતિ સંદેશ આપતા રહે છે. જન્મીને મરી જનારા લોકોનો કોઈ હિસાબ નથી; જન્મીને જીવી જાણનારા અને મરીને અમર થઈ જનારા પુરુષો વિરલ હોય છે. માનવજાત એવા માર્ગદર્શક મહાપુરુષોની ઋણી છે.

**જિનશાસન - એક મહાસાગર :**

ધર્મક્ષેત્ર ભારતમાં અનેક ધર્મ-દર્શનો વચ્ચે જૈન શાસન અનોખું સ્થાન ધરાવે છે. જિનશાસન એક સમુદ્ર છે જેમાં મહાપુરુષોરૂપી અગણિત મોતીઓ પાક્યા છે અને પાકતા રહે છે. જૈન શાસનના આવા જ એક તેજસ્વી મોતી, દાદાસાહેબ શ્રી પાર્શ્વચંદ્રસૂરીશ્વરજી હતા. જ્યોતિર્ધર મહાપુરુષોની માળાના એક મૂલ્યવાન મણકા સમા પૂજ્ય દાદાસાહેબનું જીવન, ઉત્કૃષ્ટ ચારિત્ર્યનો નમૂનો પૂરો પાડે છે. વર્તમાન જૈન શ્વેતાંબર સંઘના ચાર મુખ્ય ગચ્છોમાં જે પાર્શ્વચંદ્ર ગચ્છ છે, તે આ જ મહાપુરુષના નામથી ઓળખાય છે.

**બડભાગી માતા-પિતા :**

અદ્‌ભુત ગિરિરાજ આબૂની તળેટીમાં હમીરપુર નામે એક પ્રખ્યાત નગર હતું. એમ કહેવાય છે કે વિ.સં. ૮૦૮ માં રાવ હમીરે આ નગર વસાવેલું. આજે તો એ હમીરપુરના ભવ્ય ઇતિહાસની સાક્ષી પૂરનાર એક તૂટી ગયેલો કિલ્લો અને પાંચ પ્રાચીન જીર્ણ જિનાલય ઊભા છે. એ વૈભવશાળી નગર આજે એક ગામડારૂપે હમીરગઢ નામથી ઓળખાય છે.

એ હમીરપુરમાં પોરવાડવંશના વેલગશાહ નામે એક શ્રેષ્ઠિ રહેતા હતા. વિમલાદે નામના તેમનાં પત્ની હતાં. ભાવિક અને ભદ્રિક એવા આ દંપતીનું જીવન ધર્મ અને સદાચારથી સુવાસિત હતું.

એક મનોહર પ્રભાતે વિમલાદે વેલગશાહને કહે છે, 'સ્વામી! આજે રાતે મેં સપનામાં એવું જોયું કે જાણે પૂનમનો ચંદ્ર નીચે ઊતરીને મારા પાસામાં બેઠો!'

વેલગશાહ હરખાઈને કહે છે, 'સુંદર સપનું! મને લાગે છે કે આપણે ચંદ્ર જેવો ચમકતો દીકરો પામશું.'

**જન્મદિવસ - રામનવમી :**

પૂરા દિવસે વિમલાદેએ સોહામણા બાળકને જન્મ આપ્યો. એ દિવસ હતો - ચૈત્ર સુદ-નોમ, રામનવમી, શુક્રવાર અને એ સાલ હતી વિ. સં. ૧૫૩૭, આજથી પાંચસો બાવીશ વર્ષ પહેલાં. રામનવમીનો દિવસ જાણે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવતારી પુરુષોના જન્મ માટે જ નિમાયો છે! આ બાળક પણ એ જ હકીકતનું સમર્થન કરે છે. ચંદ્ર જેવું ચમકતું એનું મુખડું જોઈ માતા-પિતાના હૈયામાં હર્ષ હિલોળા લે છે. 'આપણો લાલ જરૂર જગતમાં વિખ્યાત થશે, આપણા કુળને અજવાળશે'- બાળકને જોઈ માતા-પિતા મનોમન બોલી રહ્યાં છે.

વેલગશાહે પુત્રજન્મના વધામણાં કર્યાં. વાજાં વગડાવ્યાં અને દાન દીધાં. દેવકુમાર જેવા દીકરાને પામી એ ધર્મિષ્ઠ દંપતી ધન્ય બની ગયા અને એ આનંદને છૂટે હાથે ધન ખર્ચી એમણે વ્યક્ત કર્યો.

માતાએ સપનામાં પડખામાં ચંદ્ર જોયેલો તેથી માતા-પિતાએ પનોતા પુત્રનું નામ પાડ્યું - પાસચંદ (પાર્શ્વચંદ્ર). ખરેખર, એ પાર્શ્વચંદ્રકુમારે ચંદ્રની જેમ જગતમાં પ્રકાશ પાથર્યો. યુગપ્રધાન મહાપુરુષ બની વંશને અને માતા-પિતાને જગતમાં અમર બનાવ્યાં.

ધન્ય વેલગશાહ પિતા ! ધન્ય વિમલાદે માતા !

**હોનહાર મહાપુરુષ :**

મધુર વાણી, દિવ્ય રૂપ અને સુશીલ વર્તનથી માતા-પિતાને આનંદ પમાડતો બાળ પાર્શ્વચંદ્ર જોત જોતામાં પાંચ વર્ષનો થયો. માતા-પિતા તો પુત્રને જોતાં જાણે ધરાતા નથી. જે કોઈ એને જુવે છે તે એના તેજ વડે અંજાઈ જાય છે.

પાંચ વર્ષના પાર્શ્વચંદ્રને પાઠશાળામાં પ્રવેશ કરાવ્યો. એની બુદ્ધિ અને પ્રતિભા અધ્યાપકને પણ આશ્ચર્ય પમાડી રહ્યાં છે. થોડા જ સમયમાં પાર્શ્વચંદ્રકુમારે વ્યાવહારિક અભ્યાસ પૂર્ણ કરી લીધો. એની તીવ્ર જ્ઞાનપિપાસાને સંતોષવી અધ્યાપકના માટે અશક્ય બની ગઈ.

પાર્શ્વચંદ્રકુમારનું રૂપ, ઉત્તમ લક્ષણો, અસાધારણ પ્રતિભા વગેરે જોઈ લોકો ચકિત થઈ જતા. તેની વૈરાગી મનોદશા અને ગંભીર મુખમુદ્રા જોઈ લોકો કહેતા કે આ તો કોઈ મહાત્મા થશે, યોગી બનશે અને થયું પણ એમ જ.

**પ્રવ્રજ્યાને પંથે :**

નાગપુરીય તપાગચ્છના પ્રખર પંડિત આચાર્ય શ્રી સાધુરત્નસૂરિ હમીરપુરમાં પધારે છે. વેલગશાહની સાથે પાર્શ્વચંદ્રકુમાર પણ પ્રવચન સાંભળવા જાય છે અને જાણે પાર્શ્વચંદ્રકુમારને જોઈતું હતું તે જ મળી ગયું. એનો આત્મા તો એક યોગીનો, મહામુનિનો હતો. એને જાગૃતિનો સ્પર્શ આપનાર ગુરુ મળી ગયા. ગુરુ મહારાજ શ્રી સાધુરત્નસૂરીશ્વર પણ બાળક પાર્શ્વચંદ્રમાં છૂપાઈ રહેલા મહાન જ્યોતિર્ધરને પારખી લે છે.

પાર્શ્વચંદ્રકુમાર માતા-પિતા પાસે સંયમગ્રહણ કરવાની અનુમતિ માગે છે. ધર્મનિષ્ઠ, વિવેકી એવા વેલગશાહ અને વિમલાદે પોતાના એકના એક પુત્રને કલ્યાણના માર્ગે જવા હોંશે હોંશે અનુમતિ આપે છે.

અને ફક્ત ૯ વર્ષની ઉંમરે સં. ૧૫૪૬ ના વૈશાખ સુદ ત્રીજ - અક્ષયતૃતીયાના પવિત્ર દિવસે, શ્રી સાધુરત્નસૂરિજી પાસે પાર્શ્વચંદ્રકુમાર દીક્ષા અંગીકાર કરી, મુનિ પાર્શ્વચંદ્ર બન્યા. માતા-પિતા તથા સંઘે આ અણમોલ અવસરને મહોત્સવ વગેરેથી યોગ્ય રીતે વધાવ્યો.

**જ્ઞાનોપાસના :**

સાધુઓમાં રત્નસમા ગુરુરાજ શ્રી સાધુરત્નસૂરિ આવા શિષ્યરત્નને પામીને પરમ હર્ષ અનુભવી રહ્યાં. આ મુનિરત્નને જોઈ સંઘ પણ આનંદ પામી રહ્યો.

મુનિ પાર્શ્વચંદ્ર હવે જ્ઞાનોપાસનામાં ડૂબી જાય છે. વ્યાકરણ, કાવ્ય, અલંકાર, ન્યાય, ષડ્દર્શન, જ્યોતિષ જેવી જ્ઞાનની વિવિધ શાખાઓમાં પ્રવીણતા મેળવી લે છે. જૈન દર્શનનો ઊંડો અભ્યાસ કરે છે. જોતજોતામાં જ્ઞાન-


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિજ્ઞાનના મહાસાગરને ગટગટાવી જઈને ઊંડી જિજ્ઞાસાથી જૈનાગમોના રહસ્યને શોધવા મંડી પડે છે.

એમ કહેવાય છે કે કેટલાક આત્માઓ જન્મીને મહાપુરુષ થાય છે; જ્યારે કેટલાક મહાપુરુષ થઈને જન્મે છે. આપણા પૂજ્ય દાદાસાહેબ એવા જન્મજાત મહાપુરુષ હતા. કોઈક ઉચ્ચ હેતુ **Mission** લઈને જ આવ્યા હોય એવું તેઓના જીવન પ્રસંગો આપણને કહી જાય છે. આથી જ, એક ચોક્કસ દિશામાં તેઓ વણથંભી કૂચ કરતા રહે છે. ૯ વર્ષની ઉંમરે આટલી પ્રતિભા અને કર્તવ્યનિષ્ઠા, સાધ્યનો ખ્યાલ અને ઉચ્ચ વૈરાગ્ય – આ બધું એમના ગત જન્મની આરાધનાની સાક્ષી પૂરે છે.

**ઉપાધ્યાય પદ :**

તીવ્ર મેધાવી અને અદ્ભુત પ્રતિભાશાળી મુનિ પાર્શ્વચંદ્રજીએ ટૂંક સમયમાં સ્વ-પર શાસ્ત્રોનો અભ્યાસ પૂર્ણ કરી લીધો. જૈન-અજૈન શાસ્ત્રોમાં પારંગત બની ગયા. વિનય, વિદ્વત્તા અને વૈરાગ્ય દ્વારા પાર્શ્વચંદ્રજીએ ગુરુદેવની પૂર્ણ કૃપા પ્રાપ્ત કરી.

ઉપાધ્યાય પદ માટેની યોગ્યતા મેળવી લીધી હોવાથી નાગોરી તપાગચ્છાધિપતિ આચાર્ય શ્રી સોમરત્નસૂરિજીએ મુનિ પાર્શ્વચંદ્રજીને ઉપાધ્યાય પદથી વિભૂષિત કરવાનો નિર્ણય કર્યો. નાગોરના સંઘે ઉપાધ્યાય પદાર્પણના ભવ્ય મહોત્સવનો લાભ લીધો. વિ. સં. ૧૫૫૪ માં નાગોર નગરમાં મુનિ પાર્શ્વચંદ્રજીને ઉપાધ્યાય પદ પર પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા ત્યારે તેઓની વય ફક્ત ૧૭ વર્ષની હતી! સત્તર વર્ષની ઉંમર અને ૯ વર્ષનો દીક્ષાપર્યાય! આટલા ટૂંક સમયમાં ઉપાધ્યાય પદે પહોંચનાર દાદાસાહેબ કેવી અસામાન્ય પ્રતિભા અને પ્રજ્ઞાના સ્વામી હશે, તે તો આ ઘટના જ કહી જાય છે.

ઉપાધ્યાય બન્યા પછી તેઓ ગુરુનિશ્રામાં રહી, આત્મસાધન કરવા સાથે ઉપદેશધારા વહાવતા દસેક વર્ષ સુધી જુદા જુદા સ્થળોએ વિચર્યા. આ સમય દરમ્યાન આગમો અને શાસ્ત્રોના અધ્યયન-પરિશીલનથી તેઓ જોઈ શક્યા કે આગમવિહિત આચરણ અને વર્તમાન આચરણ વચ્ચે ઘણું અંતર છે. જિનાજ્ઞાના પાલનમાં તથા સંયમ ધર્મના પાલનમાં સાધુ સંસ્થા ઊણી ઉતરી છે એ વાત દીવા જેવી ચોખ્ખી સમજાઈ ગઈ.

**જૈન સંઘની શોચનીય દશા :**

ખરેખર, તે સમયે જૈન સંઘની અવસ્થા બહુ શોચનીય હતી. 'છિન્ન ભિન્ન' અને અસ્તવ્યસ્ત કહી શકાય એવી સ્થિતિમાં જૈન સંઘ મૂકાઈ ગયો હતો. એક બાજુ લોંકાશાહે મૂર્તિની માન્યતાનું ખંડન કર્યું અને એટલા જ માટે આગમોને પણ કલ્પિત ઠરાવ્યા; એક નવો પંથ સ્થાપી દીધો હતો. બીજી બાજુ કડવાશાહ નામના એક વિદ્વાને તો એમ જ કહેવા માંડ્યું કે આ કાળે કોઈ સાધુ જ નથી. ચારિત્રધર્મ આ કાળમાં સંભવે જ નહિ.

અને પ્રાચીન ગચ્છોમાં પણ ખૂબ વિખવાદો તથા વિરોધાભાસો વ્યાપી ગયા હતા. સૂત્રોક્ત ક્રિયા તથા વિધિ મૂકાઈ ગયા હતા. મુનિઓ શિથિલતાની સાંકળોથી બંધાઈ ગયા હતા. પાંચ મહાવ્રતના પાલનની દરકાર ન હતી. પરિગ્રહ રાખવો, એક જ સ્થળે વસવું, દહેરાસર, ઉપાશ્રય ઉપર માલિકી ધરાવવી, આવો વ્યવહાર સામાન્ય થઈ પડ્યો હતો. શ્રીપૂજ્યો તો રાજા જેવો ઠાઠમાઠ રાખતા. મુનિઓ માટે નિષિદ્ધ આરંભ-સમારંભ અને મિથ્યાત્વપોષક વિધિ-વિધાનો તે સમયે છડેચોક થતા. યતિવર્ગનું પ્રાબલ્ય વધી ગયેલું. આવા યતિઓએ કેટલીયે સૂત્રવિરુદ્ધ પરંપરાઓ પોતાના લાભાર્થે પ્રવર્તાવી દીધી હતી.

ગચ્છના ભેદોનો પાર ન હતો, દરેક ગચ્છમાં જુદી જુદી ક્રિયા, જુદો ઉપદેશ, જુદી પરંપરા ચાલતા હતા. સૌ કોઈ પોતાની પરંપરાને સાચી અને બીજાની ખોટી કહી રહ્યા હતા. પરંપરાના નામે પ્રત્યક્ષ સૂત્રવિરુદ્ધ બાબતને


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ સત્ય ઠરાવવામાં આવતી હતી. નાગોરી તપાગચ્છમાં પણ આવી જ શિથિલતા વ્યાપી ગઈ હતી.

**મંથન અને ચર્ચા :**

ઉત્કૃષ્ટ વૈરાગ્ય, શુદ્ધ ધર્મનિષ્ઠા અને જિનાજ્ઞાનો અવિહડ રાગ જેમના અંતરમાં પાંગર્યા હતા તેવા ઉપાધ્યાય શ્રી પાર્શ્વચંદ્રજીને આ શિથિલાચાર અને અવિધિ કેમ સ્વીકાર્ય બને ? તેઓના અંતરમાં મંથન જાગ્યું. તેમણે ગુરુ મહારાજ સાથે ચર્ચા કરી :

'ગુરુદેવ! આજકાલ આગમમાં કહેલ મુનિ આચારોનું પાલન કેમ થતું નથી? સંયમમાં આટલી બધી શિથિલતા શા માટે?'

ગુરુ મહારાજ શ્રી સાધુરત્નસૂરિએ કહ્યું :

'પ્રિય શિષ્ય! તારી વાત સાચી છે. મુનિઓ વ્રતપાલનમાં ઘણા શિથિલ થઈ ગયા છે. આજકાલ વાસ્તવિક મુનિધર્મથી વિપરીત રીતે આપણે વર્તીએ છીએ, એ ખેદની વાત છે. આ શિથિલાચારનું મુખ્ય કારણ છે – પ્રમાદ. રાજ્યવર્ગના અતિ પરિચયથી ધીમે ધીમે સુખ-સગવડોનો મોહ થવા માંડ્યો. માન-સન્માન, પરિગ્રહની લાલચ જતી ન કરી શક્યા અને સંયમમાં શિથિલ બનતા ગયા.'

ઉપાધ્યાયજીએ કહ્યું : 'શું ફરી શુદ્ધ ક્રિયા ન આદરી શકાય? આ કાળમાં સંયમધર્મ ન પાળી શકાય એવું તો નથી. મારી ઈચ્છા પાંચ મહાવ્રતના પૂર્ણ પાલન સાથે શુદ્ધ ક્રિયા આરાધવાની છે; આપ આજ્ઞા આપો તો શિથિલાચારનો ત્યાગ કરી ક્રિયોદ્ધાર કરું.'

શ્રી સાધુરત્નસૂરિ, ઉપાધ્યાયજીની આવી ભાવના જોઈ પ્રસન્ન થયા. જો કે, સાધુરત્નસૂરિ પોતે પણ યતિ હતા પણ શિથિલાચારનો પક્ષપાત તેઓ નહોતા રાખતા. શુદ્ધ આચારના તેઓ પક્ષપાતી હતા. આથી જ, પોતાના શિષ્યની ક્રિયોદ્ધારની ભાવનાને તેમણે અવરોધી નહીં પણ અનુમોદન કર્યું. શાસનની ઉન્નતિ અને આત્મહિતને લક્ષ્યમાં રાખી તેમજ ઉપાધ્યાયજીને ક્રિયોદ્ધાર કરવા માટે સમર્થ જાણી, તેમણે ક્રિયોદ્ધાર કરવા સહર્ષ અનુજ્ઞા આપી.

**ક્રિયોદ્ધાર એટલે ?**

જીર્ણ થયેલા મંદિરનો ઉદ્ધાર થાય – મરામત થાય એ કહેવાય જીર્ણોદ્ધાર; એમ અશુદ્ધ બની ગયેલી ક્રિયાને અથવા બંધ થઈ ગયેલી ક્રિયાને પુનઃ શુદ્ધરૂપે આચરવી, ફરી જીવંત કરવી એ ક્રિયોદ્ધાર. આવા ક્રિયોદ્ધાર અનેક થયા છે. કારણ કે કાળનો પ્રભાવ કહો, કે માનવ મનની નિર્બળતા કહો, મુનિઓમાં ચારિત્ર ધર્મનું પાલન શિથિલ થઈ જતું અને દરેક વખતે કોઈ ને કોઈ મહાપુરુષ પેદા થતા અને ફરી શુદ્ધ ક્રિયાને આગળ લાવી, માર્ગ ચૂકી ગયેલ મુનિ પરંપરાને મૂળ માર્ગે લાવતા. આવા ક્રિયોદ્ધારક મહાપુરુષોએ જૈન શાસનની સાચી સેવા કરી છે. જૈન સંઘ એ સર્વ મહાત્માઓનો ઋણી રહેશે.

નાગોરી તપાગચ્છમાં પણ તેરમા સૈકામાં આવી શિથિલતા થઈ હતી. ચૌદમા સૈકામાં શ્રી જયશેખરસૂરિએ ક્રિયોદ્ધાર કરી શિથિલતાનો અંત આણ્યો હતો. ફરી પંદરમા સૈકામાં શ્રી હેમહંસસૂરિના સમયથી શિથિલાચારે પગપેસારો કરેલ, તે શ્રી સાધુરત્નસૂરિના સમયમાં પૂરેપૂરો વ્યાપી ચૂક્યો હતો. અન્ય ગચ્છોમાં પણ આ જ પરિસ્થિતિ હતી.

**શુદ્ધિના માર્ગે પુનઃ પ્રસ્થાન :**

ક્રિયોદ્ધારનો કાળ પાકી ગયો હતો. યુગની માંગ હતી કે શિથિલાચારનો અંત લાવનાર કોઈક જાગે. ઉપાધ્યાયજી શ્રી પાર્શ્વચંદ્રજીએ યુગને ઓળખ્યો. ક્રાંતિના મંડાણ એમણે કર્યા.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આગમોના આધારે વિધિનું સંશોધન કર્યું. સૂત્રવિરુદ્ધ આચરણોનો ત્યાગ કરી, શુદ્ધ આગમવિહિત ક્રિયા શરૂ કરી. વિ.સં. ૧૫૬૪માં નાગોર નગરમાં સંવેગમાર્ગ-નિર્ગ્રન્થ જીવનમાં વિધિપૂર્વક પ્રવેશ કર્યો. પંચ મહાવ્રતનું કઠોરપણે પાલન શરૂ કર્યું. ક્રિયોદ્ધારના એ પવિત્ર અવસરને નાગોરના સંઘે અષ્ટાહ્નિકા મહોત્સવ વગેરેથી વધાવ્યો.

પૂજ્ય દાદાસાહેબના જીવનનું મોટામાં મોટું કાર્ય હોય તો તે આ ક્રિયોદ્ધાર છે. સ્થાપિત થઈ ગયેલી સૂત્રવિરુદ્ધ પરંપરાઓનો આગમાનુસારે વિરોધ કરી ભારે હિંમતથી શિથિલાચારને નિર્મૂળ કરવા તેઓ મથ્યા. શુદ્ધ જિનાજ્ઞાને પુનઃ પ્રકાશમાં લાવી જિન શાસન ઉપર છવાઈ ગયેલ શિથિલતાના વાદળને વિખેરી નાખ્યું.

**પ્રત્યાઘાત :**

પૂજ્ય દાદાસાહેબે શિથિલાચારનો ઉગ્ર અને કડક શબ્દોમાં વિરોધ કર્યો. એથી યતિઓ તેમજ રૂઢિવાદીઓ છંછેડાય એ સ્વાભાવિક હતું. પરિણામે યતિઓ તેમજ અન્ય ગચ્છો તરફથી શ્રી પાર્શ્વચંદ્રસૂરીશ્વર ઉપર વિવિધ આક્ષેપો કરવામાં આવ્યા. તેમણે નવો પંથ કાઢ્યો છે; સૂત્રને માનતા નથી; પંચાગીને માનતા નથી; લોંકાશાહના સમર્થક છે – એવા વિચિત્ર આક્ષેપો થયા.

પૂજ્ય દાદાસાહેબે તો સૂત્ર પંચાગીને સંપૂર્ણપણે વફાદાર રહીને ફક્ત સૂત્ર વિરુદ્ધ હોય તેવી પરંપરાઓનો વિરોધ કર્યો છે. તેમણે કોઈ નવો પંથ ચલાવ્યો નથી. ઉલટાનું, મૂળમાર્ગને પુનઃ પ્રસ્થાપિત કર્યો છે. એમણે મુનિધર્મને ખરા સ્વરૂપમાં આરાધવા માટે આંદોલન ચલાવ્યું. ક્રિયોદ્ધાર કરવો એ કોઈ 'અપરાધ' નથી.

'શ્રી પાર્શ્વચંદ્રસૂરિએ નવો મત ચલાવ્યો' એમ તપાગચ્છના ઘણા ખરા લેખકો લખતા આવ્યા છે. લોંકાશાહ કે કડવાશાહની જેમ પૂજ્ય દાદાસાહેબને 'શાસનના પ્રત્યનીક'-શત્રુ તરીકે ગણતાં તેઓ અચકાયા નથી. પૂજ્ય દાદાસાહેબના વિચારોને સમજ્યા વિના જ આવાં વિધાનો કરાતા રહ્યાં છે.

પરંતુ દાદાસાહેબે ક્રિયોદ્ધાર કર્યો તેના શુભ પ્રત્યાઘાત પણ પડ્યા જ. શિથિલાચારનો પ્રચંડ વિરોધ બધા ગચ્છોમાં શરૂ થયો. પરિણામે તપાગચ્છમાં વિ.સં. ૧૬૮૨માં શ્રી આનંદવિમલસૂરિએ ક્રિયોદ્ધાર કર્યો. ખરતરગચ્છમાં શ્રી જિનચંદ્રસૂરિએ સં. ૧૬૧૪માં સંવેગમાર્ગ સ્વીકાર્યો. અચલગચ્છમાં શ્રી ધર્મમૂર્તિસૂરિએ સંભવતઃ ૧૬૧૪માં એ જ પ્રમાણે ક્રિયોદ્ધાર કર્યો. આમ, એ યુગમાં ધર્મજાગૃતિ અને સંવેગમાર્ગનું મંડાણ કરવામાં પૂજ્ય દાદાસાહેબ સર્વ પ્રથમ હતા.

**મુખ્ય સિદ્ધાંતો :**

પૂજ્ય દાદાસાહેબે સૂત્રાનુસારે નિશ્ચિત કરેલા બધા સિદ્ધાંતોની ચર્ચા અહીં શક્ય નથી. એમના કેટલાક મુખ્ય સિદ્ધાંતોનો ઉલ્લેખ કરી સંતોષ માનીશું :

- *જિનપ્રતિમા આગમસિદ્ધ છે. પૂજાવિધિ પણ કર્તવ્ય છે પણ આ બધો વિષય શ્રાવકોનો છે. મુનિઓ એમાં પ્રત્યક્ષપણે ભાગ લઈ શકે નહિ.*
- *આ કાળમાં પણ ચારિત્રધર્મ છે.*
- *જે પરંપરા સૂત્ર સાથે મળતી આવતી હોય તે સાચી અને આદરવા જેવી ગણાય પરંતુ સૂત્રથી વિરૂદ્ધ જતી જણાય ત્યારે પરંપરાને ન વળગતાં સૂત્રને અનુસરવું જોઈએ.*
- *પાખી ચૌદશની તથા ચોમાસી પૂનમની હોવી જોઈએ.*
- *સંવત્સરી પર્વ કારણવશ ચોથના થયું; કારણ ન હોય ત્યારે પણ ચોથના જ કરવાની જરૂર નથી. મૂળ પાંચમ હતી, તે જ દિવસે પર્યુષણ પર્વ થવું જોઈએ.*



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

- *તિથિ ઔદયિક લેવી જોઈએ.*
- *પ્રતિક્રમણની ક્રિયા નિર્જરા માટે છે. પાપશુદ્ધિ માટે થતી આ ક્રિયામાં દેવ-દેવીની સ્તુતિ-પ્રાર્થના ન હોવી જોઈએ.*
- *આજકાલ ઉપધાન થાય છે તે પૂરા નથી. છ આવશ્યકના ઉપધાન થતા જ નથી તે પણ કરવા જોઈએ.*

વાચકો જોઈ શકશે આ સિદ્ધાંતો સામાન્ય બુદ્ધિથી પણ કેટલા સુસંગત જણાઈ આવે છે છતાં પણ પરંપરાને પરમ ધર્મ સમજનારાઓએ પૂજ્ય દાદાસાહેબને 'નવો પંથ ચલાવનારા' કહી ભારે અન્યાય કર્યો છે.

**આધ્યાત્મિક શૌર્ય :**

**'सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरइ'** – સત્યના આદેશને સમર્પિત થનાર, સંસાર સાગરને તરી જાય છે' – આ આર્ષવચનને વ્યવહારમાં પ્રત્યક્ષ કરીને, ક્રિયોદ્ધારરૂપી જીર્ણોદ્ધાર દ્વારા, ચરમ તીર્થપતિ જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરના શાસન અને સંઘરૂપ મંદિરમાં, પૂજ્ય દાદાસાહેબે આચારશુદ્ધિરૂપી આરાધ્યદેવની પુનઃ પ્રતિષ્ઠા કરી. કોઈપણ કાળનો જનસમાજ, કોઠે પડી ગયેલી રૂઢિઓ, માન્યતાઓથી વિપરીત વિચારો, કે આચરણાઓ સ્વીકારવા તો શું, સાંભળવા પણ તૈયાર નથી હોતો. પૂજ્ય દાદાસાહેબના જીવનકાળમાં, ખાસ કરીને શરૂઆતના વર્ષોમાં, તત્કાલીન સમાજની દશા આનાથી જુદી ન હતી. એવા વિષમ સંયોગોમાં, 'તારી જો હાક સુણીને કોઈ ના આવે તો, એકલો જાને રે' – એ ઉક્તિ અનુસાર, માર્ગની રક્ષા અને શુદ્ધિ ખાતર, પૂજ્ય દાદાસાહેબે પોતે જે જાણ્યું, તે પ્રમાણે જીવી જાણવાનો 'જગન' આદર્યો. સત્ય પ્રત્યેનો અપ્રતીમ સમર્પણ ભાવ, આત્મધર્મ પ્રતિની અનન્ય નિષ્ઠા, આચારમાર્ગની રક્ષાનું એકલક્ષી ધ્યેય, પોતાના વૈયક્તિક સુખ કે માન-મર્તબા પ્રત્યે નિઃસ્પૃહતા – આ ચારે તત્ત્વો એમના 'યજ્ઞ'ના અહર્નિશ સાથી બની રહ્યાં. યુગના પ્રવાહોની સાથે તણાઈ જવાને બદલે, એ પ્રવાહોને સુમાર્ગે વાળવાનો 'ભગીરથ' પુરુષાર્થ આદરી પૂજ્ય દાદાસાહેબે તેમના આધ્યાત્મિક શૌર્યનું જ્વલંત દર્શન કરાવ્યું.

**આચાર્ય પદ :**

ઘૂવડો ગમે એટલી રાડારાડ કરે, તેથી સૂર્યનો ઉદય અટકતો નથી, કે છાનો રહેતો નથી. એ મુજબ જ, પૂજ્ય દાદાસાહેબની સમર્પિત સાધનાના સૂર્યની ઉદીયમાન થતી તેજ રેખાઓએ અજ્ઞાન-અંધકારનો વિનાશ કર્યો જ. પૂજ્ય દાદાસાહેબની ત્યાગવૃત્તિ, અવિહડ શ્રદ્ધા, તિતિક્ષા, અપ્રમત્તતા વગેરે ગુણો જોઈ, જૈન સમાજના જિજ્ઞાસુ અને મુમુક્ષુ આત્માઓ, તેમના પ્રત્યે અને તેમના કથન પ્રત્યે શ્રદ્ધાન્વિત થયા. 'શુદ્ધિ'ની અલૌકિક પ્રતિમાના સમર્પિત શિલ્પી પૂજ્ય દાદાસાહેબ તરફ અહોભાવ વધવા માંડ્યો. એના ફલ સ્વરૂપે અનેક નગરોના શ્રી સંઘોએ ગચ્છ નાયકને વિજ્ઞપ્તિઓ કરી કે પૂજ્ય દાદાસાહેબને, તેમના યોગ્ય સ્થાન-શાસનના નાયક તરીકેના સ્થાન પર પ્રતિષ્ઠિત કરો અને ક્રિયોદ્ધારના બીજા વરસે, જોધપુરનગરમાં, પૂજ્ય દાદાસાહેબને આચાર્ય પદ પર બિરાજમાન કરવામાં આવ્યા.

**સમભાવી દૃષ્ટિકોણ :**

શિથિલાચારનું ઉન્મૂલન અને શુદ્ધાચારનું સંસ્થાપન એ તો પૂજ્ય દાદાસાહેબનું જીવન કાર્ય – Mission – હતું; અને અપ્રિય થઈ પડવાનો કોઈ ભય રાખ્યા વગર, પૂજ્ય દાદાસાહેબે પૂરી શક્તિથી એ ફરજ બજાવી પરંતુ રૂઢિચુસ્ત યતિઓ-મુનિઓ, કે જેઓ પૂજ્ય દાદાસાહેબને સમજવામાં નિષ્ફળ ગયા, તેમના અજ્ઞાનમૂલક અવરોધોનો સામનો, પૂજ્ય દાદાસાહેબને કરવો પડ્યો. પણ એ સામનો, સમતાના શીતળ સમીરને લહેરાવતો હતો. વાદ-વિવાદના પ્રસંગોએ કટુતા, વિતંડાવાદ કે કદાગ્રહનો આશ્રય, તેઓશ્રીએ ક્યારેય લીધો નથી. હિતબુદ્ધિથી, શાસ્ત્રાધીન રહીને, વિરોધીઓને સમજાવવાનો હાર્દિક પ્રયત્ન કર્યો. તેમના લખેલા ચર્ચા ગ્રન્થોમાં, તેમનો સમભાવી દૃષ્ટિકોણ


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આગળ તરી આવે છે.

અનાગ્રહીપણું એ આત્મધર્મની આરાધના માટેની અનિવાર્ય પૂર્વશરત છે. સર્વજ્ઞ ભગવંત પ્રણીત શાશ્વત સત્યોને સમજવાના એકમાત્ર સાચા સાધન રૂપ સ્યાદ્વાદ-અનેકાંતવાદનો જ્યાં સુધી વ્યવહારમાં ઉપયોગ કરવામાં ન આવે, ત્યાં સુધી, સર્વજ્ઞ-કથિત સત્યો કે સિદ્ધાંતો યથાવત્ સ્વરૂપમાં સમજાયા છે અથવા સમજી શકાય છે એવો દાવો કરવો મિથ્યા છે. આવી વાત કરનાર વ્યક્તિ, અભિનિવેશમાંથી જન્મેલી આત્મવંચનામાં રાચે છે એમ સમજી લેવું.

સ્યાદ્વાદના સક્રિય ઉપયોગનું પરિણામ એ હોય છે કે આવા આત્માઓના જીવનમાં સમભાવ અને સહિષ્ણુતા, વસ્ત્રના તાણાવાણાની જેમ, વણાઈ ગયેલા હોય છે.

જૈન ધર્મનો ઇતિહાસ આ હકીકતની સાક્ષી પૂરે છે અને એ જ ઇતિહાસના એક પૃષ્ઠ પર જેમનું નામ સુવર્ણાક્ષરે અંકિત છે તે પૂજ્ય દાદાસાહેબના વચનો, સ્યાદ્વાદની સુગંધથી મઘમઘી રહ્યાં છે. એમના ઉદ્‌ગારો કહી આપે છે કે એ આત્મસાધક શ્રમણ ભગવંત, સર્વજ્ઞભાષિત સત્યોને સર્વથા સમર્પિત હતા અને એમની વિચારધારા સ્યાદ્વાદ-સાપેક્ષવાદના સક્રિય પ્રયોગ વડે સંસ્કૃત અને સમલંકૃત હતી. પૂજ્ય દાદાસાહેબના સમભાવપૂર્ણ હૃદયસ્પર્શી ઉદ્‌ગાર જુઓ :

*"तेणं संपइ दीसइ,*
*पिहु पिहु गच्छेसु भिन्न आयारो।*
*तत्थवि जं जिणवयणा-*
*णुसारओ तं पमाणं ति।।*
*किज्जइ गच्छायारो,*
*भन्नइ नियनियगुरूहि आइन्नो।*
*नहु सुत्तं दूसिज्जइ,*
*भूसिज्जइ तेण जिणधम्मो।।"*

'આ સમયે જુદા જુદા ગચ્છોમાં ભિન્ન ભિન્ન આચરણા દેખાય છે, આ સર્વ આચરણાઓમાં જે જે જિનવચન અનુસાર હોય તે માન્ય છે.'

"પોતપોતાના ગચ્છનો આચાર પાળીએ, પોતપોતાના ગુરુઓ દ્વારા પ્રતિપાદિત આચારનું સમર્થન કરીએ (પરંતુ) આગમનું દૂષિત અર્થઘટન ન કરીએ એમાં જ જિનશાસનની શોભા છે."

(શ્રી પાર્શ્વચંદ્રસૂરિ રચિત 'સપ્તપદીશાસ્ત્ર', શ્લો. ૧૭-૧૮)

જિનશાસનની શાન બઢાવવા માટે તેના જુદા જુદા ઘટકોમાં સમભાવયુક્ત સહકાર હોવો જોઈએ. તેના સ્થાને વિસંવાદો અને વિરોધાભાસો વ્યાપક બની રહ્યા છે. અનેકાંતવાદના ગાણાં તો ગવાય છે પણ પહેલાં ઘર આંગણે જ એનો ઉપયોગ કરવાનું સગવડપૂર્વક ભૂલી જવાય છે. આ વિષમ પરિસ્થિતિનો સાચો અને વ્યવહારુ ઉકેલ, પૂજ્ય દાદાસાહેબે વ્યક્ત કરેલા આ ઉદાર અભિગમમાં પડ્યો છે, એમ નથી લાગતું?

**સાત્ત્વિક શક્તિઓ :**

પૂજ્ય દાદાસાહેબનું જીવન તપઃપૂત, નિષ્કામ તથા સાત્ત્વિક હોવાથી, આત્મતેજનો વિશિષ્ટ વિકાસ થયો હોય એ સહજ છે. જે વ્યક્તિમાં સત્ત્વગુણનો વિકાસ સુચારુરૂપે થયો હોય, તેની આગળ વિશ્વના તેવા જ સત્ત્વશીલ પરિબળો સ્વયં આકર્ષાઈને આવે છે. એવા મહાપુરુષોની 'ઈચ્છા'ને સાકાર કરવા, એ સાત્ત્વિક તત્ત્વો સ્વયં કામે


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાગી જાય છે. પ્રબળ લોકોપકાર કે ધર્મ પ્રભાવનાનું નિમિત્ત મળતાં, એ પવિત્ર આત્માઓને જે 'સંકલ્પ' જાગે છે તેની પૂર્તિ, દિવ્યજગતના સાત્ત્વિક શક્તિ ધરાવનારા આત્માઓ, સ્વયં કર્તવ્ય ભાવે કરતા હોય છે. જગત આવી ઘટનાઓને 'ચમત્કાર' કહે છે. પૂજ્ય દાદાસાહેબના જીવનમાં આવા અદ્‌ભુત ચમત્કારિક પ્રસંગો બન્યા હતા. એવા કેટલાક પ્રસંગોનું ટૂંક વર્ણન અહીં આપીશું.

પૂજ્ય દાદાસાહેબના તપસ્તેજ, બ્રહ્મચર્ય અને પુણ્યબળથી શ્રી બટુક ભૈરવ નામના એક 'વીર' દેવ સ્વયં તેઓના ભક્ત અને સેવક બન્યા હતા. **'देवा वि तं नमंसति, जस्स धम्मे सया मणो'** – જેમનું મન ધર્મમાં લીન હોય છે એવા આત્માઓને દેવો પણ નમસ્કાર કરે છે એ વિધાનનું જાણે આ ઘટના પ્રતિબિંબ પાડે છે.

ખંભાતમાં એક વખત ઈદના દિવસે મુસ્લિમ લોકો કુરબાની માટે ગાયને લઈ જતા હતા. પૂજ્ય દાદાસાહેબ ત્યારે ખંભાતમાં હતા. શ્રાવકોએ આ ઘટના પૂજ્ય દાદાસાહેબને વિદિત કરતાં તેઓશ્રીએ ઈચ્છા-શક્તિથી ગાયને અદૃશ્ય કરી. પરિણામે નવાબ તથા અન્ય મુસ્લિમ લોકો પ્રભાવિત થયા અને દાદાસાહેબ પાસે ધર્મબોધ પામી અહિંસાના ઉપાસક બન્યા.

ઉનાવામાં એક સોનારણ ગૃહિણીએ, અજ્ઞાનજન્ય તિરસ્કારવૃત્તિથી પૂજ્ય દાદાસાહેબને છાણ વહોરાવી દીધું. એ સ્ત્રીના પતિને એ વાતની ખબર પડતાં તરત જ ક્ષમા માગવા આવ્યો. તેને ધર્માભિમુખ બનાવવાની ભાવનાથી પૂજ્ય દાદાસાહેબે છાણને દિવ્ય શક્તિથી ખીરમાં પલટાવી નાખ્યું અને કહ્યું, 'તમારી પત્નીએ અમને છાણ નહિં પણ ખીર જ વહોરાવી છે, જુઓ આ પાત્ર'. આવા સમભાવ અને પ્રભાવને જોઈને ઉનાવા ગામના સોનીઓના પાંચસો ઘર શ્રાવક બન્યા.

જોધપુરના મહારાજ રાવ ગાંગા પૂજ્ય દાદાસાહેબને ખૂબ આદર આપતા. તેમના કુંવર માલદેવ યુવરાજ હતા ત્યારથી પૂજ્ય દાદાસાહેબના પરમ ભક્ત અને સેવક હતા. એમના રાજ્યકાલમાં એક વર્ષ દુકાળ પડ્યો, પ્રજા ત્રાહિમામ્ પોકારી ગઈ ત્યારે માલદેવે દાદાસાહેબને આ સંકટ દૂર કરવા પ્રાર્થના કરી. પૂજ્ય દાદાસાહેબના સેવક બટુક ભૈરવ દેવે, વૃષ્ટિ કરીને દુષ્કાળનો ભય દૂર કર્યો એવો ઉલ્લેખ અનેક છંદો-સ્તુતિઓમાં મળે છે.

આવા બીજા પણ પ્રસંગો છે. વસ્તુતઃ આવા 'ચમત્કારો' કંઈ પૂજ્ય દાદાસાહેબની મહાનતાનું પ્રતીક નથી. આવા ચમત્કારો સાંભળીને ભૌતિક સિદ્ધિઓ માટે પૂજ્ય દાદાસાહેબની ઉપાસના કરવાનું વલણ ક્યાંક જોવા મળે છે, એ જાતની વૃત્તિથી કરાતી ઉપાસના કે આરાધના સામે પૂજ્ય દાદાસાહેબનો પોતાનો પ્રચંડ વિરોધ હતો. આ ચમત્કારો સહજ ભાવે 'બની' ગયા હતા, 'કર્યા' ન હતા, એમ કહીએ તો ચાલે. આ બધાનું મહત્ત્વ હોય તો એટલું જ કે આવી સાત્ત્વિક શક્તિઓ, આધ્યાત્મિક ઉપલબ્ધિની ઉચ્ચ ભૂમિકા પર પહોંચ્યાનું બાહ્ય ચિહ્ન છે, સામાન્યજન પણ જોઈ શકે એવી નિશાની છે.

**લોકોપકારક વ્યક્તિત્વ :**

પૂજ્ય દાદાસાહેબના પવિત્ર જીવન અને મૈત્રીભાવ, કરુણા અને સમતા જેવા ગુણોને પ્રાધાન્ય આપતી ઉપદેશપદ્ધતિના પરિણામે રૂપે, જીવન-પરિવર્તન તથા સમાજ ઉન્નતિના આદર્શ દૃષ્ટાંતો સર્જાયા.

રાધનપુરમાં હિંદુઓ અને મુસ્લિમો વચ્ચે ઘણા લાંબા સમયથી ક્લેશ અને કુસંપ રહેતો હતો. પૂજ્ય દાદાસાહેબે મૈત્રીભાવનું મહત્ત્વ સમજાવી એ કુસંપ મિટાવ્યો અને શાંતિ પ્રસરાવી.

માળવામાં કેટલાક પાખંડીઓને સમજાવી સન્માર્ગે વાળ્યા. એક સ્થળે ૨૪ મુસ્લિમ 'પીરો'ને પ્રતિબોધ પમાડી ધર્માભિમુખ કર્યા.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૌથી વિશેષ ઉલ્લેખનીય બાબત તો એ છે કે 'મુણોત' ગોત્રના રજપૂતોના ૨૨૦૦ ઘર, લોઢાગોત્રીય રજપૂતોના ૩૫૦૦ ઘર તેમજ બાંઠિયા વગેરે અન્ય ગોત્રોના ક્ષત્રિયોને જૈન ધર્મ પમાડી શ્રાવક બનાવ્યા. અજૈનોને જૈન બનાવનાર છેલ્લા આચાર્ય કદાચ પૂજ્ય દાદાસાહેબ જ હતા.

નાગોરમાં લોંકાશાહની સાથે મૂર્તિ સંબંધી ચર્ચા થઈ હતી. લોંકાશાહ પોતાની માન્યતાને વળગી રહ્યા પણ એમના સાત શિષ્યો સત્યને સમજી દાદાસાહેબના શિષ્ય બન્યા.

ચિત્તોડના મહારાણા સંગ્રામસિંહની સભામાં સર્વ ગચ્છના વિદ્વાનો એકત્ર થયા હતા. પૂજ્ય દાદાસાહેબે એ સભામાં અનેક પંડિતોના-વિદ્વાનોના પ્રશ્નોના શાસ્ત્રીય ઉત્તરો આપી સૌને પ્રસન્ન કર્યા હતા.

**તેજસ્વી શિષ્યરત્નો :**

પૂજ્ય દાદાસાહેબના સોળ જેટલા શિષ્યોની માહિતી મળે છે એમાંથી કેટલાકનો સંક્ષિપ્ત પરિચય અહીં આપવો અસ્થાને નહિં ગણાય.

પ્રથમ શિષ્ય હતા – વિજયદેવસૂરિ. ૯ વર્ષની વયે દીક્ષિત થયા હતા. પ્રખર વિદ્વાન અને પ્રકાંડ પંડિત હતા. દક્ષિણ ભારતમાં જઈ ન્યાય-તર્ક વગેરેનો ઉચ્ચ અભ્યાસ કર્યો હતો. વીજાપુરમાં પાંચસો પંડિતોની સભામાં વાદમાં વિજય મેળવ્યો હતો. તેઓ પૂજ્ય દાદાસાહેબના જીવન દરમ્યાન જ સ્વર્ગવાસી થયા.

પૂજ્ય દાદાસાહેબના પટ્ટધર હતા – શ્રી સમરચંદ્રસૂરિ. પંદર વર્ષની વયે દીક્ષા લીધી. ગુરૂદેવને સંપૂર્ણ સમર્પિત ઉચ્ચ ગુણોથી અલંકૃત આ આચાર્યે પૂજ્ય દાદાસાહેબના સિદ્ધાંતોને સારી રીતે પચાવેલા. એમના રચેલા ગ્રન્થો એમની વિદ્વત્તાની સાક્ષી પૂરે છે.

ત્રીજા સમર્થ શિષ્ય હતા – શ્રી વિનયદેવસૂરિ, જેઓ બ્રહ્મર્ષિના નામે વધુ પ્રખ્યાત છે. આગમોના ઊંડા અભ્યાસી, સ્વતંત્ર વિચારક અને ઉગ્ર સંયમી આ આચાર્યે, 'જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ' જેવા સૂત્રની ટીકા તથા અન્ય ગ્રન્થોની રચના કરી છે.

શ્રી દેવરાજ મુનિ, માલઋષિ, હેમરાજ મુનિ જેવા બીજા અનેક ગુણ સંપન્ન શિષ્યોની સંપદાથી પૂજ્ય દાદાસાહેબ શોભી રહ્યા હતા. પૂજ્ય દાદાસાહેબની શિષ્ય પરંપરા આજ પર્યંત અવિચ્છિન્ન ચાલુ છે, જે આજે 'પાર્શ્વચંદ્રગચ્છ' રૂપે ઓળખાય છે.

**અમર વારસો :**

પૂજ્ય દાદાસાહેબનો વિહાર મુખ્યત્વે મારવાડ, મેવાડ, ગુજરાત અને માળવામાં વધારે હતો પરંતુ એમના જીવનનો ક્રમિક સંવત્બદ્ધ ઇતિહાસ મળી શકતો નથી – એ આપણું દુર્ભાગ્ય છે.

વસ્તુતઃ મહાપુરુષોના જીવનની સ્થૂળ ઘટનાઓ દ્વારા આપણે એમને પૂરેપૂરા સમજી શકતા નથી; તેમાં યે આવા આધ્યાત્મિક જ્યોર્તિધરોનું જીવન તો સ્થૂળ કરતાં સૂક્ષ્મ ભૂમિકાએ-વૈચારિક ભૂમિકાએ વધુ જીવાતું હોય છે. એમનો વાસ્તવિક પરિચય મેળવવા માટે એમના અંતરંગને-આત્મિક વિકાસને જ જોવો-વિચારવો પડે અને એમની અંતરંગ પરિસ્થિતિનું માપ એમના વચનો, ગ્રન્થો કે કાર્યોમાંથી જ સાંપડે. સદ્ભાગ્યે પૂજ્ય દાદાસાહેબના અંતરંગને વ્યક્ત કરતા એમના ગ્રન્થો, લેખો અને કૃતિઓ આપણી પાસે સારા પ્રમાણમાં છે જેમાં તેઓશ્રીના અંતરંગ આત્મસૌંદર્યનું—વિચાર સૌંદર્યનું પ્રતિબિંબ આપણે જોઈ શકીએ છીએ અને પૂજ્ય દાદાસાહેબના જીવન કાર્ય **Mission** ની ભૂમિકા શી હતી? તે આપણે જાણી શકીએ છીએ.

સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી – દરેક ભાષામાં વિપુલ ગદ્ય-પદ્ય સાહિત્ય રચીને પૂજ્ય દાદાસાહેબે જ્ઞાનનો અમર


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વારસો આપ્યો છે. સપ્તપદી શાસ્ત્ર, સંઘરંગ પ્રબંધ, રૂપકમાલા, સુરદીપિકા, ઉપદેશસાર રત્નકોશ વગેરે ગ્રન્થોમાં પૂજ્ય દાદાસાહેબના આગમના ઊંડા પરિશીલનથી નિષ્પન્ન થયેલા અનેકાંતવાદ રંજિત વિચારોની સુસ્પષ્ટતા તથા તર્કબદ્ધતા છતી થાય છે. એમના ગ્રન્થોની રચનાશૈલી અને વિદ્વત્તા પણ વિદ્વાનોને પ્રસન્ન કરે એવી છે. સંખ્યાબંધ પ્રકરણો, છત્રીશીઓ, બત્રીશીઓ (૩૨-૩૨, ૩૬-૩૬ ગાથાના કાવ્યો) કુલકો, શતકો, રાસો, સ્તવનો, સજ્ઝાયો, સ્તુતિઓમાં એમની કવિત્વ શક્તિ, સત્યપ્રિયતા, આત્માભિમુખતા વગેરેનું સુંદર દર્શન થાય છે. પ્રશ્નકારોના સમાધાન અર્થે એમણે લખેલા કેટલાક ચર્ચાપટ્ટકો પણ મળે છે.

**આગવું અર્પણ :**

સાહિત્યિક ક્ષેત્રે પૂજ્ય દાદાસાહેબનું આગવું પ્રદાન હતું – આગમોના ટબ્બાનું. ટબ્બો એટલે અનુવાદ. આજે દરેક પ્રાચીન-અર્વાચીન ભાષાના ગ્રન્થોના અનુવાદ સુલભ બની ગયા છે. પ્રાચીન સમયમાં સંસ્કૃત-પ્રાકૃતના અભ્યાસીઓ જ શાસ્ત્રવાંચન કરી શકતા. જૈન આગમો પ્રાકૃત-અર્ધમાગધીમાં હોવાથી આગમોનો અભ્યાસ સીમિત બની ગયો હતો. આવશ્યકતાને પીછાણીને જૈન આગમોનો ગુજરાતી ભાષામાં અનુવાદ કરવાનું કાર્ય સર્વ પ્રથમ પૂજ્ય દાદાસાહેબે આરંભેલું. આ તથ્યનો સ્વીકાર ભારતના તેમજ અન્ય દેશોના ભારતીય ધર્મો અને ભાષાના સંશોધક વિદ્વાનોએ કર્યો છે. પૂજ્ય દાદાસાહેબના રચેલા ૪ થી ૫ આગમોના ટબ્બાઓ આજે ઉપલબ્ધ છે.

**યુગપ્રધાન પદ :**

પૂજ્ય દાદાસાહેબની બહુમુખી પ્રતિભા, આધ્યાત્મિક ઉચ્ચતા, દિવ્યશક્તિઓ, સત્ય અને શુદ્ધિના સંરક્ષણ માટે કરેલો ભગીરથ પુરુષાર્થ – આ બધું તેમની અસામાન્યતાને પ્રગટ કરતું હતું. આકાશમાં ગુરુ કે શુક્રનો તારો પોતાના વિશિષ્ટ તેજથી અન્ય તારાઓથી જુદો પડી આવે છે; એમ, પોતાના અસાધારણ આત્મતેજ વડે પૂજ્ય દાદાસાહેબ એ યુગમાં અલગ તરી આવ્યા હતા. એ આખાય યુગ પર તેમની છાયા પડી હતી. શિથિલાચારના ઉન્મૂલનનું એમનું કાર્ય 'શકવર્તી' જ કહી શકાય. આવા યુગપ્રભાવી પુરુષો માટે જૈન પરંપરામાં 'યુગપ્રધાન' શબ્દ પ્રયોજાય છે. પૂજ્ય દાદાસાહેબ પણ એવા જ એક 'યુગપ્રધાન' હતા. પૂજ્ય દાદાસાહેબના એ પ્રકારના વ્યક્તિત્વને પારખીને નાગોરી તપાગચ્છના સંઘોએ એમને 'યુગપ્રધાન' પદ અર્પણ કરવા નિર્ણય કર્યો અને વિ.સં. ૧૫૯૯ માં સલક્ષણપુર (શંખલપુર-ગુજરાત)માં શ્રી સોમરત્નસૂરિજીના હસ્તે પૂજ્ય દાદાસાહેબને યુગપ્રધાન પદ અર્પિત થયું.

**અંતર્મુખ આરાધના :**

પૂજ્ય દાદાસાહેબ કેવળ ધર્મપ્રચારક ન હતા; આજના આંદોલનોના નાયકો જેવા વાણી અને વર્તનના સુમેળ વિનાના ન હતા. તેમની સમગ્ર પ્રવૃત્તિ આત્મલક્ષી હતી. અંતર્મુખતાના પાયા ઊભી હતી. સ્થૂળ પ્રવૃત્તિઓમાં મગ્ન બનીને, આત્મસાધનાથી તેઓ દૂર નહોતા નીકળી ગયા એ તથ્ય પણ એમના જીવનમાંથી આપણે નોંધવા જેવું છે.

પૂજ્ય દાદાસાહેબના અંતરમાં ભક્તિનું તત્ત્વ ખૂબ રસાયેલું જોવા મળે છે. એમના રચેલા સ્તવનો, સ્તુતિઓ, કાવ્યોમાં ઉત્કટ ભક્તિના દર્શન થાય છે. એ જ રીતે કનકાવલી, લઘુસિંહ નિઃક્રીડિત, ૨૧ ઉપવાસ જેવી મોટી તપશ્ચર્યાઓ તેમજ અન્ય અંતર્મુખ અનુષ્ઠાનો એમના જીવનમાં અગ્રસ્થાન ભોગવતા જણાય છે.

જીવનના પાછલા થોડા વર્ષોમાં તેઓ નાગોરમાં વધુ સ્થિરતા કરતા હતા ત્યાં 'સાત કોટડીનો ઉપાશ્રય' કે જે હજી હમણાં સુધી હતો તેની ઓરડીઓમાં પૂજ્ય દાદાસાહેબ ધ્યાન સાધના માટે એકાંતમાં રહેતા – એવી પરંપરાગત લોકશ્રુતિ ચાલી આવે છે. પૂજ્ય દાદાસાહેબના જીવનમાં આવી આંતર અને બાહ્ય – બંને પ્રકારની સંતુલિત આરાધના દેખાય છે જે તેઓની આત્મનિષ્ઠતાનું પ્રતીક છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સૂર્ય આથમે છે :**

**परोपकाराय सतां विभूतयः** – સંતોની શક્તિઓ સર્વજનહિતાય-સર્વજન સુખાય હોય છે. વિવિધ દેશોના, વિવિધ ભૂમિકા પર ઊભા રહેલા અનેક સંતોના જીવનમાંથી **'शिवमस्तु सर्वजगतः'** નો જ સૂર સંભળાય છે-પછી ભલે એ ધ્વનિ તીવ્ર-મંદ હોય. પૂજ્ય દાદાસાહેબ તો પરમકારૂણિક વીતરાગ સર્વજ્ઞ ભગવંતોના પગલે પગલે ચાલનારા એક અહિંસા, કરૂણા અને પવિત્રતાના પૂજક અને ઉપાસક હતા. ૬૬ વર્ષ જેટલા દીક્ષિત જીવનમાં તથા ૭૫ વર્ષ જેટલા આયુમાં, પરોપકાર, પરમાર્થ અને પરમ તત્ત્વની સભર તથા સઘન સાધના કરી, મન-વાણી-કાયાનો વાસ્તવિક સદુપયોગ સાધી, જીવનની સંધ્યાને ટાણે, કાળના અફર કાયદાને-પ્રાકૃતિક નિયમને આદર આપીને, જોધપુરમાં અનશન આદર્યું. વિ.સં. ૧૬૧૨ માં માગશર સુદ ત્રીજના દિવસે પૂજ્ય દાદાસાહેબના સ્થૂલ જીવનનો અંત આવ્યો. જ્ઞાન-દર્શન-ચારિત્રના તેજ કિરણો વરસાવીને, જૈન શાસનના ઉંઘતા અનુયાયીઓને જગાડનાર સૂર્યનો એ દિવસે અસ્ત થયો.

પૂજ્ય દાદાસાહેબના સ્વર્ગગમનને આજે ૪૪૭ વર્ષ પૂરાં થઈ ચૂકયાં છે પરંતુ ઇતિહાસના પૃષ્ઠો પર પૂજ્ય દાદાસાહેબ ચિરંજીવ છે અને રહેશે. જિનશાસનના ઇતિહાસ સાથે તેઓનું નામ હંમેશને માટે જોડાયેલું રહેશે. કારણ કે એ યુગમાં જે નવજાગૃતિ આવી, ઇતિહાસને વળાંક મળ્યો, એમાં પૂજ્ય દાદાસાહેબનો ફાળો નાનો-સૂનો નથી.

**સનાતન સત્યોના પુરસ્કર્તા :**

કહેવાય છે કે જમાનો ઘણો આગળ વધી ગયો છે. માનવે કલ્પનાતીત વિકાસ સાધ્યો છે અને અભૂતપૂર્વ સિદ્ધિઓ હાંસલ કરી છે. આપણે પણ એ કબૂલ કરીશું કે ભૌતિક વિકાસને લાગે-વળગે છે ત્યાં સુધી, આપણી આજની દુનિયા, સંપૂર્ણપણે બદલાઈ ચૂકી છે.

આ બદલાઈ ગયેલી દુનિયામાં, છેક સોળમી સદીમાં થઈ ગયેલા એક જૈન મુનિના જીવન-કવન ઉપયોગી રહે છે ખરા? આજે ચારસો વર્ષ પછી, એ મહાપુરુષના ઉપદેશ, કઈ રીતે પ્રસ્તુત છે? આવો પ્રશ્ન સહેજે થાય.

નક્કર હકીકત એ છે કે દુનિયા બદલાય છે, ઋતુચક્ર કે ભૂગોળ બદલાય છે; પરંતુ સનાતન સત્યો ફરતા નથી. આજે પણ હિંસા એ હિંસા જ છે, પ્રેમ એ પ્રેમ છે. અસત્ય, દરેક યુગમાં 'અસત્ય' જ રહે છે અને સત્ય, 'સત્ય' જ રહે છે. ભૌતિક ઝાકઝમાળમાં માનવ આ સનાતન સત્યને ભૂલ્યો છે. આજનો યુગ ભૌતિક વિકાસનો ભલે હશે, પણ નૈતિક મૂલ્યોનો તો હ્રાસ જ થયો છે. એવા આ યુગમાં પૂજ્ય દાદાસાહેબ જેવા સંતો અપ્રસ્તુત નહિં પણ વધુમાં વધુ પ્રસ્તુત છે, આજના માનવને ભૂતકાળના એ મહાન આત્માઓ પાસેથી નૈતિકતા, સદાચાર અને ત્યાગના પાઠ શીખવાના છે.

પૂજ્ય દાદાસાહેબ સદ્‌ગુણ, સદાચાર અને સુવિચારની જીવંત પ્રતિમા સમાન હતા. માનવીય તત્ત્વોનો વિકાસ કેટલી હદ સુધી થઈ શકે છે તેના આદર્શ દૃષ્ટાંતરૂપ હતા. શૌર્ય, ક્ષમા, આત્મવિશ્વાસ, સત્યનિષ્ઠા, ત્યાગ, તિતિક્ષા, સહિષ્ણુતા-જેવા ગુણોની સુગંધ એમના જીવન-કવનમાંથી આવી રહી છે. આજના માનવે આત્મતત્ત્વને વિસાર્યું છે, આવા ગુણોને ઉવેખ્યા છે, ત્યારે પૂજ્ય દાદાસાહેબનું જીવન અને કવન એ સનાતન સત્યો પ્રતિ અંગુલિનિર્દેશ કરે છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૩

# જીવદયાના જ્યોતિર્ધર શ્રી પૂજ્ય શ્રી હેમચંદ્રસૂરિજી

**લેખક : મુનિશ્રી ભુવનચંદ્રજી મહારાજ**

શ્રી નાગપુરીય બૃહત્તપાગચ્છ – વર્તમાન શ્રી પાર્શ્વચંદ્રગચ્છની પટ્ટાવલીમાં ૭૨ માં સ્થાને આવતા આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિના નામ સાથે એક ધર્મશૌર્યભરી ઘટના જોડાયેલી છે. આજથી સો વર્ષ પહેલાં જ્યારે હિંદ બ્રિટિશ રાજ્યનું સંસ્થાન માત્ર હતું ને હિંદી પ્રજા ગુલામી માનસનો ભોગ બની અંગ્રેજોની જોહુકમી મૂંગા મોઢે સહી લેતી હતી, સ્વાતંત્ર્યની ઝંખના યે હજી જાગી ન હતી તેવા સમયે જીવદયાના પ્રશ્ને અંગ્રેજ અમલદારની સામે મુકાબલો કરવાના કારણે શ્રી હેમચંદ્રસૂરિજીને આકરી સતામણીમાં મૂકાવું પડ્યું. એ કસોટીમાંથી ગૌરવભેર બહાર આવતાં સમસ્ત હિંદના પ્રેમ અને પ્રશંસા તેમણે પ્રાપ્ત કર્યાં. જૈન શાસનની પ્રભાવનાનો એ પ્રસંગ, શ્રી કાલકસૂરિના ધર્મયુદ્ધની સ્મૃતિ કરાવે એવો છે.

શ્રી હેમચંદ્રસૂરિજી 'શ્રી પૂજ્ય' એટલે કે યતિ આચાર્ય હતા. તેમની જન્મભૂમિ કચ્છમાં આવેલ કોડાય ગામ હતું. વિ. સં. ૧૯૧૪ માં તેમણે દીક્ષા લીધી. થોડાક જ દિવસમાં તેમને 'શ્રી પૂજ્ય'ની પદવી મળી. શ્રી પૂજ્યોનો ઠાઠ-માઠ તે વખતમાં કોઈ રાજવી જેવો રહેતો. શ્રી હેમચંદ્રસૂરિજીની સાથે તેમની પદવીના માન રૂપે છડીદાર અને બંદૂકધારી સિપાઈ રહેતા. આ માટે રાજવીઓ તરફથી અને વાઈસરોય તરફથી રીતસર પરવાના મળતા. અલબત્ત, આ સંરજામ શોભા અને સન્માનના પ્રતીકરૂપે જ હતો.

વીરમગામમાં ગંગાસર અને મુનસર નામના બે વિશાળ ઐતિહાસિક તળાવ હતાં, આજે પણ છે. એમાં માછલાં અને જળચર પક્ષીઓ પુષ્કળ પ્રમાણમાં રહેતાં. વીરમગામ રાજ્ય તરફથી આ તળાવ પર માછલાં પકડવાનો અને શિકાર કરવાનો મનાઈ હુકમ હતો. (આ તળાવમાં માછલાં પકડવાની મનાઈ ફરમાવતો અંગ્રેજી અને ગુજરાતીમાં લખેલો વીરમગામ મ્યુનિસીપાલીટીનો શિલાલેખ આજે પણ છે.) ગુલામ દેશના આવા નિયમો અંગ્રેજ બહાદુરો શા માટે પાળે? એવા જ કોઈ ખ્યાલથી હર્બર્ટ સી ડીવિઝાર્ડ નામનો મીઠાખાતાનો એક અંગ્રેજ ઈન્સ્પેકટર ગંગાસર તળાવ પર સરેઆમ પક્ષીઓનો શિકાર કરતો અને માછલાં પકડતો. અંગ્રેજોની જોહુકમીથી ભયભીત રહેતા લોકો ન તો એને કંઈ કહી શકતા કે ન ફરિયાદ કરી શકતા.

શ્રી હેમચંદ્રસૂરિ વીરમગામ આવ્યા અને અંગ્રેજ અમલદારની આ હરકતની તેમને ખબર પડી ત્યારે તેમણે એનો ઈલાજ કરવાનો નિશ્ચય કર્યો. ઈ.સ. ૧૮૮૨ (વિ.સં. ૧૯૩૮)ના જૂનની ૨૭મી એ ડીવિઝાર્ડ પક્ષીઓનો શિકાર કરવા અને માછલાં પકડવા માટે પોતાના માણસોને લઈને ગંગાસરને કાંઠે ગયો ત્યારે અગાઉથી ત્યાં હાજર રહેલા શ્રી પૂજ્યજીએ પોતાની સાથેના માણસ દ્વારા બંદૂકનો ખાલી ભડાકો કરાવી બધા પક્ષીઓને ઉડાડી દીધા. પોતાને ફાવે તેમ વર્તવાના અંગ્રેજોના વણલખ્યા હક્ક પર તરાપ મારવાની એક સાધુની આ હિંમત જોઈ પેલો અમલદાર ચીડાયો. તેણે શ્રી પૂજ્યજીને દમદાટી દેવા માંડી : 'બંદૂક રાખવાનો પરવાનો બતાવો'. તેને શ્રી હેમચંદ્રસૂરિએ પરખાવ્યું : 'પરવાનો જોનાર તમે કોણ છો? તમે તમારે રસ્તે ચાલ્યા જાઓ.' ડીવિઝાર્ડે કહ્યું : 'હું સરકારી નોકર છું ને મને બધી સત્તા છે.' શ્રી પૂજ્યજીએ કહ્યું : 'મારી પાસે લાટ (લોર્ડ) સાહેબનો પરવાનો છે.' ડીવિઝાર્ડે ધમકી આપી : 'તમે પરવાનો નહીં બતાડો તો મારે બંદૂક આંચકી લેવી પડશે.'

તે પછી બંદૂક ઝૂંટવવાનો એણે પ્રયાસ કર્યો પણ શ્રી પૂજ્યજીએ એક ઝટકા સાથે બંદૂક પાછી લઈ લીધી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેના માણસો પાસેથી માછલાં પકડવાની જાળ પણ ઝુંટવાઈ ગઈ. ઈવિઝાર્ડ ડાકબંગલામાંથી પોતાના મિત્ર એન્ડરસનને અને કસ્ટમના સિપાઈઓને લઈ આવ્યો. બધા મળીને ૮ જણના આ લશ્કરથી પણ શ્રી પૂજ્યજી ડર્યા નહીં. સિપાઈઓને બંદૂક લેવા દીધી નહીં. શ્રી પૂજ્યજીના છડીદાર અને બીજા એક સેવકને આ ઝપાઝપીમાં ઈજા થઈ ત્યાં સુધી લોકોનું  ટોળું ભેગું થઈ ગયું. દરમ્યાન ઈવિઝાર્ડ પોલીસને તેડી આવ્યો અને પછી આખું સરઘસ મામલતદારની કચેરીએ ગયું.

પોલીસ ઈન્સ્પેકટર અને મામલતદાર હિંદુસ્તાની હોવા છતાં અંગ્રેજ વિરૂદ્ધ પગલું ભરવાની હિંમત તેમનાથી ન થઈ. શ્રી પૂજ્યજીને મોઢા પર વાગ્યું હોવા છતાં તેમણે આંખ આડા કાન કર્યા. શ્રી પૂજ્યજીએ પોતાને માર માર્યા અંગેની ફરિયાદ કરી પણ તેના પર ધ્યાન ન આપ્યું. બંદૂક કબજે કરી લીધી, પણ લોહી વહેતું હોવા છતાં દાક્તરી તપાસ ન કરાવી.

શ્રી પૂજ્યજી પોતાની સામે માર મારવા સંબંધે કેસ કરવાના છે તેની ખબર પડતાં ઈવિઝાર્ડ ગભરાયો અને પોતાનું ખૂન કરવાની કોશીશ કરવા માટે અને સરકારી નોકરોને તેમના કામમાં દખલ કરવા માટેના ખોટા આરોપ ઊભા કરી શ્રી પૂજ્યજી સામે તેણે દાવો માંડી દીધો. ફરિયાદી અંગ્રેજી અને જિલ્લા મેજિસ્ટ્રેટ પણ અંગ્રેજ. કાયદાને વિસરી જઈને જિલ્લા મેજિસ્ટ્રેટે કેસ દાખલ કર્યો અને ખૂનના પ્રયાસનો કેસ ઠરાવી સેશન્સ કોર્ટમાં આ કેસ ચલાવવા હુકમ કર્યો. જૈનોના એક માનનીય આચાર્યને ખૂનના પ્રયાસના કહેવાતા આરોપસર બેડી દસકલા નાખી, લોકોની હકડેઠઠ મેદની વચ્ચે ટ્રેન દ્વારા અમદાવાદ લઈ જવામાં આવ્યા. અમદાવાદની સેશન્સ કોર્ટમાં ન્યાયાધીશ મિ. ફિલપોટ્સ સમક્ષ આ કેસ આવ્યો. લોકલાગણીને પિછાણીને બેડી-દસકલા તરત કાઢી નાખવામાં આવ્યાં.

જૈન સમાજમાં આ કેસ અંગે ભારે હલચલ મચી ગઈ. માંડલ, વીરમગામ અને અમદાવાદના જૈનોએ આ કેસ લડવા માટે કમર કસી. આ કેસ લડવા મુંબઈના તે વખતના શ્રેષ્ઠ વકીલ મિ. બ્રાન્સનને રોકવામાં આવ્યા.

ઈવિઝાર્ડ અને એન્ડરસન – જેમણે આ કમઠાણ રચ્યું હતું તેમની ઉલટી-સુલટી જુબાનીએ પહેલે જ દિવસે કેસને પાંગળો કરી નાખ્યો. મિ. બ્રાન્સનની ઉલટતપાસમાં દેખાઈ આવ્યું કે કેસની બધી વિગતો કલ્પિત છે. ખૂનના પ્રયાસનો આરોપ ઊડી ગયો ત્યારે જિલ્લા મેજિસ્ટ્રેટ, જેણે આ કેસ સેશન્સ કમિટ કર્યો હતો તેણે ખૂનનો આરોપ સાબિત ન થતો હોય તો માર માર્યાના આરોપ મૂકવા સેશન્સ કોર્ટને સૂચના કરી. પણ ન્યાયાધીશ ફિલપોટસે તે નકારી કાઢી. બ્રાન્સન બચાવપક્ષની દલીલો શરૂ કરે તે પહેલાં જ, ૧૨ ઓગષ્ટ ૧૮૮૨ના દિવસે 'ગુનો સાબિત થતો નથી, બંદૂક ફૂટવાનો પૂરાવો નથી અને સાક્ષીઓની જુબાનીમાં તથ્ય નથી' વગેરે કારણો દર્શાવી ન્યાયાધીશે શ્રી પૂજ્યજીને નિર્દોષ છોડી મૂક્યા.

આમ, એક ધર્મયુદ્ધના અંતે સૂરિજી વિજેતા બનીને બહાર આવ્યા. તેમને ભારે પરેશાની અને અપમાન વેઠવા પડ્યા. પણ એક ઉત્તમ ધ્યેય ખાતર વેઠેલા કષ્ટમાં પણ મજા હોય છે. અમદાવાદના જૈનોએ વિજયનો આનંદ મનાવ્યો. સૂરિજીને વાજતે-ગાજતે મ્યાનામાં બેસાડીને ઉપાશ્રયે લઈ જવામાં આવ્યા.

આ પ્રસંગના ખબર તા. ૧૫ ઓગષ્ટ ૧૮૮૨ના 'અમદાવાદ સમાચાર' પત્રમાં આ રીતે આપવામાં આવ્યા હતા-

*લખવાને ખુશી ઉપજે છે કે ગયા શનિવાર તા. ૧૨મીને રોજ વીરમગામવાળા શ્રીપૂજ્જી મહારાજને જડજ મુ. ફીલપોટ્સ સાહેબે બિલકુલ નીરદોશ ઠરાવી છોડી મુક્યા છે. આ છોડી મુકવાનો દેખાવ તેમને પોલીસે પકડ્યા તે વખતે શ્રાવક કોમને તો દીલગીરી ભરેલો હોય પણ બધી જાતના લોકોને ભારે દીલગીરી ભરેલો*


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતો તેવો જ આ વખતે ભારે ખુશી ભરેલો દેખાતો હતો. આ મહારાજને છોડયા તે ખુશીનો ખબર તેમને જ્યાં જ્યાં ઓલખાણ અને તેમની બીનાથી ભારે અફસોસ તેમને ત્યાં એટલે વીરમગામ, મુંબઈ, કલકત્તા અને મુરશીદાબાદ એ ઠેકાણાઓએ તાર મુકીને ખબર કરવામાં આવી હતી અને ત્યાર બાદ મહારાજશ્રીને મેનામાં બેસારી વાજાંગાજાંની બડી ધામધુમથી લાવી તેમના ગચના (ગચ્છના) અપાશરે ઉતારેલા હતા.

લીંબડીના કવિ ભવાનીશંકર નરસિંહરામે આ પ્રસંગની 'ગરબી' રચી હતી અને તે અમદાવાદના શેઠ કેશવલાલ છોટાલાલે 'શ્રીપુજ હેમચંદ્રસૂરિનો મુકદમો' નામની પુસ્તિકામાં છપાવી હતી. એ કાવ્યમાંની થોડીક કડીઓ–

સાચ તરે ને જુઠ ડુબે એ સત્ય છે જો,
કાળા પર ગોરા વરતાવે કેર જો;
આવે છે અંગ્રેજો એવા ઉપરી જો,
વાંક વગર કાળા પર રાખે વેર જો;.....૬૮
હજાર દશથી વણીક અધિક હાજર થયા જો,
વધતા જડજ તણા બહુ કર્યા વખાણ જો;
બારીષ્ટરને શાબાશી દીધી બહુ જો,
મમતાથી મસ દીધું લોકે માન જો;.....૬૯
વૃષ્ટિ પુષ્પતણી કરી ગુરૂ વધાવીઓ જો,
વળતી કીધો વરઘોડનો વેત જો;
વાજા, ઢોલ, નગારાં લાગ્યાં વાગવા જો,
હજાર લોક મળ્યા આણીને હેત જો;.....૭૧
ઉલટયા લોકો વરઘોડામાં ઉલટે જો,
અબીલ ગુલાલે છવાઈ ગયું આકાશ જો;
દિવાળીથી ઓછવ કીધો દશ ગણો જો,
પળમાં આવી પહોંચ્યા દેવળ પાસ જો;.....૭૩
ઉતારામાં હેમચંદસુરી ઉતર્યા જો,
પ્રગટયું પેલા ભવનું પુરણ પુન્ય જો;
વંચાશે ગુજરાત વીશે આ વારતા જો,
જન નહીં ભુલે અઢાર બાસી જુન જો;.....૭૪

આ કેસ તરફ આખા ભારતનું ધ્યાન ખેંચાયું હતું. બૉંબે ગેજેટ, ટાઈમ્સ ઑફ ઈન્ડિયા, મુંબઈ સમાચાર, કેસરી, ગુજરાત મિત્ર, અમૃત બજારપત્રિકા વગેરે મુખ્ય અખબારોએ આ કેસની છણાવટ કરી હતી. તા. ૧૫ ઓગષ્ટ ૧૮૮૨ના મુંબઈ સમાચારમાં લખે છે કે –

વીરમગામના ગોરજી મહારાજવાળો મુકદમો ઉડી ગયેલો જોવાથી હમોને કશી અજાયબી લાગતી નથી. તે પરથમથી જ શક ભરેલો લાગતો હતો અને વાદી તરફથી કાયદા વિરુધ્ધ વરતણુક શરૂઆતથી જ ખુલી રીતે દેખાતી હતી. સરાવક લોક પ્રાણહતયા કરવાથી એટલા તો દૂર રહેનારા છે કે દાંત પરના મેલમાં થતાં અનદીઠ જીવડા મરણ ન પામે માટે તેઓમાંના કેટલાકો વરસમાં ચોક્કસ વખત પર દાતણ વટીક કરતા


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી. માકડ, ચાંચડ અને મચ્છર સરખાં પીડાકારી જંતુઓ તેમને ગમે એટલો કંટાલો આપે અને જોઈએ તેટલા તેમને કરડી ખાય તો પણ તેમને વટીક મારવાને તેઓ હાથ ઉંચકતા નથી.

અમૃત બજારપત્રિકામાં જણાવાયું છે કે –

તપાસ કરનાર માજિસ્ટ્રેટ અંગરેજ, ફરિયાદી અંગરેજ, શાહેદ અંગરેજ છે. તેથી સંપૂર્ણ ત્રણે દેવ એક થયા. ગોરજી પર તહોમત મૂક્યું અને કેસ સેશન્સ કમિટ કર્યો. સેશનજડજે મહારાજને છોડી મૂકયા, પણ એમ ન ઠરાવ્યું કે આ કેસ બિલકુલ જૂઠો છે. એમ ઠરાવ્યું હોત તો ઈંવિઝાર્ડને શિક્ષા થાત... મહારાજ ઉપર આ ગેરીયત ગુજરી તેનો બદલો વળવાનો નથી... મહારાજ ઉંચી પંક્તિના છે અને ઇંગ્લાંડના એક અમીર ઉપર તેના માણસો ભાવ રાખે તેના કરતાં તેમના પર લોકો વિશેષ ભાવ રાખે છે. આવા માણસ પર હંગામો કરવામાં આવ્યો છે અને તેમને ભારે નુકશાન કરવામાં આવ્યું છે. એન્ડરસન તેની જુબાનીમાં કહે છે કે 'મહારાજ કેદમાં રહેવાથી ઘણા લેવાઈ ગયા છે'...

મહાપુરુષોના હૃદય પુષ્પથીયે કોમળ હોય છે ને વજ્રથી યે કઠોર. શ્રી પૂજ્ય શ્રી હેમચંદ્રસૂરિજીના આચરણમાં આ પંક્તિ ચરિતાર્થ થતી જોવાય છે. જીવરક્ષાની પુષ્પકોમળ ભાવનાથી પ્રેરાયેલા શ્રી પૂજ્યજી અપમાન અને કષ્ટ સહન કરવામાં વજ્ર-શા કઠોર બની ગયા.

અનેક પ્રતિભાવંત મુનિઓ અને આચાર્યોએ જુદા જુદા સમયે અભયદાનના આદેશો સત્તાધીશો પાસેથી મેળવ્યા છે. અભયદાન અર્થે જાતે જંગમાં ઉત્તરી, વિધર્મી વિદેશીસત્તાને પણ મજબૂર કરવાની જવાંમર્દી દાખવનાર શ્રી હેમચંદ્રસૂરિજીની આ ઘટના એક અનોખી ઘટના છે.

શ્રી કુશલચંદ્રજી મહારાજની જન્મભૂમિ કોડાય એ જ તેમની જન્મભૂમિ હતી. શ્રી કુશલચંદ્રજી મહારાજના દીક્ષા પ્રસંગમાંથી જ તેમને પણ પ્રેરણા મળી હોય અને પાર્શ્વચંદ્રગચ્છમાં યતિદીક્ષા તેમણે લીધી હોય એવી સંભાવના કરી શકાય છે. વિ.સં. ૧૯૬૭ બીકાનેર મુકામે તેમનો સ્વર્ગવાસ થયો.

**પરિહર પરચિંતા જંજાલ,**
**કર એક આપણની સંભાલ,**
**તારે કરણી આપ આપણી,**
**સત્ય જ ભાખ્યો ત્રિભુવન ધણી.**

***– દાદાસાહેબ શ્રી પાર્શ્વચંદ્રસૂરિ***

***હે આત્મન! તું પારકી ચિંતા અને પારકી જંજાળ છોડી દે, તારી પોતાની સંભાળ લે. પોતાની કરણી જ પોતાને તારે છે. ત્રિભુવનના નાથ જિનેશ્વરે ભાંખેલી આ વાત સાચી જ છે.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[redacted]

# મંડલાચાર્ય શ્રી કુશલચંદ્રજી ગણિવર

લેખક : મુનિશ્રી ભુવનચંદ્રજી મહારાજ



વિક્રમની વીસમી શતાબ્દીમાં જૈન ધર્મે વિશાળ પાયા પર કાયાપલટ કરી; સુષુપ્તિ, શિથિલતાના અંધકારમાંથી જૈન સંઘ બહાર આવ્યો. એ સમયને 'સંધિકાળ' કહી શકાય. જૈન સંઘના દરેક ગચ્છમાં આ સમયે સંવેગમાર્ગને પ્રબળ વેગ આપનાર મુનિવરો પાક્યા, જેમણે જુદા જુદા વિસ્તારોમાં નવજાગૃતિ ઊભી કરી. કચ્છ અને કાઠિયાવાડના પ્રદેશમાં આ જાગૃતિ લાવવાનું કાર્ય જાણે કે પૂજ્ય શ્રી કુશલચંદ્રજી મહારાજને સોંપાયું હતું. કચ્છમાં ધર્મવિષયક નવજાગરણનું શ્રેય આ મહાત્માને ફાળે જ જાય છે. શ્રી પાર્શ્વચંદ્રગચ્છના ઇતિહાસમાં તેઓશ્રીનું સ્થાન વિશિષ્ટ છે કારણે કે લુપ્ત થયેલી સુવિહિત મુનિપરંપરાને તેઓશ્રીએ સજીવન કરી. કચ્છ-કાઠિયાવાડ-હાલારના પ્રદેશોમાં ગચ્છના ભેદ વગર તેઓશ્રીની નિર્મળ સાધુતાનો એવો પ્રભાવ વિસ્તર્યો કે જુદા જુદા ગચ્છના યતિઓ પણ તેમનો આદર કરતા. તેઓશ્રી પદવીધારક ન હોવા છતાં પાર્શ્વચંદ્રગચ્છ અને કચ્છની જૈન જનતાએ તેમને 'મુનિમંડલાચાર્ય', 'ગણિવર' જેવી માનવાચક પદવીથી નવાજ્યા.

જન્મભૂમિ : કોડાય (તા. માંડવી-કચ્છ). પિતા - શ્રી જેતશીભાઈ, માતા - શ્રી ભમઈબાઈ. જન્મ સં. ૧૮૮૩. સંસારી નામ : કોરશીંભાઈ. કોડાયના જ તેમના એક સમવયસ્ક મિત્ર હેમરાજભાઈના સમાગમથી કોરશીંભાઈને વૈરાગ્યનો રંગ લાગ્યો. બીજા થોડાક મિત્રો પણ એમાં ભળ્યા. હેમરાજભાઈ સારા વિચારક અને અભ્યાસી હતા. શિથિલાચારના વિરોધી અને સત્યના શોધક એવા હેમરાજભાઈએ ધર્મક્ષેત્રે ક્રાંતિ આણવાનો સંકલ્પ કર્યો. સંવેગી દીક્ષા લઈ શુદ્ધ માર્ગને દૃઢ કરવાની તેમની વાતોને કોરશીંભાઈ વગેરે અન્ય મિત્રોએ ઝીલી લીધી. હેમરાજભાઈએ એવું પણ નક્કી કરેલું કે પાંચમની સંવત્સરી કરતા હોય તથા સફેદ વસ્ત્ર ધારણ કરતા હોય એવા ગુરુ પાસે જ દીક્ષા લેવી. પાંચ મિત્રોની આ મંડળી ભાગીને પાલીતાણા પહોંચી. ત્યાં બિરાજમાન પાર્શ્વચંદ્રગચ્છના શ્રીપૂજ્ય શ્રી હર્ષચંદ્રસૂરિજી પાસે તેઓને દીક્ષા લેવી હતી, પણ ત્યાં પહોંચ્યા પછી ખબર પડી કે તેઓશ્રી વડીલોની રજા વિના દીક્ષા નહીં આપે.

શ્રી કલ્યાણવિમલ નામે મુનિરાજની સલાહ મુજબ અંતે સ્વયં સાધુવેશ ધારણ કરી તળેટીએ બેસી ગયા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંઘના અગ્રણીઓને ખબર પડી. તેઓની દૃઢતા જોઈને તેઓને સ્વીકારી લેવાની શ્રીસંઘે શ્રી હર્ષચંદ્રસૂરિજી મહારાજને વિનંતી કરી. આમ, સં. ૧૯૦૭માં આ મુમુક્ષુઓની દીક્ષા થઈ, અલબત્ત, સંવેગી દીક્ષા જ. પાછળથી ખબર પડતાં જ વડીલો આવ્યા. પાલીતાણાના દરબાર પાસે ફરિયાદ થઈ. નવદીક્ષિતોને ચલિત કરવા માટે જેલની કોટડીમાં પૂરવામાં આવ્યા. ભૂખ્યા રખાયા; છતાં કોઈનો નિશ્ચય ડગ્યો નહીં. છેવટે દરબારે વડીલોને તેમની ઈચ્છા મુજબ છોકરાઓને પાછા લઈ જવાની છૂટ આપી. અંતે બે જણને વડીલોની સંમતિ મળી. ત્રણને તેમના વડીલો પાછા લઈ ગયા. હેમરાજભાઈને પાછા ફરવું પડયું. કોરશીંભાઈ અને બીજા એક મિત્ર દીક્ષામાં રહ્યા – કોરશીંભાઈનું નામ પડયું કુશલચંદ્રજી.

શ્રી હર્ષચંદ્રસૂરિ એક સમર્થ વિદ્વાન હતા. યતિ આચાર્ય હોવા છતાં શુદ્ધ સંવેગમાર્ગના પક્ષપાતી હતા. તેમની નિશ્રામાં શ્રી કુશલચંદ્રજી સંવેગી દીક્ષા લઈને જ્ઞાન-ધ્યાનમાં આગળ વધતા ગયા. સં. ૧૯૧૩માં શ્રી હર્ષચંદ્રસૂરિજીએ કાળ કર્યો ત્યાં સુધીમાં શ્રી કુશલચંદ્રજી એક સમર્થ મુનિ બની ચૂકયા હતા. હવે તેઓશ્રી કાઠિયાવાડ-હાલારમાં વિચરવા લાગ્યા હતા. આડંબરી, શિથિલાચારી, પરિગ્રહધારી યતિઓ-ગોરજીઓથી ઘરાઈ ગયેલી જનતા શ્રી કુશલચંદ્રજી મહારાજના સરળ, શુદ્ધ સંયમથી આકર્ષાઈ અને સંવેગમાર્ગ તરફ વળી. સમાજમાં પ્રવર્તી રહેલા કુરિવાજો, ધર્મવિરુદ્ધ આચાર-વિચારો તરફ શ્રી કુશલચંદ્રજી મહારાજે શ્રાવકોનું ધ્યાન દોર્યું. તેમની ઉપદેશશૈલી સરળ, મધુર અને કરુણાસભર હતી. કાઠિયાવાડ, હાલાર અને કચ્છમાં ધાર્મિક જાગૃતિ લાવવા માટે તેઓશ્રી સતત પ્રયાસ કરતા રહ્યાં. જામનગરમાં તેમના કુલ ૧૭ ચાતુર્માસ થયા હતા, એ હકીકત એ પ્રદેશોમાં તેઓશ્રી કેવા લોકપ્રિય હતા તેની નિશાની છે. ભદ્રેશ્વર તીર્થમાં સં. ૧૯૩૯માં જીર્ણોદ્ધાર બાદ પુનઃપ્રતિષ્ઠાનો પાવન પ્રસંગ ઉજવાયો ત્યારે કચ્છ અને હાલારના સંયુક્ત નેજા હેઠળ ઉજવાયેલા મહોત્સવમાં પૂજ્યશ્રીને ખાસ જામનગર બાજુથી વિનંતિપૂર્વક તેડાવ્યા હતા. અંચલગચ્છીય યતિવર્યો શ્રી સુમતિસાગરજી તથા શ્રી વિવેકસાગરજીએ 'ભદ્રેશ્વરના ચોઢાળિયા'માં આ હકીકતનો ભાવપૂર્વક ઉલ્લેખ કર્યો છે.

પાછલાં વર્ષોમાં તેઓશ્રી કચ્છમાં જ વિચરેલા. તેઓશ્રીનું જીવન ઋજુતા-સરળતાના આદર્શ નમૂનારૂપ હતું. તપાગચ્છના તે સમયના સંવેગી પક્ષના ધુરંધર મુનિરાજો શ્રી મૂળચંદજી મહારાજ, શ્રી રવિસાગરજી મહારાજ, શ્રી રાજેન્દ્રસૂરિજી મહારાજ વગેરે સાથે શ્રી કુશલચંદ્રજી મહારાજનો પૂર્ણ મૈત્રીભાવ હતો. શ્રી દીપચંદ્રજી વગેરે તેમના કુલ ૧૧ શિષ્યો હતા. અનેક સાધ્વીદીક્ષાઓ તેમના હાથે થઈ. પાર્શ્વચંદ્રગચ્છમાં સાધ્વી સંઘ બંધ પડી ગયો હતો તે તેઓશ્રીના હાથે જ પુનઃ સ્થાપિત થયો. સં. ૧૯૬૯ માં કોડાયમાં તેમનો સ્વર્ગવાસ થયો. ૬૩ વર્ષ જેટલો દીર્ઘ દીક્ષાપર્યાય અને ૮૭ વર્ષ જેટલી ઉંમરમાં સતત આરાધના, પ્રચુર લોકોપકાર અને શાસનની સંનિષ્ઠ સેવા દ્વારા તેમણે સાધુતાનો ઉચ્ચ આદર્શ સિદ્ધ કરી દેખાડયો. એક ધર્મક્રાંતિના પુરસ્કર્તા તરીકે જૈન શાસનના ઇતિહાસમાં તેમજ પાર્શ્વચંદ્રગચ્છ અને કચ્છના ઇતિહાસમાં શ્રી કુશલચંદ્રજી ગણિવરે ધ્રુવતારક સમું ચિરંજીવ સ્થાન મેળવી લીધું છે. કોટી કોટી વંદના હજો એ સમર્થ સાધુવરને!

**જીવિતવ્યની મ કરીશ આસ, સાસ તણો કેવો વિશ્વાસ?**
**ખિણ ખિણ આવે ખિણ ખિણ જાય, યત્ન કરતાં નહુ થિર થાય.**
***– દાદાસાહેબ શ્રી પાર્શ્વચંદ્રસૂરિ***



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫

# ભારતભૂષણ આચાર્ય શ્રી ભ્રાતૃચંદ્રસૂરિજી મહારાજ

લેખક : મુનિશ્રી ભુવનચંદ્રજી મહારાજ



પાર્શ્વચંદ્રગચ્છના અર્વાચીન ઇતિહાસમાં મહાન પ્રતાપી, 'ક્રિયોદ્ધારક' સમર્થ ધુરંધર આચાર્યશ્રી ભ્રાતૃચંદ્રસૂરીશ્વરજીથી ગચ્છની પટ્ટ પરંપરા ફરીથી 'સંવેગી' પક્ષમાં આવી. પૂજ્ય આચાર્યદેવનું વ્યક્તિત્વ જાજરમાન હતું. પ્રાચીન પદ્ધતિનું ઉત્કૃષ્ટ પાંડિત્ય, જિનાજ્ઞાનિષ્ઠા, પ્રતાપ, સુવિશુદ્ધ સંયમ, તપોબળ અને નૈષ્ઠિક બ્રહ્મચર્ય - આવા વિરલ ગુણોનો સુંદર સમન્વય એમના જીવનમાં જોવા મળ્યો. આબુની પાસે આવેલું વાંકડિયા વડગામ એમની જન્મભૂમિ. ઔદિચ્ય બ્રાહ્મણ દાનમલજી એમના પિતા. દાનમલજીએ પોતાના ત્રણ પુત્રો - લખુ, ભલુ, અને કલુને પાર્શ્વચંદ્રગચ્છના યતિશ્રી હરચંદ્રજીને અર્પણ કર્યા. ભલુ શ્રી મુક્તિચંદ્રજી ગણિને સોંપાયો. યોગ્ય અભ્યાસ કરાવ્યા બાદ શ્રી મુક્તિચંદ્રજીએ ભલુને દીક્ષા આપી, ભાઈચંદનું નામ રાખ્યું ભ્રાતૃચંદ્રજી.

સં. ૧૯૨૦માં જન્મેલા અને સં. ૧૯૩૫માં વીરમગામમાં દીક્ષા પામેલા શ્રી ભ્રાતૃચંદ્રજીને દીક્ષા પહેલાં વિદ્વાન યતિજી પાસે અધ્યયન કરવાનો સારો લાભ મળ્યો, પણ દીક્ષા પછી તુર્ત જ ગુરુનો સ્વર્ગવાસ થયો. આ ઘટના શ્રી ભ્રાતૃચંદ્રજીને ભારે અસર કરી ગઈ. પૂર્વના આરાધક એ યતિજીને યતિજીવનની શિથિલતાઓ ગમતી ન હતી. ગુરુના સ્વર્ગગમને વૈરાગ્ય અને સંવેગની ભાવના તીવ્ર બની. યતિપણાનો ત્યાગ કરી 'સંવેગી' સાધુજીવન અપનાવવાનો નિર્ણય કર્યો ને સંઘે તેમની એ ભાવનાને વધાવી લીધી. માંડલના શ્રી સંઘે શ્રી કુશલચંદ્રજી મહારાજને 'ક્રિયોદ્ધાર'ની વિધિ કરાવવા માટે માંડલ પધારવા વિનંતી કરી. સં. ૧૯૩૮ના વૈશાખ સુદ ૧૨ના દિવસે શ્રી ભાઈચંદ્રજીએ શ્રી કુશલચંદ્રજી મહારાજના વરદ હસ્તે 'ક્રિયા ઉદ્ધાર' કરી સંવેગી દીક્ષા લીધી. માંડલના સુજ્ઞ સંઘે આ ઐતિહાસિક પ્રસંગની ઉજવણીમાં કોઈ કચાશ રાખી નહિ. પાર્શ્વચંદ્રગચ્છના તે સમયના શ્રી પૂજ્ય (ગચ્છાધિપતિ) શ્રી હેમચંદ્રસૂરિજી આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. દીવામાંથી દીવો પ્રગટે એમ, પાર્શ્વચંદ્રગચ્છમાં સંવેગી પરંપરાનો શુભારંભ કરનાર શ્રી કુશલચંદ્રજી મહારાજના હસ્તે એવા જ એક મહાપુરુષ શ્રી ભ્રાતૃચંદ્રજી સંવેગ માર્ગે વળ્યા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી ભ્રાતૃચંદ્રજી થોડાંક વર્ષ શ્રી કુશલચંદ્રજી મહારાજ સાથે જ વિચર્યા. પછી સ્વતંત્ર વિહાર આરંભ્યો. થોડા જ સમયમાં એમની પ્રતિભા પૂર્ણરૂપે પ્રકાશી ઊઠી. ઓજસ્વી અને પાંડિત્યસભર પ્રવચનશૈલીનો પ્રભાવ જનતા પર ખૂબ સુંદર પડતો. જ્યાં જ્યાં જતા ત્યાંના ઠાકોરો, નવાબો વગેરે પણ વ્યાખ્યાનોનો લાભ લેતા. જેસલમેર, ભુજ, ધ્રાંગધ્રા, પાટડી, લીંબડીના રાજવર્ગ તેઓશ્રીના અનુરાગી હતા. કેટલાંક રજવાડાઓએ તેમના ઉપદેશથી પોતાના રાજ્યમાં જીવદયાના હુકમો બહાર પાડ્યાં હતા. તેઓશ્રી જ્યાં જ્યાં વિચરતા ત્યાં ધર્મારાધનાનું જાણે પૂર આવતું. પૂજ્યશ્રીનું વ્યક્તિત્વ ચુંબકીય હતું. નાના-મોટા સૌને માટે તેઓશ્રી પ્રેરણાસ્રોત બની જતા. તેઓશ્રીનું પાંડિત્ય ઊંચી કક્ષાનું હતું, પણ નમ્રતા અને નિખાલસતા બાળક સમી હતી. ગુણાનુરાગ અને મૈત્રીભાવ સાથે શાસનનિષ્ઠા અને હૃદયની વિશાળતાના કારણે સ્વ-પર ગચ્છમાં આદરપાત્ર બન્યા હતા. તેમણે સાહિત્ય સર્જન ખાસ નથી કર્યું પણ પોતાના પ્રૌઢ પાંડિત્યથી વિદ્વદ્વર્ગને પણ પ્રભાવિત કરતા. તેમની પાસે વિદ્વદ્મંડળ જામેલું રહેતું. તેઓશ્રી જ્યોતિષના વિશિષ્ટ જ્ઞાતા હતા. જોધપુરના મહામહોપાધ્યાય શ્રી મુરારિદાનજી, આશુકવિ શ્રી નિત્યાનંદજી, વિદ્યાભૂષણ શ્રી ભગવતીલાલજી જેવા ધુરંધર પંડિતો તેમના પ્રશંસક અને પ્રેમી હતા. શત્રુંજય, ગિરનાર, જેસલમેર વગેરે તીર્થોના છ'રી પાળતા સંઘો, પાઠશાળાઓની સ્થાપના, જ્ઞાનભંડારોનું નિર્માણ, જિનમંદિરોના જીર્ણોદ્ધાર વગેરે શાસનોન્નતિનાં અનેક કાર્યો એમના ઉપદેશથી સારી એવી સંખ્યામાં થયા. સં. ૧૯૬૭માં શિવગંજમાં તેઓશ્રીને આચાર્યપદવી અર્પણ કરવામાં આવી. ત્યાર બાદ છ વર્ષમાં જ, સં. ૧૯૭૨માં અમદાવાદમાં તેમનો સ્વર્ગવાસ થયો. પૂજ્યશ્રીના વિશિષ્ટ વ્યક્તિત્વથી અને સાધુત્વથી પ્રભાવિત થયેલા કચ્છના મહારાજાના વિદ્વદ્મંડળે ભૂજમાં સં. ૧૯૪૨માં તેમને 'ભારતભૂષણ' બિરૂદથી બિરદાવ્યા હતા. પૂજ્ય આચાર્યશ્રીના ૬ શિષ્યો હતા, જેમાંથી શ્રી સાગરચંદ્રસૂરિજી તેમના પટ્ટધર બન્યા. એ મહાપ્રભાવી મહાત્માને ભાવભીની વંદના.

**... શ્રી પાર્શ્વચંદ્ર સૂરિએ સ્વહસ્તલિખિત પત્રમાં સર્વગચ્છસ્થ સદાચારવંત પુરુષોની પદસેવામાં પોતાને પરાયણ જણાવ્યો છે. વળી બીજા એક કાગળમાં તેમણે લખ્યું છે કે,**

**सुतीक्ष्णापि कृपाणी या स्वं कायं नोच्छिनत्ति सा।**
**यो जैनी जैन विद्वेषी स तस्या अतिरिच्यते ॥**

**'અત્યંત તીક્ષ્ણ એવી તલવાર પણ પોતાની જાતને અર્થાત્ બીજી તલવારને કાપતી નથી; જે જૈન બીજા જૈનોનો દ્વેષ કરે છે તે તો એ તલવારથી પણ વધી જાય છે.'**

**આ ઉપરથી એમની મધ્યસ્થવૃત્તિ બહુ સરસ જણાય છે અને તે ધર્માનુરાગી પુરુષોને ખરી નકલ કરવા લાયક છે.**

**વળી એ મહાપુરુષની શોધકબુદ્ધિ પણ ખરેખર વખાણવા લાયક જ છે કારણ કે એમણે જે અગિયાર બોલની પદ્ધતિ ખડી કરી છે તે બહુ ગંભીર અને વજનદાર હોવાથી સ્પષ્ટપણે એમની શોધકબુદ્ધિને બતાવી આપે છે.**

**'પંચ પ્રતિક્રમણ સૂત્ર'** — ***સંવિજ્ઞપક્ષીય ભિક્ષુ ભ્રાતૃચંદ્ર***
**પ્રસ્તાવનામાંથી, સં. ૧૯૫૦**


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વિદ્વદ્વર્ય આચાર્ય શ્રી સાગરચંદ્રસૂરિજી મહારાજ

**લેખક : મુનિશ્રી ભુવનચંદ્રજી મહારાજ**



ભારતભૂષણ પૂજ્ય આચાર્ય શ્રી ભ્રાતૃચંદ્રસૂરીશ્વરજીના પટ્ટધર પૂજ્ય આચાર્ય શ્રી સાગરચંદ્રસૂરીશ્વરજીનું જીવન એકનિષ્ઠ શાસન સેવકનું જીવન કહી શકાય. તેઓશ્રી જૈન-શાસ્ત્રોના વિશિષ્ટ જ્ઞાતા હોવા સાથે સ્પષ્ટવક્તા અને જિનાજ્ઞાના ચુસ્ત સમર્થક હતા.

જન્મભૂમિ : નાના ભાડિયા (કચ્છ). પિતા : ધારશીંભાઈ. જ્ઞાતિ : વિસા ઓશવાળ. જન્મ : સં. ૧૯૪૩માં. સંસારી નામ શામજી. દીક્ષા : ૧૫ વર્ષની વયે ખંભાતમાં સં. ૧૯૫૮માં. દીક્ષા ગ્રહણ કરીને તીવ્ર મેધાવી શ્રી સાગરચંદ્રજીએ કેટલાંક વર્ષ અધ્યયનમાં ગાળી સુંદર વિદ્વત્તા પ્રાપ્ત કરી. સાહિત્ય અને ઇતિહાસના પ્રેમી આચાર્યશ્રીએ પાર્શ્વચંદ્રગચ્છના ઇતિહાસ અને સાહિત્યને લગતાં વિવિધ પુસ્તકો બહાર પાડ્યાં હતાં.

સં. ૧૯૯૦ના ફાગણ વદિ ત્રીજે અમદાવાદમાં શ્વેતામ્બર સંપ્રદાયનું મુનિ સંમેલન મળ્યું. જેમાં જૈન સમાજના નાયકો, આચાર્યો, ઉપાધ્યાયો, સાધુઓ એક સાથે મળ્યા અને વિચાર-વિનિમય થયો. આ સંમેલનમાં કોઈ અધ્યક્ષ હતું નહિ અને સર્વ સંમતિથી કામ થયું. પહેલાં બોતેર મુનિ મહારાજોની સમિતિ રચાઈ, તે પછી ત્રીસની સમિતિ રચાઈ, પછી ચારની સમિતિ રચાઈ અને છેવટે આચાર્ય શ્રી વિજયનેમિસૂરિજી, આચાર્ય શ્રી વિજયસિદ્ધિસૂરિજી, આચાર્ય શ્રી સાગરાનંદસૂરિજી, આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી, આચાર્ય શ્રી વિજયનીતિસૂરિજી અને મુનિરાજ શ્રી સાગરચંદ્રજી એમ નવની સમિતિ નિર્ણય કરવા માટે નીમવામાં આવી. આ સંમેલનમાં અનેક પ્રકારના નિર્ણયો થયા, પરંતુ તેનો પૂર્ણ અમલ થયો નહિ. જો આ નિર્ણયો અમલમાં મૂકાયા હોત તો આજે જૈન સંઘની જુદી દશા હોત!

આ ઐતિહાસિક મુનિ સંમેલનમાં શ્રી સાગરચંદ્રજીની વિદ્વત્તા, શાસ્ત્રીય વિષયોની ઊંડી સમજ અને નિર્ભયતા વગેરે ગુણોની બૃહત્ જૈન જગતને પહેલ વહેલી ખબર પડી. અંતિમ નિર્ણય લેનારી નવ સભ્યોની સમિતિમાં આઠ તો આચાર્ય હતા, જ્યારે સાગરચંદ્રજી મહારાજ તો માત્ર મુનિ હતા, એ તથ્ય જ તેમની વિદ્વત્તા અને સજ્જતા કેટલી હશે તેનો સંકેત આપી જાય છે. આ સંમેલનમાં તેમની કામગિરી જોઈને અન્ય ગચ્છના આચાર્ય આદિએ તેમને યોગ્ય પદ આપવાની સૂચના કરી. શ્રી પાર્શ્વચંદ્રગચ્છ સંઘે સં. ૧૯૯૩માં તેમને આચાર્યપદે બિરાજમાન કર્યા. પદ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રદાનવિધિ અમદાવાદ ખાતે પૂજ્ય આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના પ્રશિષ્ય પૂજ્ય આચાર્ય શ્રી વિજયઉમંગસૂરિજીના હાથે થઈ હતી.

પૂજ્ય આચાર્ય શ્રી વિદ્વદ્વર્ગમાં બહુ જાણીતા હતા. તેમણે કુલ ૧૨ વખત ભગવતી સૂત્રના વ્યાખ્યાન ચાતુર્માસ દરમ્યાન જુદા જુદા સ્થળે કર્યાં હતા, જેને સાંભળવા અન્ય ગચ્છ-સંપ્રદાયના સાધુ-સાધ્વીઓ અને અભ્યાસી શ્રાવક-શ્રાવિકાઓ આવતા. તેઓશ્રી વિદ્વાન તો હતા જ ઉપરાંત સારા કવિ પણ હતા. એમણે અનેક સ્તવન-સજ્ઝાય-સ્તુતિઓની રચના કરી હતી. શાસ્ત્રીય વિષયોમાં તેમની ગતિ વધારે હતી. 'પ્રશ્નોત્તર પ્રકાશ' વગેરે પુસ્તકોમાં તેમણે અનેક મુદ્દા પર શાસ્ત્રીય છણાવટ કરી છે.

તેઓશ્રી સ્પષ્ટવક્તા અને અનુશાસનના આગ્રહી હતા. પ્રભાવશાળી વક્તૃત્વશક્તિ પણ ધરાવતા હતા. દેશી રાજ્યોના રાજવીઓ, નવાબો અને તેમના કામદાર-કારભારીઓ પણ તેઓશ્રીના વ્યાખ્યાનનો લાભ લેતા.

કમભાગ્યે પૂજ્ય આચાર્યશ્રીજીનું આયુષ્ય બહું ટૂંકું નીવડયું. આચાર્યપદ પામ્યા પછી બે જ વર્ષ ધ્રાંગધ્રા મુકામે સં. ૧૯૯૫, ભાદરવા વદિ ૪ ના દિવસે તેઓશ્રી કાળધર્મ પામ્યા. પૂજ્યશ્રીએ પાર્શ્વચંદ્રગચ્છમાં સાહિત્ય પ્રકાશન માટે ઘણો પુરુષાર્થ કર્યો હતો. 'આચાર્યશ્રી ભ્રાતૃચંદ્રસૂરિ ગ્રંથમાળા'ના લગભગ ૫૪ મણકા તેમના હસ્તે પ્રગટ થયા હતા. આ સાહિત્યમાં મુખ્ય મુખ્ય પ્રકાશનો નીચે મુજબ છે :

૧. શ્રીમન્નાગપુરીય બૃહત્તપાગચ્છની પટ્ટાવલી
૨. પ્રતિક્રમણ સૂત્ર (દેવસી-રાઈ તથા પંચ પ્રતિક્રમણ, શાસ્ત્રી લિપિમાં તથા ગુજરાતી લિપિમાં, જની એકથી વધારે આવૃત્તિઓ થઈ હતી.)
૩. જિનેન્દ્ર નમસ્કારાદિ સંગ્રહ
૪. સપ્તપદી શાસ્ત્ર (પૂ. દાદાસાહેબ રચિત આ ગ્રંથને ભાષાંતર સાથે સર્વપ્રથમ વખત છપાવ્યો.)
૫. જૈન રાસ સંગ્રહ ભા. ૧ (ઐતિહાસિક અને બીજા રાસો)
૬. સ્વાધ્યાય પ્રકરણ રત્નો.
૭. પ્રાચીન સજ્ઝાય સંગ્રહ ભા. ૧
૮. પ્રશ્નોત્તર પ્રકાશ ભાગ ૧-૨
૯. પૂજા સંગ્રહ (પાર્શ્વચંદ્રગચ્છીય મુનિવરો દ્વારા રચાયેલ પૂજાઓ)
૧૦. બાર ભાવના (શ્રી વત્સરાજજી કૃત)
૧૧. ચૈત્યવંદનાદિ ચોવીશી

તેમના ત્રણ શિષ્યો હતા. સંયમનિષ્ઠ, શાસનનિષ્ઠ અને સાહિત્યનિષ્ઠ એવા પૂજ્ય સૂરિજીને કોટિશઃ વંદન.

**ગણ્યા આઉખા દીહડા, જે ગયા તે ન વલંત,**
**એમ જાણી આદર સહિત, ધર્મ કરો દૃઢ ચિત્ત.**
**બે તુજ સાથ સખાઈયા, પુણ્ય-પાપ સંભાળ,**
**અવર તે હરિમેખલા, જીવ! મ પડ જંજાળ.**

***- દાદાસાહેબ શ્રી પાર્શ્વચંદ્રસૂરિ***



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રવર્તક શ્રી દીપચંદ્રજી મહારાજ

**લેખક : મુનિશ્રી ભુવનચંદ્રજી મહારાજ**



પ્રવર્તક શ્રી દીપચંદ્રજી મહારાજ પરમ ગુરૂભક્ત, ચારિત્રપાત્ર, દૃઢ મનોબળ ધરાવનાર તથા પ્રખર પ્રતાપી હતા. જન્મભૂમિ : દુર્ગાપુર (નવાવાસ, કચ્છ). જન્મ : સં. ૧૯૨૭, સંસારી નામ : દેવજીભાઈ.

શ્રી કુશલચંદ્રજી મહારાજના સમાગમે વૈરાગી બન્યા. બેએક વરસ ગુરુમહારાજ સાથે રહીને અભ્યાસ કર્યો. એમનું સગપણ તે વખતના રિવાજ મુજબ નાનપણમાં જ થઈ ગયું હતું. શ્વસુરપક્ષ દીક્ષા લેવાની રજા આપતો ન હતો. દેવજીભાઈનો નિર્ણય અડગ હતો. આખરે નવાવાસ અને ભારાપર (શ્વસુરપક્ષનું ગામ) બંને ગામના મહાજનોએ નિવેડો આણ્યો. દેવજીભાઈ પોતાની વાગ્દત્તાને બહેન બનાવી વીરપસલી આપી આવ્યા. સં. ૧૯૪૬ના વૈશાખ સુદ ૪ ના ભારે ધામધૂમથી દીક્ષા થઈ.

ગુરુનિશ્રામાં સેવા અને સંયમસાધના સાથે દીપચંદ્રજી શાસ્ત્રાભ્યાસમાં આગળ વધતા ગયા. શ્રી ભ્રાતૃચંદ્રજી મહારાજ જેવા વિદ્વાન ગુરુબંધુનો સહવાસ પણ તેમને મળ્યો. ગુરુઆજ્ઞાથી તેમણે પૂજ્ય ભ્રાતૃચંદ્રજી મહારાજ સાથે ઘણા વિહાર અને ચોમાસાં કર્યા હતાં.

ઊંચી અને ભવ્ય દેહયષ્ટિ ધરાવતા શ્રી દીપચંદ્રજી મહારાજ 'કડક' ગણાતા. ગચ્છના સાધુ-સાધ્વીની સારણા-વારણા કરવામાં તેઓ સદા તત્પર રહેતા. તેમની કવિત્વશક્તિ તથા પ્રવચનશક્તિ સારી હતી. પુષ્કળ સ્તુતિઓ, સ્તવનો અને ઢાળોની તેમણે રચના કરી હતી. સમયની માંગને પીછાણીને પાર્શ્વચંદ્રગચ્છના પ્રતિક્રમણ સૂત્રો આરાધનાના પ્રકરણો વગેરે મુદ્રણયંત્રો દ્વારા છપાવી પ્રકાશિત કરવાની પહેલ તેમણે કરી હતી.

સં. ૧૯૭૪માં તેમને પ્રવર્તક પદ નાની ખાખર (કચ્છ) માં અર્પણ કરવામાં આવ્યું. તેમના પાંચ કે છ શિષ્યો હતા. શ્રી દેવચંદ્રજી નામે તેમના એક શિષ્ય પ્રતિભાશાળી અને આશાસ્પદ હતા. એમની જન્મભૂમિ લાયજા (કચ્છ) હતી. સં. ૧૯૬૩માં અમદાવાદમાં તેમની દીક્ષા થઈ. જ્ઞાન-ધ્યાનમાં ખૂબ પ્રગતિ કરી. તેઓ ઉત્તમ કોટિના કવિ હતા. ભાવવાહી સુંદર સ્તવન ચોવીશીઓ, સ્તુતિ ચોવીશીઓ અને ચૈત્યવંદન ચોવીશીઓ તેમજ સજ્ઝાયો વગેરેની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રચના તેમણે કરી છે, જે આજે પણ ગવાય છે. દુર્ભાગ્યે તેઓ નાની વયે જ કાળધર્મ પામ્યા. તેમને પીઠના ભાગમાં 'પાઠું' થયું હતું. કચ્છમાં ઉપલબ્ધ ઉપચારથી સારું ન થયું, એટલે સ્ટીમર માર્ગે મુંબઈ લઈ જવામાં આવ્યા. ત્યાં જ સં. ૧૯૮૩માં તેઓ કાળધર્મ પામ્યા. આવા ઉત્તમ શિષ્યને ખોવાનો રંજ શ્રી દીપચંદ્રજી મહારાજને પણ ઘણા વખત સુધી મનમાં રહ્યો. તે પછી કચ્છ-વાંકીના એક શિષ્ય તેમને સાંપડ્યા, જેઓ પ્રથમ આઠ કોટી મોટા પક્ષમાં દીક્ષિત થયા હતા. મતભેદના કારણે ત્યાંથી નીકળી ગયા અને પૂજ્ય પ્રવર્તકશ્રીની પાસે દીક્ષિત થયા. શ્રી પ્રીતિચંદ્રજી મહારાજ નામે આ શિષ્યે તેઓશ્રીની લાંબો સમય સેવા કરી. શ્રી પ્રીતિચંદ્રજી મહારાજ તપસ્વી હતા, રાસની ઢાળો ગાઈને પ્રવચન કરવાની તેમને સારી ફાવટ હતી. કલકત્તા, સમેતશિખર વગેરેનો તે સમયે વિકટ ગણાતો વિહાર તેમણે કર્યો હતો. કલકત્તામાં બે ચોમાસાં કર્યાં હતાં.

પ્રવર્તકશ્રીનો સ્વર્ગવાસ નવાવાસ (કચ્છ)માં સં. ૧૯૯૮માં થયો.

## જાણવા જેવું

- મુનિમંડલાચાર્ય શ્રી કુશલચંદ્રજી ગણિવર પાસે કચ્છ-ગોધરાના શ્રી કેલણભાઈએ દીક્ષા લીધી. તેમનો એક પુત્ર હતો. જ્યોતિષીની ભવિષ્યવાણી પ્રમાણે આ બાળક 'રાજયોગી' થવાને લાયક છે એમ જાણી ગુરુમહારાજે એને અચલગચ્છના શ્રી પૂજ્ય શ્રી વિવેકસાગરસૂરિજીને સોંપવા ભલામણ કરી. એ બાળક આગળ જતાં અચલગચ્છના અંતિમ શ્રી પૂજ્ય બન્યો. એમનું નામ શ્રી જિનેન્દ્રસાગરસૂરિજી.
- મુનિ મંડલાચાર્ય શ્રી કુશલચંદ્રજી મહારાજે જામનગરમાં ૧૭ ચોમાસાં કર્યાં હતાં.
- પૂજ્ય શ્રી કુશલચંદ્રજી મહારાજના સમયમાં એક તબક્કો એવો પણ હતો કે જ્યારે પાર્શ્વચંદ્રગચ્છમાં સંવેગી સાધુઓની સંખ્યા તપાગચ્છ કરતાં પણ વધારે હતી.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જ્ઞાનોપાસક મુનિવર શ્રી બાલચંદ્રજી મહારાજ

**લેખક : મુનિશ્રી ભુવનચંદ્રજી મહારાજ**



વ્યાખ્યાન કુશળ, સાહિત્યપ્રિય, જ્યોતિષજ્ઞાતા, આકર્ષક અને પ્રેમાળ, આબાલવૃદ્ધ સૌને પ્રિય એવા શ્રી બાલચંદ્રજી મહારાજ જૈન સાધુતાના આદર્શ નમૂના સમાન હતા. ખેડૂતના પુત્ર હોવા છતાં પૂર્વના આરાધક એવા આ મુનિવર શ્રમણ-પરંપરાના એક રત્ન બની રહ્યાં.

જન્મ સ્થાન : મક્તુપુર (તાલુકો સિદ્ધપુર). જન્મ : સં. ૧૯૫૩. સંસારી નામ : બેચર. પાંચ વર્ષની વયે માતાપિતાની છાયા ગુમાવી. ફોઈને ત્યાં ઉછર્યા. ભદ્રિક અને દયાળુ પ્રકૃતિના કારણે ખેતરમાં કામ કરતાં જીવજંતુની હિંસા જોઈ જીવ કંપી ઊઠતો, એવામાં પરમ ગીતાર્થ શ્રી ભ્રાતૃચંદ્રજી મહારાજ તથા તેમના શિષ્ય શ્રી પૂનમચંદ્રજી મહારાજનો સમાગમ થયો અને બેચરનો આત્મા સંયમ પ્રત્યે આકર્ષાયો. એક દિવસ ચાલતાં ચાલતાં મહેસાણા, ગુરુમહારાજ પાસે પહોંચ્યા. ત્રણ-ચાર વર્ષના અભ્યાસ પછી સં. ૧૯૭૦માં શ્રી ભ્રાતૃચંદ્રસૂરિજી મહારાજના વરદ્ હસ્તે દીક્ષા લઈ શ્રી પૂનમચંદ્રજીના શિષ્ય મુનિ શ્રી બાલચંદ્રજી બન્યા.

શાસ્ત્રાધ્યયન, ગુરુસેવા અને જપ-તપ તેમના જીવનમાં વણાઈ ગયા હતા. કવિત્વશક્તિ અને વક્તૃત્વશક્તિ તો કુદરતી બક્ષિસ રૂપે મળી હતી. તેમનાં વ્યાખ્યાન સૌને રોચક અને પ્રેરક બનતાં. ભવ્ય મુખાકૃતિ, તેજસ્વી લલાટ, મધુર વાણી તેઓશ્રીની સાધુતાની આભાને પ્રસરાવતાં. તેમને જાતિસ્મરણ દ્વારા ત્રણ ભવની ઝાંખી થઈ હતી. સં. ૨૦૧૯માં નાના આસંબિયા (કચ્છ) ગામે સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા. સ્થંડિલભૂમિએ ગયેલા પૂજ્યશ્રીને હૃદયરોગનો હુમલો થતાં સાવધાન બની ખેતરના શેઢે જમીન પૂંજીને સ્થિર થયા અને કાલધર્મ પામ્યા. દૂરથી કોઈ ગોવાળના છોકરાએ આ બધું જોયું અને ગામમાં ખબર આપ્યા.

પૂજ્યશ્રીને શ્રી વિનોદચંદ્રજી તથા શ્રી સુયશચંદ્રજી એ બે શિષ્યો હતા. પૂજ્યશ્રીને આજે પણ જૈન-જૈનેતર વૃદ્ધો ભાવપૂર્વક યાદ કરે છે. એવા એ પૂજ્યવરને શતશઃ વંદના!



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વાત્સલ્યમૂર્તિ સંઘહિતચિંતક
# મુનિરાજ શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ

લેખક : મુનિશ્રી ભુવનચંદ્રજી મહારાજ



શ્રમણ ભગવંતોનું કાર્ય દ્વિવિધ હોય છે – આત્મસાધના કરવી અને અન્યને આત્મસાધનામાં સહાયક બનવું. આ બંને કાર્ય કરવામાં કષ્ટ પડવાનું જ. એ કષ્ટ સહન કરવું એ સાધુનું ત્રીજું કર્તવ્ય બની જાય છે. સંઘ-સમુદાયના નાયકપદે આવતા મુનિવરોને સંઘસંચાલનનું એક વધુ કાર્ય કરવું પડે છે. જૈન શાસનને આવા અનેક સંઘનાયક આચાર્યાદિની સેવા મળી છે. પૂજ્યશ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ એવા એક નેતૃત્વવાહક મુનિવર હતા.

જન્મભૂમિ : નાના ભાડિયા (તા. માંડવી, કચ્છ). જન્મ સં. ૧૯૬૮. પિતા : શ્રી રતનશીભાઈ, માતા : શ્રીમતી તેજબાઈ. સંસારી નામ : વસનજીભાઈ. સરલાત્મા ધર્મપ્રિય વસનજીભાઈ બાર વર્ષની ઉંમરે પૂજ્ય આચાર્ય શ્રી સાગરચંદ્રસૂરીશ્વરજી મહારાજના સમાગમમાં આવ્યા અને પૂર્વસંસ્કારબળે વૈરાગી બન્યા. ગુરુમહારાજ પાસે સંયમગ્રહણ કરવાની ભાવના જણાવી. પૂજ્ય આચાર્યદેવ દીક્ષાર્થીની કેળવણી અને કસોટીના ખૂબ આગ્રહી હતા. ત્રણ વર્ષના અભ્યાસ અને તાલીમ બાદ સં. ૧૯૮૩માં ભાડિયામાં તેમની દીક્ષા ભારે ઠાઠથી થઈ. ગુરુમહારાજની કડક કેળવણી હેઠળ મુનિશ્રી વૃદ્ધિચંદ્રજીએ જ્ઞાન અને અનુભવનું સારું એવું ભાથું મેળવ્યું. સં. ૧૯૯૫માં ગુરુદેવનો સ્વર્ગવાસ થયા પછી સંઘ અને સમુદાયનો સઘળો કાર્યભાર તેમણે કુશળતાથી વહન કર્યો. કાઠિયાવાડ, કચ્છ, મારવાડ અને મુંબઈ તેમના મુખ્ય વિહારક્ષેત્રો હતા.

મુંબઈનો તેમનો વિહાર સંઘ માટે ઘણો ઉપકારક નિવડ્યો. મુંબઈમાં પાર્શ્વચંદ્રગચ્છની નવરચના તથા ઉપાશ્રયનું નિર્માણ એ તેઓશ્રીના દીર્ઘદૃષ્ટિભર્યા માર્ગદર્શનની ફળશ્રુતિ હતી. તેઓશ્રીના જીવનના ધ્યાનાકર્ષક ગુણ હતા – વાત્સલ્યભાવ અને સરળતા. સાધુ-સાધ્વીઓ તરફ તેઓશ્રી વિશેષ વાત્સલ્ય વહાવતા. સંઘ-સમુદાયના પ્રશ્નોનો ઉકેલ તેઓશ્રી હંમેશાં વાત્સલ્ય અને વ્યવહારુ દૃષ્ટિકોણથી જ લાવતા. પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેતા હોવા છતાં આત્મજાગૃતિ ટકાવી રાખવાનો પુરુષાર્થ ચાલુ જ રહેતો, આધ્યાત્મિક શાસ્ત્રોનાં સ્વાધ્યાય અને વાચન-મનન તેમને સવિશેષ પ્રિય હતાં. તેમના સંસારી લઘુબંધુ પણ તેમના પગલે ચાલીને તેમના શિષ્ય બન્યા, જેઓશ્રીનું નામ છે પૂજ્ય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી રામચંદ્રજી મહારાજ. સં. ૨૦૨૫માં પોષ સુદ ૧૦ ની રાતે, બીકાનેર મુકામે પૂજ્ય શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ હૃદયરોગના હુમલાથી સ્વર્ગવાસ પામ્યા. સંઘ માટે આ ઘટના વજ્રઘાત સમી હતી. ૪૨ વર્ષના દીક્ષાપર્યાય અને ૫૭ વર્ષની ઉંમરમાં પરમ પૂજ્ય શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજે આત્મસાધના અને શાસન સેવાના આદર્શોને અમલી બનાવવા સાથે પુરુષાર્થ પૂર્ણ સંયમયાત્રા ખેડી તેની સ્મૃતિસુવાસ આજે પણ એવી જ મહેંકી રહી છે. કોટિ કોટિ વંદન હજો એ મુનિવરને!

## પ્રમુખ પૂજ્ય મુનિવરો : સંક્ષિપ્ત આલેખ

| નામ | ગુરુ | જન્મભૂમિ | દીક્ષાવર્ષ | સ્વર્ગવાસ |
|---|---|---|---|---|
| ગણિવર શ્રી પુનમચંદ્રજી મ.<br>ગણિપદ – સં. ૧૯૮૦ અમદાવાદ | આ.શ્રી ભ્રાતૃચંદ્રસૂરિ | દૂદાપર<br>(ધ્રાંગધ્રા રાજ્ય)<br>સં. ૧૯૧૪ | સં. ૧૯૫૪<br>મા.સુ.૧૦<br>મોટીખાખર | સં. ૧૯૮૦<br>આ.વ.૨<br>અમદાવાદ |
| મુનિરાજશ્રી કૃપાચંદ્રજી મ. | ગણિ શ્રી પૂનમચંદ્રજી | બાડા (કચ્છ)<br>સં. ૧૯૨૭ | સં. ૧૯૬૨<br>મા.સુ.૧૧<br>કોડાય | સં. ૨૦૧૪<br>મા.વ.૧૨<br>નવાવાસ |
| મુનિરાજશ્રી જગતચંદ્રજી મ. | આ.શ્રી ભ્રાતૃચંદ્રસૂરિ | દેશલપુર (કંઠી)<br>સં. ૧૯૩૫ | સં. ૧૯૫૫<br>ફા.વ.૧૦<br>અંજાર | સં. ૧૯૯૭<br>વૈ.સુ.૪<br>ઉનાવા |
| મુનિરાજશ્રી પ્રસાદચંદ્રજી મ. | આ.શ્રી ભ્રાતૃચંદ્રસૂરિ | બીકાનેર<br>સં. ૧૯૬૬ | | |
| મુનિરાજશ્રી દેવચંદ્રજી મ. | પ્ર. શ્રી દીપચંદ્રજી મ. | લાયજા<br>સં. ૧૯૪૬ | સં. ૧૯૬૩<br>અમદાવાદ | સં. ૧૯૮૩<br>મુંબઈ |
| મુનિરાજશ્રી લાભચંદ્રજી મ. | શ્રી જગતચંદ્રજી ગણિ | | | |
| મુનિરાજશ્રી વિદ્યાચંદ્રજી મ. | આ. સાગરચંદ્ર સૂરિ | વીરમગામ<br>સં. ૧૯૬૭ | સં. ૧૯૮૬<br>મા.સુ.૧૦ | સં. ૨૦૩૪<br>હળવદ<br>મા.વ.૧૪ |
| મુનિરાજશ્રી પ્રીતિચંદ્રજી મ. | પ્ર.શ્રી દીપચંદ્રજી મ. | વાંકી(કચ્છ)<br>સં. ૧૯૫૮ | સં. ૧૯૮૪<br>મ.સુ.૬<br>નાનીખાખર | સં. ૨૦૨૫<br>વૈ.વ.૧૦<br>નાનીખાખર |
| મુનિરાજશ્રી વિનોદચંદ્રજી મ. | શ્રી બાલચંદ્રજી મ. | ભીંસરા(કચ્છ)<br>સં. ૧૯૭૧ | સં. ૧૯૯૮<br>બજાણા<br>ફા.વ. ૧૦ | સં. ૨૦૩૪<br>નાગોર<br>પો.વ.૫ |
| મુનિરાજશ્રી મુક્તિચંદ્રજી મ. | શ્રી વૃદ્ધિચંદ્રજી મ. | પાટણ<br>સં. ૧૯૭૩ | સં. ૨૦૦૬<br>અ.શુ.૯<br>અમદાવાદ | સં. ૨૦૫૨<br>વૈ.વ.૫<br>મુંબઈ |
| મુનિરાજશ્રી સુયશચંદ્રજી મ. | શ્રી બાલચંદ્રજી મ. | નવાવાસ<br>સં. ૧૯૯૮ | સં. ૨૦૧૯<br>જે.સુ.૧૦<br>મોટીખાખર | સં. ૨૦૪૭<br>મા.સુ.૨<br>મુંબઈ |
| મુનિરાજશ્રી દિલીપચંદ્રજી મ. | શ્રી પ્રીતિચંદ્રજી મ. | ટુન્ડા(કચ્છ)<br>સં. ૧૯૯૩ | સં. ૨૦૧૭<br>મા.સુ.૧૧<br>ટુન્ડા | સં. ૨૦૩૫<br>જે.વ.૧૪<br>નાનાભાડિયા |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૦

# નિજાનંદી સૌમ્યમૂર્તિ પરમ પૂજ્ય મુનિરાજ શ્રી રામચંદ્રજી મહારાજ

લેખક : મુનિશ્રી ભુવનચંદ્રજી મહારાજ



પરમ પૂજ્ય શ્રી રામચંદ્રજી મહારાજની ઓળખ એક સૌમ્યમૂર્તિ, તત્ત્વનિષ્ઠ, એકાંતપ્રિય અને જ્ઞાનાનંદ-નિજાનંદમાં મસ્ત શાંતાત્મા તરીકે જ આપી શકાય. જન્મભૂમિ-નાના ભાડિયા (તા. માંડવી, કચ્છ). જન્મ-વિ.સં. ૧૯૭૮. પૂજ્ય શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજના સંસારપક્ષે લઘુબંધુ અને પછી શિષ્ય. દીક્ષા સં. ૧૯૯૯ આષાડ સુ.૧૦ ધ્રાંગધ્રા.

સંસ્કૃત-પ્રાકૃત-શાસ્ત્રાદિનો અભ્યાસ કર્યો, વાંચન કર્યું, સત્સંગ મળ્યો અને તેમની તત્ત્વદૃષ્ટિનો ઉઘાડ થતો ગયો. તેઓશ્રી વિચારશીલ અને આત્મલક્ષી બનતા ગયા. શ્રીમદ્ રાજચંદ્રજીના બોધવચનો તેમને વિશેષ પ્રેરક-બોધક અને ઉપકારક બન્યા. નિશ્ચયનયની ભૂમિકાનાં શાસ્ત્રો-ગ્રન્થોનું વાંચન-પરિશીલન તેમને વિશેષ પ્રિય અને રુચિકર બન્યું. તત્ત્વવિચારના પુનઃ પુનઃ પરિશીલનથી આંતરિક જાગૃતિનો અભ્યાસ દૃઢ થતો ગયો, જેથી બાહ્ય પ્રવૃત્તિઓ અને પરિચયની રુચિ ઓછી થતી ગઈ.

પ્રારંભના વર્ષોમાં ગુરુમહારાજ સાથે વિચર્યા. પૂજ્ય વૃદ્ધિચંદ્રજી મહારાજને મુંબઈ-મારવાડ તરફ જવાનું થયું, પૂજ્ય રામચંદ્રજી મહારાજ તો ગુજરાત છોડીને કયાંય ગયા નહિ, દીક્ષા પછી પોતાની જન્મભૂમિમાં - કચ્છમાં એક વાર પણ ગયા નથી. પૂજ્ય વૃદ્ધિચંદ્રજી મહારાજ અને પૂજ્ય વિદ્યાચંદ્રજી મહારાજના કાળધર્મ પછી ગચ્છના નાયક તરીકે જવાબદારી તેમના ઉપર આવી ત્યારે એમણે એ નિર્લેપભાવે નભાવી. છેલ્લા પંદરેક વર્ષ અમદાવાદ-શામળાની પોળના ઉપાશ્રયે સ્થિરવાસ હતા.

જૈન-જૈનેતર જિજ્ઞાસુઓ તેમની પાસે સત્સંગ માટે આવતા. નિઃસ્પૃહ અને એકાંતપ્રિય એવા આ આત્મનિષ્ઠ મુનિવરને શિષ્યનું બંધન પણ માન્ય ન હતું. તેમ છતાં રૂણ (રાજસ્થાન)ના શ્રી જીવનચંદભાઈને દીક્ષાની ભાવના થતાં સંઘના આગ્રહથી તેમણે દીક્ષા આપી શિષ્ય બનાવ્યા - શ્રી પુન્યરત્નચંદ્રજી નામે એ મુનિવર પ્રસિદ્ધ છે.

ક્રમશઃ સ્વાસ્થ્ય નબળું પડયું. ભાવિક ભક્તોએ સેવાનો લાભ ઉઠાવ્યો. અંતે સં. ૨૦૫૦ ભા.વ.૫ના અમદાવાદ મધ્યે શાંત ભાવે તેમણે દેહ છોડયો. તત્ત્વચિંતક, નિજાનંદી, સૌમ્યમૂર્તિ એવા એ મુનિવરને પરમ વિનયથી વંદના!



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## મધુરકંઠી

# પૂજ્ય મુનિરાજશ્રી મુક્તિચંદ્રજી મહારાજ

લેખક : મુનિશ્રી ભુવનચંદ્રજી મહારાજ



ઉત્તમ નિમિત્તો અને ઉત્તમ સંગતિ મળતાં જીવને કેવો લાભ થાય છે તેનું ઉત્તમ ઉદાહરણ આપણને પૂજ્યશ્રી મુક્તિચંદ્રજી મહારાજમાં જોવા મળે છે. પાટણ નજીકના કોઈ ગામે પાટીદાર જ્ઞાતિમાં જન્મેલા પૂજ્યશ્રી યુવાનવયે નોકરી માટે અમદાવાદ આવ્યા. શામળાની પોળમાં પાર્શ્વચંદ્રગચ્છના આગેવાન શ્રાવકને ત્યાં જ નોકરી મળી. ઘરે ગોચરી માટે પધારતા સાધુ–સાધ્વીજીઓનો પરિચય થયો ને પછી તો ઉપાશ્રયે જતા–આવતા થયા. સરળ જીવ જાણીને શ્રાવકો–સાધુ–સાધ્વી ભગવંતો તરફથી વૈરાગ્યની પ્રેરણા મળી હશે ને કંઈક તો ભજનભાવમાં સાંભળેલી વાતોએ અસર કરી હશે, તેથી આખરે તેમણે જૈન દીક્ષા અંગીકાર કરવાનો નિર્ણય કર્યો. શામળાની પોળમાં જ વાત્સલ્યમૂર્તિ પૂજ્ય મુનિરાજશ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ પાસે સં. ૨૦૦૬ અષાઢ સુદ ૯ના તેમની દીક્ષા થઈ.

ગુરુસેવા સાથે અભ્યાસમાં પણ પ્રગતિ સાધી. સંસ્કૃત–પ્રાકૃતનો પણ અભ્યાસ કર્યો. અનુક્રમે સુંદર વ્યાખ્યાનકળા પણ સાધ્ય થઈ. તાત્ત્વિક વિષયોને હળવી શૈલીમાં તેઓશ્રી સમજાવતા. તેમનો કંઠ મીઠો અને પહાડી હતો. તેમના કંઠે સાંભળેલા સ્તવન–સજ્ઝાયને લોકો હજી પણ યાદ કરે છે. ભજનો પણ ભાવપૂર્વક ગાતા જેને સાંભળવા જૈનેતરો પણ આવતા. જૈનેતરોમાં અને જૈનોમાં પણ તેઓશ્રી પટેલ મહારાજ એવા નામે ઓળખાતા થયા.

દૃઢ મનોબળ, હસમુખો છતાં કડક સ્વભાવ, નિરાડંબરી વ્યવહાર, સ્પષ્ટ વક્તૃત્વ અને મધુર કંઠ દ્વારા તેઓશ્રીએ લોકહૃદયમાં સ્થાન મેળવ્યું હતું. તેઓશ્રીના બે શિષ્યો છે : શ્રી વિજયચંદ્રજી મહારાજ અને શ્રી ધર્મરત્નચંદ્રજી મહારાજ.

મુંબઈ, મારવાડ, કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાતમાં તેઓશ્રીનાં ચાતુર્માસ થયા. તેમના હસ્તે ઘણી સાધ્વી દીક્ષાઓ સંપન્ન થઈ.

સં. ૨૦૪૭ માહ સુદ ૨ના મુંબઈ મધ્યે તેઓશ્રીનો કાળધર્મ થયો. પૂજ્યશ્રીની આત્મિક ઉન્નતિની અનુમોદના સાથે ભાવભરી વંદના!



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૨

# વર્તમાન શ્રમણ સમુદાયની પટ્ટાવલી






Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૩

## *સરલાત્મા તપસ્વી*

# પૂજ્ય મુનિરાજશ્રી વિજયચંદ્રજી મહારાજ

લેખક : મુનિશ્રી ભુવનચંદ્રજી મહારાજ



સરળસ્વભાવી અને તપસ્વી એવા પૂ. મુનિરાજશ્રી વિજયચંદ્રજી મહારાજ આજે શ્રી પાર્શ્વચંદ્રગચ્છના પર્યાયવૃદ્ધ સ્થવિર મુનિ ભગવંતના સ્થાને બિરાજે છે. જન્મભૂમિ બીદડા (કચ્છ) પરંતુ મોટા ભાગનું બચપણ મોસાળમાં-નાના ભાડિયામાં વીત્યું. પિતાશ્રી રવજીભાઈ નાનજી દેઢિયા, માતા જેઠીબાઈ, સંસારી નામ વસંત. પ્રાથમિક શાળાનો અભ્યાસ પૂરો કર્યો એ જ ગાળામાં મુંબઈમાં પાર્શ્વચંદ્રગચ્છના દીર્ઘદ્રષ્ટા ગચ્છનાયક પૂજ્ય શ્રી વૃદ્ધિચંદ્રજી મ.સા.નો પરિચય થયો. પૂર્વની આરાધના અને પુણ્યના કારણે પૂજ્યશ્રીની પ્રેરણા પામી વૈરાગી બની સં. ૨૦૨૧માં ચેમ્બૂર મધ્યે દીક્ષા ગ્રહણ કરી. પૂજ્યશ્રી વૃદ્ધિચંદ્રજી મ.સા.ના શિષ્યરત્ન મધુરકંઠી પૂ. મુનિરાજશ્રી મુક્તિચંદ્રજી મ.સા.ના શિષ્ય તરીકે તેમનું નામ શ્રી વિજયચંદ્રજી રાખવામાં આવ્યું.

પિતાશ્રી રવજીભાઈએ પણ પૂજ્યશ્રી વૃદ્ધિચંદ્રજી મ.સા.ની પ્રેરણાથી શાંતમૂર્તિ પૂ. મુનિરાજશ્રી બાલચંદ્રજી મ.સા.ના શિષ્ય પૂ. મુનિશ્રી વિનોદચંદ્રજી મ.સા. પાસે દીક્ષા લીધી. તેમનું નામ શ્રી તિલોકચંદ્રજી હતું. પોતાના ગુરુજી સાથે વિચરતા સરલાત્મા શ્રી તિલોકચંદ્રજી મહારાજ યથાશક્તિ તપ-જપ કરતા રહ્યા. ગુરુમહારાજના કાલધર્મ પછી તેમણે નાગોર (રાજસ્થાન)માં સ્થિરવાસ કર્યો. મારવાડમાં સ્વ-પર ગચ્છના શ્રાવકોનો સારો પ્રેમ તેમણે મેળવ્યો. સં. ૨૦૬૦માં નાગોર મધ્યે જ તેમનો સ્વર્ગવાસ થયો.

પોતાના ગુરુશ્રી મુક્તિચંદ્રજી મ.સા. ઉપર શ્રી વિજયચંદ્રજી મહારાજને ખૂબ જ ભક્તિભાવ હતો. પોતાના સરળ સ્વભાવ અને ગુરુમહારાજના કડક સ્વભાવને કારણે મુનિમહારાજ શ્રી વિજયચંદ્રજીને ઘણી વાર શિક્ષા વેઠવી પડતી, પરંતુ તેથી ગુરુમહારાજ પ્રત્યે તેમની ભક્તિ કદી ઓછી ન થઈ. આ ઊંડો સમર્પણ ભાવ અને ભક્તિ એ શ્રી વિજયચંદ્રજી મ.ની શ્રેષ્ઠ ઉપલબ્ધિ છે. અઠાઈ-સોળભત્તા-માસખમણ વગેરે તપસ્યાઓ ઘણી વાર કરી. એકાવન ઉપવાસ પણ કર્યા છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપકારી ગુરુમહારાજનો સં. ૨૦૫૨માં મુંબઈમાં કાલધર્મ થયો, ત્યારે મુનિમહારાજને ઘણો આઘાત લાગ્યો, પરંતુ ગુરુવિયોગને શાંતપણે સ્વીકારી લઈને તેઓશ્રી યથાશક્તિ આરાધના સાથે શારીરિક વ્યાધિઓને વિના ફરિયાદે વેદી કર્મક્ષયની સાધના કરતા રહે છે.

પૂજ્યશ્રી તપ-ત્યાગ-તિતિક્ષા અને સમર્પણ-શ્રદ્ધા-વિનય જેવા ગુણો થકી પોતાનું સંયમજીવન શોભાવી રહ્યા છે. ભદ્રિક પરિણામી એવા પૂજ્ય મુનિમહારાજના આ આત્મિક સદ્‌ગુણોની ભૂરિ ભૂરિ અનુમોદના સહ પૂજ્યશ્રીને ભાવપૂર્વક વંદના!

## મુનિમંડલાચાર્ય શ્રી કુશલચંદ્રજી ગણિવર સ્તુતિ

નાગોરી તપગણ ભાનુ સુરતરૂ, પાર્શ્વચંદ્ર સૂરીશ્વર,
તસ પટ્ટ પરંપર ગણ ધુરંધર, હર્ષચંદ્ર મુનીશ્વરૂ;
શુભ શિષ્ય દીક્ષિત તેહના, નિર્ગ્રંથ વર વાચક મુદા,
મુનિરાજ માનસ હંસ સમ, શ્રી કુશલચંદ્ર નમું સદા... ૧

જે જ્ઞાની ધ્યાની ને અમાની, રાગ દ્વેષ કર્યા પરા,
વળી શાંત દાંત મહંત ને, ગુણવંત ગીતારથ ખરા;
આર્જવ અને માર્દવ ગુણે કરી, ચરણ ચૂકે નહિ કદા,
મુનિરાજ માનસ હંસ સમ, શ્રી કુશલચંદ્ર નમું સદા... ૨

સગવીસ ગુણ સંયુક્ત દશવિધ, ધર્મયતિ સંભાળતા,
તે તીર્થ જંગમ વિશ્વ વિચરી, ઉભય લોક ઉજાળતા;
ગુરૂરાજના શુભ હસ્ત દીક્ષિત, ઘણા શિષ્યની સંપદા,
મુનિરાજ માનસ હંસ સમ, શ્રી કુશલચંદ્ર નમું સદા... 3

માતા ભમઈ પિતુ જેતસી, કોડાય પૂર્વાશ્રમ વળી,
ઓગણીશસેં ને સાત દીક્ષા, પાલીતાણે લે ભલી;
ચોમાસાં ત્રેસઠ ગામ નગરે, થાય ગુરૂના સૌ મુદા,
મુનિરાજ માનસ હંસ સમ, શ્રી કુશલચંદ્ર નમું સદા... ૪

સંવેગ રંગ તરંગ ઝીલી, આત્મ રમણે મ્હાલતા,
ગુરૂ બાહ્ય અંતર જે નિરંતર, સત્ય સંયમ પાલતા;
તસ પાદ પંકજ દીપ મધુકર, શાંતિ પામે સર્વદા,
મુનિરાજ માનસ હંસ સમ, શ્રી કુશલચંદ્ર નમું સદા... ૫


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રુત અને સાધનાના સમર્પિત સાધક

# મુનિરાજશ્રી ભુવનચંદ્રજી મહારાજ

લેખિકા : પૂ.સાધ્વી શ્રી પૂર્ણકળાશ્રીજી મ.ના
લઘુશિષ્યા સા. દિવ્યદર્શિતાશ્રી



પરમ પૂજ્ય શ્રી ભુવનચંદ્રજી મહારાજ સાહેબ જિનશાસનના એક પ્રતિભાશાળી શ્રમણભગવંત છે. બહુમુખી વ્યક્તિત્વ, ઊંચી પાતળી દેહયષ્ટિ, હસતો ચહેરો, સૌમ્ય આકૃતિ. 'आकृतिः गुणान् कथयति।' એ ઉક્તિ અનુસાર પ્રથમ દર્શને જ દર્શકને તેઓશ્રીની સૌમ્યતાની ઝાંખી થાય. દર્શન કરવા આવનારની આંખો ઠરે ને હૈયું પણ ઠરે.

જન્મભૂમિ બિદડા-કચ્છ. પુણ્યશાળી પિતાશ્રી પદમશીભાઈ નરશી દેઢિયા અને કેશરબાઈ માતાના કુલદીપક. છ ભાઈઓમાં સૌથી નાના. નામ ધીરજલાલ. જન્મ સં. ૨૦૧૦ જેઠ વદ ૧, તા. ૧૮ જૂન ૧૯૫૪. લઘુવયમાં માતા અનંતની યાત્રાએ ચાલી નીકળ્યાં. સ્કૂલનું ભણતર શક્ય ન બન્યું. પિતાશ્રી બાળકોને લઈને મુંબઈથી કચ્છમાં આવ્યા. પ.પૂ. મંડલાચાર્ય ગણિવર શ્રી કુશલચંદ્રજી મ.સા.ના સંતાનીય પ.પૂ. શાંતમૂર્તિ પ્રીતિચંદ્રજી મ.સા. એ સમયે કચ્છમાં વિચરતા હતા. પદમશીભાઈ નાના બન્ને બાળકો લઈ દર્શનાર્થે ગયા. પૂ. દિનેશચંદ્રજી મ.સા. જે પદમશીભાઈના સંસારપક્ષે બનેવી થતા હતા, તેમણે બાળકોની માંગણી કરી. પદમશીભાઈની તો ના હતી જ નહિ. પૂ. પ્રીતિચંદ્રજી મ.સા. જ્યોતિષ-સામુદ્રિકના જાણકાર હતા. એટલે બાળકોના લક્ષણ જોયા હશે. નાના ધીરજલાલને રાખ્યો ને મૂલચંદને પરાણે પાછો વાળ્યો.

ધીરજલાલે બે-ત્રણ વર્ષ પૂ. ગુરુમહારાજની સાથે રહીને અભ્યાસ કર્યો. અને રાજનગર-અમદાવાદ શહેરમાં સં. ૨૦૨૨માં મહા સુદ ત્રીજના શુભદિવસે આગમ પ્રભાકર શ્રી પુણ્યવિજયજી મ.સા. જેવા મહાપુરુષના હાથે દીક્ષા પ્રદાનવિધિ થઈ. 'ભુવનચંદ્રજી' નામ અપાયું. ગુરુમહારાજે બાલમુનિની તીવ્રસ્મરણશક્તિ અને ગ્રહણશક્તિ જોઈ લીધી. એટલે અધ્યયન માટે પંડિત રાખી વ્યાકરણ આદિનો અભ્યાસ શરૂ કરાવ્યો પણ ત્રણ વર્ષ પછી ગુરુમહારાજે ચિર-વિદાય લીધી. ત્યારે મહારાજ સાહેબની ઉંમર પંદર વર્ષની હતી. ગુરુદેવના વાત્સલ્યભાવથી વંચિત બન્યા. પંડિતો પાસે અભ્યાસ ચાલુ રહ્યો. પ્રબળ પુરુષાર્થને મેધાની તીવ્રતાને કારણે જ્ઞાનયજ્ઞ નિરંતર વિકાસમય રહ્યો. સ્વયં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુરુષાર્થ દ્વારા જીવનને પ્રગતિમય બનાવ્યું.

પદમશીભાઈએ પુત્રમુનિને એકલા પડી ગયેલા જોઈ સંયમ લેવાના ભાવ કર્યા. પણ બીજા નંબરના દીકરા મોરારજીભાઈએ પિતાને કહ્યું, 'તમે નહીં, હું દીક્ષા લઈશ'. પિતાની અનુમતિથી બિદડામાં ધામધૂમથી દીક્ષા મહોત્સવ ઉજવાયો. મોટાભાઈ લઘુબંધુના શિષ્ય બન્યા. 'મનોજ્ઞચંદ્રજી' નામ રાખવામાં આવ્યું. બંધુબેલડી સંઘ તથા સ્થવિર સાધ્વીજી મહારાજોની સ્નેહભાજન બની. પૂ. મનોજ્ઞચંદ્રજી મહારાજ સાહેબ પણ સેવા-કાર્યકુશળતા દ્વારા પૂજ્યશ્રીને ઉપયોગી-સહયોગી બની રહ્યા. મારવાડ-ગુજરાત-મુંબઈમાં સ્વતંત્ર ચાતુર્માસ કરી લોકચાહના મેળવી શક્યા છે. મિલનસાર અને ઉત્સાહી સ્વભાવને કારણે સંઘના નાના-મોટા સર્વેને આરાધનામાં જોડવામાં સફળ થાય છે.

પૂજ્યશ્રીને પ.પૂ. અધ્યાત્મપ્રેમી અમરેન્દ્રવિજયજી મ.સા.નો પ્રથમ પરિચય ભદ્રેશ્વર તીર્થમાં સં. ૨૦૩૧માં થયો અને બંનેની વચ્ચે ઊંડો ધર્મસંબંધ રચાયો. પૂ. ભુવનચંદ્રજી મ.સા. અધ્યાત્મ ક્ષેત્રે પૂ. અમરેન્દ્રવિજયજી મહારાજને પોતાના 'ગુરુ' માને છે. ઈગતપુરીમાં પૂ. અમરેન્દ્રવિજયજી મ.સા. સાથે ધ્યાનશિબિરો કરી, દેવલાલીમાં ચોમાસા કર્યા. વિપશ્યના એ સાક્ષીભાવ, સમભાવ, મનોગુપ્તિ-વચનગુપ્તિ-કાયગુપ્તિની સાધના છે. પૂ. મહારાજ સાહેબ આ સાધના-પ્રક્રિયાને જૈન સાધકો માટે ખૂબ ઉપયોગી અને ઉપાદેય માને છે.

પ્રાચીન સાહિત્યનું સંશોધન એ મહારાજ સાહેબનો મુખ્ય રસનો વિષય છે. અત્યાર સુધીમાં તેમણે ચાલીસ હજારથી વધારે પુસ્તકો-પોથીઓ વાંચ્યા છે. અનેક જ્ઞાનભંડારો વ્યવસ્થિત કર્યા છે. વિચારમાં વિશદતા, મૌલિકતા, અધ્યાત્મ અને સમન્વયદૃષ્ટિ સ્પષ્ટ તરવરે છે. પૂજ્યશ્રીમાં લેખનશક્તિ, કવિત્વશક્તિ અને વક્તૃત્વશક્તિનો ત્રિવેણીસંગમ અદ્ભુત છે. લેખનમાં ભાવસભર ચિંતન અને અધ્યાત્મરસ વાચકને આકર્ષે છે.

પૂજ્યશ્રી ગુજરાતી, કચ્છી, હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી, મરાઠી, જૂની ગુજરાતી, અર્ધમાગધી આદિ ભાષાઓ પર સારું પ્રભુત્વ ધરાવે છે. વિશાળ વાંચનને કારણે આજે દુનિયામાં ચોતરફ શું ચાલી રહ્યું છે, દુનિયાનો પ્રવાહ કઈ બાજુ વહી રહ્યો છે તે બધું તેમના ધ્યાનમાં હોય છે. વિજ્ઞાન-Scienceના વિષયમાં તેઓશ્રી ઊંડો રસ ધરાવે છે.

પૂજ્યશ્રીની જ્ઞાનારાધના અસાધારણ છે. ૧૮ વર્ષની ઉંમરે શ્રી હરિભદ્રસૂરિકૃત 'અનેકાંતવાદપ્રવેશ' ગ્રંથ પર ગુજરાતી વિવેચન લખેલું ત્યારથી તેમની કલમ ચાલતી જ રહી છે. લોકભોગ્ય અને વિદ્વદ્ભોગ્ય-બંને પ્રકારનું સાહિત્ય તેમના હાથે સર્જાયું છે. તેમની કલમ વિવિધ વિષયોમાં ગતિ કરી શકે છે અને તેમની મેધા કોઈપણ વિષયમાં તરત ઊંડી ઊતરીને મર્મ પકડી શકે છે. મધ્યકાલીન ગુજરાતી ભાષા પર તેમનો સારો અધિકાર છે અને શ્રી હરિવલ્લભ ભાયાણી, શ્રી જયંત કોઠારી જેવા વિદ્વાનોએ તેની નોંધ લીધી છે. શ્રી સિદ્ધસેન દિવાકરજીની રચેલી 'દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા' ગ્રંથમાંથી ચૂંટી કાઢેલા ૧૦૦ શ્લોકો પર પૂજ્યશ્રીએ કરેલું વિવરણ વિદ્વજ્જગતમાં આવકાર પામ્યું છે. 'સમણસુત્તં' નો ગુજરાતી અનુવાદ તેઓશ્રીએ કર્યો તેની બે આવૃત્તિઓ છપાઈ-એમાં જ એ પુસ્તકની ઉપયોગિતાનો નિર્દેશ મળી જાય છે.

પૂજ્યશ્રી દ્વારા સર્જાયેલા સાહિત્યની યાદી ખાસી લાંબી છે :

| | | |
|---|---|---|
| (૧) | ધર્મક્ષેત્રનું અંતરંગ ઓડિટ | (ધર્મચિંતન) |
| (૨) | વિવાદવલોણું | (જૈનસંઘના આંતરિક વિવાદોનું વિશ્લેષણ) |
| (૩) | દિલમાં દીવો કરો | (આધ્યાત્મિક રચનાઓના અનુવાદ) |
| (૪) | મંડલાચાર્યશ્રી કુશલચંદ્રજી ગણિવર | (જીવનચરિત્ર) |
| (૫) | જિનસ્તવન ચતુર્વિંશતિકા | (શ્રી પાર્શ્વચંદ્રસૂરિકૃત સ્તવન-ચોવીશીનું સંપાદન) |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૬) સિદ્ધસેન શતક (દિવાકરજીના ગ્રંથમાંથી ચૂંટેલા ૧૦૦ શ્લોકોનું વિવરણ)

(૭) નિયતિ દ્વાત્રિંશિકા (દિવાકરજીની એક કઠિન રચનાનું વિવેચન)

(૮) દૃષ્ટાંતદર્પણ (પ્રેરણાદાયક દૃષ્ટાંતો)

(૯) હૃદયપ્રદીપ છત્રીસી (એક પ્રેરણાદાયક પ્રાચીનકૃતિનો સમશ્લોકી પદ્યાનુવાદ)

(૧૦) ભક્તામર સ્તોત્રનો ગુજરાતી પદ્યાનુવાદ

પૂજ્યશ્રીની પ્રેરણાથી અને ગુલાબ દેઢિયાના તંત્રી પદે 'સંકલ્પ' નામે એક માસિક છ વર્ષ સુધી નિયમિત પ્રગટ થયું હતું, અને જૈન-જૈનેતર વિચારશીલ વર્ગમાં આદરપાત્ર બન્યું હતું.

દાદાસાહેબ શ્રી પાર્શ્વચંદ્રસૂરિજીએ સંસ્કૃત-પ્રાકૃત-ગુજરાતી ભાષાઓમાં પુષ્કળ સાહિત્ય-સર્જન કર્યું છે. પૂજ્યશ્રીએ ભારતભરના પ્રાચીન હસ્તલિખિત ભંડારોમાંથી તેની હસ્તલિખિત પ્રતોની નકલો મેળવી છે અને તેનું સંશોધન-સંપાદન હાથ ધર્યું છે. દાદાસાહેબના વિચારો અને તેમણે કરેલા ક્રિયોદ્ધારનું ખરું સ્વરૂપ સમજવા માટે આ સાહિત્યનું વાંચન જરૂરી છે. અત્યાર સુધી બહુથોડું જ સાહિત્ય છપાયું છે અને તે પણ જૂની ઢબે છપાયું છે. આધુનિક પદ્ધતિએ સંશોધનપૂર્વક છાપવાની જરૂર છે. કારણ કે તો જ વિદ્વાનો તેનો ઉપયોગ કરી શકે. આ કાર્યના મંગલાચરણ રૂપે 'જિનસ્તવન ચતુર્વિંશતિકા' છપાયું છે અને બીજું પુસ્તક 'આચારાંગ સૂત્રનો ટબ્બો' તૈયાર થઈ રહ્યું છે. આ કાર્ય માટે 'શ્રી પાર્શ્વચંદ્રસૂરિ સાહિત્ય પ્રકાશન સમિતિ' પણ તેમના માર્ગદર્શન હેઠળ કાર્ય કરી રહી છે.

પૂજ્યશ્રીના અધ્યાત્મક્ષેત્રે માર્ગદર્શક એવા પૂજ્ય શ્રી અમરેન્દ્રવિજયજી મ.સા.ના દેહોત્સર્ગ પછી તેમના સાહિત્યના સંપાદન-પ્રકાશનનું કાર્ય પણ પૂજ્યશ્રી ભુવનચંદ્રજી મ.સા.ના હાથોમાં આવી પડયું. 'વિજ્ઞાન અને અધ્યાત્મ' પુસ્તકનાં અંગ્રેજી અનુવાદ (Science Discovers Eternal Wisdom) પૂજ્યશ્રીની દેખરેખ હેઠળ છપાયો. 'મુક્તિપથ વિપશ્યના', 'આપણે આત્મનિરીક્ષણ કરીશું?', 'આત્મજ્ઞાન અને સાધનાપથ' વગેરે પુસ્તકોનું પુનર્મુદ્રણ પણ થયું.

પૂજ્યશ્રી જ્ઞાનપ્રસાર અને જ્ઞાનારાધનાના કાર્યમાં સહાયક બનવા સદા તત્પર રહેતા હોય છે. વિદ્વદ્વર્ય પૂજ્યશ્રી જંબૂવિજયજી મ.સા., પૂજ્યશ્રી પ્રદ્યુમ્નસૂરિજી મ.સા., પૂજ્યશ્રી શીલચંદ્રસૂરિજી મ.સા., પૂજ્યશ્રી મુનિચંદ્રસૂરિજી મ.સા., પૂજ્યશ્રી યશોવિજયસૂરિજી મ.સા., પં. શ્રી નંદિઘોષવિજયજી ગણિ આદિ વિદ્વાન શ્રમણપુંગવો સાથે સાહિત્ય-સંઘ-સાધના જેવા વિષયો પર વિચારવિમર્શ ચાલ્યા જ કરતો હોય છે. 'હૃદયપ્રદીપ'નો સમશ્લોકી અનુવાદ જોઈને પ્રસિદ્ધ વક્તા પૂ. આ. શ્રી રત્નસુંદરસૂરિજી હાર્દિક અનુમોદના કરતાં લખે છે :

*વિદ્વદ્વર્ય મુનિરાજ શ્રી*

*ભુવનચંદ્રજી મ.*

*સાદર વંદના, શાતામાં હશો.*

*પૂ. આ. ભ. શ્રી પ્રદ્યુમ્નસૂરિ મ. તરફથી 'હૃદયપ્રદીપ છત્રીસી'ની પાંચ બુક્સ મળી. ગુજરાતી પદ્યાનુવાદમાં આપ જે રીતે વરસી ગયા છો એ બદલ આપને ખૂબ ખૂબ ધન્યવાદ ઘટે છે. અનેક સાધકોને માટે આ પદ્યાનુવાદ ઉપકારક બની જ રહેશે. એમાં કોઈ શંકા નથી. પ્રભુશાસનના ચરણે આવું ઉત્તમ નજરાણું ધરવાના આપના આ પ્રયાસની ખૂબ ખૂબ અનુમોદના થાય છે. આવા અન્ય ઉત્તમ નજરાણાઓ પણ આપના તરફથી શ્રી સંઘને મળતા રહે એજ શાસનદેવને પ્રાર્થના. આરાધનામાં યાદ કરશો.*

*(વૈ.) સુ. ૧૩, પંધાના (સં. ૨૦૬૦)* ૬ : *રત્નસુંદરની વંદના*



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્યશ્રી આટલા વિવિધ કાર્યો માટે સમય કેવી રીતે ફાળવી શકતા હશે એવો પ્રશ્ન કોઈને પણ થાય. પરંતુ સમયનો સદુપયોગ કેવી રીતે કરવો તેની કળા પૂજ્યશ્રીને વરેલી છે. બધું સહજભાવે કરતા રહે છે. પૂજ્યશ્રી સાહિત્ય અને સાધનામાં સવિશેષ રસરુચિ ધરાવે છે તેમ છતાં સંઘ-સમાજ પ્રત્યેની જવાબદારી પૂરી સજ્જતાથી નિભાવે છે. પૂજ્યશ્રીની નિશ્રામાં સં. ૨૦૬૦ કા.વ.૭ના મોટીખાખર તીર્થથી તેરા તીર્થ સુધીનો કચ્છની પંચતીર્થીનો ૧૫-દિવસીય છ'રિપાલિત સંઘ નીકળ્યો. આ સંઘ અનેક રીતે વિશિષ્ટ બની રહ્યો. પૂજ્યશ્રીની નિશ્રામાં ગયા વર્ષે સં. ૨૦૫૯ના વૈશાખ મહિનામાં મોટી ખાખર ગામે એકાદશાહ્નિકા મહોત્સવ, જેમાં શત્રુંજયાવતાર શ્રી આદિનાથ જિનાલયની ૪૦૦મી વર્ષગાંઠ, આદીશ્વરદાદાની પુનઃ પ્રતિષ્ઠા તથા વર્ષીતપના સામુદાયિક પારણાં-આ ત્રિવેણીસંગમરૂપ ઉત્સવ ભવ્ય રીતે ઉજવાયો. નાની ખાખર, દેશલપુર, ભાડિયા આદિ ગામોના શતાબ્દી મહોત્સવો તેઓશ્રીના માર્ગદર્શન હેઠળ ઉજવાયા છે ને યાદગાર બની ગયા છે.

ટુન્ડાના દેરાસરનો જીર્ણોદ્ધાર, કોડાયના સદાગમ ટ્રસ્ટના જ્ઞાનમંદિરનો જીર્ણોદ્ધાર, ભદ્રેશ્વરના નૂતન ગુરુમંદિરનું નિર્માણ, નાની ખાખરમાં નૂતન જ્ઞાનમંદિર, ખંભાત-વીરમગામ-કોડાયના હસ્તલિખિત ભંડારોનો ઉદ્ધાર આદિ શાસનસંબંધી કાર્યો માટે તેઓ સમય-શક્તિનો ભોગ આપતા રહે છે. વસઈ (વીરાર)માં પાર્શ્વચંદ્ર ગચ્છનો ઉપાશ્રય સ્થપાયો તેમાં તેઓશ્રીની પ્રેરણા તથા પૂ, શ્રી મનોજ્ઞચંદ્રજી મ.સા.ના પુરુષાર્થનો મુખ્ય ફાળો છે.

પૂજ્યશ્રીની પ્રેરણાથી 'કચ્છ પ્રદેશ પાર્શ્વચંદ્રગચ્છ સમિતિ'નું નિર્માણ થયું છે. જેથી સંઘનું કાર્ય વ્યવસ્થિત ચાલતું રહે છે. વળી દેશલપુર ગામે પૂજ્યશ્રીની પ્રેરણાથી 'ધર્માલયમ્' નામની સંસ્થા આકાર પામી રહી છે. આ સંસ્થાના ઉપક્રમે બાળકો માટે 'સંસ્કાર શિબિરો' યોજાય છે જે ઉત્તરોત્તર લોકપ્રિય બની રહ્યા છે.

પૂજ્યશ્રીનું સંયમજીવન દર્પણ જેવું નિર્મળ છે. તેઓશ્રીના સંપર્કમાં આવનાર આગળ પૂજ્યશ્રીનાં સરળતા, નિઃસ્પૃહતા, નિર્મોહતા, નિર્દોષતા, નિરભિમાનિતા, નિર્દંભતા, હૃદયની વિશાળતા, વાત્સલ્યભાવ, બહુશ્રુતતા આદિ ગુણો છતા થયા વગર રહેતા નથી. પૂજ્યશ્રીની ત્વરિત નિર્ણયશક્તિ, સંયમનું કડક-ચુસ્તપાલન, વિશ્વમૈત્રીની સાધના, ધીરતા, ગંભીરતા, સુંદર સર્જનશક્તિ, આત્મબળ, નિખાલસતા, અધ્યાત્મનું ઊંડાણ, સાધનાની નિષ્ઠા-બધું સહજ છે.

પૂજ્યશ્રી આ વર્ષે અર્ધશતાબ્દી પૂર્ણ કરે છે. ભદ્રેશ્વર તીર્થ મધ્યે ઉજવાનારા ગુરુમંદિર પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પૂજ્યશ્રીને મહા સુદ ૧૦ તા. ૧૮/૨/૨૦૦૫ના ઉપાધ્યાય પદ અર્પણ થશે. પૂજ્યશ્રી નિરામય શતાયુ પ્રાપ્ત કરે, સંઘ તેમજ શાસનમાં મહાન-શ્રેષ્ઠ કાર્યો એમના વરદ હસ્તે સંપન્ન થાય, સ્વ સાથે પરનું શ્રેય સાધે એ જ શુભેચ્છા સહ પૂજ્યશ્રીને કોટિ કોટિ વંદન!

**પાર્શ્વચંદ્રગચ્છમાં સાધ્વીસંઘ બંધ થઈ ગયો હતો. શ્રી કુશલચંદ્રજી મહારાજે સાધ્વીસંઘનો પુનઃ પ્રારંભ કરેલો. સં. ૧૯૪૭માં સર્વપ્રથમ 3 બહેનોએ દીક્ષા લીધી, જેમના નામ હતા – શિવશ્રીજી, જ્ઞાનશ્રીજી અને હેમશ્રીજી. શ્રી ભ્રાતૃચંદ્રસૂરિજીના હાથે સં. ૧૯૫૨માં સા. ચંદનશ્રીજીની દીક્ષા થઈ. આજનો સાધ્વી સમુદાય આ ચાર મુખ્ય સાધ્વીજીઓનો પરિવાર છે.**


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અધ્યાત્મપ્રેમી

# પૂજ્ય મુનિરાજશ્રી પાર્શ્વયશચંદ્રજી મહારાજ

લેખિકા : પૂ.પ્ર.સા.શ્રી ૐકારશ્રીજી મ.ના
શિષ્યા સા. પદ્મરેખાશ્રીજી



કચ્છ દેશના માંડવી બંદર પાસે આવેલા સુંદર ને સોહામણા, કચ્છની કાશી ગણાતા એવા કોડાય ગામમાં પિતાશ્રી દામજીભાઈ દેવજી ગડાના કુળમાં અને માતુશ્રી લક્ષ્મીબેન દામજી ગડાની કુક્ષીથી પ્રથમ પુત્રરત્ન રૂપે પૂજ્યશ્રીનો વિ.સં. ૨૦૦૮ વૈશાખ સુદ ૧૩, બુધવાર તા. ૭/૫/૧૯૫૨ના સુદિવસે એમના મોસાળના મેરાવા ગામે જન્મ થયો.

ઘરમાં પ્રથમ સંતાનની પ્રાપ્તિ સમગ્ર પરિવાર માટે પ્રસન્નતાની પળ હોય છે. એમાં પણ પુત્રરૂપે જ્યારે પ્રથમ સંતાન પ્રાપ્ત થાય ત્યારે સૌ કોઈના હૃદય પ્રફુલ્લિત અને હર્ષિત થાય એ સ્વાભાવિક છે, એ પ્રફુલ્લિત હૃદયની સ્મૃતિને ચિરંજીવ બનાવવા માટે જ જાણે બાળકનું નામ રાખવામાં આવ્યું પ્રફુલ્લકુમાર.

વ્યવસાયના કારણે પિતાશ્રી દામજીભાઈ પરિવાર સાથે મુંબઈ નાયગામ-દાદરમાં સ્થાયી થયેલા હતા આથી માતાજી પુત્રરત્નને લઈ કચ્છથી મુંબઈ આવ્યા. આપણા ચરિત્રનાયક પ્રફુલ્લકુમાર પિતાના લાડ ને માતાના કોડથી મોટા થવા લાગ્યા. પાંચ વર્ષની ઉંમરે ઈ.સ. ૧૯૫૭માં સેંટ જોસેફ સ્કૂલમાં K.G.માં દાખલ કરવામાં આવ્યા. ધીરે ધીરે અભ્યાસમાં આગળ વધી ઈ.સ. ૧૯૬૯માં પુના બોર્ડની એસ.એસ.સી. પાસ કરી અને ૧૯૭૦મા ખાલસા કૉલેજમાં જોડાયા અને F.Y.Sc.ની પરીક્ષા પાસ કરી. સ્કૂલમાં હતા ત્યારે રાષ્ટ્રીયભાષા પ્રચાર સમિતિની પ્રારંભિક પ્રવેશ અને પરિચય પરીક્ષાઓ પાસ કરેલી. ચિત્રકલામાં એલીમેન્ટ્રી પરીક્ષા પાસ કરેલ, સ્કૂલના બેન્ડમાં પણ રસ લીધેલ, સ્કાઉટીંગ અને કેમ્પીંગની પ્રવૃત્તિમાં રસ હતો. ઈ.સ. ૧૯૬૮માં પ્રફુલ્લકુમારને બેસ્ટ પેટ્રોલ (Best Petrol) સ્કૂલ તરફથી મળેલ. સ્કૂલની સ્વર્ણજયંતિ પ્રસંગે જયજવાન-જયકિસાન પ્રોજેકટમાં પ્રફુલ્લકુમાર મોખરે હતા. ઉપરોક્ત બાબતોથી આપણને સહજ ખ્યાલ આવી શકે છે કે એમની તેજસ્વીતા કેવી હતી અને અધ્યયનાદિ પ્રવૃત્તિ પ્રત્યે કેવી લગન અને ખંત હતી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમને સાયન્સ વિષયમાં રસ હતો અને ડૉક્ટર થવાની ઈચ્છા હતી પણ સંયોગ કોઈ જુદા સર્જાયા હતા. દ્રવ્યરોગ મટાડનાર ડૉક્ટર નહીં પણ ભાવરોગ મટાડનાર ડૉક્ટર બનવાનું સૌભાગ્ય લલાટે લખાયેલું હતું. આથી એ જ અરસામાં પ્રખર પ્રવચનકાર પાર્શ્વચંદ્રગચ્છના તેજસ્વી હીરલા પૂજ્ય મુનિરાજશ્રી સુયશચંદ્રજી મ.સા. આદિ ઠાણાનું દાદર નાયગામમાં ચાતુર્માસ થયું. પૂજ્યશ્રીનો પરિચય થયો. પ્રવચન સાંભળવાનો મોકો મળ્યો અને પૂર્વના પુણ્યોદયે પ્રફુલ્લકુમારના હૃદયમાં વૈરાગ્યના અંકૂર ફૂટી નીકળ્યા. જે સત્સંગના યોગે વધુ ને વધુ વધતા ચાલ્યા. એ જ અરસામાં દાદર ગામે મોટીખાખરના શ્રી લીલાધરભાઈ ખેતશીના સપરિવાર સંયમગ્રહણના પ્રસંગને જોઈને ચારિત્ર પ્રત્યેની ભાવના પ્રબળ બની, વૈરાગ્ય વિશેષ દૃઢ બન્યો. વ્યાવહારિક અભ્યાસમાંથી રસ ઉડી ગયો. શાસ્ત્રજ્ઞાનોપાર્જનમાં મન મસ્ત બન્યું.

ગુરુ મહારાજનું સ્વાસ્થ્ય ગરબડ થતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા ત્યારે પણ પ્રફુલ્લકુમારે ખડે પગે રહી ગુરુભક્તિનો અનુપમ પરિચય કરાવ્યો. અતિ આદરભાવે વૈયાવચ્ચનો લાભ લીધો. ગુરુ મહારાજનું ચોમાસું બીકાનેર થતાં ત્યાં પૂજ્યશ્રીની નિશ્રામાં ઉપધાન તપ કરી મોક્ષમાળા પહેરી. પૂજ્યશ્રી સાથે મુંબઈથી પાલિતાણા સુધીનો વિહાર પણ કરેલ.

એક તરફ વૈરાગ્ય પ્રબળ થતો જતો હતો તો બીજી તરફ માતાજીનો મોહ પણ એમના પ્રત્યે સબળ થતો જતો હતો. પોતાના પ્રથમ પુત્રરત્નની પ્રવજ્યા-સંસારત્યાગ માટે માતાજીનું મન માનતું નહોતું એટલું જ નહીં પણ ઘણી વખત પોતાની નારાજગી પણ વ્યક્ત કરી હતી આથી પ્રવજ્યા ગ્રહણમાં વિલંબ થતો ગયો.

માતાજીના મનને પ્રસન્ન રાખવા એમની આજ્ઞા શિરોધાર્ય કરી પિતાજી સાથે સ્ટેશનરી ધંધામાં જોડાયા. ધંધામાં બંધાઈ જવાથી કેટલાક સમય સુધી ગુરુ મહારાજના દર્શન માટે પણ જવું મુશ્કેલ બની ગયેલ. હવે એકતરફ ધંધાની પ્રગતિ માટે મન દોડવા લાગ્યું તો બીજી તરફ ધર્મના માર્ગે જવા માટે પણ મન તલસતું હતું. નિર્ણય સ્વયંને કરવાનો હતો, એ ગડમથલના અંતે આખરી નિર્ણય પર આવવાનું હતું કારણ બે રસ્તામાંથી કોઈપણ એક માર્ગે જવું જરૂરી હતું – કાં સંસાર કાં સંયમ, સમય સરકતો જતો હતો. સાધનાનો અમૂલ્યકાળ નીકળી રહ્યો હતો. આખરે ધર્મના પક્ષે વિજય થયો, ધનના પક્ષે પરાજય થયો, ત્યાગમાર્ગનો વિજય થયો, રાગમાર્ગનો પરાજય થયો. માતાજીને પણ મનાવી લીધા અને એમણે પણ પોતાની કાળજાની કોર જેવા દીકરાને પ્રસન્નતાપૂર્ણ હૈયે આશીર્વાદ આપી પ્રવજ્યા માટે અનુજ્ઞા આપી. પ્રફુલ્લકુમારનો મનમયૂર નાચી ઉઠ્યો. વર્ષોથી સેવેલા સ્વપ્નને સાકાર થવાની ઘડીઓ ગણાવા લાગી. અંતરના અરમાન પૂર્ણ થવાનો પ્રસંગ ગોઠવાઈ ગયો. વિ.સં. ૨૦૩૦ મહા સુદ ૫ ને સોમવારે તા. ૯/૨/૧૯૮૧માં શ્રી ભદ્રેશ્વર મહાતીર્થે શાંત સ્વભાવી પૂ. મુનિશ્રી બાલચંદ્રજી મ.સા.ના શિષ્યરત્ન પ્રખર પ્રવચનકાર પૂ.મુ.શ્રી સુયશચંદ્રજી મહારાજના વરદ હસ્તે રજોહરણ ગ્રહણ કરી પૂજ્યશ્રીના શિષ્ય બન્યા, દીક્ષાર્થી પ્રફુલ્લભાઈ હવે મોક્ષાર્થી મુનિશ્રી પાર્શ્વયશચંદ્રજી બન્યા.

સંયમ સ્વીકાર્યા પછી ગુરુ સાંનિધ્યમાં રહી સાધનાના માર્ગે આગળ વધતા રહ્યા. મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાનમાં ગુરુ સંગે વિચરી આરાધનાનો યજ્ઞ માંડ્યો. દીક્ષા પહેલાં અને દીક્ષા બાદ પણ પૂજ્યશ્રી હમેંશા એકાસણાનું વ્રત કરે છે. દિવસમાં ક્યારે પણ બે વખત આહાર નથી લીધો. एगभत्तं च भोयणं।-આ દશવૈકાલિક સૂત્રની આજ્ઞાને પૂજ્યશ્રીએ આત્મસાત કરી રસનેન્દ્રિય પર વિજય મેળવ્યો છે. અન્ય તપમાં પણ અઠ્ઠાઈ, વર્ષીતપ, વર્ધમાન તપની ૧૧ ઓળીઓ વિગેરે તપસ્યા કરી છે. અટ્ઠમના પારણે પણ પૂજ્યશ્રીને એકાસણું જ હોય છે. ધન્ય છે એમના તપપ્રેમને, તપોમય જીવનને.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધ્યાનમાર્ગમાં પૂજ્યશ્રીની અત્યંતરુચિ છે તો આધ્યાત્મિક પુસ્તકોનું વાંચન પણ એમનું પસંદગીનું ભોજન છે. જ્યોતિષવિદ્યામાં પણ રસ છે.

વિ.સં. ૨૦૫૬માં ગુજરાતથી છ'રિ પાલિત સંઘ સાથે પૂજ્યશ્રી શ્રી સમ્મેતશિખરજી મહાતીર્થે પધારી તીર્થાધિરાજની ભાવપૂર્ણ યાત્રા કરી. અને પૂ. પ્રવર્તિની સા. શ્રી ૐકારશ્રીજી મ.સા.ની પ્રેરણાથી સમ્મેતશિખરજી મધ્યે થનાર ચાતુર્માસમાં પરમપાવની નિશ્રા પ્રદાન કરી ચાતુર્માસ કરવા-કરાવવાનો પુન્ય અવસર પ્રાપ્ત થયો.

કલ્યાણક ભૂમિઓની સ્પર્શના કરી બિહાર-બંગાલ-ઝારખંડમાં વિચરણ કરી મોટી ખાખર સંઘની આગ્રહભરી વિનંતીનો સ્વીકાર કરી ઉગ્રવિહારે કચ્છ પધારી પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજરી આપી.

પૂજ્યશ્રી જ્ઞાન-ધ્યાન-સાધનામાં આગળ વધે અને એમની સાધનાનો-પ્રેરણાનો લાભ શ્રી સંઘને દીર્ઘકાલ સુધી મળતો રહે એવી અંતરની કામના.

પાર્શ્વચંદ્રગચ્છના તેજસ્વી તારલાઓમાંના એક છે પૂ. મુનિશ્રી પાર્શ્વયશચંદ્રજી મ.સા..

आसमान में तारों की तरह चमकते रहें आप,
उपवन में फूलों की तरह महकते रहें आप;
इसी तरह ज्ञान का सागर बांटते रहें आप,
हमारी आरज़ू है हजारों साल जीऐं आप।

જય હો સંયમની, સંયમધારીની.

## પૂ. દાદાસાહેબ શ્રી પાર્શ્વચંદ્રસૂરિજીએ પ્રતિબોધ કરીને જૈનધર્મમાં પ્રતિષ્ઠિત કરેલાં ગોત્ર

૧. બાંઠિયા
૨. દફ્તરી
૩. વેગવાણી
૪. તાતેડ
૫. લોઢા
૬. છોરિયા
૭. નવલખા
૮. ખડોલ
૯. બરડિયા
૧૦. રાખેચા
૧૧. રામપુરિયા
૧૨. દૂગડ
૧૩. મુણોત
૧૪. આંચલિયા
૧૫. ગોગડ
૧૬. ભણશાળી
૧૭. શ્રીમાલ
૧૮. ભંડારી
૧૯. ટેટિયા
૨૦. ચૌધરી
૨૧. સોની
૨૨. ઘોડાવત


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### પ્રખરવક્તા સાધનાનિષ્ઠ

## પૂજ્ય મુનિરાજશ્રી પુન્યરત્નચંદ્રજી મહારાજ

લેખિકા : પૂ.પ્ર.સા.શ્રી ૐકારશ્રીજી મ.ના
શિષ્યા સા. પદ્મરેખાશ્રીજી



બુંદેલખંડની ધરતી પર વીરાંગના રાણી લક્ષ્મીબાઈની નગરી ઝાંસીમાં ધંધાર્થે આવીને વસેલા પાર્શ્વચંદ્રસૂરિદાદાના પરમભક્ત, રાજસ્થાન પ્રાંતના નાગૌર જિલ્લાના રૂણ ગામના વતની શ્રી ઉમેદમલજી કટારિયાના કુળમાં માતા પીસ્તાદેવીની કુક્ષીથી વિ.સં. ૨૦૧૧ માગશર સુદી ૫ના તા. ૩/૧૨/૧૯૫૪ના શુભદિને પૂજ્યશ્રીનો જન્મ થયેલ. એમના દાદાજી જૌહરીમલજીએ અતિવ્હાલથી પોતાની જીવનદોરી સમા પૌત્રનું નામ રાખ્યું જીવનચંદ્ર. જન્મથી જ અતિ ચંચળ અને ચપળ જીવનકુમાર ભણવામાં પણ એટલા વિચક્ષણ નીકળ્યા. બી.એ. સુધી વ્યવહારિક શિક્ષણ ગ્રહણ કર્યા બાદ ઈન્દોરમાં દાલમિલનો ઉદ્યોગ કર્યો, પ્રારબ્ધે ખૂબજ યારી આપી પણ દાલના ધંધામાં જીવહિંસાને જોઈ હૃદય પીડાવા લાગ્યું અને થોડા જ સમયમાં આર્થિક લાભ, ધંધામાં મળતા માન-પ્રતિષ્ઠા સઘળાને છોડીને પોતાના દાદાજી જૌહરીમલજી સાથે એમની સેવામાં પાલિતાણા ચાલ્યા ગયા.

એમના દાદાજી પાર્શ્વચંદ્રગચ્છમાં અત્યંત પ્રીતિવંત, ઉત્કૃષ્ટ બાર વ્રતધારી સેવાભાવી નિસ્પૃહી શ્રાવકરત્ન હતા. છેલ્લા કેટલાય વર્ષોથી વલ્લભવિહારમાં કનકબેનના રસોડે સાધુ-સાધ્વીજીની ભક્તિભાવે વૈયાવચ્ચ કરતા હતા. એવા ધર્મનિષ્ઠ દાદાની સાથે રહીને તેમજ સંતોના સમાગમે અંતરમાં વૈરાગ્યનો પ્રકાશ થયો. દિનોદિન સંસારથી વિરક્તિ અને ત્યાગધર્મની અનુરક્તિ વધતી ચાલી. સાત વર્ષ સુધી વૈરાગ્યભાવનામાં ઝીલતા રહી શાસ્ત્રાભ્યાસ, વર્ષીતપ, ઉપધાન તપ, અઠ્ઠાઈ, સોળભત્તા આદિ તપસ્યાઓથી જીવનને રંગી દીધું. ગૃહસ્થપણામાં એકવાર લોચ પણ કરાવેલ. ભોજન પણ એકસાથે જ લઈ, મિશ્ર કરીને વાપરતા અને તે પણ એકાસણાના વ્રત સાથે. ધર્મભાવનાથી અંતર રંગાયા પછી પોતાના છ ભાઈ-ભાભી-ભત્રીજા-ભત્રીજી આદિ સમ્પન્ન પરિવાર છોડીને ૩૨ વર્ષની યુવાવસ્થામાં અમદાવાદ નગરે અધ્યાત્મયોગી શાંતમૂર્તિ ગુરુદેવ રામચંદ્રજી મ.સા.ના હાથે ભાગવતી દીક્ષા અંગીકાર કરી વિ. સં. ૨૦૪૨ જેઠ સુદ નોમના જીવનચંદ્રભાઈ મુનિ પુન્યરત્નચંદ્રજી બન્યા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુરુદેવની નિશ્રામાં સંસ્કૃત, પ્રાકૃત આદિ ભાષાઓનું જ્ઞાન પ્રાપ્ત કરી જૈન આગમશાસ્ત્રોનું અધ્યયન મનન કર્યું. દીક્ષા દિવસથી હમેંશ એકાસણા ચાલુ છે. અને તેમાં પણ છેલ્લા ૯ વર્ષથી ફક્ત ચાર દ્રવ્યથી એકાસણું કરે છેઃ દાળ-રોટી-પાણી ને દૂધ. રસેન્દ્રિયને સંયમીત બનાવી દીધી છે, ધન્ય છે એમના રસ વિજયીપણાને. દીક્ષા લીધી છે ત્યારથી ચાતુર્માસ પ્રારંભથી પર્યુષણ સુધી સંપૂર્ણ મૌન અને ત્યારબાદ દર્શનાર્થીઓ માટે ફક્ત ૧ કલાક જેટલી જ છૂટ રાખી મૌનવ્રત આરાધે છે. આપશ્રીજીની વાણી ખૂબજ તેજસ્વી અને ઓજસ્વી છે. એકવાર જે એમનું પ્રવચન સાંભળે તે એમનાથી આકર્ષાયા વિના રહે નહીં. સ્વયં અંતર્મુખી સાધનાના સ્વામી હોવાથી પ્રવચનમાં પણ અધ્યાત્મનો આસ્વાદ આવ્યા વિના નથી રહેતો.

પૂજ્યશ્રીએ ગુજરાત, રાજસ્થાન, બિહાર, બંગાલ, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ આદિ વિવિધ પ્રાંતોમાં યશસ્વી ચાતુર્માસો કરીને ધર્મનો સંદેશ ફેલાવ્યો છે. છેલ્લે કલકત્તા હાવડામાં ચાતુર્માસ કરી મોટી ખાખર શ્રીસંઘની વિનંતીનો સ્વીકાર કરી બંગાલથી ઉગ્રવિહાર કરી કલ્યાણક ભૂમિઓની સ્પર્શના કરતાં કચ્છની ધરતી પર પ્રથમવાર પધારી મોટી ખાખર પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજરી આપી અને મોટી ખાખરમાં જ પ્રથમ ચાતુર્માસ કરી જનતાને ધર્મલાભ આપ્યો. કચ્છના દરેક સંઘોની પૂજ્યશ્રીને પોત-પોતાના ગામમાં ચાતુર્માસ કરવાની વિનંતીઓ થઈ રહી છે. પૂજ્યશ્રી આત્મસાધનામાં આગળ વધતા રહી શ્રીસંઘને ધમસંદેશનો લાભ દીર્ઘકાલ સુધી આપતા રહે એવી શાસનદેવોને પ્રાર્થના.

પાર્શ્વચંદ્રગચ્છના ચમકતા સિતારાઓમાંના એક છે પૂ. મુનિ શ્રી પુન્યરત્નચંદ્રજી મહારાજ.

खुशियों की रवानी हरपल मुबारक हो आपको,<br>
कामयाबी की नेमत रहे हर कदम पर आपको;<br>
बहारों की बुलन्दी रहे हर फिजां में आपको,<br>
साधना का सितारा चमके हर अर्श में आपका.

જય હો સાધનાનો, વિજય હો આરાધનાનો.

**... સમકિતી જીવ વ્રત-પચ્ચકખાણ-ક્રિયા જે કરે તે અલ્પ કષ્ટે નિર્જરા બહુ નીપજે, સહેજે સુખને પામે અને સમકિત વિના વ્રતપચ્ચકખાણ-ક્રિયા-તપસ્યા ઘણી કરે તે અલ્પ નિર્જરા-તુચ્છ પુન્યનું કારણ થાય. તે થકી ઈન્દ્રિયના સુખ પામે પણ સંસારરૂપ ભવપ્રપંચથી ન છૂટે. તે માટે શુદ્ધ ધર્મની શ્રદ્ધા સહિત વ્રત-પચ્ચકખાણ-તપસ્યા-ક્રિયાની ચાહના ઘણી રાખવી. કારણ કે આયુષ્યનું ચંચલપણું છે અને જો ધર્મ વિના આ તક હાથથી છૂટી તો ફરી ફરી મળવી ઘણી જ દુર્લભ છે. તેથી ધર્મકરણીને વિષે સમયમાત્ર પ્રમાદ ન કરવો. એજ શિખામણ.**

***- મુનિમંડલાચાર્ય શ્રી કુશલચંદ્રજી મ.***



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૭

# શ્રી પાર્શ્વચંદ્રગચ્છના સાધ્વીરત્નો

લેખિકા : સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી 'સુતેજ'

આ સદીના આરંભથી જ સંવેગી ગીતાર્થ તરીકે પૂજ્ય શ્રી કુશલચંદ્ર ગણિવર્યજી મહારાજ શ્રીમન્નાગપુરીય બૃહદ્ તપાગચ્છ, વર્તમાન શ્રી પાર્શ્વચંદ્રગચ્છ પર છવાઈ ગયેલા. પરમ તેજસ્વી રત્ન સમ જેમનો અનોખો આત્મા ઝળહળી રહ્યો છે, જેમનું તપોમય અને વૈરાગ્યપૂર્ણ જીવન દરેક માટે ઉપકારી અને પ્રેરક બની રહ્યું છે, લોકો જેમનાં ગુણગાન ગાતાં થાકતાં નથી, તે પૂજ્યશ્રીના શ્રમણસંઘ પર બહુ ઉપકાર છે.

સાધુ અને સાધ્વીના જીવનમાં પરમ હિતકારી બને તેવા નિયમો સમજાવવા; સાધુ સમાચારીનું જ્ઞાન, ઊન વણીને દશીઓ બનાવી ઓઘો તૈયાર કરવો, પાત્રાં રંગવા આદિ સામાન્ય જ્ઞાન-સમજણ પણ કાળબળે કમ બની ગઈ હતી, ત્યારે સાધુઓને યોગ્ય માર્ગદર્શન ગણિવરશ્રીએ પૂરું પાડયું હતું.

અભણ બહેનોને બારાક્ષરી શીખી લખવા-વાંચવાનું જ્ઞાન આપવું, સૂત્રાભ્યાસ કરી સ્વાધ્યાયમાં મસ્તી કેળવવી એવી ઘણી બાબતોમાં પૂજ્ય શ્રી કુશલચંદ્રગણિવર્યજીનું અનુપમ યોગદાન છે. તેઓશ્રીએ સાધ્વીસંસ્થાને પુનર્જીવિત કરી.

પુરુષપ્રધાન ધર્મ એટલે આત્મપ્રધાન ધર્મ. આત્માની શક્તિ અનંત છે. દેહધારી મનુષ્યો જ્ઞાનના ક્ષયોપશમથી અને પ્રબળ પુરુષાર્થથી એ શક્તિ ખીલવી શકે છે એમાં બે મત નથી.

**સાધ્વીસંઘની રચના :**

શ્રી પાર્શ્વચંદ્રગચ્છમાં તે વખતે સાધ્વીજી વર્ગ નામશેષ હતો. ત્યારે 'કચ્છના કાશી'નું બિરુદ પામેલા કોડાય ગામમાં પૂજ્યશ્રીની પ્રેરક વાણીથી પ્રતિબોધિત થયેલાં ત્રણ શ્રાવિકા બહેનો દીક્ષા લેવા તૈયાર થયાં. અને શ્રી પાર્શ્વચંદ્ર ગચ્છમાં સાધ્વીસંઘને સુસ્થિત કરવાનો પૂર્ણયશ કચ્છ પ્રદેશના કોડાય ગામની ધરતીને ફાળે ગયો! કોડાય ગામના વતની આ ત્રણે બહેનોની દીક્ષા જામનગરમાં થઈ. આ દીક્ષાઓ વિ.સં. ૧૯૪૭માં થઈ. શ્રી પાર્શ્વચંદ્રગચ્છના આ શતાબ્દી વર્ષના સમયગાળામાં જે સાધ્વીરત્નો પ્રકાશ્યાં અને ગચ્છના તેમજ શાસનના ગગન મંડળને ઓજસ્વી બનાવ્યું, તેમના યોગદાનને યાદ કરવાનો આ અનોખો અવસર છે, એ એક રોમહર્ષિણી બીના છે......

વિદ્વાન મુનિપ્રવર પૂજ્ય શ્રી ભુવનચંદ્રજી મહારાજ આજે પૂજ્ય કુશલચંદ્ર ગણિવર્યજીના તેજસ્વી રત્ન સમાન પટ્ટ પ્રભાવક બની પ્રત્યેક કાર્યમાં પૂર્ણ કુશળતા ધરાવે છે. જ્ઞાનપૂરક જ્ઞાનગવેષક બની રહ્યા છે. ગચ્છની સારણા-વારણામાં ઉત્તમ કાર્યો એમનાં હસ્તક થતાં રહે, દીર્ઘ સંયમી તરીકે વિચરી આત્મકલ્યાણ રૂપ પ્રેરકબળ તેઓશ્રી તરફથી મળતું રહે એવી અમારી મનોકામના પરિપૂર્ણ થાઓ!

પૂજ્યશ્રીને 'શાસનના શ્રમણીરત્નો' ગ્રંથ વિષે જાણ થતાં, પૂર્વકાલીન અને વર્તમાનમાં વિચરતા સમુદાયની સાધ્વીજીઓની નામાવલિનું સંપાદનકાર્ય મને સુપ્રત કર્યું, અને મુખ્ય નામાવલિ સાથે ઉપયોગી સૂચનો તથા તેને લગતું સાહિત્ય પણ સાથે મોકલ્યું. પૂજ્યશ્રીનો આ આત્મીયભાવ અનુમોદનીય છે. એવી જ રીતે, ટૂંકા સમયગાળામાં અન્ય સાધ્વીજીઓ તરફથી ઘણો સારો સહકાર સાંપડચો તેથી આ સંપાદન કાર્ય બન્યું છે. અહીં રજૂ થયેલી વિગતોમાં કોઈ હકીકત બાકી રહી હોય તો તે મારી અધૂરી જાણકારીને લીધે હશે.

શ્રી ડુંગરશી સોજુભાઈ મોતા, કચ્છ-બિદડાવાલા (હાલ મુંબઈ) તરફથી તેમજ ગ્રંથના પ્રકાશક શ્રી નંદલાલ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવલુક દ્વારા પત્રથી અને પ્રત્યક્ષપણે ઉપયોગી માહિતી અને માર્ગદર્શન મળતાં રહ્યાં તે અવિસ્મરણીય છે. આ નામાવલિમાં અને આ ટૂંકા નિવેદનમાં કોઈ નામ, કોઈ વિશિષ્ટ પ્રસંગ કે કોઈ હકીકત રહી ગયા હોય તો તે ક્ષમ્ય ગણશો. ભૂલચૂક સંબંધી મિચ્છામિ દુક્કડં.

**શ્રી શિવ-જ્ઞાન-હેમ પરિવારમાંથી વીણેલાં સાધ્વીરત્નો :**

વિ.સં. ૧૯૪૭ના વર્ષમાં ત્રણ બહેનોએ દીક્ષાર્થી તરીકે પૂજ્ય ગણિવર્ય શ્રી કુશલચંદ્રજી મહારાજ પાસે પોતાની મનોભાવના વ્યક્ત કરી. ગુરુવર્ય તરફથી પૂર્ણ અનુમતિ મળતાં આ ત્રણે વિરાગી બહેનો કચ્છથી જામનગર પાદવિહારમાં જોડાયાં. તેઓનાં સંસારી નામ જાણવા મળતાં નથી. માત્ર જન્મભૂમિ અને દીક્ષાભૂમિનાં નામ જાણી શકાયાં છે. કુટુંબીજનોની પૂર્ણ સંમતિથી જામનગર ખાતે દીક્ષા ગ્રહણ કરવાનું નક્કી કરવામાં આવ્યું. તેથી જામનગર સ્થિર થયાં. દીક્ષાદિન નક્કી કરવામાં આવ્યો. પૂજ્ય શ્રી કુશલચંદ્રજી ગણિવર્ય, પૂજ્ય શ્રી ભ્રાતૃચંદ્રસૂરીશ્વરજી અને પૂજ્ય શ્રી દીપચંદ્ર ગણિવર્યજી (ત્રણેય તે સમયે મુનિ હતા), પૂજ્ય શ્રી વિજયચંદ્રજી મહારાજ ઠાણા ૪ ની નિશ્રામાં મહોત્સવપૂર્વક ત્રણે બહેનોએ ભાગવતી દીક્ષા અંગીકાર કરી. ભાગ્યોદય થયો, વીરનું શાસન મળ્યું, દીક્ષાજીવનના પ્રતીક સમ રજોહરણ પ્રાપ્ત થતાં ત્રણે બહેનોનો આત્મા નાચી ઉઠ્યો! ત્રણે ભાગ્યવાન બહેનોનાં નામ પૂજ્ય સાધ્વીશ્રી શિવશ્રીજી, પૂજ્ય સાધ્વીશ્રી જ્ઞાનશ્રીજી, પૂજ્ય સાધ્વીશ્રી હેમશ્રીજી રાખવામાં આવ્યાં. વડી દીક્ષા પ્રદાન થઈ ત્યાં સુધીમાં તો લાધીબહેન અને લાડુબહેન નામનાં બે બહેનો તેઓની પાસે સાધ્વી જીવનની તાલીમ પામવા રોકાયાં હતા. પછી તો શિષ્યા-પ્રશિષ્યા-પરિવાર ઝડપથી વધવા લાગ્યો. ૩૬ હજાર સાધ્વીઓના પ્રકર્ષ નેતા ચંદનબાળાની જેમ આ ત્રણ સાધ્વીજી મહારાજ શ્રી પાર્શ્વચંદ્રગચ્છના સાધ્વી સમુદાયના નેતા છે. હાલ જે પરિવાર વિચરી રહ્યાં છે તે સર્વ આ ત્રણનો જ વંશવિસ્તાર છે. એમાં પૂજ્ય સાધ્વીશ્રી ચંદનશ્રીજી મહારાજનો પરિવાર અપવાદરૂપ છે.

પૂજ્ય શિવશ્રીજી મહારાજ સૌથી મોટાં, તેમનાં શિષ્યા તરીકે પૂજ્ય જ્ઞાનશ્રીજી અને પૂજ્ય હેમશ્રીજી થયા. બીજા વરસે તેમની પાસે ઘણી દીક્ષાઓ થઈ એવા ઉલ્લેખો છે.

ત્રીજા નંબરના શિષ્યા પૂજ્ય શ્રી લાવણ્યશ્રીજી પણ પ્રસિદ્ધ હતાં. શ્રી ભદ્રેશ્વર તીર્થનો છેલ્લો જીર્ણોદ્ધાર પૂજ્ય શ્રી કુશલચંદ્રજી ગણિવર્ય હસ્તક થયેલ, ત્યારે આ ગચ્છના મુનિવરો તેમજ તે સમયે વિચરતા પૂજ્ય શ્રી લાવણ્યશ્રીજી આદિ પરિવારના ભીંતચિત્રો ચિતરાએલાં મળી આવે છે. સં. ૨૦૦૮ સુધી ભદ્રેશ્વરના મુખ્ય મંદિરમાં આ ચિત્રો હતાં, જે સં. ૨૦૦૮ના વર્ષમાં થયેલા તીર્થપટોમાં અંતર્ગત થઈ ગયાં, એવું જાણવા મળે છે. આ ચિત્રાવલિ જોનાર એની રોમહર્ષ ભવ્યતાને ભૂલી શકે તેમ નથી. પૂજ્ય લાવણ્યશ્રીજી દીર્ઘસંયમી હતાં. શિષ્યા પરિવાર સાથે વર્ષો સુધી વિચરતા રહ્યાં અને જૈનશાસન તેમજ ગચ્છની સારી એવી સેવા બજાવી. તેઓશ્રી કચ્છ અબડાસા પ્રદેશમાં વધુ વિચર્યાં. ડુમરા વગેરે ગામોમાં ઘણાં ચોમાસાં કર્યાં. શ્રી પાર્શ્વચંદ્રગચ્છના અનુરાગી શ્રાવિકા કબૂબહેન પાસે તેમના પરિવારનાં સાધ્વીજીઓએ ઘણો અભ્યાસ કર્યો હતો એવા ઉલ્લેખો મળે છે. આ પરિવારમાં પૂજ્ય મણિશ્રીજી, પૂજ્ય સુધાકરશ્રીજી, પૂજ્ય મનોહરશ્રીજી આદિ ઠાણાં સારા અભ્યાસી હતાં. આ સર્વ સાધ્વી સમુદાયે ધ્યાન-જ્ઞાન-તપ-ત્યાગમાં ઘણી સારી સુવાસ પ્રસરાવેલી છે.

**- 'શાસનના શ્રમણીરત્નો' ગ્રંથમાંથી સંક્ષેપ સાથે ઉદ્ધૃત**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૯

## શાસન પ્રભાવક વાત્સલ્યમૂર્તિ

# પૂજ્ય સાધ્વી શ્રી લક્ષ્મીશ્રીજી મહારાજ

લેખિકા : સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી 'સુતેજ'



કચ્છ - નવાવાસ (દુર્ગાપુર) ગામના વતની લાખણીબહેનને માતા-પિતાએ બાજુના ભારાપુર ગામે કોરશીભાઈ લધા નામે સદ્‌ગૃહસ્થ સાથે લગ્નગ્રંથિથી જોડ્યાં હતાં પરંતુ એક જ વર્ષના ગૃહસ્થાશ્રમમાં કોરશીભાઈનું અકાળે, અચાનક અવસાન થતાં લાખણીબહેનનો જીવનમાર્ગ જુદી જ દિશામાં ફંટાયો. તેમને નાનપણમાં માતા-પિતા તરફથી ધાર્મિક સંસ્કારો તો મળ્યા જ હતા, તેમાં આ આઘાતથી પૂર્વસંસ્કાર પુનર્જાગૃત થયા. પતિના અવસાનથી લાખણીબહેને સ્વસ્થતા જાળવી. સંસારમાં કોઈ કોઈનું નથી એવા ચિંતન-મનન દ્વારા દુ:ખદ સમયને સુખદ બનાવી દીધો. વળી ધર્મપ્રવૃત્તિમાં પ્રવૃત્ત રહેવા લાગ્યાં. ધાર્મિક વાંચન-મનનથી વૈરાગ્યવૃત્તિ જાગી અને ક્રમે ક્રમે દૃઢ બની અને દીક્ષા લેવાનો સંકલ્પ કર્યો. કુટુંબીજનોની સંમતિ મેળવવામાં સફળ થયાં. એવામાં સં. ૧૯૪૮ના ફાગણ સુદ બીજે બીજી દીક્ષા થતી હતી, તેમાં પોતાનું નામ જોડી દીધું. પૂજ્ય શ્રી કુશલચંદ્ર ગણિવર્યજી હસ્તક બે બહેનોની દીક્ષા થતી હતી, તેમાં પોતે પણ તૈયાર થઈ ગયાં. સંસારી વેશ ત્યજીને ચારિત્રવેશ ધારણ કર્યો. પૂજ્ય શ્રી શિવશ્રીજી મહારાજના શિષ્યા તરીકે સાધ્વીજી લક્ષ્મીશ્રીજી નામથી જાહેર થયાં.

પૂજ્ય શ્રી લક્ષ્મીશ્રીજી મહારાજ પંચમહાવ્રત અને પંચાચારનું પાલન કરતાં ગુરુનિશ્રામાં ઘણો સમય વિચર્યા. અનુક્રમે પોતાનો પણ શિષ્યા-પરિવાર થતાં ગુર્વાજ્ઞાથી અલગ ચાતુર્માસ થતાં, ગ્રામાનુગ્રામ વિચરતાં, સ્વ-પર કલ્યાણ સાધતાં અને શાસનપ્રભાવના કરતાં રહ્યાં અને નિજ કીર્તિધ્વજા ફરકાવતાં રહ્યાં.

પૂજ્યશ્રી સ્વાધ્યાય અને સાધનામાં નિમગ્ન રહેતા. બહેનો અને બાલિકાઓને પ્રેમથી અને ખંતથી ધાર્મિક અભ્યાસ કરાવતા. તેમનું વાત્સલ્યભર્યું વ્યક્તિત્વ અને મિલનસાર સ્વભાવ તેમજ પ્રસન્નમધુર ચહેરો અન્ય પર પ્રથમ દૃષ્ટિએ જ પ્રભાવ પાથરતાં. જ્યાં જ્યાં જતાં, ત્યાં ત્યાં સૌના દિલ જીતી લેતાં. ધર્મરાગી જનોને ધર્મભાવમાં સ્થિર કરતાં. વૈરાગ્યભાવી જનોને પ્રતિબોધી સંયમમાર્ગે સંચરવા પ્રેરણા આપતા. તેથી થોડા સમયમાં સૌમાં પ્રિય થઈ પડ્યાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતાં. જ્યાં જ્યાં ચાતુર્માસ કરતાં ત્યાં ત્યાં ધાર્મિક ઉત્સવો ઊજવાતા, અનેકોને વ્રતનિયમો ઉચ્ચરાવતાં, ધર્મક્રિયા પ્રતિ અંતરભાવ જગવતાં. આમ, તેમની નામના ચોમેર ફેલાઈ હતી.

પરંતુ નામ એનો નાશ નિશ્ચિત છે. સમય જતાં તબિયત વધુ નાદુરસ્ત બની. વધુ નબળાઈ આવતી ગઈ. વિ.સં. ૨૦૦૪ની સાલમાં નવાવાસ શ્રી સંઘના ભાવિકોને વિચાર થયો કે, આપણા ગામના પૂજ્ય શ્રી લક્ષ્મીશ્રીજી મહારાજની તબિયત અનુકૂળ રહેતી નથી; તો તેમને ચાતુર્માસ માટે વિનંતી કરીએ, જેથી સેવા-ભક્તિનો લાભ મળે. શ્રી સંઘની વિનંતીથી પૂજ્યશ્રી નવાવાસ ચાતુર્માસ પધાર્યાં. સંઘમાં આનંદ છવાઈ ગયો. ચાતુર્માસ દરમિયાન શ્રી સંઘે સારી એવી સેવા કરી લાભ લીધો. ડૉ. રતિલાલભાઈ અને અન્ય શ્રાવકો પણ ખડે પગે હાજર રહેતા. પરંતુ વૃદ્ધાવસ્થાને લીધે કોઈ ઔષધ કામીયાબ નીવડતું ન હતું. શરીર વધુને વધુ અશક્ત થતું જતું હતું. ચાતુર્માસ પછી વિહાર શક્ય ન હતો. બીજું ચાતુર્માસ પણ ત્યાં જ સ્થિરતા કરવાનો આગ્રહ થતાં ત્યાં જ રહ્યાં. સમસ્ત સંઘ અને શિષ્યા-પ્રશિષ્યા પરિવાર ખડે પગે સેવાચાકરી કરતો રહ્યો. પર્યુષણ-પર્વમાં તબિયત વધુ લથડી. ચોર્યાશી લાખ જીવાયોની સાથે ખમત-ખામણાં કરતાં પૂજ્ય શ્રી લક્ષ્મીશ્રીજી મહારાજ પોતાની જીવનમર્યાદા શાંતિપૂર્વક સમાપ્ત કર, વિ. સં. ૨૦૦૫ના ભાદરવા સુદ બીજને ગુરૂવારે બપોરે ૨.૩૦ વાગે પંડિતમરણ સાધી પરલોકગામી બન્યાં. પોતાના વિશાળ શિષ્યા-પ્રશિષ્યા પરિવારને અને સકળ શ્રી સંઘને ચોધાર આંસુએ રડતાં મૂકી સ્વર્ગવાસી બન્યાં.

આવાં સુશીલ સાધ્વીજી સ્વર્ગવાસ પામવાથી સંઘમાં ખોટ પડી. તેઓશ્રીના સદ્ભાવી ગુણોને સંભારતાં, યાદ કરતાં શ્રી સંઘે શ્રી ઘેલાભાઈ પુનશીના પ્રમુખપદે ગુણાનુવાદ સભા યોજી. લેખિત અને મૌખિક ગુણ ગવાયા. તેમનાં મુખ્ય શિષ્યા પૂજ્ય શ્રી તત્ત્વશ્રીજી મહારાજે, શ્રી સંઘે ચૌદ મહિના સતત સેવા કરી સંતોષ આપ્યો અને પૂજ્ય ગુરુણી જ્યાં જન્મ્યાં ત્યાં સ્વર્ગવાસ પામ્યાં એનો આનંદ વ્યક્ત કર્યો, અને આશીર્વાદ આપ્યા. આત્મશ્રેયાર્થે ભક્તિ-મહોત્સવ ઉજવાયો. ગામેગામ પ્રભુપૂજાઓ ભણાવાઈ, પાખીઓ પાળવામાં આવી અને સૌ ગુરૂગુણમાં નિમગ્ન બની રહ્યાં.

એવાં એ વાત્સલ્યમૂર્તિ ગુરુણીને કોટિશઃ વંદન!

## દાદાસાહેબ શ્રી પાર્શ્વચંદ્ર સૂરીશ્વરજી

**...(એ) મહાપુરુષે પોતાના નામનો લોભ રાખેલ નથી, અને આગમવસ્તુ પ્રસિદ્ધ કરવામાં કોઈ જાતનો સંકોચ ધારણ કરેલ નથી, નિર્ભયપણે સત્યવસ્તુ જણાવેલ છે. તેમનામાં વિદ્વત્તા, પ્રાકૃત-સંસ્કૃત અને ગૂર્જરભાષામાં કવિત્વશક્તિ, લેખનકળા અને તેની શુદ્ધતા, સૂત્રોના બાલાવબોધ સરલ ભાષામાં કરવાની શક્તિ અપૂર્વ હતી. તેમજ જિનવચન પર શ્રદ્ધા, જ્ઞાનની જાગૃતિ-તીક્ષ્ણતા, તેને અંગે તીવ્ર વિચારશક્તિ અને ચારિત્રની નિર્મલતા વગેરે અલૌકિક હતા. એમના ગ્રન્થોનો અભ્યાસ-મનન-ચિંતન જેમણે કરેલ હોય અને પોતે વિચારશીલ-વિવેકી હોય તેમની ઉપરની બીના આપોઆપ માલમ પડી આવે એમ છે.**

***– આ.શ્રી સાગરચંદ્રસૂરિ, 'સપ્તપદીશાસ્ત્ર'ની પ્રસ્તાવના***


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*પરમ તપસ્વિની*

# પૂજ્ય સાધ્વી શ્રી લબ્ધિશ્રીજી મહારાજ

**લેખિકા : સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી 'સુતેજ'**



ચૌયાર્શી લાખ યોનિમાં આવાગમન પછી મનુષ્ય-અવતાર પ્રાપ્ત થવો દુર્લભ છે; અને મનુષ્યજીવનમાંય ધર્મમય જીવન પ્રાપ્ત થવું અતિ દુર્લભ છે. કોઈ ભાગ્યશાળી આત્માને જ આ યોગાનુયોગ પ્રાપ્ત થાય છે. પૂજ્ય શ્રી લબ્ધીશ્રીજી મહારાજનું જીવન એનું જ્વલંત દૃષ્ટાંત છે. કારણ કે વિ. સં. ૧૯૨૪માં પૂજ્યશ્રીનો જન્મ કચ્છના ડોણ ગામમાં થયો હતો. પિતાનું નામ દેશરભાઈ અને માતાનું નામ ખીમઈબાઈ હતું. માતાપિતાએ લાડલી પુત્રીનું નામ લાધીબાઈ પાડયું હતું. માતા-પિતાના લાડકોડ વચ્ચે ઊછરતી લાધીબાઈને બાલ્યકાળમાં જ છોડીને માતા સ્વર્ગે સિધાવ્યા. તેથી લાધીબાઈને પોતાના મોસાળ નવાવાસ ગામે રહેવા મોકલ્યા. ત્યાં સુધર્મી શ્રાવિકાઓના સંપર્કમાં રહેવાથી તેમની ધર્મભાવના ખૂબ વિકાસ પામી.

લાધીબાઈ વયમાં આવતાં નવાવાસના જ નિવાસી વેલજીભાઈ ભીમાભાઈ સાથે તેમને લગ્નગ્રંથિથી જોડવામાં આવ્યા પરંતુ અહીં પણ વિધિસંકેત કંઈક જુદો જ નિર્માણ થયો હતો. સંસારજીવનના થોડા જ સમયમાં અચાનક વેલજીભાઈનું અવસાન થયું. આ આઘાતથી લાધીબહેનના પૂર્વસંસ્કાર પુનર્જાગૃત થયા. ધર્મરાગી શ્રાવક-શ્રાવિકાઓ દ્વારા જીવન વિશેની સાચી સમજણ પ્રાપ્ત થઈ. સંસારને સફળ બનાવવા માટે ધર્મનું આરાધન જ શક્તિ આપે છે એની સાચી સમજણ પ્રાપ્ત થઈ. સંયમભાવના સુદૃઢ થતા દીક્ષા લેવાની ભાવના જાગી. યોગાનુયોગે સં. ૨૦૪૭માં જામનગર મુકામે કોડાયની ત્રણ બહેનોનો દીક્ષા-મહોત્સવ નિશ્ચિત થયો હતો. એની જાણ થતાં લાધીબહેન પોતાની બહેનપણી લાડુબહેન સાથે જામનગર પહોંચ્યા. આ દીક્ષા-મહોત્સવ નજરે જોતાં જ દીક્ષા લેવાનો સંકલ્પ કર્યો. જામનગરથી કચ્છ સુધી ગુરૂદેવ સાથે વિહાર કર્યો. અને બીજી પણ બહેનો સાથે, આ બંને બહેનોનો દીક્ષા-મહોત્સવ કોડાય ગામે ઊજવાયો. પૂજ્ય શ્રી કુશલચંદ્ર ગણિવર્યની નિશ્રામાં, પૂજ્ય શ્રી શિવશ્રીજી મહારાજનાં પ્રથમ શિષ્યા પૂજ્ય શ્રી લબ્ધિશ્રીજી અને પૂજ્ય શ્રી લાભશ્રીજી નામે ઉદ્‌ઘોષિત થયા. ત્યારબાદ યોગવહનપૂર્વક વડી દીક્ષા આપવામાં આવી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્યશ્રી ગુરૂસેવામાં અને જ્ઞાનાભ્યાસમાં રત રહી કચ્છ-કાઠિયાવાડ-ગુજરાતમાં વિચરતાં રહ્યાં. તેમની જ્ઞાનની ઓજસ્વિતા, તપની તેજસ્વિતા અને વ્યક્તિત્વની વત્સલતાને વશવર્તીને તેઓશ્રીનો શિષ્યા-પરિવાર વધતો જ રહ્યો. પૂજ્યશ્રી સંયમયાત્રાનું અનુપાલન કરતાં. અનેકોને સંસારની અસારતા સમજાવી સંયમમાર્ગે સંચરવા પ્રેરતાં, ઘણાં વર્ષો વિચર્યા. વિ.સં. ૧૯૯૪માં મોટી ખાખર સંઘની વિનંતીથી સપરિવાર ત્યાં પધાર્યા. 'લાછુમાં' તરીકે પ્રસિદ્ધ આગેવાન શ્રાવિકા લાછબાઈએ આખા ગામમાં અને આજુબાજુનાં ગામોમાં સારી એવી અનુમોદના જગાવી. પૂજ્યશ્રીની સારી એવી સેવાભક્તિ બજાવી. આનંદથી ચાતુર્માસ પૂર્ણ થયું.

પરંતુ દિવાળી પછી પૂજ્યશ્રી બિમારીમાં સપડાયાં. ન્યૂમોનિયા થઈ ગયો. એમાં તેમનું શરીર ક્ષીણ થવા લાગ્યું. 'તૂટી તેની બુટ્ટી નહીં' એ ન્યાયે, આ ટૂંકી બિમારીમાં, ૪૬ વર્ષ સુદીર્ઘ સંયમપર્યાય પાળી, સમાધિપૂર્વક સ્વર્ગે સિધાવ્યાં. શિષ્યા-પરિવારમાં પૂજ્ય શ્રી પૂનમશ્રીજી તથા પૂજ્ય શ્રી જનકશ્રીજી મહારાજે ખૂબ સેવાભક્તિ બજાવી લાભ લીધો. સકલ સંઘ અને લાછુમાએ પણ સારી સેવા કરી.

પૂજ્યશ્રીના પાર્થિવ દેહને જરકસીની પાલખીમાં પધારવી, 'જય જય નંદા, જય જય ભદ્રા'ના ગગનભેદી જયઘોષ વચ્ચે, તેમના સંસારી ભાઈ શ્રી શામજીભાઈ શિવજીભાઈએ અગ્નિસંસ્કાર કર્યા. સકલ સંઘે દેવગતિસૂચક પગલાંના અને પુષ્પમાળના દર્શન કર્યા અને પૂજ્યશ્રીના ગુણગાન ગાયાં. ગામેગામ ગુણાનુવાદ સભાઓ થઈ. પૂજ્યશ્રીના આયંબિલ તપ અને દીક્ષા પ્રદાનનાં કાર્યો, જીવદયા અને શાસનપ્રભાવનાના કાર્યોની અત્યંત પ્રશંસા થઈ.

એવા એ તપસ્વી શ્રમણીરત્ના સાધ્વીજી મહારાજને અંતઃકરણપૂર્વક વંદના!

**'વેરાણુબંધીણિ મહબ્ભયાણિ' માટે સર્વગચ્છવાળાઓએ સર્વ ગચ્છવાળાઓ તરફ આજકાલ મધ્યસ્થપણે સભ્યતા સાચવી સંપ-સલાહ અને મૈત્રીભાવથી વર્તવું ઘટિત છે. કારણ કે એમ કર્યાથી આપણો પરિણામ ક્લિષ્ટ ન થતાં સમતાપણામાં રહે છે અને તેથી આપણા મનમાં મૈત્રીભાવનારૂપ કલ્પવલ્લી પૂરતી વિકસિત થાય છે, જેના પરિણામમાં આપણે 'तमेव सच्चं निस्संकं, जं जिणेहि पवेइयं' એ પદ્ધતિને અનુસરીને પારમેશ્વરી આજ્ઞાનું પાલન કરવા સમર્થ થઈ શકીએ છીએ.**

**'પંચ પ્રતિક્રમણ સૂત્ર' પ્રસ્તાવનામાંથી, સં. ૧૯૫૦**

***- સંવિજ્ઞપક્ષીય ભિક્ષુ ભ્રાતૃચંદ્ર***



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## વિશાળ સાધ્વીસમુદાયના સર્જક

# પૂજ્ય સાધ્વીશ્રી લાભશ્રીજી મહારાજ

લેખિકા : સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી 'સુતેજ'



પૂજ્ય શ્રી લાભશ્રીજી મહારાજના સંસારી જીવન વિશે વિશેષ માહિતી ઉપલબ્ધ થતી નથી. પરંતુ તેમનો જન્મ કચ્છના નાગલપુર ગામમાં થયો હતો એટલી ચોક્કસ માહિતી મળે છે. નવાવાસ ગામના લાધીબહેન (પૂજ્ય શ્રી લબ્ધિશ્રીજી) સાથે જેમનાં બહેનપણાં હતા તે જ આ લાડુબહેન હોવા જોઈએ એમ કલ્પના કરી શકાય. બંને સખીઓ એકીસાથે જ ધાર્મિક ક્રિયાઓ કરતાં અને વિ.સં. ૧૯૪૭માં પૂજ્ય શ્રી કુશલચંદ્રજી ગણિવર્ય હસ્તક કોડાય ગામની ત્રણ બહેનોનો દીક્ષા-મહોત્સવ જામનગર મુકામે ઊજવાયો હતો ત્યારે જે બે બહેનો - લાધીબહેન અને લાડુબહેન તે ઉત્સવમાં જોડાયા હતાં. અને પછીથી દીક્ષા અંગિકાર કરી પૂજ્ય શ્રી લાભશ્રીજી મહારાજ બન્યા હતા તેમ સ્વીકારી શકાય. તે બંને બહેનપણીઓ એટલે પૂજ્ય શ્રી લાભશ્રીજી અને પૂજ્ય શ્રી લબ્ધિશ્રીજી મહારાજ બંને ગુરૂબહેનો, એક જ ગુરુની બે શિષ્યાઓ. તેઓના ગુરૂ પૂજ્ય શ્રી જ્ઞાનશ્રીજી મહારાજ હતાં. પૂજ્ય શ્રી લાભશ્રીજી મહારાજના સંસારી ભાઈનું નામ પુંજાભાઈ હતું, એટલી માહિતી મળે છે. તેમના શ્વસુર પક્ષની કોઈ માહિતી મળતી નથી.

પૂજ્ય શ્રી લાભશ્રીજી મહારાજ સરળ સ્વભાવી, પ્રખર વિદ્વાન અને આત્માર્થી જીવ હતાં. તેમનાં પ્રથમ શિષ્યા પૂજ્ય શ્રી ગુણશ્રીજી મહારાજ ઉચ્ચ કોટિના વિદ્વાન હોવાથી આચાર્ય જેટલું માન ધરાવતા હતાં. તેમનો કંઠ એટલો મધુર હતો કે, સાંજના પ્રતિક્રમણ વખતે સજ્ઝાય બોલતાં ત્યારે સાંભળનાર વ્યક્તિ ત્યાં જ થંભી જતી. તો છનાંમાનાં દિવાલ પાછળ ઊભા રહીને તેમનાં સુરીલા કંઠે ગવાતી સજ્ઝાયો સંભળતાં અને આનંદનો અનુભવ કરતાં, એવી લોકોક્તિ છે.

પૂજ્ય શ્રી ગુણશ્રીજીનો અભ્યાસ ઘણો જ સારો હતો. પૂજ્ય શ્રી જયશ્રીજી મહારાજ, પૂજ્ય શ્રી કલ્યાણશ્રીજી મહારાજ, પૂજ્ય શ્રી ભાનુશ્રીજી મહારાજ વગેરે ગુરૂબહેનો તેમનો પડચો બોલ ઉપાડતાં. તેમને પૂજ્ય શ્રી સુશીલાશ્રીજી નામે ધ્રાંગધ્રાનાં એક શિષ્યા પણ હતાં. તેમનાં બીજા બહેનો પણ દીક્ષાર્થી હતાં પરંતુ પૂજ્ય શ્રી ગુણશ્રીજી મહારાજ શ્રીમદ્ રાજચંદ્રના ગ્રંથોના અભ્યાસી બનતાં ગયાં અને પછીથી કાનજી સ્વામીના કોઈ સોબતીના સંપર્કમાં આવતાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ પંથના રંગે રંગાયાં અને અન્ય દીક્ષાર્થી બહેનોને પણ એ સંપ્રદાય પ્રત્યે દોરવા માંડ્યાં. એને લીધે તેમનાં નાનાં ગુરૂબહેન પૂજ્ય શ્રી ખાંતિશ્રીજી મહારાજ તેમનાથી અલગ વિચર્યા. પૂજ્ય શ્રી લાભશ્રીજી મહારાજ વાંકાનેર મુકામે કાળધર્મ પામતાં ગુણશ્રીજી મહારાજ સોનગઢવાસી બની ગયાં; સાધુવેશ ત્યજીને સફેદ વસ્ત્રો ધારણ કરીને ત્યાં જ સ્થિર વસવાટ કર્યો. હાલ પૂજ્ય શ્રી સુશીલાશ્રીજી સોનગઢ વસે છે.

પૂજ્ય લાભશ્રીજી મહારાજ પૂજ્ય શ્રી ખાંતિશ્રીજી મહારાજના સંસારી સંબંધે સગાં ફુઈ હતાં. એ સંબંધે તેમણે તેઓશ્રી પાસે દીક્ષા લીધી હતી. તેમનો પરિવાર વટવૃક્ષ માફક વિસ્તર્યો. આ પરિવારમાં શિષ્યા-પ્રશિષ્યા અને તેમની પણ શિષ્યાઓ થઈ. જેમાં કોઈ સમર્થ લેખિકા બની, વક્તા બની; બે પ્રશિષ્યાઓએ ૫૧ ઉપવાસની પ્રખર તપસ્યા કરી, ઘણાંએ માસક્ષમણ, અઠ્ઠાઈ, સોળ, વીશ, એકવીશ, વરસીતપ, વીશસ્થાનક તપસ્યાઓ કરી, ઘણાં શિખરજી સુધી, ઘણાં રાજસ્થાન-આબૂ સુધી, ઘણાં જેસલમેર સુધી, ઘણાં મહારાષ્ટ્રમાં જુન્નર-મંચર-પૂના-આંબે ગામ સુધી દીર્ઘ અને ઉગ્ર વિહાર કરનારાં સાધ્વીજીઓ છે. કચ્છ, સૌરાષ્ટ, ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાન આદિ પ્રદેશોમાં વિહરતો આ પરિવાર શ્રી પાર્શ્વચંદ્રગચ્છનું નામ રોશન કરી રહ્યો છે અને શાસનની સતત અને અનેકવિધ પ્રભાવના કરી રહ્યો છે!

એવાં એ સમૃદ્ધ પરિવારના પ્રવર્તક સાધ્વીજી શ્રી લાભશ્રીજી મહારાજને કોટિ કોટિ વંદના!

## મહાતપસ્વી શ્રી પૂંજાઋષિ

**શ્રી પાર્શ્વચંદ્રગચ્છના આચાર્ય શ્રી વિમલચંદ્ર સૂરિના શિષ્ય શ્રી પૂંજાઋષિએ ૩૮ વર્ષના દીક્ષા-પર્યાયમાં કુલ ૧૧૩૨૧ (બીજી ગણતરી પ્રમાણે ૧૨૩૨૨) ઉપવાસ કર્યા હતા. શ્રી પાર્શ્વચંદ્રગચ્છના શ્રી દલભટમુનિ રચિત 'પૂંજાઋષિ રાસ' અને ખરતરગચ્છના શ્રી સમયસુંદર ગણિ રચિત 'પૂંજરાજ ઋષિ રાસ'માં આ તપસ્યાની વિગતો મળે છે.**

**ગુજરાતના રાંતેજ (ભોયણી પાસે) ગામમાં કડવા પાટીદાર કુળમાં તેમનો જન્મ થયો હતો. વિ.સં. ૧૬૭૦માં દીક્ષા લીધી. સં. ૧૭૦૮માં તેમનો સ્વર્ગવાસ થયો. અમદાવાદની શામળાની પોળમાં શ્રી મહાવીરસ્વામીના દહેરાસરમાં શ્રી પૂંજાઋષિની પ્રતિમા છે અને તેના ઉપરના લેખમાં પણ તેમની ઉગ્ર તપસ્યાનો ઉલ્લેખ છે.**


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ચારિત્રનિષ્ઠ

# સાધ્વીશ્રી ચંદનશ્રીજી મહારાજ

**લેખક : મુનિશ્રી ભુવનચંદ્રજી મહારાજ**



દીર્ઘસંયમી, શાંતમૂર્તિ, પ્રભાવશાળી અને વિશાળ સાધ્વી સમૂદાયના નાયિકા એવા પૂજ્ય સાધ્વીજી શ્રી ચંદનશ્રીજી મહારાજ શ્રી પાર્શ્વચંદ્રગચ્છના અર્વાચિન ઇતિહાસમાં જે આદ્ય સાધ્વીજીઓ થયા તેમાંના એક મહત્તરા સાધ્વીજી છે. 'નામ તેવા ગુણ'ની કહેવત પ્રમાણે તેમનું જીવન સુવાસિત હતું. પ્રખર પ્રતાપી ભારતભૂષણ પૂજ્ય આચાર્યદેવ શ્રી ભ્રાતૃચંદ્રસૂરિજીના હસ્તે એમની દીક્ષા થઈ હતી. ૮૧ વર્ષની ઉંમર અને ૬૦ વર્ષનો દીક્ષા પર્યાય ધરાવનારા એ સાધ્વીજી મહારાજનું પ્રેરણા, પુરુષાર્થ અને પ્રેમના પ્રતિક જેવું જીવન-કવન અહીં ટૂંકમાં નોંધ્યું છે.

તેઓનું વતન ખંભાત હતું. પિતાનું નામ : શેઠ વર્ધમાન હેમચંદ, માતાનું નામ : પાર્વતીબહેન, જન્મ : સં.૧૯૩૧, ભાદરવા સુદ ૩, સંસાર પક્ષે નામ : ચંદનબહેન, એમનું મોસાળ ધોળકા પાસે ત્રાંસદ ગામે હતું અને ચંદનબહેન ત્યાં જ ભારે લાડકોડમાં ઉછર્યા હતા. એ સમયની રૂઢી પ્રમાણે તેર વર્ષની વયે ખંભાતના શ્રી લલ્લુભાઈ ગુલાબચંદ સાથે તેમના લગ્ન થયાં પરંતુ થોડા જ સમયમાં લલ્લુભાઈનું અવસાન થયું. ચંદનબહેન પીયરમાં રહેવા લાગ્યા. એ અરસામાં શ્રી ભ્રાતૃચંદ્રજી મહારાજ, શ્રી દીપચંદ્રજી મહારાજ આદિ ત્રણ ઠાણાનું ચોમાસું થયું. ભગવતી સૂત્રના વ્યાખ્યાન થતાં હતાં. ચંદનબહેન ગુરૂમહારાજની પ્રેરકવાણીના પ્રવાહમાં ભીંજાયા, વૈરાગી બન્યા. વડીલોની સંમતિ નહોતી. દીક્ષા માટે રજા ન મળે ત્યાં સુધી ચંદનબહેને છ વિગઈઓના ત્યાગનો નિયમ લઈ લીધો. છ વર્ષ વિતી ગયા. પણ દીક્ષા માટે રજા ન મળી. તીવ્ર વૈરાગી ચંદનબહેને ગૃહત્યાગ કરવાનું આખરી પગલું ભર્યું. એ વખતની સામાજિક પરિસ્થિતિ જોતાં ચંદનબહેનનું આ સાહસ કેટલું મનોબળ માગી લે એની કલ્પના કરવી અઘરી નથી. કોઈક ધાર્મિક પ્રસંગે ધોળકા મામાના ઘરે ગયેલા, ત્યાંથી મોકો જોઈને અમદાવાદ-શામળાની પોળે આવ્યા. ગુરુમહારાજ ત્યાં ન હતા, માંડલમાં હતા. શેઠાણી હરકોરબહેન હઠીસિંગના સહકારથી ચંદનબહેન માંડલ પહોંચ્યા. ગુરુમહારાજે વડીલોની રજા વગર દીક્ષા આપવાની સ્પષ્ટ ના પાડી. બીજી બાજુ માતા-પિતા વગેરે પણ શોધતા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શોધતા માંડલ પહોંચી આવ્યા અને પાછા લઈ જવાની વાત કરી. ચંદનબહેને જાહેર કર્યું કે જો મને ખંભાત લઈ જશો તો હું ચારે આહારનો ત્યાગ કરીશ.

ચંદનબહેનના દૃઢ નિર્ધાર આગળ સંબંધીઓ આખરે પીગળ્યા પણ તપાગચ્છમાં દીક્ષા લે તો રજા આપે એવી વાત કરી. ચંદનબહેન તો પૂજ્યશ્રી ભ્રાતૃચંદ્રજી મહારાજને ગુરૂ માનતા હતા અને એમના હાથે જ દીક્ષા લેવા માગતા હતા. આ મુદ્દે લાંબી ચર્ચાઓ થઈ. અમદાવાદ-વીરમગામ વગેરે ગામોના આગેવાનોએ રસ લીધો અને છેવટે ચંદનબહેનની ઈચ્છા માન્ય રહી. દીક્ષા માંડલમાં જ સં. ૧૯૫૨ કારતક સુદ-૨ના ભારે ધામધૂમથી થઈ. દીક્ષાનો ખર્ચ માંડલના નવલખા પરિવારે કર્યો હતો. ચંદનશ્રી નામ રાખવામાં આવ્યું. આ પ્રસંગે પાર્શ્વચંદ્રગચ્છના સાધ્વીશ્રી લબ્ધિશ્રીજી, લાભશ્રીજી આદિ ઠાણા ઉપસ્થિત હતા. ચંદનશ્રીજીને સ્વતંત્રરૂપે, દીક્ષા આપવામાં આવી હતી, અન્ય સાધ્વીજીના શિષ્યા ન બનાવવા પાછળ ચંદનશ્રીજીની એવી ઈચ્છાનું કારણ હશે અથવા પરિવારજનોની ઈચ્છાનું કારણ હશે એવું અનુમાન થઈ શકે છે. યોગવહન તથા વડી દીક્ષા અમદાવાદમાં થઈ. બીજા વર્ષે સાધ્વીશ્રી ગુણશ્રીજી આદિ ઠાણાની સાથે ચંદનશ્રીજી કચ્છમાં આવ્યા. શ્રી ભ્રાતૃચંદ્રજી મહારાજની નિશ્રામાં મોટી ખાખરમાં ચોમાસું થયું.

બીજા વર્ષે સુથરીના બે બહેનોએ તેમની પાસે દીક્ષા લીધી, તેમના નામ હતા શાંતિશ્રીજી તથા આનંદશ્રીજી. આ દીક્ષાઓ પૂજ્ય શ્રી ભ્રાતૃચંદ્રજી મહારાજના હસ્તે થઈ હતી. બીજા વર્ષે નવાવાસમાં પૂજ્ય શ્રી કુશલચંદ્રજી ગણિના હસ્તે એક બહેનની દીક્ષા થઈ. એમનું નામ સુમતિશ્રીજી હતું. એ જ વર્ષે નાની ખાખરના મા-દીકરીએ દીક્ષા લીધી. એમના નામ પડ્યા -પુણ્યશ્રીજી અને હરખશ્રીજી, નાની ખાખરમાં આ પહેલવહેલી દીક્ષા થઈ. ચોમાસું નાની ખાખરમાં થયું અને એ જ ચોમાસામાં સુમતિશ્રીજી તથા પુન્યશ્રીજી કાળધર્મ પામ્યા. બીજા વર્ષે ગુજરાત તરફ વિહાર કરવાના હતા. પણ નાના સાધ્વીજીનું સ્વાસ્થ્ય અચાનક બગડ્યું અને તે કાળધર્મ પામ્યા. ચોમાસું માંડવીમાં થયું. બીજા વર્ષે ખંભાત પધાર્યા. સં. ૧૯૬૦માં સંસાર પક્ષે તેમના ફઈબા મોતીબહેને દીક્ષા લીધી. એમનું નામ રાજશ્રીજી હતું.

કચ્છના શ્રાવિકા મીઠાંબાઈની વિનંતીથી પૂજ્ય શ્રી ચંદનશ્રીજી મહારાજ સં. ૧૯૬૩ની સાલમાં મુંબઈ પધાર્યા. કચ્છી વિશા ઓસવાળ જૈનોની મહાજનવાડીમાં ચોમાસું થયું. શ્રી પાર્શ્વચંદ્રગચ્છના સાધ્વીજીનું મુંબઈમાં આ સર્વ પ્રથમ ચોમાસું હતું. કચ્છના શ્રાવકોએ ગચ્છના ભેદ વગર ખૂબ-ઉમંગથી ચોમાસામાં લાભ લીધો. એક ચોમાસું જળગાંવમાં કર્યું. બાદ ઉજ્જૈન, રતલામ વગેરે થઈ અમદાવાદ અને બીજા વર્ષે મારવાડમાં ગયા. બિકાનેરમાં બે દીક્ષાઓ થઈ. એ બંને સાધ્વીજીના નામ પ્રધાનશ્રીજી અને પ્રભાશ્રીજી હતા. શ્રી પ્રસાદચંદ્રજી મહારાજની દીક્ષા પણ આ જ વખતે સાથે થઈ હતી. બીજા વર્ષે શિવગંજમાં પૂજ્ય શ્રી ભ્રાતૃચંદ્રજી મહારાજની આચાર્ય પદવીમાં ઉપસ્થિત રહી ચંદનશ્રીજી મહારાજ વિવિધ તીર્થયાત્રાઓ કરતા કરતા ગુજરાત આવ્યા. સં. ૧૯૭૦માં ખંભાતના શકરીબહેને દીક્ષા લીધી. નામ પડ્યું પ્રીતિશ્રીજી. એ જ વર્ષે અમદાવાદમાં કચ્છના મીઠાંબાઈએ દીક્ષા લીધી. એ રાજશ્રીજીના શિષ્યા તરીકે પદ્મશ્રીજી નામે જાહેર થયા.

સં. ૧૯૭૨માં પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી ભ્રાતૃચંદ્રસૂરિજીનું સ્વાસ્થ્ય બગડ્યાના ખબર મળતાં પૂજ્ય ચંદનશ્રીજી મહારાજ તુરત જ અમદાવાદ પધાર્યા. પોતાના ઉપકારી ગુરૂદેવના અંતિમ દર્શનનો લાભ લીધો. આચાર્યદેવ પ્રત્યે તેઓશ્રીને અસીમ ભક્તિભાવ હતો. ગુરૂભક્તિ નિમિત્તે તેમણે ૧૦૦ આયંબિલ તથા ૫૦ એકાસણા કર્યા.

ખંભાતના શ્રી દલસુખભાઈ ફુલચંદના પુત્રી મણીબહેને સં. ૧૯૮૧માં દીક્ષા લીધી. સં. ૧૯૮૯માં ખંભાતના દલપતભાઈ ખુશાલચંદના પુત્રવધૂ લક્ષ્મીબહેને દીક્ષા લીધી. એમનું નામ મહોદયશ્રીજી, ઉનાવાની ચંદનબહેન અને


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શકરીબહેન નામે બે કન્યાઓએ ખાસી લડત ચલાવી દીક્ષાની અનુમતિ મેળવી. સં. ૧૯૯૧માં પૂજ્ય શ્રી જગતચંદ્રજી મહારાજ અને પૂજ્ય શ્રી સાગરચંદ્રજી મહારાજના હસ્તે એમની દીક્ષા થઈ. ચંદનબહેન ચારિત્રશ્રીજી એવા નામે સાધ્વી મહોદયશ્રીજીના શિષ્યા બન્યા અને શકરીબહેન સુનંદાશ્રીજી એવા નામે સાધ્વી ખાંતિશ્રીજી મહારાજના શિષ્યા જાહેર થયા. સં. ૧૯૯૨માં કચ્છના નેણબાઈની દીક્ષા થઈ એ સાધ્વી નિશ્ચલશ્રીજી નામે સાધ્વી પ્રધાનશ્રીજીના શિષ્યા દાનશ્રીજીના શિષ્યા બન્યા. માંડલના જાસુદબહેનને સં. ૧૯૯૪માં દીક્ષા આપી તેઓ જયશ્રીજી નામે સાધ્વી સૌભાગ્યશ્રીજીના શિષ્યા બન્યા. સં. ૨૦૧૦માં કચ્છ-કોડાયના હીરાબહેનની દીક્ષા થઈ. એમનું નામ પડયું હર્ષપ્રભાશ્રીજી.

પૂજ્ય ચંદનશ્રીજી મહારાજના પુણ્યપ્રભાવે તેમની પાસે અનેક દીક્ષાઓ થઈ. અગિયાર શિષ્યાઓ તથા બીજા પ્રશિષ્યાઓ મળીને ત્રીસ ઉપર સાધ્વીજીઓ એમના સંઘાડામાં થયા. તેઓશ્રી ગુજરાત, કાઠિયાવાડ, મારવાડ, મેવાડ, દક્ષિણ, ખાનદેશ, માળવા, કચ્છમાં ખૂબ વિચર્યા. જળગાંવ, મુંબઈ, વઢવાણ, ગંભીરા, સાણંદ જેવા અન્યગચ્છીય ક્ષેત્રોમાં પણ ચોમાસાં કર્યા. આ વિગતો પરથી મનોબળ, ઉપદેશશક્તિ, વિશાળ દૃષ્ટિ વગેરે ગુણો તેમના જીવનમાં સારા પ્રમાણમાં વિકસિત થયા હશે એ જણાઈ આવે એમ છે.

પાછલાં વર્ષોમાં ખંભાતમાં વધુ સ્થિરતા કરેલી, કેમકે વાત વ્યાધિના કારણે વિહાર ન હોતા કરી શકતા. સં. ૨૦૧૧માં તેઓશ્રીને મગજનો કોઈ રોગ થઈ આવ્યો. ભાન ચાલ્યું જતું. એમ કરતાં સાવ પથારીવશ થયા. કોઈને ઓળખી ન શકે. અભાન અવસ્થામાં પોતે બોલી શકતા હતા. પણ બોલે ત્યારે ગુરૂદેવના નામ સિવાય બીજું કંઈ ન બોલે. સભાન હતા ત્યારે દવાની ના જ પાડતા. દોઢેક મહિનો પથારીવશ રહ્યા. અંતે ચૈત્ર સુદ ત્રીજની રાત્રે તેમનો આત્મા દેહપિંજર છોડી ગયો. શિષ્યાવર્ગ દુઃખી થયો, સંઘમાં શોક પ્રસર્યો. સાધ્વી શ્રી પ્રીતિશ્રીજી દીક્ષાથી લઈને સતત તેમની સાથે જ સેવામાં રહ્યા હતા. પોતાના જીવનમાં હમેશાં ગુરૂને ભાવથી યાદ કરતા રહેતા. ખંભાત સંઘે ગુરુણીજીની ઉત્તમ રીતે સેવા કરેલી. અંતિમયાત્રા બહુ ઠાઠથી નીકળી. શ્રી સંઘે તથા કુટુંબીજનોએ પૂજ્યશ્રીના જીવનની અનુમોદના રૂપે સુંદર જિનભક્તિ મહોત્સવ કર્યો.

સરળ અને સ્નેહાળ પ્રકૃતિ, ચારિત્રનિષ્ઠા, તપ-ત્યાગ, જ્ઞાનરુચિ અને પરોપકારની ભાવના એવા ઉત્તમ ગુણોથી તેમનું જીવન ચંદન જેવું સુવાસિત હતું. શ્રી પાર્શ્વચંદ્રગચ્છના એ અગ્રણી સાધ્વીવર્યાને ભક્તિપૂર્વક વંદન!

**આ સ્થળે જણાવવું જરૂરનું છે કે આજકાલ કેટલાક લોકો પોતાના ગચ્છના મમત્વમાં લીન થઈ દૃષ્ટિરાગના આવેશથી હિતાહિતનો વિવેક ભૂલી જઈ સભ્યતા અને સમતાનું ઉલ્લંઘન કરી ક્લેશ વધારવા બીજા ગચ્છવાળાઓની અનેક રીતે નિંદા કરવાના પ્રયત્નમાં હરહમેશ મગ્ન રહે છે, પણ એમ કરવું એ ધર્માનુરાગી સજ્જન પુરુષને તો તદ્દન અઘટિત છે. કારણ કે આજકાલ સર્વજ્ઞ તો કોઈ છે જ નહિ માટે 'નક્કી અમે જ ખરા છીએ' આવો દુરાગ્રહ કેમ કરી શકાય? શાસ્ત્રકાર તો કહે છે કે છદ્મસ્થની બુદ્ધિ અવશ્ય સ્ખલિત થાય છે.**

**'પંચ પ્રતિક્રમણ સૂત્ર'** — ***સંવિજ્ઞપક્ષીય ભિક્ષુ ભ્રાતૃચંદ્ર***

**પ્રસ્તાવનામાંથી, સં. ૧૯૫૦**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૨

## શતાયુધાત્રી

# પૂજ્ય સાધ્વીશ્રી વિવેકશ્રીજી મહારાજ



આ કળિકાળમાં પણ શતવર્ષ ઉપરાંતનું આયુષ્ય ભોગવી સ્વનામધન્યા પૂજ્ય શ્રી વિવેકશ્રીજી મહારાજ યશોનામી બની ગયા. કચ્છ-નાના ભાડિયામાં વિ.સં. ૧૯૫૯ના મહા સુદ પાંચમના શુભ દિને, ૨૧ વર્ષની વયે દીક્ષા અંગીકાર કરી અને પૂજ્ય શ્રી પ્રમોદશ્રીજી મહારાજના શિષ્યા બની, એક સ્મરણીય વ્યક્તિ તરીકે નામના જમાવી ગયા. ગુરૂણી અને ગુરૂબહેનો સાથે કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત, મારવાડ વગેરે અનેક સ્થાનોમાં વિચરીને જ્ઞાન-ધ્યાન અને તપ-ત્યાગથી જીવન શોભાવી જાણ્યું.

વિ.સં. ૧૯૮૯માં ગુજરાતથી કચ્છ પધાર્યા. ભુજપુર ગામમાં તેમના ગુરૂજી પૂજ્ય શ્રી પ્રમોદશ્રીજી મહારાજ બિમારીમાં સપડાયાં હતા. શ્રી સંઘે સુંદર સેવા ભક્તિ કરી. પૂજ્ય ગુરૂજીની તબિયતના કારણે ત્યાં એક વરસ રહેવાનું થયું. ગુરૂજીની શારીરિક શક્તિ ક્ષીણ થઈ હતી. ઉપચારો કરતાં પણ કાંઈ કારી ન ફાવી, દેહ છોડીને આત્મા દિવંગત થયો. પૂજ્યશ્રીના સદ્‌ગુણો યાદ કરીને શ્રી સંઘે જિનેન્દ્રભક્તિ મહોત્સવ ઉજવ્યો. ગુરૂદેવનો વિયોગ થતાં પૂજ્યશ્રીને ઘણો આઘાત લાગ્યો, પરંતુ મનની વેદના મનમાં સમાવી, સ્વ-પર કલ્યાણ સાધતાં પૂજ્યશ્રીને આનંદશ્રીજી નામના અભ્યાસી શિષ્યા પ્રાપ્ત થતાં આનંદમય બની વિચરતાં રહ્યાં. ગુરૂશિષ્યા એક-બીજામાં તદ્રુપ બને તો જ સંયમી જીવનની સાધના સફળ બને. આ ગુરૂશિષ્યાએ એવી સફળતા મેળવી ચાહના પ્રાપ્ત કરી.

પૂજ્યશ્રી વિવેકશ્રીજી મહારાજની વય ૯૩ વર્ષની થઈ ત્યારે નાના ભાડિયા ગામના શ્રી પાર્શ્વચંદ્રગચ્છ જૈન સંઘે પૂજ્યશ્રીને વિનંતીપૂર્વક કાયમ માટે સ્થિરવાસ રાખ્યાં. આત્મભાવથી તો સ્થિર હતા જ, એમાં હવે દેહથી પણ સ્થિર થયાં. વિ.સં. ૨૦૩૧થી ત્યાં સ્થિરવાસ કર્યો. પૂજ્યશ્રી જેમ જેમ શતાયુ નજીક જતાં ગયાં તેમ તેમ તેમનામાં બાળક સમાન લક્ષણો વિકસતાં ગયાં. દર્શનાર્થે આવનાર ભાવિકો સાથે કાલીકાલી અસ્પષ્ટ ભાષામાં વાતો કરતાં ત્યારે સાંભળનાર હર્ષવિભોર બની જતા. નવકાર મંત્રનો સતત જાપ કરતાં પાટ પર બેઠેલાં પૂજ્યશ્રીને જોવાં એ પણ એક લ્હાવો લેખાતો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિ.સં. ૨૦૩૪માં તેમનો ૭૫ વર્ષનો સંયમપર્યાય મહોત્સવ ઉજવાયો, તેવો જ શતાયુ-પૂર્તિ મહોત્સવ સં. ૨૦૩૭માં ઉજવાયો. આ બંને મહોત્સવોમાં વિવિધ પ્રકારના પૂજનો-અનુષ્ઠાનો-તપસ્યાઓ દ્વારા ભાડિયા ગામની ધરતી પુલકિત બની રહી! તે સમયે આ અવસ્થાએ પણ પૂજ્યશ્રી કોઈ પણ જાતના ટેકા વગર બેસીને ચાર ચાર કલાક નવકાર મંત્રનો જાપ કરતાં, એ દૃશ્ય ધન્યતાનો અનુભવ કરાવી જતું.

ભદ્રેશ્વર તીર્થની યાત્રાએ આવનાર યાત્રિકો તેમ જ દૂર દૂર રહેતા લોકો આ શતાયુ સાધ્વીજી મહારાજની વાતો સાંભળીને દર્શનાર્થે દોડી આવતાં અને એક જંગમ તીર્થયાત્રા કર્યાનો આનંદ અનુભવતા. પોતાને આવો અમૂલ્ય લાભ મળ્યો તેની ધન્યતા અનુભવતાં. તેમની હિતકારી વાતો દૂર દૂર સુધી ફેલાઈ હતી. આમ, પૂજ્યશ્રીના આ શતાયુથી અનુમોદક, અનુમોદના અને અનુમોદના આનંદના ત્રિવેણીસંગમ રચાયા હતા. ભાડિયા શ્રી સંઘને પણ આવા પુણ્યાત્માના સેવાભક્તિ કરવાનો ધન્ય અવસર પ્રાપ્ત થયો. વિવેકધર્મની જ્યોતિરૂપ પૂજ્ય શ્રી વિવેકશ્રીજી મહારાજના બે અદ્વિતીય મહોત્સવો ઉજવી શ્રી સંઘ કૃતકૃત્ય બની ગયો.

વર્ષો સુધી સેવાભક્તિમાં રત બની, તદ્રુપ બની જનાર વિદુષી શિષ્યા પૂજ્ય શ્રી આનંદશ્રીજી મહારાજ અને પ્રશિષ્યાઓ શ્રી આત્મગુણાશ્રીજી અને શ્રી પ્રિયદર્શનાશ્રીજીએ પણ ચોવીસ કલાક ખડે પગે સેવા કરી અનુપમ લાભ લીધો. પૂજ્ય શ્રી ૧૦૩ વર્ષની આયુમર્યાદા પૂર્ણ કરી સં. ૨૦૪૧ના કારતક સુદ બીજ, એટલે કે ભાઈબીજને શુભ દિવસે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યાં. આ પુણ્યાત્માના આત્મશ્રેયાર્થે ત્રીજો જીવન સમાપ્તિ મહોત્સવ પણ શ્રી સંઘે ખૂબ જ ઠાઠમાઠથી ઉજવ્યો. દશાબ્દીવર્ષ સેવાભક્તિનો લાભ લેનાર શ્રી નાના ભાડિયા પાર્શ્વચંદ્રગચ્છના જૈન સંઘે ત્રણ ત્રણ વાર પોતાની સુકૃત કમાણીનો સદ્‌વ્યય કરવા ઉજવાળ બન્યો. સંયમપર્યાય મહોત્સવ, શતાયુપૂર્ણ મહોત્સવ અને જીવન-સમાપ્તિ મહોત્સવના ત્રિવેણી  સંગમથી ભાડિયાની ધરતી ત્રિવેણીતીર્થ બની રહી!

ધન્ય જિનશાસન ! ધન્ય શ્રી પાર્શ્વચંદ્રગચ્છ ! ધન્ય પૂજ્ય શ્રી વિવેકશ્રીજી મહારાજ!!!

श्री जिनागमबोहित्थं संसारार्णवतारणं ।
ममेदं दर्शितं येन तस्मै श्री गुरवे नमः ॥

**આ શ્લોક શ્રીમન્ નાગપુરીય તપાગચ્છાધિરાજ ભટ્ટારક શ્રી પાર્શ્વચંદ્રસૂરિએ રચેલા ઘણા ગ્રંથોની આદિમાં ધરેલો છે. એનો અર્થ એવો છે કે 'સંસાર રૂપ સમુદ્રથી તારનાર શ્રી જિનાગમરૂપી જહાજ જેણે મને બતાવ્યું તે શ્રી ગુરુને નમસ્કાર' આ ઉપરથી તથા બીજા ઘણા પુરાવાથી સિદ્ધ થાય છે કે શ્રી પાર્શ્વચંદ્ર સૂરિએ શ્રી જિનાગમને અનુસરીને જ ક્રિયા ઉદ્ધાર કર્યો છે. અને ખરું જોતાં આજકાલ આપણને મુખ્ય આધાર પણ શ્રી જિનાગમનો જ છે માટે તેને અનુસરતી વિધિયુક્ત ક્રિયા કરવાથી આપણને બહુ લાભ પ્રાપ્ત થાય છે.**

***- સંવિજ્ઞપક્ષીય ભિક્ષુ ભ્રાતૃચંદ્ર***

**'પંચ પ્રતિક્રમણ સૂત્ર'**
**પ્રસ્તાવનામાંથી, સં. ૧૯૫૦**


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२३

## उग्रविहारी राजस्थानरत्न विदुषी

# पूज्य साध्वीवर्या श्री दयाश्रीजी महाराज

*लेखिका : सा. पद्मप्रभाश्री*



*परिवर्तिनि संसारे मृतः को वा न जायते?*
*स जातो येन जातेन याति वंशः समुन्नतिं ॥*

परिवर्तनशील इस संसारमें अनेक प्राणी आते हैं और संसार से विदा लेते हैं, परंतु जन्म तो उन्हीं महान आत्माओं का सार्थक है जो अपनी सुवास फैलाकर खुद तो अमर बन जाते हैं, अपने कुल-वंश को भी गौरव प्रदान कर जाते हैं। चरित्रनायिका परम पूज्य श्री दयाश्रीजी महाराज ऐसी ही अपने कुल-जन्मभूमि और गच्छ का गौरव बढ़ानेवाली महान आत्मा थीं।

पू. दयाश्रीजी म.सा. का जन्म लायजा (कच्छ) में वि.सं. १९४६ के भादरवा सुदि २ को हुआ था। इनके पिताजी का नाम था खीँअशीभाई और माता का नाम गोमीबाई था। माता के सुसंस्कारों से जीवन धर्म से ओतप्रोत हुआ और छोटी उम्र में वैराग्यभाव जाग ऊठा।

मुनिमंडलाचार्य गणाधीश गुरुदेव पूज्य श्री कुशलचन्द्रजी महाराज साहेब के आज्ञावर्तिनी परम पूज्य साध्वीवर्य श्री हेमश्रीजी म.सा. की प्रेरणा प्राप्त हुई, वैराग्य का झरना प्रवाहित हुआ। आखिर माता-पिता की संमति पाकर १५ वर्ष की आयु में सं. १९६१ महा वदि १२ को भुजपुर (कच्छ) में संयम स्वीकार कर प.पू. सा. श्री प्रमोदश्रीजी म,सा. की शिष्या बनीं। क्रियापात्र एवं संयमनिष्ठ गुरुवर्या और गुरुबहनों के संग में दयाश्रीजी ज्ञानाभ्यास तथा संयमाभ्यास में अग्रसर होती गईं। दीर्घ संयमी शतायुधारक शांतमूर्ति पूज्य श्री विवेकश्रीजी म. दयाश्रीजी की बड़ी गुरुबहन होती थीं।

चरित्रनायिका कुशाग्र बुद्धि एवं दृढ मनोबल की धनी थीं। 'यथानामा तथागुणाः' इस उक्ति को पू. दयाश्रीजी म. सत्य सिद्ध करते थे — दया-करुणा से इनका हृदय भरपूर था, तो दूसरी ओर संयम की मर्यादा निभाने में उतने ही कठोर थे।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गुरुनिश्रा में इन्होंने कुछ वर्षों में ही जो परिपक्वता प्राप्त कर ली थी उसे देखकर प.पू. साहित्योपासक आचार्यप्रवर श्री सागरचन्द्रसूरिजी (उस समय आचार्य नहीं बने थे)ने पू. गुरुणीजी को ओर पू. दयाश्रीजी को कहा कि आप मारवाड़ का क्षेत्र संभालो तो अच्छा होगा। पू.श्री सागरचन्द्रजी महाराज के वचन को आदेश तुल्य मानकर गुरुणीजी ने दयाश्रीजी आदि ठाने को मारवाड़ की ओर जाने की आज्ञा दी। पूज्य श्री प्रमाणश्रीजी एवं दयाश्रीजी उत्साहपूर्वक मारवाड़ पधारे। उस समय विहार में बहुत मुश्किलें थीं। विविध परीषहों को सहते हुए क्रमशः पहली बार १९७८ में बीकानेर पहुँचे। मारवाड़ प्रदेश के साथ कोई ऐसा ऋणानुबंध होगा कि आगे इनकी विहारयात्रा बहुतायत से उसी प्रदेश में चलती रही।

बीकानेर संघ के तत्कालीन भक्तिवान श्रावक अग्रणी श्रीमान् बादरमलजी, हीरालालजी, उदयचंदजी, जेवतमलजी, चांदमलजी, किशनचंदजी, विशनचंदजी, आनंदमलजी आदि के आग्रह से वि. सं. १९७८ का चातुर्मास बीकानेर में किया और यहीं से वे मरुधर की धर्मधरा से जुड़ गए। श्रावक-श्राविकाओं को इनके संयमी जीवन का और प्रेरणादायिनी वाणी का रंग लग गया।

चातुर्मास के बाद क्रमशः रूण पधारे। यहां के संघ की लगनभरी भावना का स्वीकार कर दूसरा चातुर्मास सं. १९७९ का रूण में किया। अथक परिश्रम से श्रावक-श्राविकाओं में धर्मानुराग एवं धर्मभावना का सिंचन किया। रूणवासियों पर पूज्यश्री के उपदेश का गहरा असर पड़ा, गच्छ एवं धर्म की आस्था दृढ होने लगी। धर्मावलंबन के प्रभाव से रूण की स्थिति ही बदल गई। प्रतिदिन साधनसंपन्नता और समृद्धि में वृद्धि होती गई। आज भी रूण वास्तव्य जनता मुक्त कण्ठ से कहते हैं कि पूज्यश्री ने हमारे पर जो उपकार किया है उससे हम कभी ऊऋण नहीं हो सकेंगे।

पूज्यश्री ने मारवाड़ को अपनी कर्मभूमि बनाई। उग्रविहार और भारी कष्ट उठाते हुए वहां विचरे। इनके प्रतिबोध से ही समस्त रूण संघ मंदिरमार्गी बना-पार्श्वचंद्रगच्छ का अनुरागी बना। मंदिर, दादावाड़ी आदि का जीर्णोद्धार करवाया। नूतन उपाश्रय का निर्माण हुआ। स्कूल-दवाखाने नहीं थे, वे भी पूज्यश्री दयाश्रीजी महाराज के प्रयत्नों से हुए।

बीकानेर में भी पूज्यश्री ने बड़ा उपकार किया। यहाँ के श्रावक पार्श्वचन्द्रगच्छ की क्रिया करते, पर श्राविकाएँ तपागच्छ की क्रिया करती थीं। पू. दयाश्रीजी महाराज ने सभी को संपूर्ण क्रियाविधि का शिक्षण दिया। मारवाड़ में पार्श्वचन्द्रगच्छ की नींव को मजबूत करने में पू. प्रमाणश्रीजी म. एवं दयाश्रीजी म. का विशेष योगदान है।

बीकानेर, रूण, नागोर, भूपालगढ़, बडलू, कडलू, मेड़ता, कुचेरा, खज़वाणा आदि क्षेत्रों में पूज्यश्री के विचरण से उन दिनों अच्छी धार्मिक जागृति आई। कुछ वर्षों तक गुजरात-कच्छ-मारवाड़ के बीच उनका विहार होता रहा, सं. २००३ के बाद मारवाड़ में ही विचरते रहे।

इनकी शिष्या व्यवहार विचक्षण पू. श्री पुण्योदयश्रीजी और प्रशिष्याएँ सरलात्मा सा.अनुभवश्रीजी, सा.श्री पद्मप्रभाश्रीजी, सा.श्री सुव्रताश्रीजी, सा.श्री मरुत्प्रभाश्रीजी - सभी राजस्थान से ही प्राप्त हुए।

आपकी प्रेरणा से बीकानेर के मंदिर, दादावाड़ी एवं उपाश्रय का जीर्णोद्धार हुआ। हिन्दीभाषी श्रावकों के लिए पंच प्रतिक्रमण सूत्र, जीवविचार आदि पुस्तक प्रकाशित करवाये। नागोर की


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दादावाड़ी-उपाश्रय का जीर्णोद्धार, भीनासर में नूतन उपाश्रय का निर्माण करवाया।

उस समय की प्रतिकूलताओं को झेलते हुए कच्छ, काठियावाड़, झालावाड़, मारवाड़, उत्तरप्रदेश, मध्यप्रदेश, बंगाल, बिहार आदि राज्यों में विहार किया। समेतशिखर और अन्य कल्याणक भूमिओं की यात्राएँ कीं। जीवन में सोलह उपवास, पनरह उपवास, इग्यारह उपवास, दस उपवास किए, आठ उपवास तो कई बार किए।

संयमसाधना से अपने जीवन को पवित्र बनाया, साथ ही अपने जीवन से जनता को प्रेरणादान देते रहे। आपका दीक्षापर्याय ५८ वर्ष का रहा। सं. २०२० आषाढ़ सूदि १५ को तीन दिन के अनशनपूर्वक इस नश्वर देह का पूज्यश्रीने त्याग किया। पार्श्वचन्द्रगच्छ के गौरवान्वित पूज्यश्री दयाश्रीजी महाराज की पावन स्मृति में बीकानेर संघ ने बगीची में 'दयामंदिर' बनवाकर उसमें पूज्यश्री की चरणपादुका स्थापित की।

*दीप तो बुझा मगर अपना प्रकाश देकर,*
*फूल तो मुरझा मगर अपनी सुगंध देकर;*
*तार टूटा मगर अपना सूर सुनाकर,*
*गुरु तो चले मगर अपना नूर फैलाकर।*

## गुरुणीजी श्री दयाश्रीजी म. के चातुर्मास की सूचि

| वि. सं. | स्थल | वि. सं. | स्थल | वि. सं. | स्थल | वि. सं. | स्थल |
|---|---|---|---|---|---|---|---|
| १९६१ | नानाभाड़िया | १९७६ | ध्रागंध्रा | १९९१ | बिदड़ा | २००६ | बीकानेर |
| १९६२ | अमदावाद | १९७७ | खंभात | १९९२ | मेडतासिटी | २००७ | रूण |
| १९६३ | मांडल | १९७८ | बीकानेर | १९९३ | विरमगांव | २००८ | खजवाणा |
| १९६४ | विरमगांव | १९७९ | रूण | १९९४ | कोड़ाय | २००९ | रूण |
| १९६५ | मांडल | १९८० | बीकानेर | १९९५ | सुथरी | २०१० | बीकानेर |
| १९६६ | बिदड़ा | १९८१ | अमदावाद | १९९६ | नवावास | २०११ | भीनासर |
| १९६७ | मोटी खाखर | १९८२ | बीकानेर | १९९७ | मोटी खाखर | २०१२ | बीकानेर |
| १९६८ | नानाभाड़िया | १९८३ | खजवाणा | १९९८ | कोठारा | २०१३ | बीकानेर |
| १९६९ | मेराउ | १९८४ | कानपुर | १९९९ | तलवाणा | २०१४ | बीकानेर |
| १९७० | ध्रागंध्रा | १९८५ | कलकत्ता | २००० | अमदावाद | २०१५ | बीकानेर |
| १९७१ | कोड़ाय | १९८६ | रूण | २००१ | विरमगांव | २०१६ | बीकानेर |
| १९७२ | नलिया | १९८७ | भूपालगढ़ | २००२ | उनावा | २०१७ | बीकानेर |
| १९७३ | बाड़ा | १९८८ | खजवाणा | २००३ | रूण | २०१८ | बीकानेर |
| १९७४ | नवावास | १९८९ | पालीताणा | २००४ | बीकानेर | २०१९ | बीकानेर |
| १९७५ | बिदड़ा | १९९० | भुजपुर | २००५ | बीकानेर | | |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સૌમ્યમૂર્તિ
# પૂજ્ય સાધ્વીશ્રી પ્રીતિશ્રીજી મહારાજ



સરલાત્મા અને સદાનંદી પૂજ્ય શ્રી પ્રીતિશ્રીજી મહારાજની જન્મભૂમિ ખંભાત હતી. પિતાનું નામ સાકળચંદ નાથાભાઈ, સંસારપક્ષે નામ – શકરીબહેન, જન્મ સં. ૧૯૫૦. બાળવયે વિધવા થયા અને મન ત્યાગમાર્ગે વળ્યું. સં. ૧૯૭૦માં ધ્રાંગધ્રા મુકામે પૂજ્ય શ્રી ચંદનશ્રીજી મહારાજના સંઘાડામાં દીક્ષિત થયા. સાધ્વીશ્રી પ્રભાશ્રીજીના શિષ્યા તરીકે તેમનું નામ પ્રીતિશ્રીજી પાડવામાં આવ્યું. પ્રીતિશ્રીજીમાં સેવાનો ગુણ વિશેષ હતો. મોટા ગુરૂણી ચંદનશ્રીજીની છેવટ સુધી સેવા કરી. ચંદનશ્રીજી મહારાજ છેલ્લા પંદરેક વર્ષ ખંભાતમાં સ્થિર હતા, પ્રીતિશ્રીજી સતત તેમની સેવામાં હતા. પ્રીતિશ્રીજી મહારાજે પણ પોતાના પાછલાં વર્ષોમાં ખંભાતમાં જ સ્થિરતા કરી હતી. તેઓ સદા આનંદમાં રહેતા. તપસ્યા અને જાપના પ્રેમી હતા. નવકારવાળી તો હાથમાં જ હોય. છેલ્લા બે-ત્રણ વર્ષમાં અરિહંત પદનો સવા કરોડ જાપ કર્યો હતો. અરિહંતનું સ્મરણ કરતાં કરતાં સં. ૨૦૪૦ મહા વદ અમાસના પ્રીતિશ્રીજી મહારાજ કાળધર્મ પામ્યા. સાધ્વીશ્રી મહોદયશ્રીજી મહારાજ આદિ ઠાણા તેમની સેવામાં હતા. સૌમ્યમૂર્તિ પ્રીતિશ્રીજી મહારાજને ખંભાતનો સંઘ આજે પણ યાદ કરે છે.

**કચ્છ – મોટી ખાખરના શેઠ કોરશી કેશવજીના ધર્મપત્ની પુરબાઈએ પાલિતાણામાં ધર્મશાળા બંધાવી, જે પુરબાઈની ધર્મશાળા તરીકે ઓળખાય છે. એનું સંચાલન મુંબઈનું કચ્છી દહેરાવાસી જૈન મહાજન સંભાળે છે.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સ્વપર-કલ્યાણ-સાધક

# પૂજ્ય સાધ્વીશ્રી મહોદયશ્રીજી મહારાજ

સંકલન કર્તા : સાધ્વીશ્રી હર્ષપ્રભાશ્રીજી
સાધ્વીશ્રી જ્યોતિપ્રભાશ્રીજી



એક જમાનામાં ગુજરાતની રાજધાની પાટણ હતું, તો જૈનશાસનની રાજધાની ખંભાત હતું. આજે પણ એ શહેરમાં ઊભેલાં ગગનચુંબી ૬૬ જિનાલયો, અસંખ્ય ઉપાશ્રયો અને જ્ઞાનમંદિરો એ વાતની સાક્ષી પૂરે છે. એવ શહેરમાં સાગોટા પાળામાં ઓસવાળ જ્ઞાતિમાં ધર્મપ્રેમી શ્રાવક શ્રી મગનલાલ ઝવેરચંદ રહેતા. તેમનાં ધર્મપત્ની હરકોર શેઠાણીની રત્નકુક્ષિએ વિ.સં. ૧૯૫૪ના વૈશાખ સુદ ૧ ને દિવસે એક પુત્રીરત્નનો જન્મ થયો. માતા-પિતાએ નામ આપ્યું લક્ષ્મી પરંતુ ઘરના સૌ શકરી કહીને સંબોધતાં. લક્ષ્મીબહેન ચાર ભાઈ અને પાંચ બહેનો વચ્ચે લાડકોડથી ઊછરતાં હતાં, તેથી માતા-પિતા તેને સ્વતંત્રપણે તેની રુચિ પ્રમાણેની પ્રવૃત્તિઓ કરવા દેતાં હતાં. કોઈ પૂર્વ ભવના સંસ્કારે લક્ષ્મીને તો નાનપણથી ધર્મ પ્રત્યે રુચિ કેળવાઈ! ધર્મભૂમિ ખંભાતમાં તો એ માટે સર્વથા અનુકૂળતા હતી. શકરીબહેન નિયમિત દેવદર્શન જાય, ઉપાશ્રયો અને જ્ઞાનમંદિરોમાં ધર્મવિધિઓ અને શાસ્ત્રજ્ઞાન પામવા જાય. ઘણાં પ્રકરણ સૂત્ર કંઠસ્થ કર્યાં એમ કરતાં કરતાં જીવન પ્રત્યે વૈરાગ્ય ભાવ જન્મ્યો અને દીક્ષાની ભાવના થવા લાગી. મમતાળુ માતા-પિતા આ વાત સહન કરી શક્યા નહિ. તેઓએ લક્ષ્મીબહેનના લગ્ન વિ. સં. ૧૯૬૭માં ઝવેરી દલપતભાઈ ખુશાલભાઈના સુપુત્ર બાપુલાલભાઈ સાથે કરી દીધા. પતિ બાપુલાલ પણ ધર્મપ્રેમી જીવ હતા. લક્ષ્મીબહેનનો સંસાર થોડો સમય સુખપૂર્વક ચાલ્યો હશે ત્યાં અચાનક બાપુલાલનું પ્લેગની બિમારીમાં અકાળ અવસાન થયું. શકરીબહેન પર દુઃખના ડુંગર તૂટી પડ્યા. તે આ આઘાત જીરવી શક્યા નહીં. કર્મરાજાએ સંસારની નિઃસારતા ફરી સમજાવી હોય તેમ, તેમનું મન વળી પાછું વૈરાગ્ય તરફ વળ્યું. પરંતુ શ્વસુર પક્ષની રજા ન હોવાને કારણે ભાવના ભાવતાં ભાવતાં ૧૭ વર્ષ સંસારમાં જ પસાર કરવાં પડ્યાં.

વિ.સં. ૧૯૮૮-૮૯માં શ્રી જગતચંદ્રજી ગણિવર્ય (બાવાજી) અને પૂજ્ય શ્રી સાગરચંદ્રજી સૂરિવર્ય (તે સમયે મુનિવર્ય) સપરિવાર ચાતુર્માસ બિરાજ્યા અને ભગવતી સૂત્રનું વાંચન કર્યું. ધર્મપંથમાં સ્થિર પ્રયાણ કરાવનારી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મવાણીનું પાન કરતાં લક્ષ્મીબહેનના વૈરાગ્યને વેગ મળ્યો. ગુરૂદેવને દીક્ષા લેવાની ભાવના જણાવતાં પૂજ્ય ગુરૂદેવની સમજાવટથી કુટુંબીજનો તરફથી રજા મળી ગઈ. આથી લક્ષ્મીબહેનના મનનો મયૂર નાચી ઉઠ્યો. વિ.સં. ૧૯૯૦ના માગસર વદ ૭ ને શુભદિને અઠ્ઠાઈ મહોત્સવપૂર્વક પૂજ્ય ગુરૂવર્યોને હસ્તક દીક્ષા આરોપિત થઈ. શ્રી પાર્શ્વચંદ્રગચ્છના પૂજ્ય શ્રી ભ્રાતૃચંદ્રસૂરિજીના હસ્તે દીક્ષિત સાધ્વી ચંદનશ્રીજી મહારાજનાં શિષ્યા સ્થાપી શ્રી મહોદયશ્રીજી નામ રાખવામાં આવ્યું. એ જ વર્ષે ફાગળ સુદ ૩ ને દિવસે ઉનાવાના કાલીદાસભાઈની સુપુત્રી ચંદ્રાબહેનને ૧૬ વર્ષની વયે દીક્ષિત કરી તેમના શિષ્યા રૂપે ઉદ્‌ઘોષિત કરવામાં આવ્યા અને સાધ્વી શ્રી ચારિત્રશ્રીજી નામ રાખવામાં આવ્યું.

દીક્ષા ગ્રહણ કરીને ગુરૂશિષ્યા બંને જ્ઞાનસંપાદનમાં લાગી ગયાં. પરંતુ પૂજ્ય શ્રી મહોદયશ્રીજી મહારાજના સંયમીજીવનમાં ય આ સુખ લખેલું નહિ હોય, તે એક દિવસ અચાનક પૂજ્ય શ્રી ચારિત્રશ્રીજી મહારાજ ૨૨ વર્ષની વયે કાળધર્મ પામ્યાં. ગુરૂશિષ્યાની જોડી આમ એકાએક ખંડિત થઈ. પૂજ્ય શ્રી મહોદયશ્રીજી મહારાજ સમતા કેળવીને જ્ઞાન અને તપના માર્ગે આગળ વધ્યા. છ થી માંડીને માસક્ષમણ સુધી ઉપવાસ કર્યા. સિદ્ધિતપ, ચત્તારિઅઠ્ઠ, કર્મસૂદન, કર્મપ્રકૃતિ એક-બે-અઢી-ત્રણ-ચાર અને છમાસી તપ સાથે વીશસ્થાનક તથા વર્ધમાન તપની ૩૭ ઓળી કરી તપસ્વિની તરીકે આદરણીય બન્યા.

સ્વ-પર કલ્યાણની ભાવનાવાળાં પૂજ્યશ્રીએ સ્વકલ્યાણાર્થે જેમ તપસ્યાઓ કરી, તેમ પરકલ્યાણાર્થે શાસનપ્રભાવનાનાં અનેક કાર્યો પણ કર્યાં. ગુજરાત, કાઠિયાવાડ, કચ્છ, મારવાડ, જેસલમેર, મુંબઈ આદિ પ્રદેશોમાં વિચરી અનેક આત્માઓને વ્રત-નિયમોમાં સ્થિર કર્યા. ખંભાત-અમદાવાદ આદિ શહેરોમાં મહિલા મંડળો સ્થાપ્યાં. ગોલવાડ આદિ શહેરના સ્થાનકવાસીઓને દહેરાવાસી બનાવ્યા. અનેક જિનમંદિરોના અને પાઠશાળાઓના નિર્માણ માટે પ્રેરણા આપી. મહોત્સવ સહિત શ્વસુર પક્ષ તરફથી નવ છોડ અને સંસારી બહેન સમરથબહેન તરફથી પાંચ છોડનું ઉજમણું કરાવ્યું. સંસારી દિયર શ્રી સુંદરલાલ ઝવેરીએ તેમની પ્રેરણાથી પાલિતાણામાં શ્રી મહાવીર સ્વામી પધરાવ્યા. પૂજ્યશ્રીની પ્રેરણાથી જ ભદ્રેશ્વર તીર્થમાં જમીન વિનામૂલ્યે મળી અને ત્યાં ગુરૂમંદિરની રચના કરવામાં આવી. અગાસી તીર્થમાં મુનિ સુવ્રત મહિલા મંડળની સ્થાપના કરવામાં આવી.

વિ.સં. ૨૦૦૯ના જેઠ સુદ ૧૦ ને દિવસે કચ્છ કોડાયવાસી જેઠાભાઈ ગોવરની સુપુત્રી હીરબાઈ તથા વિ.સં. ૨૦૧૫માં શામળાની પોળમાં ત્રિકમલાલ વાડીલાલની પુત્રી ચંદ્રાબહેન પૂજ્ય શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ હસ્તક તથા કચ્છ-મોટી ખાખરના સૂરજી માણેકની સુપુત્રી કુ. જયવંતીબહેન પૂજ્ય વિદ્યાચંદ્રજી મહારાજ અને પૂજ્ય રામચંદ્રજી મહારાજ હસ્તક દીક્ષિત બની, અને અનુક્રમે શ્રી હર્ષપ્રભાશ્રીજી, શ્રી ચંદ્રરેખાશ્રીજી અને શ્રી જ્યોતિપ્રભાશ્રીજી નામે ત્રણ શિષ્યાઓ થયાં

પૂજ્યશ્રી પોતાનાં શિષ્યા-પ્રશિષ્યા પરિવાર સાથે ૮૦ વર્ષની વય થતાં સુધી વિચર્યા. વિ.સં. ૨૦૩૩માં શ્રી સંઘના અત્યંત આગ્રહને વશવર્તીને ખંભાત પધાર્યા અને અત્યંત વયોવૃદ્ધ પૂજ્ય શ્રી પ્રીતિશ્રીજી મહારાજની ખૂબ સારી સેવાભક્તિ બજાવી. વિ.સં. ૨૦૪૦ના મહા વદ અમાસને દિવસે અંત સમયની નિર્યામણા કરાવી, નવકાર મંત્રનું શ્રવણ કરતાં પૂજ્ય શ્રી પ્રીતિશ્રીજી મહારાજ કાળધર્મ પામ્યા. પૂજ્યશ્રી પણ વિહારની શક્તિ ક્ષીણ થવાથી ૯૩ વર્ષની વયે ખંભાતમાં જ સ્થિરવાસ રહ્યાં. પૂજ્યશ્રી આરાધનામાં જાગૃત રહેતાં. બે વાર નવલખો તેમ અરિહંતપદના સવા કોટી જાપ પૂર્ણ કર્યા. માનસિક જાપમાં સતત મગ્ન રહી, મનવચનકાયાનું શુદ્ધિકરણ સાધતાં પર્વતિથિઓમાં વ્રતપચ્ચક્ખાણ ચૂકતા ન હતા. એવા એ પરમ પવિત્ર પુણ્યાત્માઓ આ પૃથ્વી પર અહોનિશ પૂજાપાત્ર છે! એવા એ ભવ્યાત્માને ભૂરી-ભૂરી વંદના!


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૯

### જપ-તપના પરમ તપસ્વી

## પૂજ્ય સાધ્વીશ્રી સુશીલાશ્રીજી મહારાજ

પૂજ્ય શ્રી ચંદનશ્રીજી મહારાજના શિષ્યા પૂજ્ય શ્રી રાજશ્રીજી મહારાજ, તેમના શિષ્યા પૂજ્ય શ્રી મુક્તિશ્રીજી મહારાજ. તેઓશ્રી સારા ચિંતનશીલ અને લાગણીશીલ હતાં. અમદાવાદ શામળાની પોળના રહેવાસી તરીકે સંયમી બન્યાં હતાં. પ્રાયઃ સં. ૨૦૦૭માં આત્મશ્રેય સાધી ગયાં. તેમના શિષ્યા પૂજ્ય શ્રી સુશીલાશ્રીજી મહારાજ આત્મખપી જીવ હતાં. તેમની જન્મભૂમિ માંડલ હતી.

તેઓશ્રીને નાનપણથી સંયમ પ્રત્યે પ્રીતિ હતી. પૂજ્ય ગુરૂણીની સારી સેવાભક્તિ બજાવી પણ માતાપિતાને તેમની દીક્ષા લેવાની ભાવના સમજાતાં, તેમને પરાણે પરણાવી દીધાં પરંતુ તેઓ મનથી સંયમી જ રહ્યાં. સંસારી જીવનમાં ક્યારેક ચલિત થવાના પ્રસંગો આવ્યા ત્યારે આત્મભાવ ન ચૂકયાં. તપગચ્છમાં છાની દીક્ષા લઈ લીધી. એક વરસ ત્યાં રહ્યાં પણ તેમને પોતાના પાર્શ્વચંદ્રગચ્છના સાધ્વીજી પાસે જ જીવન વિતાવવું હતું. નાનપણથી જ તે ગચ્છના પાકા અનુયાયી હતા. કઠોર પરીક્ષામાંથી પસાર થઈ આખરે પૂજ્ય શ્રી મુક્તિશ્રીજી મહારાજ પાસે દીક્ષા લીધી.

પૂજ્યશ્રી તપસ્યા સારી કરતાં, જાપમાં વિશેષ રુચિ રહેતી. જ્યારે જુઓ ત્યારે જાપ ચાલુ જ હોય. રાતમાં બે-ત્રણ વાગે પણ તેઓશ્રી ધ્યાનમાં બેઠા હોય. સં. ૨૦૪૫માં ચૈત્રી ઓળીના દિવસોમાં તબિયત જરા નાદુરસ્ત થતાં આયંબિલ કરવાની બધાની મનાઈ છતાં ચાલુ જ રાખ્યા. ૭મા દિવસે તબિયત વધુ નરમ બની ત્યારે શામળાની પોળના બહેનોએ પરાણે પારણું કરાવ્યું. ચૌદશને દિવસે સવારમાં બેસણાનું પચ્ચક્ખાણ પાળ્યું. જાણે કોઈ સૂચન મળી ગયું હોય તેમ પાસેની વ્યક્તિઓને અગાઉથી જણાવી દીધું અને એકાએક તપભાવમાં જ દેવગત થયાં. આત્મશ્રેય સાધીને અમર બની ગયાં. એમનાં શિષ્યા સાધ્વીશ્રી વીરાત્માશ્રીજી પણ ગુણીયલ હતા.

પરમ તપસ્વી પુણ્યાત્માને કોટિ કોટિ વંદના!



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*પ્રખર વક્તા*

# પૂજ્ય પ્રવર્તિની સાધ્વીશ્રી ખાંતિશ્રીજી મહારાજ

**લેખિકા : સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી 'સુતેજ'**



'ગુ' એટલે હૃદયરૂપી ગુફામાં 'રૂ' એટલે પ્રકાશ પાથરે એનું નામ ગુરૂ. એવા શક્તિશાળી 'ગુરૂ'નો જીવનમાં યોગ થાય તો તે યોગથી જીવન સફળ બને. પૂજ્ય પ્રવર્તિની શ્રી ખાંતિશ્રીજી મહારાજ એવા શક્તિશાળી ગુરૂ હતાં.

કચ્છ પ્રદેશની કામણગારી ધરતી પર માંડવી તાલુકામાં નાનું નમણું નાગલપુર નામનું ગામ છે. એ ગામમાં પિતા પૂંજાભાઈ અને માતા મૂળીબહેનને ત્યાં વિ.સં. ૧૯૫૮માં તેમનો જન્મ થયો. પોતાની સુપુત્રી સાચા જીવનને જીવી જાણે એ આશયથી 'જીવાં' નામ રાખ્યું. અને જીવાં ખરેખર જીવિતવ્યને જીવી જાણનારી યથાર્થ નામ નીવડી! શાળાનું શિક્ષણ મળે એવા સંજોગો નહોતા. ખેતીવાડીનું કામ કરતાં કરતાં મોટીબહેન ભાણબાઈ પાસે કક્કાવલીનું જ્ઞાન મેળવ્યું અને વાંચતા-લખતાં શીખી લીધું. ફઈબા (પૂજ્ય શ્રી લાભશ્રીજી મહારાજ) દીક્ષિત બનેલાં હોવાથી એ કુટુંબમાં ધર્મની ભાવના તો હતી જ. મોટીબહેન પાસેથી જીવાંબહેને બે પ્રતિક્રમણનું જ્ઞાન મેળવ્યું હતું; પરંતુ જીવાંબહેન નાનપણથી સ્વતંત્ર મિજાજવાળાં અને તોફાની હતાં. સમવયસ્કો સાથે તોફાન કરવામાં મોખરે રહેતાં.

જીવાંબહેન ચૌદ વર્ષના થતાં માતા-પિતાએ બાજુના રાયણ ગામના રહેવાસી શ્રી રામજીભાઈ મગુ સાથે તેમનાં લગ્ન કર્યા પરંતુ જીવનને સાચે માર્ગે જીવવાનું વિધિવિધાન રચીને જ જીવાંબહેન આ લોકમાં અવતર્યા હશે કે શું? ટૂંકા સમયમાં જ ઝેરી તાવે રામજીભાઈને ભરખી લીધા. જીવાંબહેનનું સંસારી જીવન નંદવાઈ ગયું; પરંતુ જીવાંબહેન લેશમાત્ર ચલિત થયાં નહીં. પૂર્ણ સ્વસ્થ રહી, શોકના દિવસો પૂરાં થતાં, પિયર આવ્યાં ને ત્યાંથી ફઈબા (પૂજ્ય શ્રી લાભશ્રીજી મહારાજ)પાસે અભ્યાસ કરવા માટે વીરમગામ આવ્યાં. ત્યાં ખૂબ ગમી ગયું. ત્યાંથી આગળ ધાર્મિક અભ્યાસ કરવા અમદાવાદ પૂજ્ય શ્રી પૂનમચંદ્રજી ગણિ પાસે આવ્યાં. વૈરાગ્યભાવના દૃઢ થતાં દીક્ષા લેવાનો સંકલ્પ કર્યો. વિ.સં. ૧૯૭૪ના વૈશાખ વદ પાંચમના શુભ દિવસે મહોત્સવ ઉજવાયો. જીવાંબહેન પૂજ્ય શ્રી ખાંતિશ્રીજી મહારાજ નામે ઘોષિત થયાં.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેઓશ્રી પૂજ્ય ગુરુનિશ્રામાં ભણતર થોડું ભણ્યાં; પણ ગણતર વિશેષ ભણ્યાં. એ જમાનામાં પણ તેમણે દૃઢ મનોબળ અને સાચી સમજણથી આત્મબળ વિકસાવીને વ્યવહાર ચલાવતાં. પરિણામે તેમની છાપ પડતી. શાસન પ્રત્યેની અજબ શ્રદ્ધાના બળથી સમજી શક્યાં હતાં કે 'મહાવીર કરતાં કોઈ મોટું નથી.' તેમનાં ગુરૂણી પૂજ્ય શ્રી લાભશ્રીજી મહારાજ તો સરલ સ્વભાવી અને આત્માર્થી જીવ હતાં. મોટાં શિષ્યાઓને છોડી શકે તેમ ન હતા. મોટાં ગુરૂબહેન પૂજ્ય શ્રી ગુણશ્રીજી મહારાજ સારા વિદ્વાન હતાં. બીજા ગુરૂબહેનો એમને અનુસરે એવી એમની છાપ હતી. તેઓશ્રી શ્રીમદ્ રાજચંદ્રના પુસ્તકો વાંચતા તેથી આગમગ્રંથોનું વાંચન છૂટી ગયું. તેઓ વ્યક્તિરાગમાં આવી ગયાં. નાનકડાં ખાંતિશ્રીજીને આ વાતનો વાંધો હતો. 'મહાવીર કરતાં કોઈ મોટું નથી.' એ ભાવમાં રમતાં પૂજ્યશ્રી ખાંતિશ્રીજી મહારાજ ગુરૂપરિવારથી અલગ વિચરવા લાગ્યાં. પૂજ્યશ્રી ધનશ્રીજી નામનાં એક સાધ્વીજી તેમને શિષ્યા રૂપે સમર્થ સહાયક મળી ગયાં. સ્વયં ક્ષયોપશમથી વ્યાખ્યાન આપવાની કળા કેળવી લીધી. એમનાં બોધક વચનો, સાંભળનારના મનમાં પ્રબોધક બની જતાં. વિ.સં. ૧૯૯૦માં ફાગણ સુદ ત્રીજને દિવસે ઉનાવાસી ધર્મપરાયણ શ્રી બબલદાસ ન્યાલચંદની સુપુત્રી શકરીબહેન ૧૬ વર્ષની વયે દીક્ષિત બની તેમનાં શિષ્યા બન્યાં. પૂજ્યશ્રીએ એ શિષ્યાને સાધુધર્મની સારી કેળવણી આપી. આગમજ્ઞાન ભણાવી વિદ્વાન બનાવ્યાં. પંડિતો રોકીને સંસ્કૃત, પ્રાકૃત, વ્યાકરણ ભણાવી ઊંડું શાસ્ત્રીય જ્ઞાન પ્રાપ્ત કરાવ્યું. એ શિષ્યા એટલે સાધ્વી સુનંદાશ્રીજી.

આ ગુરૂશિષ્યાની જોડીએ વિરલ વ્યક્તિત્વ ઉપસાવી, પ્રખર વક્તૃત્વશક્તિથી ધર્મસભાઓ ગજાવવાનો આરંભ કર્યો. બંને એકબીજાના પૂરક અને પ્રેરક બની જૈનશાસનની અને શ્રી પાર્શ્વચંદ્રગચ્છની શોભા વધારવા માટે સમુત્સુક બન્યાં. જ્યાં જ્યાં વિચર્યાં ત્યાં ત્યાં તેઓશ્રીની નિશ્રામાં ધર્મની અજબ છાયા ફરી વળવા માંડી.

તેઓશ્રીએ ઘણાં પુસ્તકો લખ્યાં અને વાંચન દ્વારા સંગ્રહીત ઘણી પુસ્તિકાઓ-પત્રિકાઓ બહાર પાડી. સંશોધન-બુદ્ધિથી ઘણા પ્રશ્નો ઉઠાવીને 'સાધ્વી-વ્યાખ્યાન-નિર્ણય' નામે પુસ્તકની રચના કરી, એમાં ધર્મધુરંધર જ્ઞાની ગુરૂભગવંતોને ઘણા પ્રશ્નો પૂછ્યા. કચ્છ, કાઠિયાવાડ, મારવાડ, ગુજરાતમાં અનેક આત્માઓને પ્રતિબોધ આપી ધર્મભાવમાં સ્થિર કર્યા. વિ.સં. ૨૦૧૦માં બે કુમારિકાના દીક્ષા પ્રસંગે ધ્રાંગધ્રા શહેરમાં વિશાળ સંઘની તેમજ ગામોગામનાં આગેવાનોની ઉપસ્થિતિમાં પૂજ્ય શ્રી સુનંદાશ્રીજી મહારાજની પ્રેરણાથી પૂજ્ય મુનિપ્રવર શ્રી બાલચંદ્રજી મહારાજના વરદ હસ્તે પૂજ્ય શ્રી ખાંતિશ્રીજી મહારાજને પ્રવર્તિની પદથી વિભૂષિત કરવામાં આવ્યા.

પૂજ્ય પ્રવર્તિનીશ્રી જ્યાં જ્યાં ચાતુર્માસ કરતાં ત્યાં ત્યાં ધર્મધજા લહેરાઈ ઊઠતી. એક એકથી ચડિયાતાં ચાતુર્માસોમાં કચ્છ-ભુજનું ચાતુર્માસ ખૂબ જ ધર્મપ્રભાવક રહ્યું હતું. તેમના બંનેના વ્યાખ્યાનોના વખાણ સમસ્ત શહેરમાં વ્યાપી વળી, અંતે રાજદરબાર સુધી પહોંચી ગયા. પરિણામે, રાજા સિવાય સર્વે રાજપરિવાર તેમની ધર્મવાણીનો લાભ લેવા આવી ગયેલ. એવી જ રીતે, નલિયા ગામનું ચાતુર્માસ પણ ખૂબ પ્રભાવક રહ્યું હતું. શેઠાણી બાંયાબાઈ આદિ સમસ્ત પરિવાર પૂજ્યશ્રીનું નામ સાંભળતાં આર્દ્રિત બની શિર ઝુકાવી જતાં એવો પૂજ્યશ્રીનો પ્રભાવ હતો. માળિયા આદિ ગામોમાં માનનીય અને વંદનીય ગુરૂ તરીકે છવાઈ ગયેલાં. પૂજ્ય ગુરૂવર્યા ખાંતિશ્રીજી મહારાજને રાણીવાસમાં ધર્મોપદેશ માટે નિમંત્રણવામાં આવતાં. માળિયાના સમસ્ત રાજપરિવાર તેમને ગુરૂસ્થાને માને છે. ત્યાંનાં મહારાણી શ્રી દિલહરકુંવરબા તેમજ તેમનાં સાસુ અને અન્ય રાજપરિવારને વન્ય પ્રાણીઓના શિકાર ન કરવાના નિયમો આપી પરમ ઉપકારી બનાવ્યા છે. સૌ ગુરૂમહારાજનો ઉપદેશ યાદ કરીને નિયમ પાળવામાં પ્રતિજ્ઞાબદ્ધ છે. આમ, એક એક ચાતુર્માસની વિગતો આપવામાં આવે તો મોટા મોટા ગ્રંથો લખાય તેમ છે! એવી આ ગુરૂશિષ્યાની અજોડ શાસનપ્રભાવના છે.!



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્યશ્રીનો પરિવાર પણ તેમનાં પગલે ચાલી, તેમના સંસ્કારોથી સંસ્કારી બની, વિચરી રહ્યો છે; આત્મકલ્યાણ સાધીને પરોપકારી બની, સંયમી જીવનને શોભાવી રહ્યો છે. પ્રથમ શિષ્યા પૂજ્યશ્રી ધનશ્રીજી, બીજા અદ્વિતીય શિષ્યા પરમ વિદુષી શ્રી સુનંદાશ્રીજી, તેમનાં ૧૩ શિષ્યા, ૧૨ પ્રશિષ્યા અને ૨ પ્રશિષ્યાઓનાં શિષ્યાઓ તેમજ તેમનાં સંસારી ભત્રીજી-શિષ્યા શ્રી ૐકારશ્રીજી, પોતાના ૭ શિષ્યાઓ અને ૧૨ પ્રશિષ્યાઓ આદિ દીર્ઘ શિષ્યા પરિવાર ધરાવતાં હતાં.

પૂજ્યશ્રીનો આત્મા વિ.સં. ૨૦૩૪નું ચાતુર્માસ મુલુંડ સ્થિર હતાં, ત્યારે શ્રાવણ સુદ ૭ ને શુક્રવારે સ્વાતિ નક્ષત્રે ૭૭ વર્ષનું આયુષ્ય ભોગવી, ૬૦ વર્ષનો ભવ્ય દીક્ષાપર્યાય પાળી, મુલુંડના શ્રી પાર્શ્વચંદ્ર જ્ઞાનમંદિરમાં, આ ભવની સમુજ્જવલ કાર્યવાહી સમાપ્ત કરી, સાત સકાર યોગમાં સ્વર્ગવાસી બન્યો.

પૂજ્ય પ્રવર્તિની શ્રી ખાંતિશ્રીજી મહારાજનો વિશાળ સાધ્વી પરિવાર આજે શાસનનો જય જયકાર પ્રવર્તાવી રહ્યો છે. એવા એ ધર્મધુરંધર શાસનપ્રભાવક સાધ્વીરત્નાને કોટિ-કોટિ વંદના!

- **અચલગચ્છના મુનિરાજ શ્રી ગૌતમસાગરજી મહારાજે પૂજ્ય આચાર્ય શ્રી ભ્રાતૃચંદ્રસૂરિજીની નિશ્રામાં યતિપદ છોડી સંવેગી સાધુપદ સ્વીકાર્યું હતું. એમના શિષ્ય શ્રી દાનસાગરજીની દીક્ષા અમદાવાદ-શામળાની પોળના શ્રી પાર્શ્વચંદ્રગચ્છના ઉપાશ્રયમાં થઈ હતી; આ દીક્ષા પ્રસંગ અમદાવાદ શ્રી પાર્શ્વચંદ્રગચ્છે પૂજ્ય આચાર્ય શ્રી ભ્રાતૃચંદ્રસૂરિજીની પ્રેરણાથી ધામધૂમથી ઉજવ્યો હતો.**

- **પાલિતાણામાં કચ્છી વિશા ઓસવાળ જૈન સમાજની સર્વ પ્રથમ ધર્મશાળા કચ્છ - મોટી ખાખરના શા. રવજી દેવરાજ તથા શા. રણશી દેવરાજે બંધાવી.**

- **પાલિતાણાની તળેટીમાં આવેલા બાબુના દહેરાસરની બાવન દેરીમાંથી એક દેરી બિદડા (કચ્છ)ના શા. માલશી લાધાએ પૂજ્ય શ્રી કુશલચંદ્રજી મહારાજ સાહેબની પ્રેરણાથી બનાવી હતી.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

***મહાન ગુરુભક્ત-આનંદમયી***

## પૂજ્ય સાધ્વીશ્રી આનંદશ્રીજી મહારાજ



ક્યારેક કોઈ ધરતી એટલી ફાલતી-ફોરતી બની જતી હોય છે કે એમાંથી એક પછી એક અપૂર્વ અને અસાધારણ વ્યક્તિમત્તાઓ જ પાકવા માંડે! ગુજરાત અને મારવાડમાં એવાં ઘણાં સ્થાનો છે કે જેમાંથી જિનશાસનને શોભવતાં અનેક સાધુ-સાધ્વીજીઓ બહાર પડ્યાં હોય! એવું એક સ્થાન કચ્છનું નવાવાસ (દુર્ગાપુર) ગામ પણ ગણી શકાય. જીવનના આનંદયાત્રી પૂજ્ય શ્રી આનંદશ્રીજી મહારાજ પણ આ જ ધરતીનું સંતાન છે.

નવાવાસ ગામમાં પિતા વેલજીભાઈ આસારિયા અને માતા વેલબાઈને ત્યાં વિ.સં. ૧૯૭૨માં એક બાળાનો જન્મ થયો. આ બાળા સંસારની લીલા જોવા જ જાણે અવતરી હોય તેમ તેનું નામ લીલબાઈ રાખવામાં આવ્યું. લીલબાઈ નિશાળમાં ભણતા થયાં તે સાથે જ ધર્મસૂત્રો શીખવાની પણ પ્રીતિ જાગી. એવામાં વિ.સં. ૧૯૯૪માં પૂજ્ય શ્રી પ્રમોદશ્રીજી મહારાજ અને પૂજ્ય શ્રી વિવેકશ્રીજી મહારાજ ઠાણા છ નવાવાસ ગામે ચોમાસું પધાર્યા. ભણતી બાળાને જાણે ભાવતું મળી ગયું. પૂજ્ય શ્રી વિવેકશ્રીજી મહારાજનો સહવાસ તેને બહુ ગમી ગયો. પૂર્વના લેખ લખાયા હોય તેમ યોગ્ય વ્યક્તિ કે યોગ્ય પ્રસંગ આવી મળતાં હોય છે. ૧૧ વર્ષની લીલ ઉપાશ્રયમાં જ રહેવા લાગી. ધર્મસૂત્રોની ગાથાઓ ગોખીને કંઠસ્થ કરીને ગુરૂને આપવી અને નવી ગાથા લેવી એ તો નિત્યક્રમ થઈ ગયો. ધર્મમય વાતાવરણ વચ્ચે ચોમાસું પૂરું થયું. મારે તો દીક્ષા જ લેવી છે એવું રટણ કરતી આ બાળા, કુટુંબીજનોની રજા લઈ અંતરના ઉમંગથી ગુરૂજી સાથે પગપાળા વિહાર કરવા ચાલી નીકળી. વિહારમાં પણ ગાથા લેવી અને આપવી એ તેનો નિત્યક્રમ થઈ પડ્યો હતો. ચારિત્રધર્મની તાલીમ લેવાની તમન્ના રાખતી બાળા દરેક પ્રવૃત્તિ પર, ક્રિયા પર લક્ષ આપવા લાગી. ગુરૂમા શું કરે છે, કેમ કરે છે, તે ધ્યાનમાં રાખવા લાગી. ગુરૂમા થોડું શીખવે તો ઝાઝું શીખી જાય. એમ કરતાં કરતાં વિ.સં. ૧૯૮૫નું ચોમાસું કચ્છના નાના ભાડિયા ગામમાં થયું. ત્યાંના આગેવાન શેઠ શ્રી મુળજીભાઈ દેવજીભાઈ પટેલ નામના શ્રાવકને લીલબાઈને જોઈને જ સ્નેહ જાગ્યો. આટલી નાની વયમાં દીક્ષાર્થી છે એમ જાણી તેના રહેવા-જમવાની સગવડ પોતાને ઘેર કરી આપી, અને તેના ઉપર પુત્રીવત્ પ્રેમ રાખવા લાગ્યા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે લીલાબહેનને દીક્ષા અંગીકાર કરવાનું ખૂબ જ મન થવા લાગ્યું. કુટુંબીઓને આ વાતની જાણ થતાં તેઓએ ગુરૂમાને વિનંતી કરી કે, આપ હવે અમારા ગામમાં પધારો અને ચાતુર્માસ સ્થિરતા કરો. પછી લીલાને દીક્ષા માટે યોગ્ય જાણી વિચારીશું. બીજા વર્ષે લીલબાઈ સાથે પૂજ્યશ્રી નવાવાસ ચાતુર્માસ પધાર્યા. આ ચોમાસા દરમિયાન કુટુંબીઓ સાથે ગામના અન્ય શ્રાવકોએ પણ લીલાના ભાવની ચકાસણી કરી. શ્રાવકોમાં કાનજી ખીપરા, ઘેલાભાઈ પુનશી વગેરે પરીક્ષક હતા. સૌની પરીક્ષામાં લીલબાઈ સફળ થયાં. સૌ તરફથી દીક્ષાની અનુમતિ મળી ગઈ. એ જમાનામાં ૧૫ વર્ષની છોકરી દીક્ષા લેવા તૈયાર થાય એ બધાને બહુ નવાઈ ભરેલું લાગતું. પણ તેની રહેણીકરણી જોઈને સૌ ઊલટભેર તેની ભૂરિ ભૂરિ અનુમોદના કરતા. વિ.સં. ૧૯૮૭ના ફાગણ વદ બીજનો દિવસ દીક્ષા માટે નક્કી કરવામાં આવ્યો. ધામધૂમથી મહોત્સવપૂર્વક લીલબાઈએ દીક્ષા અંગીકાર કરી. પૂજ્ય શ્રી વિવેકશ્રીજી મહારાજનાં શિષ્યા તરીકે પૂજ્ય શ્રી આનંદશ્રીજી નામાભિધાન થયું. સાધ્વીવેશમાં દીપતાં આ નાના મહારાજને ગુરૂ સાથે પગપાળા વિહાર કરતાં જોઈ સૌની આંખમાં હર્ષાશ્રુ વહેવાં લાગ્યાં! એ વરસનું ચોમાસું પૂર્ણ થતાં ગુજરાતના ધ્રાંગધ્રા ગામમાં યોગની ક્રિયા સાથે તેમને વડી દીક્ષા આપવામાં આવી. એક ચોમાસું પાલીતાણા કરી કચ્છમાં પધાર્યા. ભુજપુર ગામમાં પૂજ્યશ્રી પ્રમોદશ્રીજી મહારાજ દેવગત થયાં. સમુદાયમાં પૂજ્ય શ્રી દયાશ્રીજી, પૂજ્ય શ્રી પ્રમાણશ્રીજી, પૂજ્ય શ્રી અવિચલશ્રીજી વગેરે વડીલો વચ્ચે પૂજ્ય આનંદશ્રીજીને ભણવાનો સારો અવસર મળ્યો.

આ સમયમાં પ્રકરણજ્ઞાન પ્રાપ્ત કરીને, સંસ્કૃત-પ્રાકૃત વ્યાકરણ, કાવ્ય, જ્યોતિષ આદિ વિષયો અને શાસ્ત્રસિદ્ધાંતનું સારૂં જ્ઞાન પ્રાપ્ત કર્યું. જ્યાં વિચર્યાં ત્યાં સારી નામના મેળવી. તેમની ભાષા મધુર હોવાથી તેમની સાત્ત્વિક વાણી સાંભળતાં સૌને આનંદ થતો. પોતે ગુરૂણી પ્રત્યે અનન્ય ભક્તિભાવ રાખતાં ગુરૂને પણ તેમના પ્રત્યે અનન્ય વાત્સલ્યભાવ હતો. આનંદ... આનંદ... કહેતાં ગળું સૂકાતું નહિ. ગુરૂની દરેક પ્રકારની અનુકૂળતા સાચવતાં શિષ્યોને આનંદ થતો.

પૂજ્ય ગુરૂદેવનો શિષ્યા પરિવાર પણ વ્યસ્થિત હતો. સૌથી મોટા પૂજ્ય શ્રી અમૃતશ્રીજી મહારાજ, તે પછી પૂજ્ય શ્રી આત્મગુણાશ્રીજી, પ્રિયદર્શનાશ્રીજી, આજ્ઞાગુણાશ્રીજી, ભાગ્યોદયશ્રીજી આદિ પણ ભક્તિભાવ રાખવામાં અને સેવાચાકરી કરવામાં ઉણાં ઊતરતાં નહીં. શિષ્યાઓનો સમર્પિતભાવ એકબીજામાં આરોપિત હોવાથી સૌએ છેવટની ઘડી સુધી ગુરૂસેવાનો લાભ લીધો. પૂજ્ય શ્રી વિવેકશ્રીજી મહારાજના દસ વર્ષના સ્થિરવાસ દરમિયાન નાના ભાડિયામાં શ્રી સંઘની ભાવના ઉત્તરોત્તર વધતી રહી. એમાં પૂજ્ય આનંદશ્રીજી મહારાજે તેમનાં વાણીવર્તનથી સારી ચાહના મેળવી.

વિ.સં. ૨૦૪૧ના કારતક સુદ બીજ-ભાઈબીજને દિવસે પૂજ્ય શ્રી વિવેકશ્રીજી મહારાજનો દેહાંત થતાં, પોતાના પંચાવન વરસના દીક્ષાપર્યાયમાં ગુરૂદેવથી એક ક્ષણ જુદા રહેવાનો આ પહેલો પ્રસંગ બન્યો.

ત્યારબાદ, મોટી ખાખર ચોમાસું થતા બિમારી આવી. પર્યુષણ પર્વ પછી પણ કેટલાક દિવસ સુધી ત્યાં પોતે જ વ્યાખ્યાન વાંચતાં. દર્દ અસાધ્ય હોવાથી ડૉકટરની ટ્રીટમેન્ટ ચાલુ હતી. મનથી પોતે સાવધ થઈ ગયા હતાં. ત્યાંના સંઘે દરેક જાતની અનુકૂળતા કરી આપી, અત્યંત ભક્તિભાવ દર્શાવ્યો. પરંતુ પૂજ્યશ્રીને નિર્વાણભૂમિ કેમે કરી ભૂલાતી ન હતી. ચોમાસું પુરૂં થતાં, કારતક વદ ત્રીજને દિવસે નાના ભાડિયા પધાર્યા અને વદ છઠને મંગળવારે પ્રભાતના ૬ વાગે પૂજ્યશ્રીનો પવિત્ર આત્મા સ્વર્ગે સિધાવ્યો.

પૂજ્ય આનંદશ્રીજી મહારાજ આનંદમય જીવન જીવી ગયાં. સમગ્ર જીવન દરમિયાન ક્યારેય ગુરૂથી અલગ નહિ રહેનાર આ શિષ્યાએ સિદ્ધ કરી આપ્યું કે તેઓ ગુરૂથી અલગ રહી શકે તેમ નથી. પૂજ્યશ્રીનાં શિષ્યાઓ આ ગુરૂભક્તિને સ્મરતાં વિચરી રહ્યાં છે! એવા એ મહાન ગુરૂભક્ત આનંદમયી સાધ્વીશ્રીને કોટિશઃ વંદના!


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२०

### શ્રી પાર્શ્વચંદ્રગચ્છના રત્ન પ્રખર પ્રવક્તા

# વિદુષી પૂજ્ય સાધ્વીશ્રી સુનંદાશ્રીજી મહારાજ

**લેખિકા : સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી 'સુતેજ'**



વિ. સં. ૧૯૭૪માં પૂજ્ય પ્રવર્તિની શ્રી ખાંતિશ્રીજી મહારાજે ભાગવતી દીક્ષા અંગીકાર કરી એ જ વર્ષે યોગનુયોગે મહેસાણા તાલુકાના ઉનાવા (મીરાંદાતાર) ગામમાં ધર્મનિષ્ઠ શ્રાવક બબલદાસ ન્યાલચંદના ધર્મપત્ની હીરાબહેનની કુક્ષિએ એક પુત્રીરત્નનો જન્મ થયો. શક્રના (ઈન્દ્રના) આવાસમાંથી જ અવતરી હોય તેમ માતા-પિતાએ નામ પાડ્યું શકરીબહેન. શાળામાં હંમેશાં અવ્વલ દરજ્જે પાસ થતા શકરીબહેન ૮ વર્ષના થયાં ત્યારે સં. ૧૯૮૧માં પૂજ્યશ્રી ખાંતિશ્રીજી મહારાજ ઠાણા ૨ ચોમાસું પધાર્યા. શકરીબહેન નિયમિત દર્શન-શ્રવણ અર્થે જતાં. એમાંથી તે ગુરૂ પ્રત્યે આકર્ષિત બન્યા કે, એમણે દૃઢ નિશ્ચય કરી લીધો કે, આ જ મારા ગુરૂ; હું એમની શિષ્યા બનીશ. એવો સંકલ્પ ઉચ્ચારતી બાળાનું ભાવિ સાચું નીવડ્યું. પ્રાથમિક શાળામાં ૭ ધોરણનો અભ્યાસ પૂરો કરી, સોળ વર્ષની સમજણ પ્રાપ્ત કરીને પણ આ બાળા એ જ વાક્ય રટતી રહી; ત્યારે તેની સમવયસ્ક સખી ચંદ્રાનો પણ સાથ સાંપડ્યો. એણે પણ કહ્યું કે આપણે બંને સાથે દીક્ષા લઈશું. તારા ગુરૂ એ જ મારા ગુરૂ. એમ ગુરૂ પણ નક્કી કરી, બંને બહેનપણીઓએ ધર્મનો અભ્યાસ વ્યસ્થિતપણે શરૂ કર્યો. બંને બુદ્ધિશાળી બાલિકાઓ ઉપાશ્રયના આગેવાન શ્રાવિકા સમરતબહેન પાસે ભણવા લાગી. શકરીબહેન સાથે તેમનાં સગાં કાકા-કાકી અને તેમનાં બે દીકરા-દીકરી પણ અભ્યાસ કરવા લાગ્યાં. આમ, એક કુટુંબમાંથી પાંચ દીક્ષાર્થીઓ એકીસાથે તૈયાર થયા પણ નાની બાળાઓને દીક્ષા આપવા માટે જાગેલા વિરોધવંટોળમાં આ બાળાઓ અટવાઈ ગઈ. આખરે સત્યનો વિજય થતાં શ્રી પાર્શ્વચંદ્રગચ્છના શિરોમણિરૂપ પૂજ્ય શ્રી જગતચંદ્રજી મહારાજ (બાવાજી), પૂજ્ય શ્રી સાગરચંદ્રજી મહારાજ સપરિવાર ઉનાવા પધાર્યા અને પૂજ્યશ્રીની શુભ પ્રેરણાથી વિ. સં. ૧૯૯૦ના ફાગણ સુદ ત્રીજના દીક્ષા દિવસ નિર્ધારિત થયો. અઠ્ઠાઈ મહોત્સવપૂર્વક બંને કુમારિકાઓને ભારે ઠાઠથી દીક્ષા આપવામાં આવી. કારણ સંયોગે ચંદ્રાબહેનનું નામ પૂજ્ય શ્રી ચારિત્રશ્રીજી રાખી પૂજ્ય શ્રી મહોદયશ્રીજી મહારાજના શિષ્યા અને શકરીબહેનનું નામ પૂજ્ય શ્રી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુનંદાશ્રીજી રાખી પૂજ્ય શ્રી ખાંતિશ્રીજી મહારાજના શિષ્યા તરીકે જાહેર કરવામાં આવ્યાં. વિધિની વિચિત્રતાના યોગે પૂજ્ય શ્રી ખાંતિશ્રીજી મહારાજ આ શુભ પ્રસંગે હાજર ન હતા. તેમને તારથી ખબર આપવામાં આવ્યા. બાળપણમાં બોલેલાં વચનો યથાર્થ કરી, કસોટીમાંથી પસાર થઈ સુવર્ણ રૂપ બનેલાં પૂજ્ય શ્રી સુનંદાશ્રીજી મહારાજ જ્યારે પોતાનાં ગુરૂણીને મહેસાણા મુકામે મળ્યાં ત્યારે કષ્ટપૂર્વક ઈષ્ટને મેળવવાનો અવર્ણનીય આનંદ અનુભવ્યો; અને ગુરૂભાવમાં આરોપિત બની ગયાં. અમદાવાદ-શામળાની પોળે વૈશાખ સુદ ત્રીજના દિવસે બંને નૂતન સાધ્વીજીઓને વડી દીક્ષા આપવામાં આવી.

પૂજ્યશ્રીએ પ્રકરણજ્ઞાન તો પહેલેથી જ મેળવેલ હતું. અર્થજ્ઞાન બાકી હતું તે પૂર્ણ કર્યું. પૂજ્ય ગુરૂણીએ પંડિત રોકીને સંસ્કૃત વ્યાકરણ અને કાવ્યોનો અભ્યાસ કરાવ્યો. આગમ આદિના વિપુલ સાહિત્યવાંચનથી સમ્યગ્જ્ઞાન પુષ્ટ બન્યું. પ્રાકૃતનું જ્ઞાન મેળવી શાસ્ત્રવાંચન સમૃદ્ધ બનાવ્યું. જ્યોતિષશાસ્ત્રના અભ્યાસથી અને તર્કસંગ્રહ આદિ ન્યાયના શાસ્ત્રીય જ્ઞાનથી દ્વાદશાંગીનો સાર જાણ્યો. આ રીત પોતાના ક્ષયોપશમ મુજબ વિદ્વતા અને વાણી એકરૂપ બન્યાં. વિશિષ્ટ પ્રકારની વક્તૃત્વશક્તિ ખીલતી રહી. તેઓશ્રી આ વિદ્વતા અને વાક્ચાતુર્યથી પાટ પર બેસીને કે ઊભા થઈને વ્યાખ્યાન આપતાં ત્યારે ગહન વિષય સાવ સરળ બની જતો. અનુપમ શૈલીના અજબ આકર્ષણથી સર્વ શ્રોતાજનો ડોલી ઊઠતા. ગુરૂનિશ્રામાં રહી જ્યાં પધારતાં ત્યાં ધર્મયુગ મંડાઈ જતો. પછી એ સ્થાન શહેર હોય કે ગામડું; ત્યાંના લોકો ધર્મમય વાતાવરણમાં આનંદી ઊઠતાં. તેઓશ્રીનો શિષ્યા-પરિવાર પણ સુયોગ્ય અને સુવિનીત હતો. પરિણામે, એક એક ચાતુર્માસ, એક એક તહેવાર, એક એક મહોત્સવ સૌના દિલમાં હર્ષની અમીવર્ષા વરસાવી જતો. એક એક ઉજ્જવલ પ્રસંગો આલેખતાં ગ્રંથસ્વરૂપ બની જાય, એવી તેમની નિશ્રાનો પ્રભાવ હતો.

વિલક્ષણ છતાં સરળ સ્વભાવી, ઉપરથી કઠોર છતાં અંતરથી કોમળ વ્યક્તિત્વ ધરાવતાં પૂજ્યશ્રી વર્ષો સુધી ગુરૂનિશ્રામાં વિચર્યા. શિષ્યા-પ્રશિષ્યા પરિવાર વધતાં ગુરૂઆજ્ઞાથી વિ. સં. ૨૦૨૩થી અલગ ચાતુર્માસની આજ્ઞા થઈ. ગુરૂણીના અંકમાં મસ્તક મૂકી, વિયોગનાં આંસુથી ગુરૂનાં ચરણ પખાળી મુંબઈ તરફ વિહાર કર્યો. અત્યાર સુધી ગુરૂ સાથે જ્યાં જ્યાં કુમકુમ પગલે પધારતાં ત્યાં ત્યાં ધર્મસ્રોતસ્વિની વહી નીકળતી. હવે મુંબઈ પધાર્યા. પ્રથમ ચાતુર્માસ કચ્છી જૈન મહાજન વાડી, પાલા ગલી, ભાત બજારમાં થયું. શ્રોતાજનોથી મહાજન વાડી ઊભરાવા લાગી. આ ચાતુર્માસમાં વીરવાણીનો પ્રકાશ આખા મુંબઈ પર પથરાઈ ગયો. અનેકવિધ તપસ્યાઓ થઈ. તપસ્વીઓએ આકરાં તપ કરીને કર્મો ખપાવ્યાં. તેમના શિષ્યા સાધ્વી શ્રી સ્વયંપ્રજ્ઞાશ્રીજીએ પહેલીવાર ૫૧ ઉપવાસની તપસ્યા ભારે સમતાભાવથી કરી તેમનો પારણાં-મહોત્સવ ઠાઠમાઠથી ઉજવાયો. મુંબઈમાં આઠ વરસની સ્થિરતા દરમિયાન પોતાનાં અને પરિવારનાં અલગ અલગ ૧૭ ચાતુર્માસોનો લાભ મુંબઈ શહેરને મળ્યો.

એક ચોમાસું પૂના ઉનાવાસીઓની તેમજ બચુભાઈ વિક્રમ પરિવારની વિનંતીથી જાહોજલાલીપૂર્વક થયું. ત્યાં પણ તપની હેલી જામી. ૧૭ મહાપૂજનો સાથે ૧૧ ભાગવતી દીક્ષાઓ મુંબઈના આંગણે થઈ. છ વ્યક્તિના એક કુટુંબને પ્રતિબોધી આપેલ દીક્ષા પ્રસંગે હિન્દમાતા, દાદર, ચર્ચમાં ૨૫ હજાર ઉપર જનસંખ્યા હાજર હતી. એ ચાતુર્માસિક ઠાઠ, એ દીક્ષાપ્રસંગો, એ પૂજનો, એ મહોત્સવો કદી ભૂલ્યા ન ભૂલાય એવી છાપ ઉપસાવી ગયા. હજારોની સભામાં સાધ્વીજી તરીકે વ્યાખ્યાનો આપવાં, પાટ ઉપર બિરાજમાન થયેલ પૂજ્ય શ્રી સુનંદાશ્રીજી મહારાજને નીરખવા એ એક આનંદનો પ્રસંગ બની જતો.

પૂજ્યશ્રી કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત, રાજસ્થાન -નાગોર, બિકાનેર, જોધપુર, જેસલમેર, મહારાષ્ટ્ર-પૂના, જુનર, મંચર, આંબેગામ સુધી વિચરી સાચા ધર્મપ્રભાવિકા બન્યાં. જિનમંદિરોના જીર્ણોદ્ધાર, નૂતન જિનમંદિર,


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાનમંદિર, ઉપાશ્રયના નિર્માણ આદિ કાર્યો પણ તેમના ઉપદેશથી બહુ મોટી સંખ્યામાં થયાં. પચપદરા નૂતન જિનમંદિરના જિનભક્તિ પ્રતિષ્ઠા મહોત્સવમાં એક કરોડ ૩૦ લાખની ઉછામણી થઈ ત્યારે એક આચાર્યશ્રી કરતાં પણ સવિશેષ પ્રભાવ પૂજ્ય શ્રી સુનંદાશ્રીજીનો હતો, એમ કહેવામાં જરાયે અતિશયોક્તિ નથી. સં. ૨૦૪૫નું ચાતુર્માસ પોતાની જન્મભૂમિમાં કરી, ૪૫ છોડનાં ઉજમણાં સાથે, પોતાના ૫૬ વર્ષના સંયમપર્યાયનો મહોત્સવ ઉજવ્યો. આ પ્રસંગ પણ અવિસ્મરણીય છે.

પૂજ્યશ્રીના ૫૮ વર્ષના સંયમપર્યાયમાં એક એકથી ચડિયાતાં ચાતુર્માસ થયાં; મહાન શાસનપ્રભાવના પ્રવર્તી. તેઓશ્રી ૭૪ વર્ષની વયે, તત્ત્વત્રયીની સાધના અને રત્નત્રયીના સંશોધનપૂર્વક જોધપુર મુકામે વિ.સં. ૨૦૪૯માં સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામ્યાં. એવાં એ પરમ આદરણીય શ્રમણીરત્ના પૂજ્યશ્રી સુનંદાશ્રીજી મહારાજનાં ચરણોમાં કોટિ કોટિ વંદના!

## પૂજ્ય શ્રી સુનંદાશ્રીજી મહારાજના સંસારી કુટુંબમાંથી દીક્ષિત આત્માઓની નામાવલિ

| | | |
|---|---|---|
| સંસારી કાકા | : | સ્વ. પૂજ્ય ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મહારાજ |
| સંસારી કાકાના સુપુત્રો | : | સ્વ. પૂજ્ય શ્રી મહોદયસાગરજી મહારાજ |
| | : | સ્વ. પૂજ્ય પન્યાસ શ્રી અભયસાગરજી મહારાજ |
| પોતાના મામા | : | પૂજ્ય શ્રી અમૃતવિજયજી મહારાજ |
| સંસારી કાકી | : | પૂજ્ય શ્રી સદ્ગુણાશ્રીજી મહારાજ |
| કાકાની સુપુત્રી | : | પૂજ્ય શ્રી સુલસાશ્રીજી મહારાજ |
| કાકીના બા | : | પૂજ્ય શ્રી અજિતાશ્રીજી મહારાજ |
| પોતાની નાની બહેન | : | પૂજ્ય શ્રી સુમંગલાશ્રીજી મહારાજ (શિષ્યા) |
| બીજી નાની બહેનની સુપુત્રીઓ | : | પૂજ્ય હિતોદયાશ્રીજી મહારાજ |
| | : | પૂજ્ય સુરક્ષાશ્રીજી મહારાજ |
| | : | પૂજ્ય વિશ્વોદયાશ્રીજી મહારાજ |
| નાની બહેન સુભદ્રાબહેન | : | પૂજ્ય શ્રી સંયમગુણાશ્રીજી મહારાજ |
| ભત્રીજી | : | પૂજ્ય શ્રી કૃતિનંદિતાશ્રીજી મહારાજ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## 'કવયિત્રી'

# પૂજ્ય સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મહારાજ – 'સુતેજ'

સંકલન : સાધ્વીશ્રી પાર્શ્વચંદ્રાશ્રીજી મહારાજ



કચ્છની પાવન ધર પર રળિયામણું મોટી ખાખર ગામ છે. એ ધરા પર વર્તમાનમાં સર્વ ગચ્છોમાં તેમજ સ્થાનકવાસીઓમાં પણ ૭૦ આસપાસ દીક્ષાઓ થઈ છે. એમાં મોટી ખાખરની પણ ખરી અને આસપાસનાં ગામોની પણ ખરી. એ પવિત્ર ધરતી પર પિતા રવજીભાઈ અને માતા વેલબાઈને ત્યાં એક પુત્રીરત્નાનો જન્મ થયો. જન્મસ્થાન મુંબઈ હતું. બાળાનું નામ કચ્છી ભાષાના સંસ્કારે ઉમરબાઈ ઊર્ફે ઉર્મિલા રાખવામાં આવ્યું. શાંત અને સરળ સ્વભાવી ઉર્મિલા મિતભાષી હતી. પ્રાથમિક શિક્ષણમાં બે ધોરણનો અભ્યાસ કરીને લખતાં-વાંચતાં શીખી. વાંચતાં આવડ્યું તે સાથે જ તેનો વાંચનશોખ કેળવાયો. ધાર્મિક વાંચન અને અધ્યયનમાં ખૂબ રસ પડવા લાગ્યો અને પરિણામે આત્માને પુષ્ટિ મળવા લાગી; જીવનને દિશા મળવા લાગી અને વૈરાગ્યભાવના અંકુર ફૂટ્યા. વિ. સં. ૨૦૦૦માં પૂજ્ય શ્રી ખાંતિશ્રીજી મહારાજ અને પૂજ્ય શ્રી સુનંદાશ્રીજી મહારાજ ઠાણાં બે મોટી ખાખર ગામે ચોમાસું પધાર્યા ત્યારે બાર વર્ષની ઉર્મિલાનાં હૃદયમાં ગુરૂજ્ઞાનનો પડઘો પડ્યો. સં. ૨૦૦૪માં ફરી તેઓશ્રીનું ચોમાસું થતાં, અને બાળ ઉર્મિલાની વય વધુ પરિપકવ થતાં, સંસારની નિઃસારતાનું ભાન થતાં; ગુરૂ-સહવાસનું ઘેલું લાગ્યું. અગાઉ વવાયેલાં ધર્મબીજને અંકુર ફૂટ્યાં. એ ચાતુર્માસની શરૂઆતમાં જ ગામમાં એક વૃદ્ધ ગંગામાને સ્વપ્ન આવ્યું કે આપણા ગામની એક દીકરીની દીક્ષા વિ. સં. ૨૦૦૫ના માગસર સુદ ૬ ને દિવસે ચડતા પહોરે આ જ ગુરૂજી પાસે થશે. ત્યારે હજી ભીંતિયા પંચાંગ આવ્યાં ન હતાં. પરંતુ દિવાળી ઉપર આવ્યાં ને જોયું તો માગસર સુદ ૬ ને સોમવાર જ હતો!

આટલી વાત પરથી સૌને સમજાયું હતું કે આ વર્ષે નક્કી કંઈક થશે જ. ત્યારે ઉર્મિલાને પણ પોતાનાં સ્વપ્નો સાકાર થવાના સંકલ્પો થવા માંડ્યા હતા. મહાપુરુષો અને મહાસતીઓનાં ચારિત્રવાંચનથી તેને સંયમનો સુંવાળો પંથ અને સંસારનો કાંટાળો રસ્તો સાફ દેખાવા લાગ્યાં હતાં. પત્ર લખીને મુંબઈ પિતાજીને જાણ કરી. દિવાળી પછી પિતાજીએ દેશમાં આવીને દીકરીની દીક્ષા લેવાની ભાવનાને જાણી, પૂર્ણતાને પિછાણી રજા આપી. જોશી પાસે મુહૂર્ત



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોવરાવતાં પેલું મુહૂર્ત જ આવ્યું! ચાતુર્માસના નિયમ મુજબ કારતક વદ ૧ના ગુરૂજી બાજુના ગામે વિહાર કરી પધાર્યા. કુટુંબીઓએ સહમતિપૂર્વક આપેલ મુહૂર્ત પ્રમાણે દીક્ષા આપવી એમ નક્કી થયું. પિતાજીએ સંઘને સઘળી વાતથી વાકેફ કર્યો. બે બે ચાતુર્માસને લીધે પૂજ્ય ગુરૂજી પ્રત્યે સર્વના પ્રીતિ-ભક્તિ અજબ જામી હતી. એમાં દીક્ષા નક્કી થતાં સર્વનાં મનના મોરલા નાચી ઊઠ્યા! આટલી નાની વયની બાળાને દીક્ષા આપવાની વાતનો કેટલાકોએ વિરોધ કર્યો. એક ભાઈ તો પૂજ્ય ગુરૂજીને ત્યાં સુધી કહી આવ્યા કે, આટલી કુમળી વયની બાલિકાને દીક્ષા આપશો તો ત્રીજા વિહારમાં જ મરી જશે. પૂજ્ય ગુરૂજીએ તેમને યોગ્ય ઉપદેશ આપી શાંત પાડ્યા. ગામના આગેવાન ધર્મરાગી શ્રાવક ધનજીભાઈ હીરજીએ પોતાની દીકરી તરીકે મહોત્સવપૂર્વક દીક્ષા આપવાનો નિર્ધાર કર્યો. એ દિવસે હર્ષોલ્લાસપૂર્વક દીક્ષાપ્રસંગ ઊજવાયો. નૂતન વેશમાં નૂતન સાધ્વીજી અત્યંત દીપી ઉઠ્યા. પરમ વિદુષી પૂજ્ય શ્રી સુનંદાશ્રીજી મહારાજનાં પટ્ટશિષ્યા તરીકે શ્રી વસંતપ્રભાશ્રીજી નામથી ઉદ્‌ઘોષિત કરવામાં આવ્યાં. તે જ દિવસથી નવદીક્ષિત સાધ્વીજીએ 'ગુરૂણાં આજ્ઞા સદા વિચારણીયા' એ સુભાષિતને આત્મસાત્ કરી લીધું. સમસ્ત જીવન ગુરૂચરણે જ સમર્પિત કરી દીધું.

પૂજ્ય ગુરૂનિશ્રામાં અર્થસહિત પ્રકરણ જ્ઞાન, સંસ્કૃત, પ્રાકૃત, તર્કસંગ્રહ તથા કાવ્યાદિના જ્ઞાન સાથે પ્રખર વિદુષી બન્યાં. શારીરિક સ્થિતિ નાજુક હોવાથી તપમાં બહુ આગળ વધી ન શક્યાં પણ જ્ઞાનમાર્ગમાં ખૂબ પ્રગતિ કરી, પૂર્વ ક્ષયોપશમથી કવયિત્રી અને સારાં લેખિકા બન્યાં. બાળપણથી જ જાગ્રત વાંચનશોખમાં તદ્રૂપભાવ કેળવી લીધો હતો. સંસ્કૃત-પ્રાકૃત વાંચન ખૂબ જ સારું કર્યું. સંયમી જીવનમાં વાંચનની સુવિધા સાંપડતાં જૈન ધર્મગ્રંથો સાથે અન્ય ધર્મગ્રંથોનો અભ્યાસ કરી વિશેષ સમૃદ્ધ બન્યાં. વળી, ગુરૂકૃપાથી ગુરૂગુણગીતો અને પ્રભુભક્તિગીતો રચવાની પ્રેરણા જાગી. લેખનકાર્યમાં પણ અવિહડ પ્રીતિ જાગી. સંયમી જીવનના સાતમાં વર્ષથી ગીતો રચવાં લાગ્યાં, પ્રસંગ-ગીતો બનાવવા લાગ્યાં. લેખોનું પ્રથમ પુસ્તક 'ધર્મસૌરભ' અને ગીતોનું પ્રથમ પુસ્તક 'વસંતગીતગુંજન' બહાર પડ્યાં. ત્યાર બાદ દીક્ષા જીવનસંવાદની બે પુસ્તિકાઓ પ્રકાશિત કરી સંસારીજીવન અને સંયમીજીવન વિશે પ્રકાશ પાડ્યો. આવા ગ્રંથોથી, ગીતોથી દીક્ષા પ્રસંગોએ ધર્મનો પ્રભાવ વ્યાપી વળતો.

ત્યારબાદ, 'સુતેજપ્રસંગગીતો' અને 'સુતેજભક્તિકુંજ' એ બે પુસ્તકો પ્રસિદ્ધ થયાં. દરમિયાન, ગુરૂભક્તિનાં પણ ઘણાં ગીતો રચ્યાં. ગહુંલીઓ પણ બનાવી. 'બ્લેક બોર્ડ' પર લખવા સુવાક્યોનાં ત્રણ પુસ્તકો - 'ધર્મઝરણાં', 'પુણ્યઝરણાં' અને 'સદ્‌બોધઝરણાં' નામે પ્રસિદ્ધ થયાં.

પૂજ્યશ્રીના સંયમીજીવનનાં ૨૫ વર્ષ પૂરાં થતાં તેનો રૌપ્ય મહોત્સવ મુંબઈ-મુલુંડ મુકામે સંસારી કુટુંબીઓ તરફથી ઊજવાયો. તે પ્રસંગે પ્રવચનમાં મુલુંડ શ્રી પાર્શ્વચંદ્રગચ્છના આગેવાનો, તેમજ ચીમનલાલ પાલીતાણાકર, ઉમરશીભાઈ પોલડિયા, વસનજી ખીમજી વગેરે કચ્છી આગેવાનોની આગ્રહભરી વિનંતીથી પૂજ્ય ગુરૂજીએ પૂજ્ય શ્રી વસંતપ્રભાશ્રીજીને 'સાહિત્યરત્ના' બિરુદથી વિભૂષિત કર્યા! તે પહેલાં પૂજ્ય ગુરૂજી તરફથી જ 'સુતેજ' એ ઉપનામ મળ્યું હતું.

અંતરના તાર, રણઝણી ઊઠે એવી પ્રભુ-પ્રાર્થનાઓવાળું અને આત્મનિંદામય ૧૦૮ માળાના મણકા જેમ, 'મનમાળાના મણકા' નામે પુસ્તક પ્રસિદ્ધ થયું. પચ્ચીશમી વીર નિર્વાણ શતાબ્દી પ્રસંગે 'મંગલમ્ ભગવાન વીરો' યાને 'મહાવીર જીવન જ્યોત' નામે વીરજીવન આલેખીને પ્રસિદ્ધ કર્યું, જેની શ્રી પાર્શ્વચંદ્રગચ્છ સ્થવીર પૂજ્ય રામચંદ્રજી મહારાજ, પૂજ્ય શ્રી વિદ્યાચંદ્રજી મહારાજ તેમજ મનસુખલાલ તારાચંદ મહેતાએ પ્રસ્તાવના, આશીર્વચન વગેરે લખીને-સૌએ ભૂરિ ભૂરિ પ્રશંસા કરી! શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ પણ પૂજ્યશ્રીના સારા પ્રશંસક હતા. વખતોવખત


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોગ્ય પ્રોત્સાહન આપતા એને લીધે પૂજ્યશ્રીનાં અન્ય માસિકો–સાપ્તાહિકો વગેરે સામયિકોમાં ઘણા લેખો પ્રકાશિત થતા રહ્યાં. 'ધર્મલાભ' માસિકમાં 'મહિલા મહોદય' વિભાગનું સુંદર સંપાદન કર્યું. 'સુનંદા–સુતેજ પુષ્પમાળા'ના ચૌદ પુષ્પો બહાર પડ્યાં. પ્રથમ શિષ્યા શ્રી બિન્દુપ્રભાશ્રીજી, શ્રી પદ્મગીતાશ્રીજી, શ્રી મનોજિતાશ્રીજી અને શ્રી પાર્શ્વચંદ્રાશ્રીજી પોતપોતાનાં કાર્યોમાં પ્રવૃત્ત છે. તેમાં સાધ્વી શ્રી મનોજિતાશ્રીજીએ દીક્ષા લીધી ત્યારથી, ૧૭ વર્ષથી, પૂજ્ય દાદીગુરૂ શ્રી સુનંદાશ્રીજી મહારાજની સેવાભક્તિમાં નિમગ્ન હતાં.

પૂજ્ય શ્રી વસંતપ્રભાશ્રીજી મહારાજને લેખનકાર્ય ઉપરાંત જાપમાં પણ એટલી જ પ્રીતિ હતી. અરિહંત પદ અને પાર્શ્વનાથ પ્રભુના કોટિ ઉપરાંત જાપ કર્યા હતા. સંપૂર્ણ નવકારના કોટિ જાપ પણ પૂર્ણ કર્યા હતા. તે સિવાય પણ વિવિધ પ્રકારના જાપ લાખોના પ્રમાણમાં કર્યા હતા.

વિ. સં. ૨૦૪૯નું ચાતુર્માસ પૂર્ણ થયે પૂજ્ય સાધ્વીજી મહારાજ જેસલમેર તીર્થની યાત્રાએ પધારેલ. ત્યાં અપૂર્વ પ્રભુભક્તિનો લાભ લઈ બાડમેર તરફ પધારતાં હતાં, ત્યાં ડાબલા અને દેવીકોટ આવતાં વચ્ચે સાંગાનેરી પ્યાઉ પાસે સં. ૨૦૫૦ માગસર વદ ત્રીજના સવારે ૯ કલાકે તેઓશ્રી આકસ્મિક દેવલોક પામ્યાં. બીજા દિવસે વદ ચોથના બાડમેર શહેરમાં દિવંગત સાધ્વીજીશ્રીનાં અંતિમયાત્રા અને અંતિમ સંસ્કાર કરવામાં આવેલ. આવાં વિદુષીરત્ન સાધ્વીજી મહારાજના આમ અચાનક ચાલ્યા જવાથી શાસનને અને સ્વસાધ્વી સમુદાયને ન પુરાય તેવી ખોટ પડી છે.

## ધર્મવીર શ્રી હેમરાજભાઈ

**કચ્છ–કોડાયના શ્રી હેમરાજ ભીમશી એક ધર્મવીર પુરુષ હતા. ચાર મિત્રો સાથે ભાગીને શ્રી હર્ષચંદ્રસૂરિજી પાસે એમણે દીક્ષા લીધી, પરંતુ વડીલો તેમને પાછા લઈ આવ્યા. બીજીવાર ભાગી ગયા ત્યારે ગુરુએ દીક્ષા ન આપી પણ ભણવાની વ્યવસ્થા કરી આપી. શ્રી હેમરાજભાઈએ જૈન આગમો, શાસ્ત્રો તથા શ્રી પાર્શ્વચંદ્રસૂરિજીના ગ્રંથોનો ખૂબ અભ્યાસ કર્યો. કચ્છ આવીને કોડાયમાં 'સદાગમ સંસ્થા' તથા 'અવઠંભ શાળા'ની સ્થાપના કરી. દાદાસાહેબના સિદ્ધાંતો પ્રમાણે ચાલનારી આ સંસ્થામાં સેંકડો ભાઈ–બહેનોએ ધર્મનું ઉચ્ચ શિક્ષણ મેળવેલું. આ સંસ્થાના કારણે કોડાય 'કચ્છનું કાશી' બની ગયું. શ્રી હેમરાજભાઈએ સ્થાપેલ જ્ઞાનભંડાર, જિનાલય, વિદ્યાપીઠ તથા પાંજરાપોળ આજે પણ કોડાયમાં છે. સં. ૧૯૪૪માં વડોદરા મધ્યે નાની ઉંમરે જ તેમનું અવસાન થયું.**


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સુવ્યાખ્યાતા, પંડિતરત્ના
# પૂજ્ય સાધ્વીશ્રી સુમંગળાશ્રીજી મહારાજ



પરમ વિદુષી પૂજ્ય શ્રી સુનંદાશ્રીજી મહારાજના સંસારી નાનાબહેન અને શિષ્યા સાધ્વીશ્રી સુમંગળાશ્રીજીનો જન્મ વિ. સં. ૧૯૭૬માં થયો હતો. સાત વર્ષની વયે માતાની શીળી છાયા ગુમાવી. પિતા બબલદાસભાઈની વાત્સલ્યભરી હૂંફમાં જીવન જીવતાં ગુજરાતી ૭ ધોરણ સુધી અભ્યાસ કર્યો. યોગ્ય વયે શ્રી બોરિયાવીના વતની બાબુલાલ અમથાલાલ સાથે લગ્નગ્રંથિથી જોડવામાં આવ્યાં પરંતુ તેમનું મન તો પ્રથમથી જ મોટીબહેન જેમ વૈરાગ્યવાસિત હતું. નાનપણથી જ મોટીબહેન સાથે દીક્ષા લેવાની ભાવના હતી પણ ઉદયમાં ન આવતા સંસારી જીવનમાં સમય વિતાવવાનું લખ્યું હશે તે ૧૮ વર્ષ સંસારમાં રહીને સર્વને સંતોષ આપ્યો. પણ સંતાનયોગ નહિ થવાથી વૈરાગ્યનો માર્ગ મોકળો થયો. બાર વર્ષના લગ્નજીવન પછી, પોતાના હાથે જ પતિના બીજા લગ્ન કરાવી, તેમની સાથે બીજા છ વર્ષ ગાળી, દીક્ષા અંગીકાર કરવાની ભાવનાને જાહેર કરી.

વિ. સં. ૨૦૦૭નું ચાતુર્માસ મોટાબહેન સાથે પાલીતાણા કર્યું. દરમ્યાન શ્વસુરગૃહે પત્ર લખીને જણાવ્યું કે, મને સત્વરે દીક્ષા આપો, નહિતર હું જાતે જ દીક્ષા લઈશ. પતિ ગભરાતાં ગભરાતાં પાલીતાણા આવ્યા. બાબુભાઈને શાંતિથી સમજાવવામાં આવ્યા. અંતે તેઓ માન્યા અને શાંતાબહેનને દીક્ષાની અનુમતિ મળી. ચોમાસું પૂર્ણ થતાં પૂજ્ય ગુરૂજી ઉત્તર ગુજરાતના મહેસાણા તાલુકાના બોરિયાવી ગામે પધાર્યા. ત્યાં પૂજ્ય શ્રી બાલચંદ્રજી મહારાજના વરદ હસ્તે સં. ૨૦૦૮ના મહા સુદ વસંતપંચમીને શુભ દિને, અઠ્ઠાઈ મહોત્સવપૂર્વક ધામધૂમથી શાંતાબહેનનો દીક્ષા મહોત્સવ ઉજવાયો. સંસારી મોટાબહેન પૂજ્ય શ્રી સુનંદાશ્રીજી મહારાજના બીજા શિષ્યા તરીકે સાધ્વી શ્રી સુમંગળાશ્રીજી નામે ઘોષિત થયાં.

વડી દીક્ષા થયા બાદ, પૂજ્યશ્રી સાધુજીવનમાં અને સાધુ ક્રિયાઓમાં ઓતપ્રોત બની ગયાં. પ્રકરણજ્ઞાનનો તો પહેલાંથી અભ્યાસ હતો. સંસ્કૃતના બે પુસ્તકો એવા કડકડાટ કંઠસ્થ કર્યાં કે બીજાને ભણાવતાં જરા પણ થાકતાં નહીં. એવી જ રીતે, તેઓશ્રીએ વક્તૃત્વશક્તિનો પણ સારો એવો વિકાસ કર્યો. સમજૂતીપૂર્વક વ્યાખ્યાન આપવાની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અદ્‌ભુત આવડતને લીધે પૂજ્યશ્રી સુવ્યાખ્યાતા તરીકે ચોમેર પંકાવા લાગ્યાં.

સંસ્કૃત કાવ્યો અને ચરિત્રોનો તેમનો અભ્યાસ ખૂબ ઊંડો અને વિશાળ બનતો ચાલ્યો. ૩૦ વર્ષની વયે દીક્ષિત થયા હોવા છતાં નાના સાધ્વીજી જેવા જ ઉત્સાહથી ભણવા-ભણાવવામાં મહેનત કરતા. પોતાનાથી નાના સાધ્વીજીઓને ભણાવવામાં ખૂબ પ્રેમ અને ઉત્સાહ દર્શાવતા તેથી સૌ સાધ્વીઓ પ્રેમથી તેમને 'પંડિત મહારાજ' કહીને જ બોલાવતાં.

પૂજ્યશ્રીને શ્રી સૌમ્યગુણાશ્રીજી નામના એક તપસ્વી શિષ્યા હતાં. પોતે પણ સારી તપસ્યા કરી અને શિષ્ય પણ તપસ્વી મળ્યાં. તેમણે ૨૧ વર્ષની વયે દીક્ષા લીધા પછી ૧૭ વર્ષના સંયમપાલનમાં ખૂબ-ખૂબ તપસ્યા કરી. ગુરૂ સાથે આકરા વિહાર કરી તીર્થયાત્રા પણ એટલી જ કરી. તેઓશ્રી નાગલપુરાના વતની લાલજી હંસરાજના સુપુત્રી હતા અને તેમણે સં. ૨૦૨૨ના મહા વદ ૭ ને શુભ દિને દીક્ષા લીધી હતી. તેમની ગતિ જ્ઞાન સંપાદન કરવા કરતાં ધ્યાન-તપમાં સવિશેષ હતી. ૮-૯-૧૦-૧૨ ઉપવાસ, ૧૬-૨૧ ઉપવાસ, માસક્ષમણ તપ, ચત્તારીઅટ્ઠ તપ, સિદ્ધિ તપ, વીશસ્થાનક તપથી વરસી તપ, છઠ્ઠથી વરસી તપ, વરસી તપથી ૪૦ ઓળી આદિ ખૂબ તપસ્યા કરી અનુમોદનાને પાત્ર બન્યાં. સાથે ઉણોદરી તપ તો ચાલુ જ હતો. ઘણી બધી વસ્તુઓનો સર્વદા ત્યાગ હતો. તપ, ત્યાગ અને તીર્થયાત્રા આ ત્રણ તકાર તેમના તારક બની રહ્યા. જીવનમાં કોઈ વાતનો મોહ નહિ.

છેલ્લે સં. ૨૦૩૯માં દાદીગુરૂ પૂજ્ય શ્રી સુનંદાશ્રીજી મહારાજને જણાવ્યું કે, 'આ મારું છેલ્લું ચોમાસું આપની સાથે જ કરવું છે. ગમે તેમ કરશો તો પણ હું સાથે જ રહીશ. મારા જીવનના આ છેલ્લાં ચોમાસામાં મારે ૪૫ ઉપવાસ કરવા છે. તપસ્યાથી જીવનનો અંત સુધારવો છે. એ જ મારું ભાગ્ય છે, માટે મને ના પાડશો નહિ.' હા પાડવી કે ના પડવી એની મુંઝવણ અનુભવતાં પૂજ્ય ગુરૂવર્યશ્રીએ સુમંગળાશ્રીજીને સમજાવ્યા, પણ નાછૂટકે અનુમતિ આપવી પડી.

માંડલ ચાતુર્માસ પધાર્યા. સુસ્વાગત પ્રવેશ પછી આ દિવસોમાં તપની હેલી જામી સાથોસાથ વીરવાણીનો અસ્ખલિત પ્રવાહ શરૂ થયો. ભાવિકો એમાં સ્નાન કરી ભક્તિરસથી ભીંજાવા લાગ્યા. આખરે તપસ્વી સાધ્વી શ્રી સૌમ્યગુણાશ્રીજીએ પોતાનું ધાર્યું કર્યું અને કર્મજીત બનવા ૫૧ ઉપવાસ વધતા ગયા, મનની સમતા પણ વધતી ચાલી. સંસારી માતા-પિતાને સમાચાર મળતાં તેઓ હાજર થઈ ગયાં. ઘણી બધી સમજાવટ થઈ, પણ ઉપવાસ ન છોડ્યા તે ન જ છોડ્યા. છેલ્લા અઠવાડિયામાં નબળાઈ ઘણી વધતી ચાલી. પૂજ્ય ગુરૂજીએ અને માતાપિતાએ તેમજ શ્રીસંઘે શક્તિનું ઇંજેકશન લેવા ખૂબ સમજાવ્યા, અરજ કરી, કાલાવાલા કર્યા, પણ તપસ્વીએ ત્રણેને જુદા જુદા જવાબ આપ્યા. ગુરૂજીને કહ્યું કે, તમે આવી તપસ્યામાં ઇંજેકશન લેવાની છૂટ આપો તે વાજબી છે? શ્રીસંઘને કહ્યું કે, આજે નહીં, કાલે વાત. માતા-પિતાને કહ્યું કે, આજે મહાવીર જન્મ વાંચન છે, એટલે અત્યારે નહીં, રાતે વાત. ત્રણેની વાત રાખી, પોતાનું ધાર્યું જ કર્યું.

માગશર સુદ બીજના બપોર થયા. વ્યાખ્યાનના સમયે મહાવીર જન્મ-વાંચન ચાલુ હતું. પૂજ્ય સુનંદાશ્રીજીને કહ્યું કે, મને સારૂં છે. તમે વ્યાખ્યાનમાં જાવ. તમારા વિના ત્યાં ગીત કોણ ગવરાવશે?

પૂજ્ય સુનંદાશ્રીજીએ પૂછ્યું, તમે આવો છો?

સૌમ્યગુણાશ્રીજીએ ત્યારે કહ્યું કે, ના, મારાથી અવાય તેમ નથી. તમે જલ્દી જાઓ. આગ્રહ કરીને મોકલ્યાં. બરાબર મહાવીર જન્મ-સમયે જ નવકાર ગણતાં હાથનો અંગૂઠો આઠમે વેઢે થંભી ગયો. ગુરૂ સુમંગલાશ્રીજી બાજુમાં પડિલેહણ કરતાં હતાં. તેમની નજર પડતાં આંખો સ્થિર દેખાણી; હંસલો ઉડી ગયો હતો!


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમાચાર ફેલાતાં જ સૌ દોડી આવ્યાં. સૌએ અશ્રુભીની શ્રદ્ધાંજલિ આપી. યથાશક્તિ સૌએ દાનપુણ્ય કર્યાં, તપસ્યાઓ લખાવી, નિયમોની ધારણા લખાવી. આખું માંડલ ગામ-જૈનો, જૈનેતરો, હિન્દુ અને મુસલમાન સૌ આ પરમ તપસ્વીના અંતિમ દર્શન માટે દોડી આવ્યાં. આજુબાજુના ગામમાંથી દર્શનાર્થીઓના ટોળે-ટોળા ઉમટ્યાં. તાર-ટપાલ-ખેપિયા અને રેડિયા દ્વારા સમાચાર ફેલાઈ ગયા. વિશાળ સંખ્યામાં અંતિમ યાત્રા નિકળી. જય જય નંદા, જય જય ભદ્રાના નારા ગગન ગજવી રહ્યાં. ૩૮ વર્ષની વયે, ૪૮મા ઉપવાસે, (૫૧ ઉપવાસના પચ્ચખાણ થઈ ગયા હતાં) આત્માએ ઉર્ધ્વગતિ ધારણ કરી. સંયમધારી આત્મા વીર પરમાત્માના વિશ્વ પ્રતિ ગતિ કરી ગયો!

આમ, પૂજ્ય શ્રી સુમંગળાશ્રીજી પોતે તપસ્વી હતાં, તેમ અન્યને પણ તપસ્યાની પ્રેરણા આપનાર મહાન પ્રભાવક હતા. તેઓશ્રી પણ સંયમજીવનને જ્ઞાન-ધ્યાન અને તપથી સુવાસિત બનાવી વિ. સં. ૨૦૫૦માં જૈનપુરી એવા અમદાવાદ શહેરમાં ધર્મની સુંદર આરાધના કરતાં કરતાં સ્વર્ગવાસને પામ્યાં હતાં. આવાં પરમોપકારી પૂજ્ય સાધ્વીરત્ના શ્રી સુમંગળાશ્રીજીના પુણ્ય આત્માને અંતઃકરણપૂર્વક લાખ લાખ વંદન!

**ભક્તિ ભેળો જે સાવઘ હુવે, તિહ વિધિ-નિષેધ મ ભાંખો,**
**ગુરૂપ્રસાદિ એ દુલ્લહ લાધો, રતન જતન કરી રાખો.**

**- દાદાસાહેબ શ્રી પાર્શ્વચંદ્રસૂરિ**

***જિનભક્તિના અનુષ્ઠાનો કરતાં જે થોડી સાવઘ (હિંસાદિ દોષયુક્ત) પ્રવૃત્તિ થાય તેને અંગે સુજ્ઞજનોએ વિધિ કે નિષેધ (સમર્થન કે વિરોધ) રૂપે કંઈ ન બોલવું. ગુરુની કૃપાથી આ દુર્લભ વસ્તુ મને સમજાઈ છે. જિનભક્તિરૂપ રત્નને જતનથી સાચવી રાખો.***

## જૈન આગમોના તાત્પર્યને સમજવા માટે
## પૂ. દાદાસાહેબે તારવી આપેલા ૧૧ બોલ

૧. ધર્મપક્ષ
૨. અધર્મપક્ષ
૩. મિશ્રપક્ષ
૪. હેય
૫. જ્ઞેય
૬. ઉપાદેય
૭. વિધિવાદ
૮. ચરિતાનુવાદ
૯. યથાસ્થિતવાદ
૧૦. નિશ્ચયનય
૧૧. વ્યવહારનય


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વર્તમાન સાધ્વી સમુદાયની પટ્ટાવલિ

- **શિવશ્રીજી**
  - **જ્ઞાનશ્રીજી**
    - **લબ્ધિશ્રીજી**
      - **કનકશ્રીજી**
        - **ચંપકશ્રીજી**
          - સૂર્યપ્રભાશ્રીજી
          - ઈન્દુપ્રભાશ્રીજી
          - જ્યોતિકલાશ્રીજી (અ.ગચ્છમાં ગયા)
          - પૂર્ણકળાશ્રીજી
            - વિશ્વદર્શિતાશ્રીજી
            - દિવ્યદર્શિતાશ્રીજી
      - પૂનમશ્રીજી
      - માણેકશ્રીજી
      - ધર્મશ્રીજી
      - જગતશ્રીજી
      - મંગલશ્રીજી
      - કુસુમશ્રીજી
      - **કીર્તિશ્રીજી**
        - કંચનશ્રીજી
        - રમણીકશ્રીજી
      - મિત્રશ્રીજી
    - **લાભશ્રીજી**
  - **હેમશ્રીજી**
  - **લાવણ્યશ્રીજી**
  - **લક્ષ્મીશ્રીજી**
  - ભાવશ્રીજી
  - નિધાનશ્રીજી
    - પુન્યશ્રીજી
    - રતનશ્રીજી


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શિવશ્રીજી**

⋮

- **લાભશ્રીજી**
  - પદ્મશ્રીજી
  - ગુણશ્રીજી
    - અશોકશ્રીજી
    - સુશીલાશ્રીજી
  - જયશ્રીજી
  - કલ્યાણશ્રીજી
  - ભાનુશ્રીજી
  - નેમશ્રીજી
  - **ખાંતિશ્રીજી**
    - ધનશ્રીજી
    - **સુનંદાશ્રીજી**
      - **વસંતપ્રભાશ્રીજી**
        - બિંદુપ્રભાશ્રીજી
        - પદ્મગીતાશ્રીજી
          - ચારુશીલાશ્રીજી
          - નમ્રશીલાશ્રીજી
        - મનોજિતાશ્રીજી
        - પાર્શ્વચંદ્રાશ્રીજી
          - દર્શિતપ્રજ્ઞાશ્રીજી
      - સુમંગળાશ્રીજી
        - સૌમ્યગુણાશ્રીજી
      - કલ્પલતાશ્રીજી
      - સુરલતાશ્રીજી
        - સુયશાશ્રીજી
        - રાજયશાશ્રીજી
      - સ્વયંપ્રજ્ઞાશ્રીજી
        - વીરભદ્રાશ્રીજી
      - કુંજલતાશ્રીજી
      - સુનંદિતાશ્રીજી
        - કૃતિનંદિતાશ્રીજી
        - વિશ્વનંદિતાશ્રીજી
    - **ૐકારશ્રીજી**
      - પંકજશ્રીજી
        - તત્ત્વાનંદશ્રીજી
        - દિવ્યાનંદશ્રીજી
        - વિપુલાનંદશ્રીજી
        - યશમાલાશ્રીજી
      - નિજાનંદશ્રીજી
        - મોક્ષાનંદશ્રીજી
        - મિતાનંદશ્રીજી
        - વીરરત્નાશ્રીજી
      - પદ્મરેખાશ્રીજી
        - પાવનગિરાશ્રીજી
        - પ્રશાંતગિરાશ્રીજી
      - પુનિતકલાશ્રીજી
      - ભવ્યાનંદશ્રીજી
        - સંયમરસાશ્રીજી
          - સંવેગરસાશ્રીજી
        - સિદ્ધાંતરસાશ્રીજી
        - શાસનરસાશ્રીજી
        - મૈત્રીકલાશ્રીજી
      - રમ્યાનંદશ્રીજી
      - ચંદ્રકલાશ્રીજી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

- **શિવશ્રીજી**
  - **હેમશ્રીજી**
    - **પ્રમોદશ્રીજી**
      - **વિવેકશ્રીજી**
        - આનંદશ્રીજી
          - અમૃતશ્રીજી
            - ભાગ્યોદયશ્રીજી
          - આજ્ઞાગુણાશ્રીજી
          - આત્મગુણાશ્રીજી
          - પ્રિયદર્શનાશ્રીજી
            - હિતદર્શનાશ્રીજી
      - **દયાશ્રીજી**
        - પુન્યોદયશ્રીજી
          - અનુભવશ્રીજી
            - પદ્મપ્રભાશ્રીજી
              - મરુત્પ્રભાશ્રીજી
            - સુવ્રતાશ્રીજી
      - અણગારશ્રીજી
      - પ્રમાણશ્રીજી
      - રામશ્રીજી
      - અવિચલશ્રીજી
      - ગુમાનશ્રીજી

- **શિવશ્રીજી**
  - **લાવણ્યશ્રીજી**
    - પ્રેમશ્રીજી
    - કસ્તૂરશ્રીજી
    - મણિશ્રીજી
      - સુધાકરશ્રીજી
      - મનોહરશ્રીજી
    - સૌભાગ્યશ્રીજી
    - નેમશ્રીજી
    - જડાવશ્રીજી
    - ગંભીરશ્રીજી
    - દર્શનશ્રીજી
      - અનુપમશ્રીજી
        - અમોઘશ્રીજી
    - ઉદ્યોતશ્રીજી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

- **શિવશ્રીજી**
  - **લક્ષ્મીશ્રીજી**
    - મુક્તિશ્રીજી
    - અક્ષયશ્રીજી
      - હેમશ્રીજી
    - **જીતશ્રીજી**
      - **જંબૂશ્રીજી**
        - વિદ્યાશ્રીજી
        - **ઉદ્યોતપ્રભાશ્રીજી**
          - સુવર્ણલતાશ્રીજી
            - અનંતગુણાશ્રીજી
          - ભયભંજનાશ્રીજી
          - દિવ્યરત્નાશ્રીજી
          - ધૈર્યપ્રજ્ઞાશ્રીજી
          - વિમલયશાશ્રીજી
          - વિરતિરસાશ્રીજી
        - જયનંદિતાશ્રીજી
          - વિપુલગિરાશ્રીજી
    - તત્ત્વશ્રીજી
      - ત્રિભુવનશ્રીજી
    - વિનોદશ્રીજી
    - ન્યાયશ્રીજી
    - સુબોધશ્રીજી


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચંદનશ્રીજી (પૂ. શ્રી ભ્રાતૃચંદ્રસૂરિના હસ્તે દીક્ષિત)**

- સુમતિશ્રીજી
- આણંદશ્રીજી
  - જનશ્રીજી
    - જયંતિશ્રીજી
- શાંતિશ્રીજી
- હરખશ્રીજી
  - તિલકશ્રીજી
  - ધનશ્રીજી
- પુન્યશ્રીજી
- રાજશ્રીજી
  - મુક્તિશ્રીજી
    - સુશીલાશ્રીજી
      - વીરાત્માશ્રીજી
  - પદ્મશ્રીજી
- દેવશ્રીજી
  - સૌભાગ્યશ્રીજી
    - જયશ્રીજી
  - શૃંગારશ્રીજી
- દયાશ્રીજી
- પ્રધાનશ્રીજી
  - દાનશ્રીજી
    - જીવશ્રીજી
      - ચંદ્રોદયશ્રીજી
    - નિશ્ચલશ્રીજી
- પ્રભાશ્રીજી
  - પ્રીતિશ્રીજી
- **મહોદયશ્રીજી**
  - ચારિત્રશ્રીજી
  - હર્ષપ્રભાશ્રીજી
  - ચંદ્રરેખાશ્રીજી
  - જ્યોતિપ્રભાશ્રીજી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## વૈયાવચ્ચમાં સદા ઉદ્યમશીલ

# પૂજ્ય સાધ્વીશ્રી ઉદ્યોતપ્રભાશ્રીજી મહારાજ



પૂજ્ય શ્રી શિવશ્રીજી મહારાજનાં શિષ્યા પૂજ્ય શ્રી લક્ષ્મીશ્રીજી મહારાજ, તેમના શિષ્યા પૂજ્ય શ્રી જીતશ્રીજી મહારાજ, તેમના શિષ્યા પૂજ્ય શ્રી જંબૂશ્રીજી મહારાજ અને તેમનાં શિષ્યા પૂજ્ય શ્રી ઉદ્યોતપ્રભાશ્રીજી મહારાજ.

કચ્છ-ભુજપુરના વતની અને પૂજ્ય શ્રી જંબૂશ્રીજી મહારાજના સંસારી ભાણેજ અને પછી શિષ્યા છે. પ્રાયઃ સં.૨૦૦૩માં તેઓશ્રીની દીક્ષા થઈ. ગચ્છના વધુ ઠાણાં કોઈ પ્રસંગે ભેગાં થાય ત્યારે તેમની અજોડ વૈયાવચ્ચશક્તિ અલગ તરી આવે. ગોચરી માટે દોડાદોડ કરતાં હોય. કોઈના કોઈ કામ માટે જરા પણ આળસ ન દર્શાવે. વાણીની મધુરતા અને વર્તનની સાલસતા સામાને એટલી સ્પર્શી જાય કે એક વખત પરિચયમાં આવનાર વરસો સુધી એ વ્યક્તિત્વને વીસરી શકે નહીં. હાલમાં તેઓશ્રી પોતાનાં છ શિષ્યાઓ અને પ્રશિષ્યાઓ સાથે કચ્છમાં વિચરી રહ્યાં છે.

પૂજ્યશ્રી કાર્યકુશળ અને વત્સલમૂર્તિ છે. પોતાની શિષ્યાઓને સાધના-સ્વાધ્યાયમાં આગળ વધારવાની સખત ખેવના રાખતાં રહે છે. તેમનાં પ્રથમ શિષ્યા સાધ્વી શ્રી સુવર્ણલતાશ્રીજી સારા વ્યાખ્યાતા છે. સાધ્વીશ્રી અનંતગુણાશ્રીજી વગેરે સાત તેમના શિષ્યા-પ્રશિષ્યાઓ છે. પૂજ્યશ્રીને વાનું દર્દ હોવાથી હવે વિહાર માટે અસમર્થ બની ગયાં છે. તેમ છતાં, પોતાના અભ્યાસ અને તપ-ત્યાગના પ્રભાવે ઉત્તમ શાસન-પ્રભાવના કરી રહ્યાં છે. પૂજ્ય શાસનદેવ તેઓશ્રીને સદાય સહાયક બનો  એવી પ્રાર્થના સાથે પૂજ્યશ્રીનાં ચરણે કોટિ કોટિ વંદના!



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*પ્રખર ધર્મપ્રભાવિકા*

## પૂજ્ય સાધ્વીશ્રી ૐકારશ્રીજી મહારાજ



જિનશાસનના આકાશમાં વિવિધ તારા-ગ્રહ-નક્ષત્રો પ્રકાશી રહ્યાં છે, તે સૌને પોતપોતાના રૂપરંગ છે. પોતપોતાના સંયમીજીવનમાં કરેલી વિશિષ્ટ પ્રવૃત્તિથી તેઓ શોભી રહે છે. ધર્મમય પ્રવૃત્તિઓના વિવિધ રૂપરંગને પ્રમાણીને, સ્વીકારીને, વિકસાવીને આ સર્વ ધર્મધુરંધરો શાસન સેવામાં પ્રવૃત્ત રહે છે. પૂજ્ય શ્રી ૐકારશ્રીજી મહારાજ પણ એવી વિશિષ્ટ પ્રવૃત્તિથી શોભાયમાન છે.

કચ્છ પ્રદેશના માંડવી બંદર પાસે આવેલા નાનકડા નાગલપુર ગામે પિતા ગોસરભાઈ દેઢિયા તથા માતા લાખણીબહેનને ત્યાં વિ.સં. ૧૯૯૦ના વૈશાખ સુદ ૭ ને રવિવારે એક કન્યા-રત્નનો જન્મ થયો. ફઈબાએ નામ પાડયું લક્ષ્મી. ચાર બહેનો અને ચાર ભાઈઓ વચ્ચે લક્ષ્મીબહેનનું વ્યક્તિત્વ સાવ જુદું તરી આવતું હતું. પૂર્વના સંસ્કારબળે અને ધર્મનિષ્ઠ ફઈબા ભાણબાઈની પ્રેરણાને લીધે લક્ષ્મીબહેનનું જીવન ધર્મ પ્રત્યે વિશેષ રુચિ ધરાવતું હતું. એમાં સંસારી પક્ષે ફઈબા પૂજ્ય પ્રવર્તિની શ્રી ખાંતિશ્રીજી મહારાજ પાસે પંચપ્રતિક્રમણ, નવસ્મરણ, ચાર પ્રકરણ આદિનો ધર્માભ્યાસ થતાં સોનામાં સુગંધ મળી. પૂર્વ કર્મોદયે વૈરાગ્યનો રંગ લાગ્યો, સંયમગ્રહણની ભાવના જાગી. પૂજ્યશ્રી સાથે રહી સંયમજીવનની તાલીમ લીધી અને વિ. સં. ૨૦૦૬ના ફાગણ સુદ ૯ ને રવિવારે અમદાવાદ મુકામે પરમ પૂજ્ય સરળ સ્વભાવી મુનિશ્રી બાલચંદ્રજી મહારાજના વરદ હસ્તે માત્ર ૧૬ વર્ષની વયે દીક્ષા ગ્રહણ કરી, પોતાના સંસારી પક્ષે ફઈબા પૂજ્ય શ્રી ખાંતિશ્રીજી મહારાજના શિષ્યા શ્રી ૐકારશ્રીજી નામે ઉદ્ઘોષિત થયાં.

સંયમ સ્વીકારીને પૂજ્યશ્રીએ પ્રખર પ્રભાવી પૂજ્ય ગુરૂણીની નિશ્રામાં જ્ઞાન-ધ્યાનમાં, તપ-ત્યાગમાં, વિનય-વિવેકમાં આગળ વધીને સંયમની સાધનાનો યજ્ઞ માંડ્યો. ભાષ્ય, કર્મગ્રંથ, સંબોધસિત્તરી, સિંદુરપ્રકરણ, વૈરાગ્યશતક, સંસ્કૃત બે બુક, દશવૈકાલિક વગેરેના જ્ઞાનોપાર્જન સાથે વિવિધ તપો કર્યા. માસક્ષમણ, ૧૧-૧૦-૯-૮ ઉપવાસોથી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્મ તોડવા કટિબદ્ધ થયાં. રાજકોટ ચાતુર્માસ દરમિયાન પાંચ મહિના મૌન પાળી આત્મબળ વિકસાવ્યું. દીક્ષા-દિવસથી એકધારા ૩૦ વર્ષ ગુરુનિશ્રામાં રહેવા ભાગ્યશાળી બન્યા. ગુરુનિશ્રામાં કચ્છ, ગુજરાત, સૌરાષ્ટ્ર આદિ પ્રદેશોમાં વિચરી, છેલ્લે વિ. સં. ૨૦૩૨નું ચાતુર્માસ મુંબઈ કર્યું. ત્યાંનાં બે ચાતુર્માસ પૂર્ણ કરી વિ. સં. ૨૦૩૪માં ગુરૂદેવના સ્વર્ગવાસે વિષમ વિરહવેદના સહ્ય બનાવી, પૂજ્ય ગુરૂદેવના સાધનાયજ્ઞને આગળ ધપાવવા કટિબદ્ધ બન્યાં.

પૂજ્ય શ્રી ૐકારશ્રીજી મહારાજની પુનિત પ્રેરણાથી મુંબઈ-ચેમ્બુરમાં 'સાધ્વી શ્રી ખાંતિશ્રીજી તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ'ની સ્થાપના થઈ. વિ. સં. ૨૦૩૬-૨૦૩૭ ના વર્ષમાં યુગપ્રધાન દાદાસાહેબ શ્રી પાર્શ્વચંદ્રસૂરીશ્વરજી મહારાજની પાંચસોમી જન્મશતાબ્દીની ભવ્ય ઉજવણી કરવા સૌને તત્પર કરવામાં પણ પૂજ્યશ્રીનું મુખ્ય યોગદાન રહ્યું. મુંબઈના વિવિધ પરાંઓમાં વિવિધ મહાપૂજનો સહપંચાહ્નિકા મહોત્સવો દ્વારા દાદાના નામનો ડંકો વગાડ્યો. મહિનામાં બે-બે પૂજનો, પૂર્ણાહુતિના ભવ્ય વરઘોડાઓ, ગુણાનુવાદ, રંગોળીપ્રદર્શનો, છોડના ઉજમણાં આદિ અનેક ઉત્સવો યોજાયા. ચેમ્બુર, વિક્રોલી, થાણા, ધોલવડ, પાલીતાણા આદિ સ્થળે ભવ્ય દીક્ષા-મહોત્સવો ઉજવાયા. અનેક નાના-મોટા પગપાળા સંઘો નીકળ્યા. પનવેલથી ચેમ્બુર ત્રણ દિવસનો સંઘ નિકળ્યો. દહાણુ, ધોલવડ, લોનાવાલા, પનવેલ, થાણા આદિના ચાતુર્માસની સુવાસ ચારે બાજુ પ્રસરી રહી.

પૂજ્યશ્રીની વ્યવહારકુશળતા અને કાર્યદક્ષતા અજોડ છે. નિર્મળ અને નિખાલસ વ્યક્તિત્વનો પ્રભાવ પડે છે. પરિણામે, પોતે પાર્શ્વચંદ્રગચ્છના હોવા છતાં અન્ય સૌના તેઓ પ્રીતિપાત્ર છે અન્ય ગચ્છના સાધુ-સાધ્વીઓને અભ્યાસમાં-સાધનામાં એટલું જ માર્ગદર્શન આપે છે. 'અમે સહુના-સૌ અમારા'એ તેમનો જીવનમંત્ર છે.

તેઓશ્રીનો શિષ્યા પરિવાર પણ વિદ્વાન અને વિચક્ષણ છે. હાલ ૭ શિષ્યાઓ અને ૧૫ પ્રશિષ્યાઓ મળી કુલ બાવીશ ઠાણાનો પરિવાર શોભી રહ્યો છે, જેઓ શાસનપ્રભાવનાના સારા એવા કાર્યો દ્વારા સાધ્વીસમુદાયમાં ઝળકી રહ્યાં છે. પૂજ્યશ્રીની પ્રેરણાથી તૈયાર થયેલા શિષ્યાઓ જુદા જુદા ક્ષેત્રોમાં નામના કાઢી રહ્યાં છે. કચ્છના તુંબડી ગામના વતની સાધ્વીશ્રી નિજાનંદશ્રીજી સારા વક્તા છે. કચ્છના મેરાઉના વતની સાધ્વીશ્રી પદ્મરેખાશ્રીજી તથા ભવ્યાનંદશ્રીજી પ્રખર અભ્યાસી અને વિદ્વાન વ્યાખ્યાતા છે. એ સર્વ ગચ્છનું અને શાસનનું નામ રોશન કરી રહ્યાં છે.

પૂજ્યશ્રીની પાવન પ્રેરણાથી આજે બોઈસર તથા ચીંચણ ગામે ઉપાશ્રય-દહેરાસરનું નિર્માણ થયું. અમદાવાદમાં પાલડી વિસ્તારમાં ઉપાશ્રયનું નિર્માણ કરાવ્યું. ધ્રાંગધ્રા-માંડલથી શંખેશ્વર તીર્થના છ'રી પાળતા સંઘો તેમની પ્રેરણાથી નિકળ્યા. રાજનાંદગાંવ (મ.પ્ર.) વગેરેમાં યશસ્વી ચોમાસાં કરી કલકત્તા પધાર્યા. ત્યાનું ચાતુર્માસ પણ વિશિષ્ટ બન્યું. તે પછી સમેતશિખરમાં ૨૦૦ આરાધકો સાથે આરાધનામય ભવ્ય ચાતુર્માસ યશકલગી જેવું બની રહ્યું. સં. ૨૦૫૭માં સમેતશિખર મધ્યે તેઓશ્રીને 'પ્રવર્તિની' પદ અર્પણ થયું. તેમની પ્રેરણાથી સમેતશિખર તીર્થમાં દાદાસાહેબનું ગુરુમંદિર નિર્માણ થયું. આ સર્વ કાર્યો પાછળ તેઓશ્રી ગુરૂકૃપાનું ફળ જુએ છે. એવાં એ પ્રભાવનાશીલ સાધ્વીરત્ના શ્રી ૐકારશ્રીજી મહારાજ શાસનપ્રભાવના માટે નિરામય અને સુદીર્ઘજીવન દ્વારા જિનશાસનમાં ચિરકાળ ઝળહળતા રહો એવી હાર્દિક કામનાઓ! પૂજ્યશ્રીના ચરણોમાં હાર્દિક વંદનાઓ!


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[redacted]

## પાર્શ્વચંદ્રગચ્છમાં તિથિમંતવ્ય

*जे तिथिमें रविसंक्रमे, ते तिथि उदयिक जाण ।*
*आखो दिन तेहनो गणो, धर्मकाज मन आण ॥१॥*
*घटतां तिथि पूरव ग्रहो, वधतां आगळ जाण ।*
*पर्व तिथि विचारणा, इणि परे मनमें आण ॥२॥*
*पडवाथी अट्ठम दिने, आठम उत्तम जोइ ।*
*गइ पाखीथी आवती, पाखी पक्षे होइ ॥३॥*
*अंतोपख्खस्स जाणवो, अंतो मध्य विचार ।*
*पूनम पहेलो दिहडो, पाखी चौदस सार ॥४॥*
*आठम त्रूटे सातमीए, आठम करवी होय ।*
*जो आठम दिन बे हुवे, तो बीजी आठम जोय ॥५॥*
*चौदस घटतां तेरसे, पाखीपर्व आराह ।*
*बे चौदस थातां थकां, बीजीए पाखी थाय ॥६॥*
*चउमासी पूनम घटे, पाखी तेरसे देह ।*
*चउदस दिन चौमासनुं, पडिकमणु विरतेह ॥७॥*
*चउमासी पूनम वधे, चौदस पाखी धार ।*
*पहेली पूरी पूनमे, चउमासु संभार ॥८॥*
*चउमासी चौदस वधे, बीजीए पाखी थाय ।*
*पूनम दिन चौमासनुं, पडिकमणु कर भाय ॥९॥*
*चौमासी चउदस घटे, तेरसे पाखी साध ।*
*पूनम दिन चउमासनुं, पडिकमणु आराध ॥१०॥*
*जो घटे संवच्छरी, तो चोथे पंचमी जोय ।*
*जो दिन पंचमी बे हुवे, तो प्रथम पजूसण होय ॥११॥*

**– उपाध्याय श्री मेघराजजी कृत 'साधु समाचारी' मांथी**

## પર્વ તિથિનો નિર્ણય

**જોધપુરીય પંચાગમાં :**

(૧) જો ભાદરવા સુદ ૫ નો ક્ષય હોય તો ચોથે પાંચમ ગણવી એટલે ચોથનો ક્ષય કરવો કારણ કે ચોથમાં પાંચમનો અંશ આવે છે. વળી ભાદરવા સુદ ૫ બે હોય તો પહેલી પાંચમે સંવત્સરી કરવી અને બીજી પાંચમને છટ્ઠમાં ગણવી એટલે બે છટ્ઠો કરવી.

(૨) સુદમાં કે વદમાં ચૌદશનો ક્ષય હોય તો તેરસે ચૌદશ કરવી એટલે તેરશનો ક્ષય કરવો. કારણ કે તેરશમાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચૌદશનો અંશ આવે છે.

(૩) સુદમાં કે વદમાં બે ચૌદશ હોય તો પહેલી ચૌદશને તેરશમાં ગણવી એટલે બે તેરશો કરવી અને બીજીને ચૌદશ માની આરાધવી.

(૪) પૂનમનો કે અમાસનો ક્ષય હોય તો તેરશે ચૌદશ અને ચૌદશે પૂનમ કે અમાસ કરવી એટલે તેરશનો ક્ષય કરવો.

